BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ સેમેસ્ટર - 1
## SOMN - 103
# સમાજકાર્યનો મૂળભૂત પરિપ્રેક્ષ્ય




**B.A. (Honours)**

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# સમાજકાર્યનો મૂળભૂત પરિપ્રેક્ષ્ય (A Fundamental Perspective of Social Work)

## વિભાગ – 1 સમાજકાર્યનો ઉદ્દભવ અને વિકાસ


**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | BSW & MSW કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**સહ-સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| શ્રી આશિષ વસાવા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | BSW & MSW કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. શિલ્પા રાજ્યગુરુ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ,અમદાવાદ |
| શ્રી કરણસિંહ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સંજય પટેલ | BSW & MSW કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા |
| પ્રો.(ડૉ.) ભાવના મહેતા | અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | BSW & MSW કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| ડૉ.રવિન્દ્ર પંચોલી | ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ વર્ક & રૂરલ ડેવલપમેન્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**લેખન (Writing)**

| | |
|---|---|
| ડૉ.વિપિનભાઈ મકવાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ગુજરાત |
| ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ | પ્રિન્સીપાલ, બાબુભાઈ એમ.શાહ મહાવિદ્યાલય, ઝીલીયા, ગાંધી આશ્રમ ઝીલીયા |
| શ્રી જ્હાનવીબેન દવે | વ્યાખ્યાતા અને કો-ઓર્ડિનેટર, સમાજકાર્ય વિભાગ, ઉડાન ઇન્સ્ટીટયુટ ઓફ સોશિયલ વર્ક, પાલડી, અમદાવાદ |
| ડૉ.વિનોદભાઈ સોનવણે | એસોસિયેટ પ્રોફેસર અને I/C પ્રિન્સીપાલ, બાલહંસ કોલેજ ઓફ સોશિયલ વર્ક, થવા, ભરૂચ |
| ડૉ.જીગ્નેશભાઈ તાળા | આસિસ્ટન્ટ પ્રોફેસર અને ફિલ્ડ ઓફિસર, સમાજકાર્ય વિભાગ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ |

ભાષા પરામર્શન (Language Review)

**ડૉ.એ.એ.શેખ** *સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, તા.ઈડર, જી. સાબરકાંઠા*

પ્રકાશક (Publisher)

**કુલસચિવ** *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-732-7

978-93-5598-732-7

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## *વિભાગ – 1 સમાજકાર્યનો ઉદભવ અને વિકાસ – વિભાગીય પરિચય*

*વિદ્યાર્થી મિત્રો, સમાજ કાર્યનાં મૂળભૂત પરિપ્રેક્ષ્યના વિભાગ – 1 સમાજકાર્યનો ઉદભવ અને વિકાસ એમાં કુલ 1 થી 7 એકમનો પરિચય આપવામાં આવેલ છે. જેમાંથી પ્રથમ એકમમાં સમાજકાર્યની વ્યાખ્યા, અવકાશ, સિદ્ધાંતો, પ્રકૃતિ, લક્ષ્યો, અને પ્રક્રિયા વિષે માહિતી આપવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ સમાજકાર્ય એ એક વ્યવસાય છે જે વ્યક્તિગત, ગૌણ અને સામૂહિક સ્તરે લોકોને તેમના જીવનમાં સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મદદ કરે છે. તે વ્યક્તિગત અને સામાજિક બાબતો વચ્ચે સંતુલન સ્થાપિત કરવાના ઉદેશ્ય સાથે વ્યક્તિગત સુખાકારે અને સામુહિક સમાજ સુખાકારીમાં યોગદાન આપે છે. સમાજકાર્યનું મુખ્ય ઉદેશ્ય સમાજના નબળા, અનાથ અને પીડિત વર્ગોના જીવનમાં સુધારો લાવવાનું છે. જ્યારે એકમ બેમાં વ્યવસાયિક સમાજકાર્યનો પશ્ચિમી ઈતિહાસ યુ.કે. અને યુ.એસ.એ.નાં સંદર્ભે તપાસતા સમાજકાર્યની શરૂઆત ઔદ્યોગિક ક્રાંતિ અને સામાજિક પરિવર્તનના પરિણામે થઈ હતી. જ્યારે 20મી સદીમાં તેને વ્યવસાય તરીકે માન્યતા મળી છે. સમાજકાર્ય એ નૈતિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનું મિશ્રણ છે. એકમ ત્રણમાં સમગ્ર વિશ્વમાં સમાજ કાર્યનો વિકાસ ઐતિહાસિક સંદર્ભે તેના વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે. જેમાં પ્રાચીન કાળથી જ સેવાનું મહત્વ છે. તે અર્વાચીન યુગમાં સુધારણા સ્વરૂપે વિકસ્યું અને વર્તમાનમાં તે ખૂબ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી આગળ વધી રહ્યું છે. એકમ ચારમાં સામાજિક સુધારણા અને વ્યવસાયિક સમાજકાર્ય: ભારતમાં વ્યવસાયિક સમાજકાર્ય વિકાસમાં 19મી અને 20મી સદીમાં સમાજ સુધારકોનું યોગદાન જેમાં મુખ્યત્વે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, કેશવચન્દ્ર સેન, રાજા રામ મોહનરાય જેવા સમાજ સુધારકો એ મુખ્યત્વે સમાજના દૂષણો સામે લડવાનું કાર્ય કર્યું તે સ્વરૂપે સમાજકાર્યની પૂર્વ ભૂમિકા બાંધવામાં આવી છે.*

*વિદ્યાર્થી મિત્રો એકમ પાંચમાં વ્યાવસાયિક સમાજકાર્યના ધ્યેયો અને નૈતિકતાના મૂલ્યો જેમાં આપણે સૌ જાણીએ છીએ તેમ વ્યાવસાયિક સમાજકાર્યનું મુખ્ય ઉદેશ માનવ કલ્યાણમાં યોગદાન આપવાનું છે. તેના ધ્યેયોમાં વ્યક્તિગત અને સામાજિક સુખાકારી, સામાજિક ન્યાય અને સમાનતા, માનવ અધિકારીનું સંરક્ષણ, સમુદાય વિકાસ અને પરિવર્તન, પર્યાવરણનું સંરક્ષણ વગેરે જેવા છે. વ્યવસાયિક સમાજકાર્યની નૈતિકતામાં માનવ ગૌરવ, સમાનતા અને ન્યાય, સહાનુભૂતિ, વ્યાવસાયિક આદર્શ, સત્યતા અને ગોપનીયતા જેવી બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે. એકમ છમાં વિચારસરણીનો અર્થ અને ઐતિહાસિક વિકાસ વિષે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે. એકમ સાત સંવૈધાનિક વિચારધારા: ગાંધીજી અને અનુસૂચિત જાતિના સંદર્ભમાં ભારતના સંવિધાનમાં અનુસૂચિત જાતિઓ માટે અધિકારો અને કલ્યાણ માટે જે ખાસ જોગવાઈ કરવામાં આવી છે તે અંગે તેમજ ગાંધીજીની વિચારધારા મુજબ છેવાડાના માણસ સુધી સેવા કરવી અને ગામડા સુધી પહોંચીને સમાજમાં સમાનતા લાવવાં માટે સતત પ્રયાસ કરવો તે સમાજકાર્યની શાખામાં મુખ્ય પરિપ્રેક્ષ્ય તરીકે કાર્ય કરે છે.*

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**સમાજકાર્યનો મૂળભૂત પરિપ્રેક્ષ્ય**

**(Foundations of Social Work)**

**SOMN-103**

# વિભાગ – 1

**એકમ - 1**

**સમાજકાર્ય : વ્યાખ્યા, અવકાશ, સિદ્ધાંતો, પ્રકૃતિ, લક્ષ્યો અને પ્રક્રિયા**

**એકમ - 2**

**વ્યવસાયિક સમાજકાર્યનો પશ્ચિમી ઈતિહાસ (યુ.કે. અને યુ.એસ.એ.)**

**એકમ - 3**

**ઐતિહાસિક વિકાસ: સમગ્ર વિશ્વમાં વ્યવસાયિક સમાજકાર્યનો વિકાસ (યુ.કે., યુ.એસ.એ. અને ભારત)**

**એકમ - 4**

**સામાજિક સુધારણા અને વ્યવસાયિક સમાજકાર્ય: ભારતમાં વ્યવસાયિક સમાજકાર્ય વિકાસમાં 19મી અને 20મી સદીમાં સમાજ સુધારકોનું યોગદાન**

**એકમ - 5**

**વ્યાવસાયિક સમાજકાર્યના ધ્યેયો અને નૈતિકતાના મૂલ્યો**

**એકમ - 6**

**વિચારસરણીનો અર્થ અને ઐતિહાસિક વિકાસ**

**એકમ - 7**

**સંવૈધાનિક વિચારધારા: ગાંધીજી અને અનુસુચિત જાતિના સંદર્ભમાં**

એકમ 1

# સમાજકાર્ય : વ્યાખ્યા, અવકાશ, સિદ્ધાંતો, પ્રકૃતિ, લક્ષ્યો અને પ્રક્રિયા

-: રૂપરેખા :-

**1.0 એકમનાં હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સમાજકાર્યની વિવિધ વ્યાખ્યાઓ**

**1.3 સમાજકાર્યમાં અવકાશ**

**1.4 સમાજકાર્યના સિદ્ધાંતો**

**1.5 સમાજકાર્યની પ્રકૃતિ**

**1.6 સમાજકાર્યની લક્ષ્ય**

**1.7 સમાજકાર્યની પ્રક્રિયા**

**1.8 ઉપસંહાર**

**1.9 તમારી પ્રગતિ ચકાસો**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સંદર્ભ સૂચિ**

## 1.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

1. સમાજકાર્ય શું છે ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
2. સમાજકાર્ય અને સમાજસેવા વચ્ચેનો શું છે ? તે સમજી શકશો.
3. સમાજકાર્યમાં વિવિધ અવકાશો અંગેની જાણકારી મળશે.
4. સમાજકાર્યના વિવિધ સિદ્ધાંતો અંગેની ઊંડાણપૂર્વકની જાણકારી પ્રાપ્ત થશે.
5. સમાજકાર્યના ધ્યેયો, ઉદ્દેશો અને લક્ષ્યો વિશેની જાણકારી મળશે.
6. સમાજકાર્યની પ્રકૃતિ (Nature) શું છે ? તે અંગેની જાણકારી મળશે.
7. સમાજકાર્ય વિશેનો સર્વાંગી ખ્યાલ પ્રાપ્ત થશે. સમાજકાર્યની વિસ્તૃત વિભાવના સમજવા અને જાણવા મળશે.

## 15.1 પ્રસ્તાવના

સમાજકાર્યનો ઈતિહાસ માનવ સંસ્કૃતિ જેટલો જ પુરાણો છે. અનેક વર્ષોના અંતે વ્યાવસાયિક સમાજકાર્ય એક પુખ્ત વ્યવસાય તરીકે વિશાળ વટવૃક્ષની જેમ અનેક શાખા-પ્રશાખાઓમાં વિકસ્યું છે. વ્યાવસાયિક સમાજકાર્યને સમજવા માટે તેની શાખા-પ્રશાખાઓને સમજવી જરૂરી છે. સમાજકાર્યના વિદ્યાર્થીઓ સમાજકાર્યનો ઈતિહાસ અને તેની વિસ્તૃત

વિભાવનાઓને સમજે તે જરૂરી છે.

વ્યાવસાયિક સમાજકાર્યની અવધારણા એ કોઈ સ્થિર અવધારણા નથી, પરંતુ સમાજમાં આવતા બદલાવો સાથે તે સતત બદલાતી રહે છે. મેરી અને જહોન નામના વિદ્વાનોના જણાવ્યા મુજબ “સમાજકાર્ય એટલે અનેકવિધતા”. સમાજકાર્ય વ્યક્તિની વિવિધ બદલાતી જરૂરિયાતો સંદર્ભમાં કામ કરે છે. આથી તેને ઉંડાણથી સમજવા માટે સમાજકાર્યનો ઐતિહાસિક ખ્યાલ અને બદલાતા જતા ખ્યાલો અંગેની જાણકારી મેળવવી જરૂરી છે.

સામાન્ય રીતે વ્યક્તિગત સમસ્યાઓના સમાધાન સાથે સંકળાયેલું ભાગનું સમાજકાર્ય માત્ર વ્યક્તિગત સમસ્યાઓ પૂરતું સીમિત નથી. તે વિશાળ અને વિવિધ સમસ્યાઓ સાથે પણ જોડાયેલું છે. સમાજકાર્ય જીવંત વ્યક્તિઓ સાથે કાર્ય કરતું વિજ્ઞાન હોવાથી વ્યક્તિ સાથે સંકળાયેલ પ્રત્યેક વિદ્યાશાખાનું જ્ઞાન તેનામાં હોવું જરૂરી છે. સમાજકાર્યનો વિવિધ વિજ્ઞાનો અને શાસ્ત્રો સાથે સીધો સંબંધ છે. સમાજ કાર્યકરે સમાજજીવનનાં સામાજિક પ્રશ્નોને સમજવા હોય તો તેમણે સમાજશાસ્ત્રનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો પડે. સમાજના આર્થિક પ્રશ્નોને સમજવા હોય તો અર્થશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે. માણસના વર્તન સંબંધી પ્રશ્નોનો તેણે અભ્યાસ કરવો હોય તો મનોવિજ્ઞાન જાણવું પડે. પર્યાવરણ સંબંધી પ્રશ્નોને સમજવા માટે સામાજિક કાર્યકરે પર્યાવરણના સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. વિવિધ વિદ્યાશાખાઓના જ્ઞાનને વિષયના સંદર્ભમાં ઢાળી સમાજકાર્યએ તેનો ઉપયોગ સમાજની જટિલતા સમજવા માટે અને દરમ્યાનગીરીની અસરકારક પદ્ધતિ શોધવા માટે કર્યો છે. આમ, વ્યાવહારિક દૃષ્ટિએ અનેક ક્ષેત્રોના જ્ઞાનને આધારે સમાજકાર્યનો વિકાસ થયો હોવાથી તે જ્ઞાનને જાણવું આવશ્યક બની રહે છે.

આ એકમમાં સમાજકાર્યની મૂળભૂત સિદ્ધાંતને સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જેમાં સમાજકાર્યનો અર્થ અને તેની વિવિધ વ્યાખ્યાઓ, સમાજકાર્યની પ્રકૃતિ, લક્ષ્યો, અવકાશ અને સમાજકાર્યની પ્રકૃતિ અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ છે.

## 1.2 સમાજકાર્યની વિવિધ વ્યાખ્યાઓ

- ફ્રિડલેન્ડર - “સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધાર રાખતી એક વૈજ્ઞાનિક સેવા છે. તે વ્યક્તિગત અને સમાજિક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સમાજકાર્ય માટે મોટેભાગે સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે.

- વર્નર બોહેમ - “સામાજિક સંબંધો પર પ્રકાશ પડતી પ્રવૃત્તિઓ કે જે વ્યક્તિ અને વાતાવરણ વચ્ચે આંતરક્રિયા રચે છે. તેના દ્વારા સમાજકાર્ય વ્યક્તિનું વ્યક્તિગત અને જૂથમાં સામાજિક સમાયોજન કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રવૃત્તિઓને ત્રણ પ્રકારના કાર્યોમાં વહેંચી શકાય. નબળી પડતી શક્તિઓને પુનઃ સ્થાપિત કરવી, વ્યક્તિ અને સમાજ માટે સાધનોની જોગવાઈ કરવી અને સામાજિક અસમાયોજન અટકાવવું.”

- સ્ટ્રુપ - “સમાજકાર્ય એક કળા છે જેના દ્વારા વ્યક્તિ, જૂથ અને સમુદાયની આવશ્યક્તાઓની પૂર્તિ માટે વિભિન્ન પ્રકારનાં સાધનો વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા એવી રીતે પૂરા પાડવામાં આવે છે કે જેથી વ્યક્તિ પોતાની સહાયતા સ્વયં કરી શકે.”

- વિલિયમ ગાર્ડન - “સામાન્ય રીતે ઉપર ઉપરથી જોતાં લોકોના જીવનની જટિલ પરિસ્થિતિ સમાજકાર્યનું કેન્દ્ર હોય તેમ લાગે છે. પરંતુ સમાજકાર્ય એક સાથે વ્યક્તિ અને વાતાવરણ બંનેને કેન્દ્રમાં રાખે છે.” ગાર્ડન વધુમાં જણાવે છે કે “વ્યક્તિ અને વાતાવરણ બંને એકબીજાને અનુરૂપ થવાં જોઈએ. જો વ્યક્તિનો વ્યવહાર કે વાતાવરણની સ્થિતિ તેના

વાસ્તવિક માર્ગેથી ચળે કે ફંટાય ત્યારે સમાજકાર્યનું મુખ્ય કામ એ બંનેને એકબીજાને અનુરૂપ બનાવવાનું છે.''

- વિટમર - ''સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે. અથવા તો એને કોઈ સમૂહના સભ્ય બનાવી, સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાઓનું નિવારણ કરવામાં આવે છે.''

- કલાર્ક - ''સમાજકાર્યએ જ્ઞાન અને કુશળતાના સમન્વયરૂપ એક વ્યાવસાયિક સેવા છે. એકબાજુ એ વ્યક્તિઓની સામાજિક સમસ્યાઓ હલ કરવામાં મદદરૂપ થાય છે, તો બીજીબાજુ એ એમનામાં પડેલી ઉત્તમમાં ઉત્તમ શક્તિઓના વિકાસની આડે આવતા અંતરાયોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.''

- નેશનલ એસોસિએશન ઓફ સોશ્યલ વર્ક - ''સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સામાજિક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની એક વ્યાવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્ય પ્રેક્ટિસ નીચેનામાંથી એક કે વધુ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો તથા રીતોના ઉપયોગ પર આધારિત હોય છે.

- ''વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જન સમુદાયને મદદ કરવી, વ્યક્તિઓ, કુટુંબો અને જૂથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર આપવી, સમુદાયો તથા સમૂહોને સામાજિક અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃદ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાનૂની પ્રક્રિયાઓમાં સહભાગી બનવું. સમાજકાર્ય પ્રેક્ટિસ માટે માનવ વિકાસ અને વર્તન માટે મહત્ત્વની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.''

- ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફંડ રેશન ઓફ સોશ્યલ વર્ક દ્વારા સ્વીકૃત, 2001 - ''સમાજકાર્ય વ્યવસાય સામાજિક પરિવર્તનને, માનવ સંબંધોમાં થતી સમસ્યાઓના ઉકેલને અને લોકોના સશક્તીકરણ, મુક્તિ તથા સુખાકારીને ઉત્તેજન આપે છે. લોકો તેમનાં પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે. ત્યાં સમાજકાર્ય માનવવર્તણૂક અને સામાજિક તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવ અધિકાર અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભૂત છે.''

- એલિસ ચેની - ''સામાજિક સંબંધો સાથે સંકળાયેલી જરૂરિયાતોની સંતુષ્ટિમાં ફાયદો વધારતા વૈજ્ઞાનિક જ્ઞાન અને પદ્ધતિઓથી સજજ બધા જ સ્વૈચ્છિક પ્રયત્નોનો સમાવેશ સમાજકાર્યમાં થાય છે.

- વિટમર, - ''સમાજકાર્યનું મુખ્ય કાર્ય સંગઠિત જૂથના સભ્ય તરીકેની ભૂમિકાના સંદર્ભમાં વ્યક્તિઓને સહાય આપવાનું છે.''

- એંડરસન - સમાજકાર્ય અને વ્યાવસાયિક સેવા છે. આ સેવા લોકોને વ્યક્તિગત સ્તરે અથવા જૂથમાં પૂરી પાડવામાં આવે છે. જેથી લોકો પોતાની વિશિષ્ટ ઈચ્છાઓ અને સામર્થ્ય અનુસાર અને સમુદાય સાથે સંવાદિત રહી સંબંધોને સંતોષ અને જીવનધોરણની પ્રાપ્તિ કરી શકે.

- ખેર 1947 - ''સમાજકાયનું લક્ષ સામાજિક અન્યાયને દૂર કરવાનું, લોકોને સંકટમુક્ત

કરવાનું, તેમના દુઃખો અટકાવવાનું અને સમાજના નબળા સભ્યો પોતાની જાતને અને પોતાના કુટુંબને પુનઃ સ્થાપિત કરી શકે તે માટે તેઓને સહાયક થવાનું છે.''

- યુંગ ડહાલ - ''સમાજકાર્ય લોકો માટે બે બાબતો ઈચ્છે છે. એક આર્થિક કલ્યાણ અને બીજું સુખ માટેનો ઉંડો સ્રોત જે આત્મોન્નતિ છે. સમાજકાર્ય માનવ વ્યવહાર અને સંબંધો સાથે નિસ્બત રાખે છે અને તેના કેન્દ્રમાં વ્યક્તિ છે જેથી તે માન્યતા પ્રાપ્ત વાસ્તવિકતા સાથે સ્વસમાયોજન કરી શકે.''
- સુશીલચંદ્ર 1954 - ''સમાજકાર્ય સામાજિક નીતિના અમલીકરણ માટે જાહેર અથવા ખાનગી પ્રયત્નો દ્વારા થતી ગતિશીલ પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ સમાજમાં વ્યક્તિ, કુટુંબ અને જૂથનાં સામાજિક વિકાસના તબક્કાથી નિરપેક્ષ રહી તેમનું જીવનધોરણ ઉંચુ લાવવાના અને તેઓનાં સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક કલ્યાણ વધારવાના દષ્ટિકોણથી થાય છે.''
- ઈન્ડિયન કોન્ફરન્સ ઓફ સોશ્યલ વર્કસ - ''સમાજકાર્ય વ્યક્તિઓ અથવા જૂથો અથવા સમુદાયોને મદદ કરતી કલ્યાણ પ્રવૃત્તિ છે. જે માનવતાવાદી ફિલસૂફી, વૈજ્ઞાનિક જ્ઞાન અને તકનીકી કૌશલ્યો પર આધારિત છે.''
- પિંકસ અને મિન્હાન - ''સમાજકાર્યએ ધ્યેય અભિમુખ આયોજિત પરિવર્તનની પ્રક્રિયા છે.''
- મૂર્તિ એમ.વી. - ''કોઈપણ પ્રકારની માનસિક, શારીરિક, લાગણી વિષયક અથવા નૈતિક અપંગતા/અશક્તિ ધરાવતા વ્યક્તિ અથવા જૂથને સમાજકાર્ય એવી રીતે મદદ આપે છે, જેથી તે વ્યક્તિ અથવા જૂથ પોતે પોતાની મદદ કરી શકે.''
- ખિંદૂકા 1962 - ''સમાજકાર્ય વ્યક્તિને તેની સામાજિક ક્રિયાશીલતા વધારવા માટે મદદ કરે છે. તે નિશ્ચિત જ્ઞાનનાં પાયા પર આધારિત છે. તેના વ્યાવસાયિકો માટે માનવ સંબંધોમાં કૌશલ્ય હોવું જરૂરી છે. સમાજકાર્યને મૂલ્યોનાં સમૂહોથી સુસજ્જ તત્ત્વદર્શીય આધાર હોય છે.''
- પિંકસ અને મિન્હાન - ''સમાજકાર્ય લોકો અને તેઓનાં સામાજિક વાતાવરણ સાથે સંબંધ ધરાવે છે. સમાજકાર્ય લોકોને પોતાનાં જીવનકાર્યો કરવામાં નિપુણતા ઉપલબ્ધ કરાવે છે, તેઓનાં સંકટ (દુઃખ) દૂર કરે છે અને તેઓની અભિલાષા અને મૂલ્યોને સાકાર કરે છે.''

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી સમાજકાર્યનો ઈતિહાસ, તેનો અર્થ, હેતુઓ અને સમાજકાર્યના કાર્યો વિશેનો ખ્યાલ આવી શકે છે. સમાજકાર્યની જુદી-જુદી વ્યાખ્યાઓના આધારે સમાજકાર્યનો વ્યાપ અને સમાજકાર્યના બદલાતા સ્વરૂપ અને પ્રશ્નો અંગેનો ખ્યાલ આવી શકે છે. સમાજકાર્ય વ્યવસાયમાં બદલાતા સૈદ્ધાંતિક ખ્યાલો અને તેના વ્યવહારમાં ઉદ્ભવી રહેલા નવા પ્રવાહો જોઈ શકાય છે.

સમાજકાર્યની જુદી-જુદી વ્યાખ્યાઓ પરથી નીચેની મહત્ત્વની બાબતો તારવી શકાય છે.

(1) સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે.

(2) સમાજકાર્યએ જ્ઞાન અને કુશળતાના સમન્વય રૂપ એક વૈજ્ઞાનિક સેવા છે.

(3) સમાજકાર્યમાં કેન્દ્ર સ્થાને માનવી છે.

(4) વ્યક્તિગત સ્તરે સમસ્યાનું નિરાકરણ કરવા અને જરૂરિયાતોની પૂર્તિ કરવા સમાજકાર્ય

પ્રયત્ન કરે છે. જેથી વ્યક્તિ સક્ષમ થઈ પોતે પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે.

(5) સામાજિક સ્તરે સમાજકાર્ય સામાજિક સમસ્યાઓનું નિરાકરણ લાવવા પ્રયત્ન કરે છે. સમાજકાર્ય સામાજિક ન્યાય અને લોક કલ્યાણ વધારવાના હેતુથી શોષણ ઘટાડી, સમાજમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

(6) સમાજકાર્ય માત્ર, સમસ્યાનું સમાધાન જ નહીં, પરંતુ તેના અટકાયતની કામગીરી કરે છે. વ્યક્તિ સમસ્યા ભોગ બને તેના પછી કામગીરી કરવા કરતાં એ સમસ્યા ઉદ્ભવે જ નહિ. તે અંગે તકેદારી રાખવી વધારે ઉચિત છે.


(7) સમાજકાર્ય વ્યક્તિને સ્વાવલંબી બનાવવા ઉપર વિશેષ ભાર મૂકે છે. સમાજકાર્ય વ્યક્તિ, જૂથ અને સમુદાયને એવી રીતે મદદ કરે છે. જેથી તેઓ પોતે પોતાની મદદ કરી શકે.

સમાજકાર્યની જુદી-જુદી વ્યાખ્યાઓના આધારે સમાજકાર્યની પ્રકૃતિ વિશેનો ખ્યાલ આવી શકે છે. સમાજ કાર્યકરમાં આ બધું જ્ઞાન ત્યારે જ હોય જ્યારે તેણે વ્યાવસાયિક સમાજકાર્યનું શિક્ષણ પ્રાપ્ત કરેલું હોય. જુદા-જુદા ક્ષેત્રોમાં જુદી-જુદી સંસ્થાઓ સમાજકાર્ય સંબંધી સેવાઓ આપવા માટે શિક્ષા પ્રાપ્ત કરેલ કાર્યકર્તાઓની નિમણૂંક કરે છે. ફ્રિડલેન્ડરે તેમની વ્યાખ્યામાં જણાવ્યા પ્રમાણે સમાજકાર્ય સંસ્થા કે મંડળ દ્વારા થાય છે. સમાજકાર્ય હંમેશા સંસ્થાઓની દેખરેખ નીચે જ થાય છે. પછી તે સ્વૈચ્છિક સંસ્થા કે સરકારી સંસ્થા હોઈ શકે છે. આ રીતે સમાજકાર્યનાં ઉદ્દેશો, મૂલ્યો, માન્યતાઓ, જ્ઞાન અને પદ્ધતિઓએ સમાજકાર્યનું હૃદય છે. સમાજકાર્યના હેતુઓ/ઉદ્દેશો કાર્યની દિશા નક્કી કરે છે. મૂલ્યો કાર્યકરનું વલણ અને અભિગમ નક્કી કરે છે. જ્યારે સમાજકાર્યની પદ્ધતિ સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવા વિજ્ઞાન અને કળા પૂરી પાડે છે.

## 1.3 સમાજકાર્યમાં અવકાશ

સમાજકાર્ય સમાજની જુદી-જુદી સમસ્યાઓ સાથે કામ કરે છે. સમાજકાર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓને તેમની સમસ્યાઓથી વાકેફ કરે છે. તેમનાં મૂલ્ય અને ગૌરવને ઓળખે છે. સમાજકાર્યની આ મૂળભૂત થીયરી છે. વિવિધ પ્રકારની સેવા માનવજાતને સુધારવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિનું ગૌરવ અને યોગ્યતાની જાળવણી મહત્ત્વની બની જાય છે. આ મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને સામાજિકકાર્યએ વ્યાવસાયિક સેવાનો આધાર બને છે.

**સમાજકાર્યમાં વિવિધ અવકાશ**



સમાજકાર્યમાં સામાન્ય રીતે જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે અને જ્યાં સમસ્યા છે ત્યાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિને જરૂરી મદદ કરવા સામાજિક કાર્યકર છે. સમાજકાર્યમાં જ્યાં સેવાનો અવકાશ છે તેવા ક્ષેત્રો અંગેની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

**બાળ વિકાસ (Child Development)**

બાળકોએ આપણાં રાષ્ટ્રનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. આપણાં રાષ્ટ્રના પાયામાં બાળકો છે. પ્રગતિ માટે વિકાસ જરૂરી છે. બાળકોની શારીરિક, માનસિક, ભાવનાત્મક જરૂરિયાતો સંતોષાય તે મહત્ત્વનું છે. બાળકોનો સામાજિક દૃષ્ટિએ પણ વિકાસ થાય તે મહત્ત્વનું છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે કેન્દ્રીય કલ્યાણ બોર્ડ દ્વારા નીચે મુજબની જુદી-જુદી સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

- શોષણ સામે અધિકાર
- શિક્ષણનો અધિકાર
- પુર્નવસન માટેનો અધિકાર
- વાણી અને અભિવ્યક્તિનો અધિકાર

આ ઉપરાંત, બાળકોને કાયદા સિવાય વિવિધ સેવાઓનો લાભ મળે તે માટે સરકાર દ્વારા નીતિઓનું પણ નિર્ધારણ કરવામાં આવેલ છે.

**સરકારી નીતિ**

બાળકોના રક્ષણ માટે સંસ્થાઓ, શિક્ષણ અને આર્થિક-સામાજિક પુર્નવસન, સામાજિક રીતે નબળાં અને પછાત બાળકો, વિકલાંગ બાળકોના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે.

- જુદી-જુદી બિમારીઓથી પિડીત બાળકો, જેમાં ટી.બી., કેન્સર અને ત્વચા સંબંધી બિમારીઓની સારવાર માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.
- ચિલ્ડ્રન હોમ, શિશુ ઘર, બાલવાડી, નર્સરી, પૂર્વ પ્રાથમિક શાળા, ડેકેર સેન્ટર, મનોરંજન અને સાંસ્કૃતિક કેન્દ્રની રચના કરી બાળકોને જરૂરી મદદ પુરી પાડવામાં આવે છે.
- આર્થિક રીતે નબળા બાળકો માટે હોલિડે હોમ્સની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.
- બાળ આરોગ્ય કેન્દ્ર
- ચાઈલ્ડ ગાઈડન્સ કલિનીક
- માનસિક અને શારીરિક રીતે વિકલાંગ બાળકો માટેની શાળાઓ ઉભી કરવામાં આવેલ છે.

સામાજિક કાર્યકરો આ સંસ્થાઓમાં કામ કરે છે. તેમની સમસ્યાઓની ઓળખ કરી બાળકોના સર્વાંગી વિકાસ માટેના શ્રેષ્ઠ પ્રયત્નો કરે છે. તેમના વ્યક્તિત્વ વિકાસના માર્ગને વધારે મજબૂત કરે છે.

**મેડિકલ સોશ્યલ વર્ક**

મેડિકલ સોશ્યલ વર્કને ગુજરાતીમાં આપણે તબીબી સમાજકાર્ય તરીકે ઓળખીએ છીએ. તબીબી સમાજકાર્યએ સમાજકાર્યની ખૂબ મહત્ત્વની કામગીરી છે. તબીબી સમાજકાર્ય દર્દીઓ અને તેમના પરિવારોને બીમારીઓ અને તેમની સામેના અન્ય પડકારોનો સામનો કરવામાં મદદ

કરે છે. તબીબી સામાજિક કાર્યકરો હોસ્પિટલ, કલિનીક, નર્સિંગ હોમ અને સમુદાયની આરોગ્ય એજન્સીઓ સહિત ઘણાં સેટિંગ્સમાં કામ કરે છે. તબીબી સામાજિક કાર્યકરો દર્દીઓ અને તેમનાં પરિવારોને નિદાન સમજાવવામાં મદદ કરે છે. હોસ્પિટલ તરફથી દર્દીઓને કઈ-કઈ સેવાઓ પ્રાપ્ત થશે ? તેના ચાર્જ શું હશે ? આ સેવાઓ કઈ રીતે પ્રાપ્ત થશે. તે અંગે સેવાર્થીને જરૂરી મદદ અને માર્ગદર્શન પૂરું પાડે છે.

**મનોચિકિત્સકીય સમાજકાર્ય**

શરીરની માફક મન પણ બીમાર પડે છે. ઉંઘ ન આવવી, ભૂખ ન લાગવી, સતત ચિંતા થવી, જીવનથી કંટાળી જવું, આત્મહત્યા માટેના વિચારો આવવા વગેરે. આ તકલીફો ઉભી થવા પાછળના ચોક્કસ અને વૈજ્ઞાનિક કારણો છે. આ બધી જ બીમારીઓની ઓળખ કરી દર્દીને જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે.

- આપણે પેશન્ટને એક મનોચિકિત્સકીય સમાજકાર્ય તેને જરૂરી તમામ સેવા પ્રદાન કરે છે.
- બિમારીઓનું નિદાન
- સારવાર માટેની યોજનામાં ભાગ લેવો.
- દર્દી અને કુટુંબને જરૂરી શિક્ષણ અને સહાયતા મનોચિકિત્સકીય સમાજ કાર્યકર કરે છે.
- વ્યક્તિગત સારવાર, જૂથ સારવાર અને દર્દીઓનું કુટુંબમાં પુનઃસ્થાપન જેવાં વિવિધ કાર્યો કાર્યકર કરે છે.
- ડિસ્ચાર્જ અને તેના પછી ફોલોઅપ કરવું. દર્દી નિયમિત દવા લે છે કે કેમ ? તેનામાં સારવાર પછી શું બદલાવ આવ્યો ? વગેરેની નોંધ રાખે છે.

**સમાજકલ્યાણ વહીવટ**

સમાજકલ્યાણ વહીવટ એ સમાજકાર્યની મહત્ત્વની પદ્ધતિ છે. સમાજકાર્યની આ ગૌણ પદ્ધતિ વંચિત, ગરીબ અને પછાત સમુદાયના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. સરકાર દ્વારા પણ જુદી-જુદી યોજનાઓનું નિર્માણ કરવામાં આવે છે. આ બધી યોજનાઓનો લાભ સમાજનના જરૂરિયાતમંદ વ્યક્તિઓને મળે તે માટેનું આયોજન કરવું.

- સમાજના વંચિત સમુદાયોના કલ્યાણ માટે ભંડોળ એકત્ર કરી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માટે જરૂરી મદદ સામાજિક કાર્યકર કરે છે.
- સમાજના કલ્યાણ અને વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- બજેટ મેનેજમેન્ટ
- સામાજિક નીતિઓનું નિરીક્ષણ કરી તેનું મૂલ્યાંકન કરવું.
- એજન્સીઓમાં લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે પ્રવૃત્તિઓનું આયોજન અને સંકલન કરવું.
- સમાજ કલ્યાણ વહીવટ સંબંધી કામગીરી કરતાં સ્ટાફનું યોગ્ય રીતે સંકલન કરવામાં આવે તે જરૂરી છે.

**આંતરરાષ્ટ્રીય સામાજિક કાર્ય**

આ ખૂબ મહત્ત્વની કામગીરી છે. જેમાં માનવ અધિકાર, સામાજિક વિકાસ, ગરીબી અને સામાજિક ન્યાય તેમજ સંઘર્ષ, આપત્તિઓ અને વિસ્થાપિતો, વસ્તીની વિવિધ જરૂરિયાતો અને શરણાર્થીઓની સાથેની કામગીરીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સામાજિક કાર્યકરો નીચેના મુદ્દાઓ પર કામ કરે છે.

- બાળસંરક્ષણ
- સેક્સ હેરફેર
- ભૂખ્યાંને ભોજન
- શરણાર્થીઓને જરૂરી મદદ.
- આપત્તિ પછીની સહાય.
- લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવું.
- તબીબી સંભાળ મેળવનાર લોકોને જરૂરી સાંત્વના, આશ્વાસન અને દિલાસો આપવો.
- સલામત સેક્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા શૈક્ષણિક કાર્યક્રમોનું સફળ સંચાલન.
- ઘરેલું હિંસાથી પિડીત મહિલાઓ અને તેમનાં બાળકોને જરૂરી સહાય પ્રદાન કરો.
- મૂલ્યાંકન, સમર્થન અને જરૂરી પરામર્શ પ્રદાન કરો.
- આપત્તિમાં જરૂરી રાહત અને કટોકટીની સ્થિતિમાં જરૂરી મદદ.
- અસરગ્રસ્ત પરિવારોને તેમની સમસ્યાઓના સંદર્ભમાં સારાં ઉકેલો શોધવા જરૂરી સલાહ આપવી.
- બાળકોને તેમની અપમાનજનક સ્થિતિથી દૂર કરો તેમને સંભાળ ગૃહમાં મૂકવા.

આમ, આંતરરાષ્ટ્રીય સમાજકાર્યમાં વિવિધ વ્યક્તિઓ અને જુદી-જુદી સંસ્થાઓ પણ આ મુદ્દે ખૂબ પાયાની કામગીરી કરી રહી છે.

**કલીનિકલ સોશ્યલ વર્ક**

કલીનિકલ સોશ્યલ વર્કએ સામાજિક કર્યનો વિશેષ પ્રેક્ટિશનો વિસ્તાર છે. જે માનસિક બિમારી, ભાવનાત્મક બાબતો અને અન્ય વર્તણૂંક સંબંધી સમસ્યાઓનું મૂલ્યાંકન, સારવાર અને નિવારણ પર ધ્યાન દોરે છે. વ્યક્તિ, જૂથ અને કૌટુંબિક ઉપચાર એ સામાન્ય સારવાર પદ્ધતિઓ છે. કલીનિકલ ભૂમિકાઓ માટે ઘણીવાર પ્રમાણપત્ર અથવા લાયન્સની જરૂર પડે છે.

આમ, કલીનિકલ સમાજકાર્ય માનસિક આરોગ્ય સેવાઓ, નિદાન અને સારવાર એવા વ્યક્તિઓ, યુગલો અને પરિવારને જરૂરી રેફરલ સેવાઓ પ્રદાન કરે છે. આ ઉપરાંત, બદલાતી જતી જીવનશૈલીમાં થતા ફેરફારોને માપવા, સમાયોજન સાધવા માટે જરૂરી મદદ કરે છે. ક્યારેક માનવજીવનનાં કેટલાંક વિશિષ્ટ પ્રશ્નો જેવાં કે પ્રિય, વ્યક્તિનું મૃત્યુ થવું, અપંગતા, છૂટા છેડા અથવા નોકરી ગુમાવવા સંબંધી પ્રશ્નોમાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિને જરૂરી મદદ કરે છે.

સમુદાયના આયોજક તરીકે સામાજિકકાર્ય

સમુદાય કોઈ નિશ્ચિત ભૂ-ક્ષેત્ર, ક્ષેત્રની સીમા જે પણ હોય પણ તેમાં રહેવાવાળા વ્યક્તિઓનો જે સમૂહ છે કે જે સામાન્ય જીવન વ્યતિત કરે છે તેને આપણે સમુદાય તરીકે ઓળખીએ છીએ.

આ સમુદાયમાં વિવિધ સમસ્યાઓ જોવા મળે છે. સામાન્ય રીતે ગરીબી, બેકારી, ભૂખમરો, કુપોષણ, સ્ત્રીભ્રૂણ હત્યા, બાળલગ્નો, સામાજિક ભેદભાવો વગેરે જેવી સમસ્યાઓ આપણા સમાજમાં જોવા મળે છે. જેમાં સમસ્યાની ઓળખ કરીને તે સમસ્યાને ઉકેલવા માટે પ્રયાસ કરે છે.

- દા.ત. શાળામાં ડ્રોપ આઉટ બાળકોની સમસ્યા છે. આ સમસ્યા શા માટે છે ? તે વ્યાખ્યાયિત કરવા માટે સમુદાયને સહાય કરો.
- સમુદાયને વિવિધ પ્રશ્નોમાં જરૂરી દિશા, દોરવણી અને માર્ગદર્શન માટે સહાય કરો.
- સમુદાયના વિવિધ પ્રશ્નોમાં સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરો. જેમ કે, વ્યક્તિગત પ્રશ્નો માટે સામાજિક વૈયક્તિક સેવા કાર્યપદ્ધતિ, જૂથ સંબંધી પ્રશ્નો માટે સામાજિક જૂથકાર્ય પદ્ધતિ અને સામુદાયિક સ્તરના પ્રશ્નો માટે સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરો.

**અન્ય અવકાશ**

- વ્યસન મુક્તિ કાર્યક્રમ
- બાળ દુર્વ્યવહાર, દત્તક બાળકો અને તેના કલ્યાણ સંબંધી કામો
- ફોજદારી ન્યાય
- કટોકટીમાં દરમ્યાનગીરી
- વિકલાંગોનું કલ્યાણ
- આપત્તિ વ્યવસ્થાપન
- ઘરેલું રાહત
- ઘરેલું હિંસા
- HIV / AIDS સંબંધી કાર્યો
- લશ્કરી સામાજિક કાર્ય
- ગ્રામ વિકાસ
- ઔદ્યોગિક વિકાસ
- મહિલા કલ્યાણ

## 1.4 સમાજકાર્યના સિદ્ધાંતો


### સિદ્ધાંતો શું છે ?

સિદ્ધાંતો એટલે કોઈપણ ક્રિયા માટેનું માર્ગદર્શન આપતા નિયમો અથવા તે ક્રિયાની સમજૂતી આપતાં માધ્યમો. સમાજકાર્યના સિદ્ધાંતોએ સમાજકાર્યના વ્યવહાર માટે માર્ગદર્શન આપતા નિયમો છે. આ નિયમો અનેક સંશોધનો અને અનુભવના આધારે ઉતરી આવ્યાં છે. સિદ્ધાંતોએ પ્રત્યક્ષ જ્ઞાનમાંથી તારવેલ શાશ્વત સત્યો છે. જેમ કે, દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ અને માખણમાંથી ઘી બનાવાય છે. તેજ રીતે અનેક પ્રક્રિયાઓના અંતે સિદ્ધાંતો રચાય છે.

સમાજકાર્યના મૂલ્યો આપણાં વિચારોને ઘડે છે. જ્યારે, સમાજકાર્યના સિદ્ધાંતો સમાજકાર્ય પ્રેક્ટિસ દરમ્યાન દિશા બતાવે છે. સમાજકાર્યના સિદ્ધાંતો સમાજ કાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધની પ્રકૃતિ અને સેવાર્થીની સમસ્યા ઉકેલમાં કેવી રીતે દરમિયાનગીરી કરવી તેની સમજ આપે છે.

સમાજકાર્ય લોકો માટે શું ઈચ્છે છે તે તેના ધ્યેયો અને મૂલ્યો જણાવે છે. પરંતુ આ ઈચ્છિત પરિણામ મેળવવા સમાજકાર્ય કેવી રીતે કાર્ય કરશે તે નિયમો સમાજકાર્યના સિદ્ધાંતો જણાવે છે.

આમ, સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યોના સંદર્ભમાં જ સમાજકાર્યના સિદ્ધાંતોનો વિકાસ થયો હોવાથી તેના સંદર્ભમાં જ સિદ્ધાંતોને સમજી શકાય. સમાજકાર્યના મૂળભૂત સિદ્ધાંતો નીચે મુજબ છે.




**સ્વીકૃતિનો સિદ્ધાંત**

સ્વીકૃતિ એટલે સ્વીકારવું, સ્વીકાર કરવો. સ્વીકાર એ કાર્યકરનું સેવાર્થી પ્રત્યેનું વલણ દર્શાવે છે. સ્વીકારનો અર્થ સેવાર્થી સાથે તેની વર્તમાન પરિસ્થિતિ અનુસાર વ્યવહાર કરવો.

**વર્તમાન પરિસ્થિતિ અનુસાર વ્યવહાર કરવો**

લોકો જેવાં છે તેવા તેમની કોઈપણ વર્તણૂંકને વખોડ્યા વગર તેનો સ્વીકાર સમાજ કાર્યકરે કરવો જોઈએ. કાર્યકર સેવાર્થીને એક વ્યક્તિ તરીકે સન્માન આપે છે. ગરીબોની વચ્ચે કામ કરનાર કાર્યકરને એમનાં બાળકો ગંદા અને રોગીષ્ટ દેખાશે. કેટલાક બાળકો ચોરી અને અસામાજિક પ્રવૃત્તિઓની સાથે સંકળાયેલા હશે. જ્યાં દારૂનું સેવન થતું હશે. ત્યાં લોકો ગાળો બોલતા હશે. એક કાર્યકર તરીકે જ્યારે તમે જાવ છો. ત્યારે લોકો તમારો વિરોધ કરશે. તમને કોઈપણ પ્રકારનું કામ કરવા માટે સહકાર નહીં આપે. આમ છતાં પણ આ પરિસ્થિતિનો મક્કમતાપૂર્વક સ્વીકાર કરી વિવિધ સમસ્યાઓથી પીડિત વ્યક્તિ, સમૂહ કે સમુદાય સાથે કામ કરતી વખતે કાર્યકર સેવાર્થીના દુષ્કૃત્યો પર ધ્યાન ન આપતાં એ એના માનવોચિત ગુણોને આધારે એનો સ્વીકાર કરે છે. કાર્યકર સેવાર્થીનો સ્વીકાર કરે છે ત્યારે તે તેના ખરાબ દુર્ગુણોનો પણ સ્વીકાર કરે છે. એવું નથી. કેટલીક બાબતો નહીં ગમતી હોવા છતાં પણ તેને સેવાર્થીના હીતમાં સ્વીકારવી પડે.

સેવાર્થીની ખરાબ પરિસ્થિતિને તેના દુર્ગુણોને કાર્યકર હકારાત્મક રીતે જુએ છે ત્યારે સેવાર્થી એક પ્રકારની રાહત અને આત્મ સન્માનનો અનુભવ કરે છે. કાર્યકર સેવાર્થીનું સન્માન અને ગૌરવનો સ્વીકાર કરે છે. કાર્યકરે પોતાના વિચારો અને મૂલ્યો સેવાર્થી પર લાદવા જોઈએ નહીં.

**વૈયકિતકીકરણનો સિદ્ધાંત**

વૈયકિતકીકરણ એટલે સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જે સ્થિતિમાં મદદ માટે આવ્યા છે; તે સ્થિતિને તથા તેના વલણને સમજવું અને સેવાર્થી પોતાની સમસ્યાને જે રીતે સમજે છે; તે રીતે તેને સમજવું.

સમાજ કાર્યકર માને છે કે દરેક વ્યક્તિ બીજી વ્યક્તિથી ભિન્ન છે. દરેકનું વ્યક્તિત્વ અલગ-અલગ હોય છે. વ્યક્તિની સમસ્યા તેના વ્યક્તિત્વને કારણે અને વાતાવરણને કારણે ઉદ્ભવે છે. દરેક વ્યક્તિની સમસ્યામાં પણ ભિન્નતા હોય છે. એક જ પ્રકારની સમસ્યાનો

પ્રભાવ પણ જુદો-જુદો હોય છે. આ ભિન્નતાને સામાજિક કાર્યકરે સમજી સેવાર્થી સાથે કામ કરવું જોઈએ.

**ગોપનીયતાનો સિદ્ધાંત**

ગોપનીયતા એટલે ગુપ્ત રાખવું. સેવાર્થીની ખાનગી વાતોને જાહેર ન કરવી. માહિતીને ગુપ્ત રાખવી તે સેવાર્થીનો મૂળભૂત અધિકાર છે અને સામાજિક કાર્યકરનું તે નૈતિક કર્તવ્ય છે. જો કાર્યકર સેવાર્થીનું નૈતિક કર્તવ્ય ન અદા કરી શકે તો કાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધો બગડે છે. સેવાર્થીને કાર્યકરમાંથી વિશ્વાસ ઉઠી જાય છે અને તેને મદદ કરવાનું ધ્યેય નિષ્ફળ નીવડે છે.

સેવાર્થી પોતાની સમસ્યાના સંદર્ભમાં કાર્યકર સાથે જે વાત કરે છે તે અંગે ક્યારેય બહાર ચર્ચા ન કરવી જોઈએ. પોતાની અંગત વાતોને જેટલી કાર્યકર ગુપ્ત રાખે છે; તે જ રીતે સેવાર્થીની વાતોને પણ કાર્યકરે ગુપ્ત રાખવી જોઈએ. આ માટે કાર્યકરે સેવાર્થીમાં વિશ્વાસ ઉભો કરવો જોઈએ.

સામાન્ય રીતે કોઈ રોગ કે બીમારી વિશે જયારે કાર્યકર સેવાર્થી સાથે ચર્ચા કરે છે. ત્યારે ઘણી વખત સેવાર્થી પોતાની બીમારી અંગેની વાત કરતા ખચકાટ અનુભવે છે. પોતાની સાચી વાત કાર્યકરની સમક્ષ તે છુપાવે છે એટલા માટે કે સેવાર્થીને ડર છે કે કાર્યકર તેની વાતોને જાહેર કરશે. સેવાર્થી સાથેની વાતચીત દરમ્યાન કાર્યકરને જરાપણ ખ્યાલ આવે કે સેવાર્થી પોતાની વાત છુપાવી રહ્યો છે, આવા સમયે કાર્યકરે સેવાર્થીને કહેવું જોઈએ કે "તમારી વાત ક્યાંય જાહેર થશે નહિ, તમે તમારી વાત વિના સંકોચે જણાવી શકો છો." આવી ચર્ચાઓ વારંવાર જયારે પણ જરૂરિયાત લાગે ત્યારે કરવી જોઈએ. જેથી પરસ્પર એકબીજાને વિશ્વાસ બેસે.

સમાજકાર્યની આચાર સંહિતામાં ગોપનીયતા વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. જે અંગેની કેટલીક નોંધપાત્ર વિગતો નીચે મુજબ છે :

- સમાજ કાર્યકરે સેવાર્થીની ગોપનીયતાના અધિકારને માન આપવું જોઈએ.
- સમાજ કાર્યકર સેવાર્થીની સંમતિ વગર ક્યારેય વાત જાહેર ન કરી શકે.
- સમાજ કાર્યકરે વ્યાવસાયિક સેવા દરમ્યાન મેળવેલ તમામ માહિતીનું રક્ષણ કરવું જોઈએ.
- કાર્યકરે કાનૂની પ્રક્રિયા દરમ્યાન પણ માહિતીની ગોપનીયતા જેટલી હદ સુધી રહી શકે તેટલી હદ સુધી રાખવાનો પ્રયત્ન કરશે.
- સમાજ કાર્યકરે સ્થળાંતર કરતી વખતે સેવાર્થીના દસ્તાવેજોનો નાશ કરવામાં કાળજી રાખવી જોઈએ.
- સમાજ કાર્યકરે પોતે છૂટા થતી વખતે કે પોતાના મૃત્યુ જેવી ઘટના પછી પણ સેવાર્થીની માહિતી ખાનગી રહે તે માટે અગાઉથી પગલાં લેવાં જોઈએ.
- જેટલી જરૂર છે તેટલી જ માહિતી સેવાર્થીની પાસેથી લેવી.

**સહભાગીદારીનો સિદ્ધાંત**

સમાજકાર્યમાં ભાગીદારી પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સેવાર્થી તેની સમસ્યા ઉકેલની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બને તે જરૂરી છે. ઘણી વખત સેવાર્થીને પોતાની મુશ્કેલીમાં એવી સમજ હોય છે કે પોતે પોતાની સમસ્યા નહીં ઉકેલી શકે. સેવાર્થી કાર્યકરના સંબંધ દરમિયાન સેવાર્થીની સક્રિય ભાગીદારી માટે પ્રયત્ન કરવામાં આવે છે. સમસ્યા સેવાર્થીની પોતાની છે. પરંતુ તેનો ઉકેલ સેવાર્થી કાર્યકરની સંયુક્ત ભાગીદારીથી થાય છે. જો સેવાર્થીની ભાગીદારી

વગર જો કાર્યકર સમસ્યાનો ઉકેલ લાવશે તો તે ઉકેલ ટૂંક સમય માટેનો જ હશે અને તેમાં સેવાર્થી ફરી સમસ્યાગ્રસ્ત થવાની પૂરેપૂરી શક્યતા છે.

સેવાર્થીની ભાગીદારી આપોઆપ આવતી નથી, તે માટે સમાજ કાર્યકરે ભાગીદારીની રચના, અને તેનું માળખું નક્કી કરવું પડે છે. સહભાગીદારી માટે સમાજ કાર્યકર અને સેવાર્થી વચ્ચે પરસ્પર ક્રિયા ઉભી કરવા માટે નિકટતા જરૂરી છે. સેવાર્થી અને કાર્યકર વચ્ચેના સંબંધો જો ઘનિષ્ઠ હશે તો જ બંને વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન થશે.

સમાજકાર્ય વ્યક્તિ પોતે સ્વતંત્ર અને સ્વાવલંબી બને તે માટે પ્રયત્નશીલ છે. વ્યાવસાયિક હેતુ માટે સહભાગીદારી જરૂરી છે. ભાગીદારી વગરનું કોઈપણ કામ અધુરું છે માટે આ સહભાગીદારી અંગેની સમજ કાર્યકરે ધ્યાનમાં રાખીને સેવાર્થીની સમસ્યા નિવારણમાં ભાગીદારી લેવી જોઈએ.

### આત્મનિર્ણયનો સિદ્ધાંત

સમાજ કાર્યકર સેવાર્થીને પ્રત્યેક પળે આત્મનિર્ણયનો અધિકાર આપે છે. આત્મ નિર્ણયનો અધિકાર એ પુખ્તતાનું લક્ષણ છે. સમસ્યા નિવારણની પ્રક્રિયામાં સેવાર્થીને સમાજ કાર્યકર આત્મનિર્ણયનો અધિકાર આપે છે ત્યારે તેની સામે સેવાર્થીની જવાબદારી વધે છે. સમાજ કાર્યકરે એ વિચારવું જોઈએ કે સેવાર્થી તેની સમસ્યાના ઉકેલ માટે કેટલીક જવાબદારી ઉઠાવવા માટે શક્તિમાન છે.

સમાજ કાર્યકરે સેવાર્થીને સલાહ આપવાની નથી. પરંતુ સેવાર્થી તેની સમસ્યા માટે વિચારતો થાય અને પોતે પોતાના ચોક્કસ નિર્ણય ઉપર આવે તે માટે મદદ કરવાની છે. સમાજ કાર્યકરે સેવાર્થીને હિંમત આપવાની છે. સેવાર્થીની પણ પોતાની પસંદગી હોય છે. સેવાર્થીને પોતાની પસંદગી મુજબ પોતાના વિશેના નિર્ણય લેવાનો અધિકાર છે. આ સ્વતંત્રતા તેના સ્વનિર્ણયતા અધિકારને પ્રતિબિંબત કરે છે.

### પ્રત્યાયનનો સિદ્ધાંત

પ્રત્યાયન એ દ્વિમાર્ગી પ્રક્રિયા છે. દુઃખ આપતી મોટા ભાગની સમસ્યાઓ પ્રત્યાયનની સમસ્યા છે. જયારે, પ્રત્યાયન અપૂરતું અને અયોગ્ય હોય ત્યારે ગેરસમજને કારણે સમસ્યા થાય છે. સમાજ કાર્યકર સંબંધો દ્વારા સેવાર્થીને મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે માટે સેવાર્થી સાથે અસરકારક પ્રત્યાયન થવું જરૂરી છે. સારાં સમાજ કાર્યકરમાં સાંભળવાની કુશળતા હોવી જરૂરી છે. કાર્યકર હંમેશા ઓછું બોલે, પણ સેવાર્થીની બધી જ બાબતોને ધ્યાનથી સાંભળવાનો ગુણ કાર્યકરમાં હોવો જરૂરી છે. જ્યારે સેવાર્થી કાર્યકર પાસે આવે છે. ત્યારે તેની લાગણીઓ ખૂબ ઘવાયેલી હોય છે. આવી સ્થિતિમાં સમાજ કાર્યકર સેવાર્થીની લાગણીઓને બરાબર સમજે તે જરૂરી છે. લાગણી ખૂબ અગત્યની છે. લાગણી વિષયક પ્રત્યાયન માત્ર સમસ્યાના નિદાન માટે જ નહિ, પરંતુ ઉપચારની પ્રક્રિયામાં પણ એટલું જ ઉપયોગી છે. આ બાબતને ધ્યાને લઈને કાર્યકરે કામ કરવું જોઈએ.

### તટસ્થતાનો સિદ્ધાંત

સમાજ કાર્યકરે પોતાની મૂલ્ય વ્યવસ્થાના ઉદ્‌ભવ સ્થાનોને સમજી અન્યની મૂલ્ય વ્યવસ્થા સાથે કાર્ય કરતી વખતે પોતાની મૂલ્ય વ્યવસ્થા પર કાબૂ રાખવા સક્ષમ હોવું જરૂરી છે. કાર્યકરે સેવાર્થીને સલાહ નથી આપવાની કે તેને હુકમ પણ કરવાનો નથી કે સેવાર્થીએ આ કરવું જોઈએ કે આ ન કરવું જોઈએ. કાર્યકરે સેવાર્થી અંગે કોઈ નિર્ણય લેવાનો નથી, માત્ર હકીકતોનો સ્વીકાર કરવાનો છે. હેતુલક્ષી, વૈયકિતકીકરણ અને અનિર્ણાયત્મકતા એ એકબીજા સાથે નિકટનો સંબંધ

ધરાવે છે. તટસ્થતામાં સમાજ કાર્યકર સેવાર્થી પ્રત્યેની તેની કાળજી અને નિસબતને વ્યક્ત કરે છે. સમસંવેદના, તટસ્થ કાળજી અને પ્રતિબદ્ધતાને વ્યક્ત કરે છે જે સમાજકાર્ય પ્રેક્ટિસ માટે જરૂરી છે.

**અનિર્ણયાત્મકતાનો સિદ્ધાંત**

સમાજકાર્યનો આ ખૂબ મહત્ત્વનો સિદ્ધાંત છે. અનિર્ણયાત્મકતા એટલે સમાજ કાર્યકરે સેવાર્થી વિશે કોઈ નિર્ણય ઉપર આવવાનું નથી કે તે નિર્ણય સેવાર્થીને જણાવવાનો નથી. સેવાર્થીની સમસ્યા વિશે જયારે, કાર્યકર સેવાર્થીને સાંભળે છે ત્યારે સેવાર્થીનાં વલણ, વિચાર, વર્તન, વ્યવહાર વ્યક્ત થતાં હોય છે. આ સમયે કાર્યકરે સેવાર્થીની સમસ્યાના સંદર્ભમાં કોઈ પ્રતિભાવ આપવાનો નથી. આ સમયે કાર્યકરે અનિર્ણયાત્મક રહેવાનું છે. સમાજ કાર્યકર વ્યક્તિને દોષી કે નિર્દોષ, મૂલ્યવાન કે નકામો, સારો કે ખરાબ કહેતો નથી, તે માત્ર વ્યક્તિ તરીકે તેનો સ્વીકાર કરે છે. સેવાર્થીની સમસ્યા નિવારણમાં ભાગીદારી ઉભી કરવા માટે કાર્યકરમાં આ સમજ હોવી જરૂરી છે.

આમ, ઉપર જણાવેલા સિદ્ધાંતો સમાજકાર્યના પાયાના સિદ્ધાંતો છે. દરેક સમાજ કાર્યકરે સેવાર્થી સાથે કામ કરતી વખતે આ સિદ્ધાંતોને અનુસરવા જોઈએ.

## 1.5 સમાજકાર્યની પ્રકૃતિ

સમાજકાર્યની પોતાની એક અદ્ભૂત પ્રકૃતિ છે. આ પ્રકૃતિ સમાજકાર્ય કરવા માટે સામાજિક કાર્યકરને પ્રેરે છે. સમાજમાં વ્યક્તિઓની વિવિધ પ્રકારની સમસ્યાઓ હોય છે. કેટલીક વ્યક્તિઓને અંગત અથવા પારિવારિક સમસ્યાઓ હોય છે. કેટલીકવાર સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓ આ સમસ્યાઓ હલ કરી શકતી નથી. તેથી તેમને મદદની જરૂર હોય છે. તેથી આવી વ્યક્તિઓને ચોક્કસ તાલીમ પામેલ પ્રશિક્ષિત વ્યક્તિ મદદ કરી શકે છે. સમાજકાર્યમાં આ મદદ કરનાર વ્યક્તિ સામાજિક કાર્યકર તરીકે ઓળખાય છે અને આવી મદદની પ્રવૃત્તિઓને સમાજકાર્ય (Social Work) તરીકે ઓળખવામાં આવે છે.

સમાજકાર્યમાં સેવાર્થી અને કાર્યકર બંનેની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. સેવાર્થીને સ્વ-સુધારણા માટે થોડી પ્રેરણા હોવી જોઈએ. સામાજિક કાર્યમાં મદદ સ્વીકારવાની તૈયારીએ પૂર્વ શરત માનવામાં આવે છે. સામાજિક કાર્યકર સેવાર્થીને તેની સમસ્યા અંગે જાણકારી આપે છે. પછી તે અંગે શું કરવું ? તે સેવાર્થી નક્કી કરે છે. અહીં કાર્યકર સેવાર્થીના સ્વનિર્ણયના અધિકારને માન આપીને કાર્યકર ક્યારેય સમસ્યાગ્રસ્ત વ્યક્તિ ઉપર પોતાના વિચારો લાદતો નથી.

આ ઉપરાંત, કાર્યકર હંમેશા સેવાર્થીનો ગમે તેવી અઘરી અને વિકટ પરિસ્થિતિમાં પણ સ્વીકાર કરે છે. સેવાર્થીનો ક્યારેય તિરસ્કાર કરવો જોઈએ નહિ. કાર્યકરને સેવાર્થી પ્રત્યે સહાનુભૂતિ હોવી જોઈએ. એટલે કે કાર્યકરે પોતાની ભૂમિકામાં પોતાની જાતને મૂકીને સેવાર્થીની પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેને સમાજ કાર્યની પરિભાષામાં "પરાનુભૂતિ" કહેવામાં આવે છે. જ્યાં સુધી સમસ્યાગ્રસ્ત વ્યક્તિની જગ્યાએ પોતાની જાતને મૂકીને સમસ્યાની જાતે અનુભૂતિ ન કરે ત્યાં સુધી કાર્યકરને વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવી શકતો નથી. આ સમાજકાર્યની ખૂબ પાયાની ફિલોસોફી છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિની જગ્યાએ જઈને તેની સમસ્યાનો અહેસાસ કરવો તે ખૂબ મહત્ત્વની બાબત છે.

સામાજિક કાર્યકરે સેવાર્થીની લાગણીઓને પણ સમજવી જોઈએ અને તેને સ્વીકારવી જોઈએ. વિવિધ પ્રકારની આપત્તિઓ દરમ્યાન સેંકડો લોકો પીડિતોને મદદ કરવા માટે રોકડ અને વિવિધ પ્રકારની વસ્તુઓનું તેઓ દાન કરતા હોય છે. તેઓ પીડિતો સાથે સીધો સંપર્ક કરશે

નહિ. આ પ્રકારના કામને સામાન્ય રીતે આપણે ''સમાજસેવા'' તરીકે ઓળખીએ છીએ. કારણ કે તેમાં અસહાય વ્યક્તિઓને કેટલીક મદદ પૂરી પાડવામાં આવે છે. જ્યારે, સમાજકાર્યમાં સેવાર્થી અને કાર્યકર વચ્ચે આંતરક્રિયા થાય છે. આંતરક્રિયા એટલે ક્રિયા + પ્રતિક્રિયા. આ આંતરક્રિયા મહત્ત્વપૂર્ણ છે.

અમુક કિસ્સાઓમાં અસ્થાયી રાહત ઉપરાંત, સામાજિક કાર્યકર આંતર વ્યક્તિત્વ સંબંધોને સુધારવામાં અને આપત્તિ અને કુદરતી આફતો સંબંધિત સમસ્યાઓનું સમાયોજન કરવામાં મદદ કરે છે. ઉંડાણપૂર્વકના મુદ્દાઓની સમજ અને અન્ય સમસ્યાઓનો સામનો કરવા માટે જે પ્રકારની સામેલગીરી જરૂરી છે તે સમાજકાર્ય કરે છે.

## 1.6 સમાજકાર્યની લક્ષ્ય

સમાજકાર્યએ વ્યક્તિ, જૂથ અને સમુદાયમાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓને મદદરૂપ થવા માટેનો વ્યવસાય છે. સમાજકાર્યનું મુખ્ય ધ્યેય વ્યક્તિની સુખાકારીમાં વધારો કરવાનું છે. લોકોની સુખાકારીને સુધારવાનું છે. જેમાં ખાસ કરીને સમાજના છેવાડાના સમુદાયનું કલ્યાણ અને તેમનો વિકાસ થાય તે સમાજકાર્યનું મુખ્ય ધ્યેય છે.

સમાજકાર્યએ સહાયક વ્યવસાય છે. જેમાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓની સમસ્યાની ઓળખ કરી તેમની સુખાકારીમાં વધારો કરવાનું પ્રાથમિક ધ્યેય છે. જેમાં તમામ લોકોની મૂળભૂત અને જટિલ જરૂરિયાતો પૂરી કરવા ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. જેઓ નબળા છે, ગરીબ છે, વિવિધ પ્રકારની તકોથી વંચિત છે. તેવા જરૂરિયાતમંદ લોકો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે.

સામાજિક કાર્યકર સેવાર્થીની આ જરૂરિયાતોની પૂર્તિ કરવા પ્રયત્ન કરે છે. સમાજકાર્ય કરતી વખતે સમાજકાર્યના લક્ષ્યો કેવી રીતે નક્કી કરવા તે ખૂબ મહત્ત્વની બાબત છે.

### સામાજિક કાર્યના SMART ધ્યેય/લક્ષ્યો શું છે ?

SMART ધ્યેયો/લક્ષ્યોની પાંચ શ્રેણીઓ માટે વપરાય છે તે અંગેની વિગત નીચે મુજબ છે. SMART શબ્દ પોતે અર્થસૂચક છે. આ પાંચ શબ્દોની શ્રેણીમાં પ્રથમ અક્ષર S છે.

(1) S - એટલે Speciffic - સમાજકાર્યનું લક્ષ્ય ચોક્કસ હોવું જોઈએ.

(2) M - Measurable એટલે કે તે માપી શકાય તેવું હોવું જોઈએ.

(3) A - Achievable એટલે પ્રાપ્ત કરી શકાય તેવું હોવું જોઈએ.


(4) R - Relevant એટલે સંબંધિત હોવું

(5) T - Time Bound એટલે કે સમય સંબંધિત. જે લક્ષ્ય નક્કી કરવામાં આવે તે નિશ્ચિત સમયમાં પૂર્ણ થઈ શકે તેવું હોવું જોઈએ.

આમ, સમાજકાર્યનું લક્ષ્ય શું છે ? તે અંગેનો ખ્યાલ આપણને SMART શબ્દ પરથી આવી શકે છે. સામાજિક કાર્યકરે આ સ્માર્ટ શબ્દને કેન્દ્ર સ્થાને રાખીને સામાજિક કલ્યાણ માટેના વિવિધ પ્રયત્નો હાથ ધરે તો કાર્યકર સાચા અર્થમાં વૈજ્ઞાનિક ઢબે સમાજકાર્ય કરી શકે.

## 1.7 સમાજકાર્યની પ્રક્રિયા

પ્રક્રિયા એટલે ક્રિયા, અનુષ્ઠાન, કાર્યસરણી, કાર્ય પદ્ધતિ, વ્યવસ્થા, ગોઠવણ. સમાજકાર્યમાં પ્રક્રિયા ખૂબ અગત્યની છે. સમાજકાર્યમાં મદદ કરવાની પ્રક્રિયા શું છે ? સમાજકાર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને તેની જરૂરિયાતના સંદર્ભમાં વ્યક્તિને સમસ્યા ઉકેલમાં મદદ કરે છે.



સમાજકાર્યમાં સેવાર્થીને તમામ સ્તરે મદદ કરે છે. આ મદદ કરવાની પ્રક્રિયા સતત ચાલ્યો કરે છે. સમાજકાર્યમાં મદદ કરવાની પ્રક્રિયાના મુખ્ય છે સ્ટેપ (પગલાં) છે જે અંગેની વિગત નીચે મુજબ છે :

**સામાજિક પ્રક્રિયાના 6 સ્ટેપ (પગલાં)**

↓

(1) સંબંધ સ્થાપન

↓

(2) મૂલ્યાંકન

↓

(3) આયોજન

↓

(4) હસ્તક્ષેપ (દરમ્યાનગીરી)

↓

(5) પ્રગતિનું માપન

↓

(6) સમાપ્તિ / સમાપન

સમાજકાર્યની પ્રક્રિયાના ઉપરોક્ત તમામ સ્ટેપ (પગલાં) અંગેની ચર્ચા નીચે મુજબ છે :

**(1) સંબંધ સ્થાપન**

સેવાર્થી સાથે સંબંધ સ્થાપન વગર સેવાર્થીને સમસ્યામાં મદદ કરી શકાતી નથી. સમસ્યા નિવારણની પ્રક્રિયામાં સેવાર્થીની સામેલગીરી જરૂરી છે. સેવાર્થીની સામેલગીરી અને ભાગીદારી વગર રોગનિવારક સંબંધો બનાવી શકાતા નથી. સેવાર્થીને મદદ કરવાની પ્રક્રિયા દરમ્યાન સેવાર્થીને વિશ્વાસમાં લેવો, સેવાર્થીની સંમતિ, ગોપનીયતા અને સારવારનાં જોખમો કયા છે. તે તમામ બાબતોની સેવાર્થી સાથે ચર્ચા કરવી જરૂરી છે. ચર્ચાના અંતે સેવાર્થીની સંમતિ સાથે મદદ થાય તે મુજબનું આયોજન કરવું જોઈએ.

**(2) મૂલ્યાંકન**

સમાજકાર્યમાં મદદ કરવાની પ્રક્રિયાનું સતત મૂલ્યાંકન કરવું જરૂરી છે. મૂલ્યાંકન એટલે મૂલ્યનું અંકન કરવું. સારાં અને ખરાબ પાસાંઓ અંગેની ચર્ચા કરવી જરૂરી છે.

જ્યારે, સામાજિક કાર્યકર સેવાર્થીની પ્રસ્તુત સમસ્યા શું છે ? તે અંગે માહિતી/જાણકારી પ્રાપ્ત કરે છે અને સેવાર્થીની સમસ્યાને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે સમજવાનો પ્રયત્ન કરે છે. સામાજિક કાર્યકરને સેવાર્થી અંગેની સમજ સેવાર્થીની સારવાર પ્રક્રિયા દરમ્યાન મદદ કરે છે.

**(3) આયોજન**

સમસ્યાગ્રસ્ત વ્યક્તિની સારવાર માટે આયોજન જરૂરી છે. આયોજનનો તબક્કો સારવાર માટે જરૂરી સંદર્ભ આપે છે. આમાં લક્ષ્યો અને ઉદ્દેશો નક્કી કરવામાં આવે છે. આ આયોજનના તબક્કામાં સારવારની પદ્ધતિનો પણ સમાવેશ થાય છે. સમસ્યા નિવારણના કાર્યમાં નક્કર આયોજન જરૂરી છે. સારવારમાં આગળનો પગલાં માટે ક્રિયાત્મક પગલાંનું આયોજન કરી શકાય છે.

**(4) હસ્તક્ષેપ (દરમ્યાનગીરી)**

સમસ્યા નિવારણની પ્રક્રિયામાં હસ્તક્ષેપ જરૂરી છે. આ ખૂબ મહત્ત્વની બાબત છે. જ્યારે, તમે સેવાર્થીની સાથે સક્રિયપણે જોડાયેલા હોય ત્યારે આ શક્ય બને છે. હસ્તક્ષેપની પ્રક્રિયામાં તમે જે રીતે કામ કરો છો તે મુજબ આ તબક્કો લાંબો અથવા ટૂંકો હોઈ શકે છે. અહીં સમસ્યાગ્રસ્ત વ્યક્તિની મનોસ્થિતિ પર ધ્યાન રાખવામાં આવે છે. વિકૃત વિચારો પર કામ કરવું, સ્નાયુ હળવા કરવાની પ્રેક્ટિસ કરવી અને સેવાર્થીનું મન પ્રફુલ્લિત બને તેવા પ્રયત્નો કરવાં જોઈએ.

**(5) પ્રગતિનું માપન**

સમાજકાર્યમાં સમસ્યા નિવારણની પ્રક્રિયાનું આ ખૂબ મહત્ત્વનું પગથિયું છે. અહીં તમે સેવાર્થીની સમસ્યામાં શું પ્રગતિ થઈ છે તે જોઈ શકો છો. શું સેવાર્થી સ્થાપિત લક્ષ્યો તરફ પ્રગતિ કરી રહ્યાં છે ? એવાં કયા મુદ્દાઓ છે કે જેમાં બદલાવ/ફેરફારની જરૂર છે. શું સારવારની પદ્ધતિ બરાબર કામ કરી રહી છે ? તે નિર્ધારીત કરવા માટે પ્રગતિનું માપન અને મૂલ્યાંકન જરૂરી છે. તમારા સેવાર્થી નકારાત્મક વિચારોમાંથી બહાર આવી રહ્યાં છે ? તમે જે થેરાપીનો ઉપયોગ કરી રહ્યાં છો. તે તકનીકો અને વ્યૂહરચનાઓ કલાયન્ટને ચિંતા દૂર કરવામાં મદદ કરે છે તે અંગેની જાણકારી આ તબક્કે ખૂબ મહત્ત્વની બની જાય છે.

**(6) સમાપ્તિ / સમાપન**

સમાજકાર્યની પ્રક્રિયાનો આ અંતિમ તબક્કો છે સમાપનનો સેવાર્થી સાથે પ્રક્રિયા કરવામાં આવી છે તેનો અંત સારી રીતે આવવો જરૂરી છે. સેવાર્થીને જ્યારે કાર્યકરની મદદની જરૂર ન હોય ત્યારે આ સેવાઓનું સમાપન થાય છે. સમાપ્તિની ચર્ચા વહેલી તકે થવી જોઈએ. જેથી સેવાર્થી પાસે સારવારના અંત માટે તૈયાર થવાનો સમય મળી રહે. આદર્શ રીતે કલાયન્ટ અને ચિકિત્સક સમંત થાય છે કે સારવારનાં નિર્ધારીત કરેલ લક્ષ્યો પૂર્ણ થઈ ગયાં છે ત્યારે અહીં સેવાઓનો અંત આવે છે. આ પ્રક્રિયા ખૂબ કાળજીપૂર્વક થવી જોઈએ.

## 1.8 ઉપસંહાર

સમાજકાર્ય માનવ સેવાના વ્યવસાય તરીકે વિકસતો વ્યવસાય છે. આજે સમાજકાર્ય સામાજિક કાર્યાત્મકતામાં સુધારો કરનાર વ્યવસાય તરીકે ઓળખાય છે. સમાજકાર્યએ કોઈ જડ પદાર્થો સાથે પ્રયોગો કરતું વિજ્ઞાન નથી. પરંતુ જીવંત વ્યક્તિઓ સાથે કાર્ય કરતું વિજ્ઞાન છે. બદલાતા જતા સમાજની વિવિધ જરૂરિયાતોને જાણવા અને સમજવા માટે સમાજકાર્યની સૈદ્ધાંતિક બાબતોનો વિગતે અભ્યાસ કરવો જરૂરી છે. સમાજકાર્ય શું છે ? સમાજકાર્યના મૂલ્યો, સિદ્ધાંતો, કુશળતાઓ, સમાજકાર્યનાં હેતુઓ/ઉદ્દેશો, સમાજકાર્યના લક્ષ્યો અને સમાજકાર્યની પ્રકૃતિ અંગેની વિવિધ જાણકારી સમાજકાર્યની વિભાવનાને સમજવા ખૂબ ઉપયોગી બને તેમ છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

1. 'ખેર' નામના વિદ્વાને સમાજકાર્યની વ્યાખ્યા કયા વર્ષમાં આપી હતી ?

   (A) 1941 (B) 1945 (C) 1947 (D) 1957

2. ''સમાજકાર્યએ ધ્યેય અભિમુખ આયોજિત પરિવર્તનની પ્રક્રિયા છે.'' આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) પિંકસ અને મિન્હાન (B) ફ્રિંડલેન્ડર (C) ખિંદુકા (D) ખેર

3. નીચેનામાંથી સમાજકાર્યમાં અવકાશ કયા ક્ષેત્રોમાં છે ? તે જણાવો.

   (A) બાળવિકાસ (B) તબીબી સમાજકાર્ય (C) સમાજકલ્યાણ વહીવટ (D) ઉપરોક્ત બધા

4. મેડિકલ સોશ્યલ વર્કને ગુજરાતી ભાષામાં શું કહેવામાં આવે છે ?

   (A) માનસિક કાર્ય (B) કલીનિકલ સોશ્યલ (C) હોસ્પિટલ કાર્ય (D) તબીબી સમાજકાર્ય

5. સમાજકલ્યાણ વહીવટ એ સમાજકાર્યની કઈ પદ્ધતિ છે ?

   (A) મુખ્ય પદ્ધતિ (B) ગૌણ પદ્ધતિ (C) મિશ્ર પદ્ધતિ (D) ઉપરમાંથી એક પણ નહીં

6. આંતરરાષ્ટ્રીય સામાજિક કાર્યકરો નીચેનામાંથી કયા મુદ્દાઓ ઉપર કામ કરે છે ? તે જણાવો.

   (A) બાળસંરક્ષણ (B) આપત્તિ વ્યવસ્થાન (C) ભૂખ્યાંને ભોજન (D) ઉપરોક્ત તમામ

7. સમાજકાર્ય પ્રેક્ટિસ દરમ્યાન નીચેનામાંથી કોણ દિશા બતાવે છે ? તે જણાવો.

   (A) મૂલ્યો (B) જ્ઞાન (C) સિદ્ધાંતો (D) વલણો

8. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જે સ્થિતિમાં મદદ માટે આવે છે તે સ્થિતિને સ્વીકારવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

   (A) સ્વીકૃતિ (B) વૈયક્તિકીકરણ (C) સહાનુભૂતિ (D) પરાનુભૂતિ

9. સમાજકાર્યમાં SMART શેના સમજ આપે છે ?

   (A) લક્ષ્યો (B) મૂલ્યો (C) સિદ્ધાંતો (D) કુશળતાઓ

10. સામાજિક પ્રક્રિયાના કેટલા સ્ટેપ (પગથિયાં) છે ? તે જણાવો.

    (A) 02 (B) 04 (C) 06 (D) 08

    **જવાબોઃ**

    (1) C (2) A (3) D (4) D (5) B (6) D (7) C (8) B (9) A (10) C

## 1.10 ચાવીરૂપ શબ્દો

(1) મદદ - સમાજના દુઃખી અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરૂરી સહાય કરવી એટલે મદદ. મદદ કરવીએ માનવ સ્વભાવની સહજ પ્રકૃતિ છે.

(2) ભૂમિકા - ભૂમિકા એટલે વ્યક્તિના કાર્યસ્થાન કે પદને અનુરૂપ તેની પાસેથી કાર્યની પરિપૂર્ણતા માટે રખાતી અપેક્ષા, સમાજ કાર્યકર પાસે લોકોની સમસ્યા હલ કરવાની

અપેક્ષા રખાય છે. સમાજ કાર્યકરે જુદી-જુદી ભૂમિકાઓ અદા કરવાની હોય છે.

(3) આચારસંહિતા - દરેક વ્યવસાયને પોતાની આચારસંહિતા હોય છે. આચારસંહિતાએ વ્યવસાય અંગેના નૈતિક ધોરણો છે. કોઈપણ વ્યવસાય માટે તેના સભ્યો દ્વારા પૂરી પડાતી સેવા માટે નૈતિક ધોરણો સ્થાપવા એ મહત્ત્વની બાબત છે. આચારસંહિતા વ્યક્તિએ શું કરવું અને શું ન કરવું તે શીખવે છે.

(4) સેવાર્થી - સેવાર્થી એટલે જેને સેવાની જરૂર છે તે વ્યક્તિને સમાજકાર્યની પરિભાષામાં સેવાર્થી તરીકે ઓળખવામાં આવે છે.

(5) મૂલ્યો - મૂલ્ય એટલે 'યોગ્ય' છે તે માણસ પોતાના આચરણ માટે સારું-ખરાબ, સાચું-ખોટું શું છે તે ધ્યાનમાં રાખે છે. અમુક ક્રિયા તે એટલા માટે પસંદ કરે છે કે યોગ્ય છે દરેક વ્યક્તિને પોતાના મૂલ્યો હોય છે.

(6) સિદ્ધાંતો - સમાજકાર્યમાં સિદ્ધાંત શબ્દનો ઉચ્ચાર ઘણી વખત કરવામાં આવે છે. સમાજકાર્યમાં સિદ્ધાંતોએ સમાજકાર્યનું હાર્દ છે. સમાજકાર્યના સિદ્ધાંતો સમાજ કાર્યકર અને સેવાર્થી વચ્ચેના સંબંધની પ્રકૃતિ અને સેવાર્થીની સમસ્યા ઉકેલમાં કેવી રીતે દરમ્યાનગીરી કરવી તેની સમજ આપે છે. દરેક વ્યક્તિ, જૂથ અને સમુદાયને પોતાના સિદ્ધાંતો હોય છે. સમાજકાર્ય પ્રેક્ટિસ દરમ્યાન સિદ્ધાંતો સમાજ કાર્યકરને દિશા બતાવવાનું કાર્ય કરે છે.

- **સ્વાધ્યાય લેખન કરો :**

(1) સમાજકાર્ય એટલે શું ? સમાજકાર્યની જુદી-જુદી વ્યાખ્યાઓ આપી સમાજકાર્યનો ખ્યાલ સ્પષ્ટ કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) સમાજકાર્યમાં અવકાશ - વિશે વિગતવાર સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) સમાજકાર્યના સિદ્ધાંતોની ફિલ્ડવર્કના આધારે ચર્ચા કરો.

..................................................................................

..................................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) સમાજકાર્યની પ્રકૃતિ (Nature) સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(5) સમાજકાર્યની પ્રક્રિયા સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(6) સમાજકાર્યની વિસ્તૃત વિભાવના સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **પ્રવૃત્તિ કરો :**

(1) સમાજકાર્યની વિવિધ વ્યાખ્યાઓના આધારે સમાજકાર્યના બદલાતા સ્વરૂપ અંગેની નોંધ તૈયાર કરો.

(2) સમાજકાર્યના સિદ્ધાંતોનો ફિલ્ડવર્કમાં ઉપયોગ કરી તે અંગેની નોંધ તૈયાર કરો.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) સમાજકાર્યમાં સ્વીકૃતિના સિદ્ધાંતની ઉપયોગિતા અંગેની કેસ સ્ટડી તૈયાર કરો.

(2) ફિલ્ડવર્ક દરમ્યાન ગોપનીયતાના સિદ્ધાંતનો કઈ જગ્યાએ ઉપયોગ કર્યો છે તે અંગેની કેસ સ્ટડી તૈયાર કરો.

(3) સમાજકાર્યમાં ફિલ્ડવર્ક દરમ્યાન જુદી-જુદી સામાજિક સમસ્યાઓ પૈકી તમે સફળતાપૂર્વક કામ કરેલ કોઈ એક સમસ્યા અંગેની કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.11 સંદર્ભ સૂચિ

(1) વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો. ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, અમદાવાદ.

(2) સમાજકાર્ય, રાજારામ શાસ્ત્રી, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ.

(3) પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુત જોષી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(4) સમાજ અને સમાજકાર્ય, અનડા પ્રકાશન, અમદાવાદ.

(5) વ્યાવસાયિક સમાજકાર્ય, ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર.

(6) સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય, જે. કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(7) સમાજકાર્ય, ડૉ. નેહલ ત્રિવેદી, ડૉ. પ્રિયંકા જાની, પ્રા. ખ્યાતી વાઘેલા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

(8) ભારતમાં સામાજિક આંદોલનો, ડૉ. કામિની દશોરા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(9) સમાજકાર્ય, ઈતિહાસ, દર્શન એવં પ્રણાલિયા, ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ. પી. ડી. મિશ્ર, સમાજકાર્ય વિભાગ, લખનૌ, વિશ્વવિદ્યાલય, લખનૌ.

(10) વેબસાઈટ - ગુજરાત વિશ્વકોશ, અમદાવાદ.

એકમ 2

# વ્યાવસાયિક સમાજકાર્યનો પશ્ચિમી ઈતિહાસ (યુ.કે. અને યુ.એસ.એ.)

-: રૂપરેખા :-


**2.0 એકમનાં હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ઈંગ્લેન્ડના સમાજકાર્યનો ઈતિહાસ**

**2.3 અમેરિકાના સમાજકાર્યનો ઈતિહાસ**

**2.4 ઉપસંહાર**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 ચાવીરૂપ શબ્દો**

**2.7 સંદર્ભ સૂચિ**


## 2.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

સમાજકાર્યનો ઉદ્ભવ અને વિકાસ પશ્ચિમના દેશોમાં થયેલ છે. સમાજકાર્ય વિશે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જાણકારી મેળવવા માટે આ ખૂબ મહત્ત્વનું એકમ છે. આ એકમનો અભ્યાસ શા માટે કરવો જોઈએ ? તેના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે :

(1) ઈંગ્લેન્ડમાં સમાજકાર્યની શરૂઆત કેવી રીતે થઈ હતી ? તેના ઈતિહાસ વિશે વિગતો જાણકારી મળશે.

(2) અમેરિકામાં સમાજકાર્યની શરૂઆત ક્યારે થઈ હતી ? સમાજકાર્યનો ઉદ્ભવ અને તેના તબક્કાવાર વિકાસ અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(3) ધ પુઅર લૉ કમિશન-1905 અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(4) ધ બેવરીક રિપોર્ટ-1941 વિશે જાણકારી મળશે.

(5) સેટલમેન્ટ હાઉસ મુવમેન્ટ વિશે વિગતે જાણકારી પ્રાપ્ત થશે.

## 2.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવ સંબંધોની નિપુણતા પર છે. તે વ્યક્તિ, જૂથ અને સમુદાયને તેના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓમાં મદદ કરે છે. મદદ કરવી એ માનવની એક સાહજિક વૃત્તિ છે. આ મદદ પરસ્પરના સંબંધોને આધારે પ્રાપ્ત થાય છે. સમાજ કાર્યકર કે બીજા કોઈપણ સેવા કરનાર વ્યાવસાયિક સુધી પહોંચતા પહેલાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મોટેભાગે તેના કુટુંબ, મિત્રો અને પડોશીઓ મદદ કરે છે. એટલે આપણે ત્યાં એક કહેવત પણ ઘણી પ્રચલિત છે કે "પહેલો સગો પાડોશી" પરિવારના સભ્યોની ગેરહાજરી અથવા સગા-સંબંધીઓની મદદ સમસ્યાગ્રસ્ત સ્થિતિમાં વ્યક્તિને પછીથી મળે છે પણ, પહેલાં જરૂરી મદદ એ પાડોશી કરે છે. તે સંદર્ભમાં આપણે ત્યાં આ કહેવતનો ઉચ્ચાર થતો જોવા મળે છે.

સમાજ સેવાનો ઈતિહાસ માનવ જેટલો જૂનો છે. આદિમાનવ જંગલમાં રહેતો હતો. જંગલમાં જે કંઈ જંગલી પેદાશો મળે તે ખાઈને પોતાની જરૂરિયાતોને સંતોષતો હતો. કેળુ, સફરજન... જે કંઈ મળે તે ખાઈને પોતાની ભૂખ સંતોષતો હતો. સ્ત્રી-પુરુષો સાથે રહેતા હતા. માટે શરમ-સંકોચની લાગણીના લીધે આદિમાનવે પોતાની શરમને ઢાંકવા માટે ઝાડના પાંદડાનો ઉપયોગ કરતા હતા. જંગલી પ્રાણીઓની બીક જંગલમાં રહેતી હતી માટે માનવે એકલાને બદલે સાથે રહેવાની શરૂઆત કરી હતી. સ્થાયી જીવનની શરૂઆત થઈ. ખેતી અને પશુપાલનનો વિકાસ થયો. એકબીજાની અરસપરસ જરૂરિયાતો સંતોષવા માટે ''વિનિમય પ્રથા''ની શરૂઆત થઈ. પછી સમય જતાં લગ્ન અને કુટુંબ સંસ્થાનો ઉદ્‌ભવ થયો. વસ્તીની વિવિધ જરૂરિયાતોને સંતોષવા માટે ટેક્નોલોજીનો વિકાસ થયો. ઔદ્યોગિક ઉત્પાદનો માટે વિવિધ ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી. આપણી પરંપરાગત ટેક્નોલોજીના સ્થાને ઉદ્યોગો આવ્યા જેના પરિણામે માલિક અને મજૂરની વિચારધારા જન્મી. ઔદ્યોગિક એકમોમાં વધારે ઉત્પાદનની લ્હાયમાં માલિકો દ્વારા મજૂરોનું શોષણ કરવામાં આવતું હતું. કામના સ્થળની સ્થિતિ સારી ન હતી. કામદારોને કામના સામે વેતન ઓછું મળે, પૂરતી સગવડતાઓ પણ ન મળે, જેના પરિણામે ગરીબી, શોષણ, બેકારી, સ્વાસ્થ્ય, બાળમજૂરી વગેરે જેવાં પ્રશ્નો ઉદ્‌ભવ્યા હતા. આ સ્થિતિ ઘણી ગંભીર હતી.

આ ઉપરાંત, કામદારો કામ કરતા થાકી જાય, તેમને પૂરતો આરામ ન મળે, પૌષ્ટિક આહાર ન મળે જેના પરિણામે કામદારો આરોગ્ય સંબંધી સમસ્યાઓનો ભોગ બનતા હતા. કામદારો પાસે વધુ કલાકો કામ કરાવવામાં આવતું હતું. જેના પરિણામે કામદારો થાકી જાય, હતાશ થઈ જાય અને આ હતાશાને ભૂલવા માટે વ્યસન કરતા હતા. જેના પરિણામે કુટુંબમાં ઝઘડા થાય, જેના પરિણામે સામાજિક વ્યવસ્થા તૂટવા લાગી. આ બધી સમસ્યાઓમાંથી લોકોને બહાર કાઢવા માટે સમાજકાર્યની શરૂઆત થઈ. ભારતમાં પરંપરાગત સેવાનો ઈતિહાસ વર્ષો જૂનો છે પણ પશ્ચિમના દેશો, જેમાં ઈંગ્લેન્ડ અને અમેરિકામાં વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત થઈ અને તેનો વિકાસ થયેલ છે. આ બંને દેશોમાં થયેલ સમાજકાર્યનો ઉદ્‌ભવ અને વિકાસ અંગેની વિગતે ચર્ચા આ એકમમાં કરેલ છે.

## 2.2 ઈંગ્લેન્ડના સમાજકાર્યનો ઈતિહાસ

સમાજકાર્યનો ઈતિહાસ વર્ષો જૂનો છે. ઈંગ્લેન્ડના સમાજકાર્યના ઈતિહાસને તપાસીએ તો સહાયતા લેવાની અને સહાયતા આપવાની પ્રક્રિયા વર્ષો પુરાણી છે. આ બંને કામોને પવિત્ર ગણવામાં આવતા હતા અને આ સેવાકીય કામોને ધર્મનું પીઠબળ મળતું હતું. પ્રાચીન સમયમાં સમાજના ગરીબ અને નબળા લોકોનું ધ્યાન રાખવાની જવાબદારી ચર્ચની ગણવામાં આવતી હતી. ધર્મના નામે સામાન્ય લોકો પણ પોતાની ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને ગરીબ, અપંગ અને નિર્બળ લોકોને દાન આપતા હતા. આ દાન પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ આત્મશુદ્ધિનો હતો. આ એક સહજ અને સાહજિક પ્રવૃત્તિ ગણવામાં આવતી હતી. પરંતુ ચર્ચો દ્વારા ગરીબીના નિર્મૂલન માટે કોઈ પદ્ધતિસરના પ્રયત્નો હાથ ધરવામાં આવતા ન હતા.

14મી સદીની શરૂઆતમાં ગરીબ લોકોને બે ભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

**બે ભાગ**

**સ્વસ્થ શરીરવાળા ગરીબ** | **અશક્ત લોકો**

- 1349 માં કિંગ એડવર્ડ-111 એ એક ઠરાવ પસાર કર્યો. આ ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ શારીરિક દૃષ્ટિએ સ્વસ્થ લોકો માટે કામ કરવું ફરજિયાત હતું. સ્વસ્થ

શરીરવાળા ગરીબને કોઈપણ પ્રકારના જીવનધોરણ ટકાવવાનાં સાધનો ઉપલબ્ધ ન કરાવવાની જોગવાઈ કરવામાં આવી હતી. આમ, ફરજિયાતપણે કામ કરવા માટેની ફરજ પાડવામાં આવતી હતી.

- 1531 ના વર્ષમાં હેનરી એ ગરીબ લોકોને દાન આપવાના સંદર્ભમાં મહત્ત્વનું સર્જનાત્મક અને નોંધપાત્ર કામ કર્યું હતું. આ માટે તેમણે એક કાયદો બનાવ્યો અને તેમાં ખાસ જોગવાઈ કરવામાં આવી કે દરેક ગરીબ લોકોએ ચોક્કસ વિસ્તારમાં ભિક્ષા મેળવવાનો પરવાનો મેળવવા માટે પોતાની નોંધણી ફરજિયાત કરાવવી. 1563 માં સંસદમા એક ઠરાવ પસાર કરવામાં આવ્યો કે જે અંતર્ગત દરેક લોકોએ અઠવાડિક ધોરણે ગરીબો માટેના નિર્ધારીત કરેલ ફંડમાં દાન આપવાનો આદેશ હતો.

- નિર્ધન સહાયતા કાનૂન - 1601

  રાણી એલિઝાબેથના શાસન નિર્ધન સહાયતા માટેના વિવિધ કાર્યક્રમોની પ્રગતિ થઈ. ઈ.સ. 1601 નિર્ધન સહાયતા કાનૂન-1601 પસાર કરવામાં આવ્યો. આ કાયદાને "43-એલિઝાબેથ" ના કાયદા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાયદા અંતર્ગત નિર્ધન સહાયતા માટે કોને મદદ કરવી તે અંગેની એક નીતિ બનાવવામાં આવી. આ કાયદા અંતર્ગત સહાયતા મેળવનાર વ્યક્તિઓને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા.

**ત્રણ ભાગમાં વર્ગીકરણ**

- સ્વસ્થ શરીરવાળાં ગરીબ
- શક્તિહીન ગરીબ
- આશ્રિત બાળકો

આમ, ઉપર મુજબ સહાયતા મેળવનાર જરૂરિયાતમંદ વ્યક્તિઓને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જે અંગેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

**(1) સ્વસ્થ શરીરવાળા ગરીબો -**

જેઓ શારીરિક રીતે સ્વસ્થ છે. તેવા લોકો માટે રોજગારને લગતી વ્યવસ્થા કરવામાં આવી હતી. દેશના નાગરિકોને તેઓને ભિક્ષા આપવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. સ્વસ્થ શરીરવાળાં વ્યક્તિઓ જો કામ કરવાનો ઈન્કાર કરે તો તેઓને કાયદામાં થયેલ જોગવાઈ મુજબ સજા ફરમાવવામાં આવતી હતી. આ ઉપરાંત, બીજા સ્થળેથી આવેલા નિર્ધન/ગરીબ લોકોને પણ તે છેલ્લા એક વર્ષથી જે જગ્યા પર રહેતા હોય ત્યાં પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(2) શક્તિહીન ગરીબ -**

શક્તિહીન ગરીબોમાં રોજગારને અયોગ્ય ગરીબ અને નિર્ધન લોકોનો સમાવેશ કરવામાં આવે છે. જેઓ કાર્ય કરી શકે તેમ નથી તેવા અસમર્થ લોકોમાં વૃદ્ધો, અંધ, બહેરા, માનસિક રીતે વિકલાંગ વ્યક્તિઓ, શારીરિક રીતે ખોડ-ખાંપણવાળા વિકલાંગો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. તેઓને દાન ઘરમાં રાખવામાં આવતા હતા અને તેમને કપડાં, ખોરાક જેવી જરૂરી વસ્તુઓ તેમને બાહ્ય સહાયતાના રૂપમાં આપવામાં આવતી હતી.

**(3) આશ્રિત બાળકો -**

અનાથ બાળકો, માતા-પિતા દ્વારા તરછોડાયેલા બાળકો અથવા નિર્ધન માતા-પિતાનાં

બાળકોને આ શ્રેણીમાં મુકવામાં આવતા હતા. આવાં બાળકોનાં ભરણ-પોષણ માટે તેમને સામાન્ય નાગરિકોને સોંપવામાં આવતા હતા. આ માટે તેઓને ફરજ પાડવામાં આવતી ન હતી પણ સ્વૈચ્છિક રીતે ઈચ્છાશક્તિ ધરાવતાં લોકોને જ આ બાળકો સોંપવામાં આવતા હતા. આ ઉપરાંત બીજી એ પણ એક સમજ હતી કે આ નાગરિકો બાળકોની જવાબદારી સ્વીકારવા બદલ ઓછામાં ઓછા નાણાંની માંગણી કરે.

આ કાયદા થકી ઈંગ્લેન્ડમાં છેલ્લાં 300 વર્ષથી જાહેર સેવાના ક્ષેત્રમાં અપેક્ષિત માપદંડ નક્કી કરવામાં અને નિર્ધનોને સહાયતા પ્રદાન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

1662 માં એક વસ્તી કાનૂન પણ બનાવવામાં આવ્યો હતો. જેના અંતર્ગત શાંતિ માટેના ન્યાયાધીશો નીમવામાં આવ્યા હતા. આ ન્યાયાધીશોને અધિકાર પ્રદાન કરવામાં આવ્યો હતો કે તે કોઈપણ નવાંગતુકને પોતાના જૂના નિવાસ સ્થાન પર મોકલી અને જે-તે સમુદાય પર આવા લોકો બોજારૂપ ન બને તે અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, 1969 માં કાર્યગૃહ કાનૂન બનાવવામાં આવ્યો. જેમાં બ્રિસ્ટલ અને અન્ય શહેરોમાં કાર્યગૃહની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં નિર્ધન અને ગરીબ વૃદ્ધો તથા બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવતી હતી.

**દાન સંગઠન સમિતિ (Charity Organization society) 1869**

ઈંગ્લેન્ડમાં 1834 પહેલાં નિર્ધન સહાયતા પાછળ નાણાંનો મહત્તમ વ્યય કરવામાં આવ્યો હતો. થોમ્સ ચાલ્સ કે જેમણે નિર્ધન સહાયતા કાનૂનના વહીવટ અંગે ટીકા કરી હતી. તેમના મતાનુસાર બિન સરકારી સંસ્થાઓ દ્વારા દરેક કેસની તપાસ કરવી અનિવાર્ય છે. થોમ્સ ચાર્લ્સના પ્રયત્નોના લીધે ઈ.સ. 1869 માં લંડનમાં "દાન સંગઠન સમિતિ"ની સ્થાપના કરવામાં આવી હતી.

આ દાન સંગઠન સમિતિની રચના થોમ્સ ચાલ્સના વિચારો પર આધારિત હતી. ચાલ્સ થોમસ સ્વાવલંબન પર તેમની આગવી વિચારધારા હતી. તેઓ માનતા હતા કે વ્યક્તિના પુનઃ સ્થાપન માટે તેને સ્વાવલંબી બનાવવો અનિવાર્ય છે.

**થોમસ ચાર્લ્સના મહત્ત્વના વિચારો**

1. વ્યક્તિ પોતાની ગરીબી માટે પોતે જવાબદાર છે.
2. ગરીબ વ્યક્તિ સહાયતા મેળવી પોતાનું આત્મ સન્માન ગુમાવે છે, નષ્ટ કરે છે.
3. સહાયતા નિર્ધન વ્યક્તિને ભિક્ષાવૃત્તિ તરફ વાળે છે.
4. વ્યક્તિએ પોતાનું ભરણપોષણ જાતે કરવું જોઈએ.
5. નિર્ધન વ્યક્તિઓએ પોતાની બધી જ કાબેલિયત અને યોગ્યતાનો ઉપયોગ કરીને પોતાનો વિકાસ કરવો જોઈએ.

આમ, દાન સંગઠન સમિતિ ઉપરોક્ત વિચારો મુજબ કામ કરતી હતી. આ સમિતિએ એક પૂછપરછ વિભાગ શરૂ કર્યો હતો. જે કાનૂન અધિકારીઓ નિર્ધન તથા દાન દેવાવાળા વ્યક્તિઓનો સંપર્ક કરતા હતા. જેના દ્વારા તેમને કેટલીયે વ્યક્તિઓની માહિતી મેળવી હતી કે જેઓએ ભિક્ષાવૃત્તિને એક વ્યવસાય તરીકે સ્વીકારી હતી. ઉપરાંત અનેક સંસ્થાઓ પાસેથી તેઓ સહાયતા મેળવતા હતા. દાન સંગઠન સમિતિની કામગીરીમાં વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ અને સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો.

### સેટલમેન્ટ હાઉસ મુવમેન્ટ

એડવર્ડ એડિસને 1867 માં સૌપ્રથમ પોતાનો મત વ્યક્ત કરતાં કહ્યું કે ફક્ત દાન અને રાહતથી ગરીબી નિવારણ શક્ય નથી. ગરીબી સાથે બીજી ઘણી આનુસંગિક બાબતો જોડાયેલી છે. કેનન સેમ્યુઅલ અને ઓગસ્ટ બર્નેટે આ વિચારને અમલમાં મૂકીને યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસની સ્થાપના કરી હતી.

### યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસના ઉદ્દેશો

(1) ગરીબ લોકોનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ કરવો.

(2) વિદ્યાર્થીઓ અને અન્ય લોકો પોતાની સ્થિતિ સુધારી શકે તે માટે માહિતી પ્રદાન કરવી.

(3) સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નો અંગે જાગૃતિ લાવવી અને કાયદાઓનું ઘડતર કરવું.

### નિર્ધન કાનૂનના સંદર્ભમાં થયેલા કેટલાક સંશોધનો

ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિના કારણે ત્યાંની સામાજિક વ્યવસ્થામાં ઘણા ફેરફારો થયા. ઔદ્યોગિક વિકાસનું પ્રમાણ વધતા કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા. આ સમયગાળા દરમ્યાન મજુરીના દર ઘટવાને કારણે મજૂરોની આર્થિક સ્થિતિ વધારે ખરાબ થવા લાગી. 1834 માં સંસદીય આયોગ દ્વારા નિર્ધન કાનૂન પર સંશોધન કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. આ પ્રસ્તાવના આધારે “નિર્ધન કાનૂન આયોગ”ની રચના કરવામાં આવી. આ આયોગનું કાર્ય નિર્ધન કાનૂન દ્વારા પ્રદાન કરવામાં આવતી સેવાઓનું વિશ્લેષણ કરવાનું હતું.

1905 માં નિર્ધન કાનૂનની તપાસ માટે રોયલ કમિશનની રચના કરવામાં આવી હતી. 20મી સદીની શરૂઆતમાં ઈંગ્લેન્ડમાં વ્યાપક પ્રમાણમાં બેકારી હતી. જેનું નિવારણ નિર્ધન કાનૂન દ્વારા શક્ય ન હતું. લોર્ડ જ્યોર્જ હેમિલ્ટન આ રોયલ કમિશનના ચેરમેન હતા. આ કમિશનની ભલામણ અનુસાર બેકારી નિવરણ કાયદો પસાર કરવામાં આવ્યો. ઉપરાંત સ્થનિક કષ્ટ નિવારણ સમિતિની સહાયતા દ્વારા બેકારોને મદદ મળે તેવી જોગવાઈ કરવામાં આવી હતી.

### બેવરીજ અહેવાલ

બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન 1941 ના સમય દરમ્યાન ઈંગ્લેન્ડે તેમના દરેક કલ્યાણકારી કાર્યક્રમોમાં સુધાર લાવવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો. લોર્ડ વિલિયમ બેવરીજની અધ્યક્ષતામાં સામાજિક વીમા અને સંબંધિત સેવાઓ માટેના આંતર વિભાગીય આયોગની રચના કરવામાં આવી.

આ આયોગના અહેવાલમાં સામાજિક સુરક્ષા માટેના પાંચ કાર્યક્રમોની યોજનાઓ રજૂ કરવામાં આવી હતી. જે અંગેની વિગત નીચે મુજબ છે.

(1) સામાજિક વીમો

(2) સામાજિક સહાયતા

(3) બાળકો માટેના ભથ્થા

(4) મફત સ્વાસ્થ્ય અને આરોગ્ય સુવિધા તથા પુનઃ સ્થાપન

(5) પૂર્ણ રોજગારની બાંહેધરી

આ ઉપરાંત આ આયોગ દ્વારા છ સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં,

(1) સંકલિત વહીવટ

(2) દરેકનો સમાવેશ

(3) વહેંચણીનો સમાનદર

(4) લાભનો સમાનદર

(5) લાભાર્થીની પ્રાથમિક જરૂરિયાતને લગતા પૂરતા લાભ

(6) વસ્તીનું વર્ગીકરણ

ઈંગ્લેન્ડના ખાસ વીમા કાર્યક્રમો બેવરીજ અહેવાલ આધારિત છે. આ અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા હતા. જેમાં અપંગ વ્યક્તિ માટેનાં કાયદાઓ, પરિવાર ભથ્થાં કાયદો, રાષ્ટ્રીય વીમા કાયદો, ક્રમશ 1944, 1945 અને 1946 માં બન્યા. ઉપરાંત 1946 માં કારીગર ક્ષતિપૂર્તિ કાયદો અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા કાયદો અસ્તિત્વમાં આવ્યો. 1986 માં સામાજિક સુરક્ષા માટે અલગથી કાયદાનું ઘડતર કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સેવા વૈયક્તિક સેવા, સામાજિક સુરક્ષા અને સમાજકલ્યાણ વ્યવસ્થાનાં મહત્ત્વના અંગો છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા અંતર્ગત દરેક નાગરિકને તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રદાન કરવામાં આવી. આ ઉપરાંત વૃદ્ધો, અશક્તો, બાળકોને જરૂરી સહાય ઉપરાંત કાઉન્સેલિંગને લગતી સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. સામાજિક સુરક્ષાની વ્યવસ્થા જરૂરિયાતમંદ લોકોના મૂળભૂત જીવનસ્તર અને તેના માટે જીવનધોરણ ટકાવવા રોજગારી પ્રદાન કરવામાં આવતી હતી.

**ઈંગ્લેન્ડમાં સમાજકાર્ય શિક્ષણનો વિકાસ**

1947 માં કાર્નેનાએ પોતાના અહેવાલમાં સમાજકાર્યકરના સેવાયોજન તથા શિક્ષણ સંબંધિત બાબતો તથા સ્વતંત્ર રીતે સમાજકાર્ય વિદ્યાલય શરૂ કરવાની રજૂઆત કરી.


1951 માં ટાવિસ્ટક કિલનીક દ્વારા માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કાર્ય કરતાં સમાજકાર્યકરો માટે 1 વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કોર્ષ શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ માનસિક બીમારીનાં સંદર્ભે કાર્યકરોને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય.

1966 માં યાર્ડ યુનિવર્સિટીમાં સૌપ્રથમવાર બે વર્ષનો સમાજકાર્ય શિક્ષણ માટેનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ બે વર્ષીય અભ્યાસક્રમ ''નોટીઘમ યુનિવર્સિટી'' દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

1975 સુધીના સમયમાં ઈંગ્લેન્ડની 35 યુનિવર્સિટીમાં સમાજકાર્ય શિક્ષણ માટે આ યુનિવર્સિટીમાં સમાજકાર્યના વિભાગો શરૂ કરવામાં આવ્યા હતા. આમ, આ કોર્ષની સમાજમાં શું ઉપયોગિતા છે ? તે અંગેનો ખ્યાલ આપણને આવી શકે છે. કારણ કે સમાજકાર્યનું શિક્ષણ જીવાતા જીવનના પ્રશ્નો સાથે કામ કરે છે માટે આ દષ્ટિએ સમાજકાર્ય શિક્ષણ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 2.3 અમેરિકાના સમાજકાર્યનો ઈતિહાસ

અમેરિકામાં જુદા-જુદા સમયે નિર્બળ અને શોષિત વર્ગોને આપવામાં આવેલી સહાયતાઓની વિશેષતાના આધારે અમેરિકન સમાજકાર્યના ઈતિહાસને નીચેના ભાગમાં વહેંચી શકાય છે.




અમેરિકન ઈતિહાસના વિવિધ ભાગોની વિસ્તૃત ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) દાન સમય**

17 મી સદીમાં અમેરિકાના પૂર્વતટીય નિગમ ખાતે 13 કોલોનીની સ્થાપના કરવામાં આવી. આ કોલોનીની સ્થાપના બ્રિટિસરો દ્વારા કરવામાં આવી હતી. આ કોલોનીમાં બ્રિટિસરો વસવાટ કરતા હતા. બ્રિટિસરો અહીં પોતાની પ્રથાઓ, પરંપરાઓ અને કાયદાઓ પણ સાથે લાવ્યા હતા. તેઓ પોતાના ભૂતકાળના અનુભવના કારણે બેકારી અને કામચોરીથી ડરતા હતા અને તેને એક દૂષણ ગણતા હતા. દરેક સમાજની જેમ અમેરિકામાં પણ અનાથ બાળકો, વિધવાઓ, બીમાર, અશક્ત અને વૃદ્ધો વગેરે હતા. પરંતુ આ એવા લોકો હતા જેને મદદની જરૂર હતી. બ્રિટિસરો તેમને મદદ કરતા હતા. પરંતુ આ લોકોની મદદ કરવાની શૈલીમાં નિર્ધન સહાયતા કાનૂન અંતર્ગત કરવામાં આવતી મદદનાં લક્ષણો જોવા મળતા હતા. શારીરિક બીમારીઓની સાથે માનસિક બીમારી પણ જોવા મળતી હતી માટે તેના ઉપચાર માટે પણ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી.

**(2) સ્થાનિક સહાયતા સમય**

સ્થાનિક લોકોની જરૂરિયાત અનુસાર વિવિધ પ્રકારની સેવાઓની શરૂઆત કરવામાં આવી હતી.

અમેરિકાના કેટલાક મહાનગરોમાં ભિક્ષાગૃહ અને સુધારાગૃહ ચાલું કરવામાં આવ્યા હતા. પહેલું ભિક્ષાગૃહ "મેસેસ્યુસેટમાં 1662 માં શરૂ કરવામાં આવ્યું હતું. 1685 બાદ આ ભિક્ષાગૃહ બે પ્રકારના કાર્યો કરતું હતું.

(1) અસમર્થો માટે ભિક્ષાગૃહ

(2) સમર્થ લોકો માટે કાર્યગૃહ. આમ બે પ્રકારની જવાબદારી આ ભિક્ષાગૃહ નિભાવતું હતું.

- મેસેસ્યુસેટના વિધાન મંડળમાં 1699 માં એક કાયદો પસાર કરવામાં આવ્યો. જે કાયદા અન્વયે માનસિક વિકલાંગો, ભિક્ષુકો અને અસમર્થ લોકોને સુધારગૃહમાં રાખવાની જોગવાઈ હતી.
- 1823 માં ન્યૂર્યોકમાં જે.વી.એન. યેટ્સને નિર્ધન કાનૂનની ક્રિયા વિધીઓ સંબંધિત સૂચના એકત્ર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. યેટ્સ દ્વારા થયેલ રજૂઆતમાં નિર્ધનતાના બે વર્ગોનો ઉલ્લેખ જોવા મળે છે.

(1) કેજેને સ્થિર સેવાની આવશ્યક્તા છે.

(2) અસ્થિર નિર્ધનો.

યેટ્સના રિપોર્ટના આધારે મેસેચ્યુસેટ, ન્યૂર્યોક તથા અન્ય કેટલાંક રાજ્યોમાં અનાથાશ્રમો તથા કાર્યગૃહની સ્થાપના કરવામાં આવી.

**(3) રાજ્ય સહાયતા સમય**

- 1675 માં મેસેચ્યુસેટ રાજ્યમાં ભિક્ષુકોને ભથ્થા દ્વારા સહાય આપવાનું સ્વીકારવામાં આવ્યું. આ સહાયતા એવા ભિક્ષુકોને આપવામાં આવતી હતી કે જે થોડા સમય પહેલાં રાજ્યમાં આવ્યા હોય અથવા તેમને બહાર જવાની ચેતવણી આપવામાં આવી હોય.
- 1732 માં સૌપ્રથમવાર ફિલાડેલ્ફિયામાં માનસિક બીમારીની સારવાર માટે ભિક્ષાગૃહની શરૂઆત કરવામાં આવી. 1753 માં પેન્સિલવેનિયામાં પણ આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી.
- વર્જીનિયાની વિલિયમ્સબર્ગ પૂર્વીય રાજ્ય હોસ્પિટલ પણ એવી હોસ્પિટલ હતી કે જેમાં અસાધારણા માનસિક બીમારીથી પિડાતા લોકો માટેની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી હતી.
- રાજ્યમાં અંધ લોકોના ભરણપોષણ માટે 1840 માં વિશેષ કાનૂન ઘડવામાં આવ્યો હતો.
- મેસેચ્યુસેટના દક્ષિણ બૂસ્ટનમાં સૌપ્રથમવાર મૂર્ખ તથા મંદબુદ્ધિના યુવાનો માટે રાજ્ય દ્વારા શાળાની શરૂઆત કરવામાં આવી. 1860 માં પહેલીવાર બહેરા મૂંગાની સંયુક્ત શાળા શરૂ કરવામાં આવી.

**(4) નિરીક્ષણ, સમન્વય અને શિક્ષણનો સમય**

- 1863 માં મેસેચ્યુસેટમાં રાજ્ય દ્વારા સંચાલિત તમામ દાન સંસ્થાઓની દેખરેખ માટે સ્ટેટ બોર્ડ ચેરિટીની સ્થાપના કરવામાં આવી.
- નિરીક્ષણ તથા નિયંત્રણ સંબંધિત જવાબદારી 1925 માં લોક કલ્યાણ વિભાગને સોંપવામાં આવી હતી. જેનું 1927 માં નામ બદલીને રાજ્ય કલ્યાણ વિભાગ રાખવામાં આવ્યું. સમાજ કલ્યાણની સેવાઓ રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર એમ બંને દ્વારા પૂરી પાડવામાં આવી હતી પણ આ ભાગીદારી આંશિક હતી. સમાજ કલ્યાણના ક્ષેત્રમાં સરકારી તથા બિન સરકારી એમ બંને પ્રકારની સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય સ્તરની સમાજકલ્યાણ અંગેની સેવાઓ સમજવી જરૂરી હતી.

**(5) યુવકો સાથેના કાર્યનો સમય**

1844 માં ઈંગ્લેન્ડમાં જ્યોર્જ વિલિયમ્સ દ્વારા સ્થાપિત યંગ મેન્સ ક્રિશ્ચિયન એસોસિએશન (YMCA) થી પ્રેરાઈને કેપ્ટન જે.વી.સલીવાને 1851 માં સૌપ્રથમ અમેરિકી યંગમેન્સ ક્રિશ્ચિયન એસોસિએશનની સ્થાપના કરી. જેનું કાર્ય અમેરિકન યુવકોની જરૂરિયાતપૂર્ણ કરવાનું હતું. 1912 માં ગર્લ્સ ગાઈડની સ્થાપના કરવામાં આવી. આ અગાઉ 1911 માં કેમ્પ ફાયર ગર્લ્સની સ્થાપના કરવામાં આવી.

### (6) જરૂરિયાતમંદ લોકો સાથેના કાર્યનો સમય

જરૂરિયાતમંદ લોકો વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ખાસ કરીને સ્થળાંતર કરીને આવેલ લોકોની સ્થિતિ ઘણી ગંભીર હતી. લંડનમાં આવા સ્થળાંતરિત લોકો માટે "વાયનવી ગીલ્ડ ઓફ ન્યૂર્યોક સીટીની સ્થાપના 1887 માં કરવામાં આવી હતી. વર્તમાન સમયમાં તેને યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસના નામે ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત કોલેજ સ્ટેલમેન્ટ ફોર વુમન્સ ન્યૂર્યોક, એગેવર, બોસ્ટન, શિકાગોમાં શિકાગો વોમન્સ, ન્યૂર્યોકમાં હેનરી સ્ટ્રીટ સેટલમેન્ટ વગેરેની સ્થાપના કરવામાં આવી. આમ, જરૂરિયાતમંદ લોકો માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### (7) સામાજિક સુરક્ષા સમય

બેરોજગારી, બીમારી, અસમર્થતા, માતૃત્વ તથા બાળકોની સમસ્યાના નિવારણ માટે એક સ્થાયી વ્યવસ્થાની જરૂરિયાત ઉભી થઈ. જેના પરિણામે 14 ઓગસ્ટ, 1935 માં સામાજિક સુરક્ષા માટેનો કાયદો બનાવવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત સામાજિક વીમા, સામાજિક સહાયતા, સ્વાસ્થ્ય, મહિલા તથા બાળકલ્યાણને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

સમાજ સુરક્ષાની યોજના મુજબ 65 વર્ષની ઉંમર પછી કામ ન કરવાનું જણાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત પત્નીની ઉંમર 62 વર્ષથી વધુ હોય અને 18 વર્ષથી નાની વયના બાળક હોય તો પણ તેમને આ લાભ મળતો હતો. બેકારી, આરોગ્યલક્ષી સમસ્યાઓના નિવારણ માટે પણ વિવિધ પ્રકારની સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી.

### (8) ગરીબી નિવારણ સમય

ગરીબી નિવારણ માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- 1933 માં સિવિલ કન્ઝર્વેશન કોર્સ ($C_3$) નો કાયદો બનાવવામાં આવ્યો, જે અંતર્ગત એવા યુવાનો કે જેમની ઉંમર 17 થી 25 હોય, શાળાએ ન જતા હોય અને જેઓને રોજગારીની જરૂરિયાત હોય તેમને $C_3$ ની શિબિરમાં દાખલ કરવામાં આવતા હતા. તેઓને માસિક વેતન આપવામાં આવતું હતું. અંશતઃ રકમ તેમના કુટુંબીજનોને મોકલવામાં આવતી હતી. 1942 માં આ સુવિધાને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.
- 1935 માં નેશનલ યુથ એડમિનિસ્ટ્રેશનની રચના કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય સ્નાતક વિદ્યાર્થીઓ પોતાનું શિક્ષણ ચાલુ રાખી શકે તે માટે ખંડ સમયની નોકરી આપીને તેઓને આર્થિક સહાયતા કરવામાં આવી હતી. ઉપરાંત 18 થી 25 વર્ષના બેકાર યુવાનોને અનુભવ મળે તે માટે અંશકાલિન નોકરી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.
- 1943 માં આ સુવિધા પૂર્ણ કરવામાં આવી હતી.
- 1960 પછીના સમયમાં સરકારે ગરીબી નાબૂદી માટેના કાર્યક્રમો ચાલુ કર્યા હતા.
- 1961 માં ક્ષેત્ર વિકાસ કાયદો, 1962 માં જન શક્તિ વિકાસ તથા પ્રશિક્ષણ કાયદો, 1964 માં આર્થિક અવસર કાયદો વગેરે બનાવવામાં આવ્યો હતો.

- આ ઉપરાંત ઈંગ્લેન્ડની માફક અમેરિકામાં પણ દાન સંગઠન સમિતિની રચના કરવામાં આવી હતી. સૌપ્રથમ દાન સંગઠન સમિતિની શરૂઆત 'ન્યુ હેવન'માં થઈ હતી.
- અમેરિકામાં દાન સમિતિ મુખ્યત્વે ચાર સિદ્ધાંતો પર કાર્ય કરતી હતી.
  (1) ઉંડાણપૂર્વકની તપાસ
  (2) નોંધણી માટે કેન્દ્રીય વ્યવસ્થા તંત્ર, નકલ ના થાય માટે
  (3) વિવિધ કલ્યાણકારી સંસ્થાઓ વચ્ચે સંકલન
  (4) સ્વયં સેવકોનો ઉપયોગ

આ દાન સંગઠન સમિતિના મુખ્ય કાર્યોમાં મુખ્યત્વે કુટુંબ પુનઃ સ્થાપન, સ્વાવલંબન અને સમુદાયને મદદ મેળવવા અંગેના સિદ્ધાંતો પર શિક્ષણ આપવું અને ગરીબીનાં કારણો દૂર કરવાના પ્રયત્નો કરવા.

**અમેરિકામાં સમાજકાર્ય શિક્ષણ**

અમેરિકાના સંદર્ભમાં મેરી ઈ. રિચમંડને પ્રથમ વ્યાવસાયિક સમાજ કાર્યકર ગણી શકાય.

- બાલ્ટીમોર દાન સંગઠન સમિતિમાં કોષાધ્યક્ષ બન્યા. ત્યારબાદ તે દાન સંગઠન સમિતિમાં એક વ્યવસાયી શિક્ષક બન્યા હતા.
- 1898 માં ન્યૂર્યોકમાં દાન સંગઠન સમિતિ દ્વારા કાર્યકરની ભૂમિકા અંગેનો તાલીમી અભ્યાસક્રમ શરૂ કર્યો. ત્યારબાદ ન્યૂર્યોક સ્કૂલ ઓફ ફીલાન્થોપીની સ્થાપના કરવામાં આવી જેને વર્તમાન સમયમાં કોલમ્બિયા યુનિવર્સિટી સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક તરીકે ઓળખવામાં આવે છે.
- આ ઉપરાંત, બોસ્ટનની સીમ્સન્સ કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી. આ કૉલેજમાં પ્રથમવાર મેડિકલ સમાજકાર્યની શરૂઆત કરવામાં આવી જેના પ્રણેતા ડૉ. રોવર્ટ ક્લોટ હતા.
- સમાજકાર્યનું શિક્ષણ આપતી વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલન રહે તે માટે અમેરિકન એસોસિએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્કની સ્થાપના 1919 માં કરવામાં આવી હતી.

## 2.4 ઉપસંહાર

''સમાજના દુઃખી અને જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી'' એટલે સમાજકાર્ય એવો સીધો સાદો અર્થ સમાજકાર્યનો કરવામાં આવે છે. પશ્ચિમના દેશોમાં આ ''ભાવપ્રેરિત મદદકર્તા પ્રવૃત્તિ'' એ વ્યવસાયનું રૂપ લીધું. સમસ્યાગ્રસ્ત વ્યક્તિને જરૂરી તમામ પ્રકારની મદદ અને સહાય કરી સેવાર્થીને સક્ષમ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. સમાજકાર્ય કરવા માટે શિક્ષણ અને તાલીમ જરૂરી બન્યા. વ્યક્તિ, સમાજ અને સમસ્યા વિશેના જ્ઞાનમાં જેમ-જેમ વધારો થતો ગયો. તેમ તેમ વ્યાવસાયિક સમાજકાર્યનો વિકાસ થતો ગયો છે. સમાજકાર્યના અભિગમો, જ્ઞાન, કુશળતાઓ અને વિવિધ પદ્ધતિઓનો વિકાસ થયેલ છે. આ રીતે દુઃખી અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદ કરવા માટે પશ્ચિમના દેશોમાં આ પ્રવૃત્તિને વ્યાવસાયિક સમાજકાર્યનું રૂપ મળ્યું અને વ્યક્તિ પોતે પોતાની મદદ કરી શકે તે માટે સક્ષમ કરનાર વ્યાવસાયિક પ્રવૃત્તિ તરીકે તેનો વિકાસ થયો છે.

આમ, સમાજકાર્યનો વ્યવસાય દુઃખો ઘટાડવાનો અને વ્યક્તિ, કુટુંબો, જૂથો અને સમુદાયોના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરે છે. તેઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરે છે. આ વ્યાવસાયિક સમાજકાર્યના બીજ ઈંગ્લેન્ડ અને અમેરિકા સહિત વિશ્વના જુદાં-જુદાં દેશોમાં રોપાય છે. આ મદદ કરવાની પ્રવૃત્તિનો વ્યાવસાયિક ધોરણે વિકાસ થાય તે માટેની સમગ્ર વ્યવસ્થા પદ્ધતિસર રીતે વિકસાવી છે અને પછી ભારત સહિત વિશ્વના જુદા-જુદા દેશોમાં તેનો ફેલાવો થયેલ છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. ઈંગ્લેન્ડમાં દાન સંગઠન સમિતિની રચના કયા વર્ષમાં થઈ હતી ?

   (A) 1849 (B) 1859 (C) 1869 (D) 1879

2. સામાજિક સુરક્ષા કાયદો કયા વર્ષમાં બન્યો હતો ?

   (A) 1986 (B) 1990 (C) 1992 (D) 1998

3. 1975 સુધીમાં ઈંગ્લેન્ડની કેટલી યુનિવર્સિટીમાં સમાજકાર્ય વિભાગની શરૂઆત કરવામાં આવી હતી ?

   (A) 15 (B) 35 (C) 45 (D) 55

4. અમેરિકામાં ગર્લ્સ ગાઈડની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

   (A) 1902 (B) 1904 (C) 1912 (D) 1916

5. એલિઝાબેથ યુઅર લો કયા વર્ષમાં બન્યો હતો ?

   (A) 1501 (B) 1601 (C) 1650 (D) 1669

6. ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટીની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

   (A) 1800 (B) 1811 (C) 1859 (D) 1869

7. ધ યુઅર લો કમિશન ક્યારે બન્યું હતું ?

   (A) 1900 (B) 1905 (C) 1910 (D) 1915

8. ધ બેવરીક રિપોર્ટ કયા વર્ષમાં તૈયાર થયો હતો ?

   (A) 1921 (B) 1931 (C) 1941 (D) 1951

9. અમેરિકન સમાજકાર્યના ઈતિહાસને કેટલા ભાગમાં વહેંચવામાં આવેલ છે ?

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

10. સામાજિક સુરક્ષાની યોજના અનુસાર કેટલા વર્ષની ઉંમર બાદ કામ ન કરવાનું જણાવવામાં આવ્યું હતું ?

    (A) 65 (B) 45 (C) 50 (D) 55

11. સિવિલ કન્ઝર્વેશન કોર્ષનો કાયદો કયા વર્ષમાં બન્યો હતો ?

    (A) 1913 (B) 1923 (C) 1933 (D) 1943

12. અમેરિકામાં દાન સંગઠન સમિતિ કેટલા સિદ્ધાંતો ઉપર કાર્ય કરતી હતી ?

    (A) બે (B) ચાર (C) છ (D) આઠ

**જવાબોઃ**

(1) C (2) A (3) B (4) C (5) B (6) D (7) B (8) C (9) D (10) A (11) C (12) B

## 2.6 ચાવીરૂપ શબ્દો

(1) વિનિમય પ્રથા - વિનિમય એટલે આપ-લે કરવી. આપણાં દેશમાં વિવિધ વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ અલગ-અલગ છે, ક્યાંક સફરજન થાય છે તો ખ્યાલ વધુ પ્રમાણમાં ઘઉં થાય. આમ, અલગ-અલગ વસ્તુઓની આપલે અરસપરસ થતી હતી. આ આપણી વર્ષો જૂની પ્રથા છે. આ આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલ મહત્ત્વની પ્રક્રિયા છે.

(2) અધિકાર - પ્રચલિત મૂલ્યો, માન્યતાઓ, હોદ્દાઓ અથવા વ્યક્તિગત પ્રતિષ્ઠાના બળ પર આજ્ઞાપાલન કરાવવાની શક્તિ. સામાન્ય રીતે આવો અધિકાર જે-તે હોદ્દો ધરાવનાર વ્યક્તિને કોઈ તંત્ર દ્વારા આપવામાં આવે છે.

(3) COS - આ Charity Organization Society નું ટૂંકુ નામ છે. Charity Organization Society ને ટૂંકમાં COS ના નામે ઓળખવામાં આવે છે.

(4) અનાથાશ્રમ - એવું ઘર કે પરિવારો કે જે અનાથ, ત્યજાયેલ બાળકોની પોતાનાં જ બાળકોની જેમ દેખભાળ રાખે છે. જ્યાં સુધી બાળકના પોતાના માતા-પિતા કે સંબંધી બાળકને પોતાની સાથે લઈ ન જાય ત્યાં સુધી તે બાળકનાં પાલનપોષણનો અધિકાર તેમના પર હોય છે. આવા અનાથાશ્રમ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચાલે છે.

(5) અપરાધ - સમાજ શાસ્ત્રીય રીતે સમાજ સ્વીકૃત વર્તનથી વિરુદ્ધનું વર્તન એટલે અપરાધ. જ્યારે કાયદાકીય દૃષ્ટિએ અપરાધ એ કાયદાનો એવો ભંગ છે જે રાજ્ય દ્વારા સજાપાત્ર છે.

(6) અસામાજિક - કોઈપણ ક્રિયા, વ્યવહાર, મનોવૃત્તિ, મૂલ્ય જે કોઈ સમૂહના સભ્યો દ્વારા સમૂહ કલ્યાણ માટે અહિતકર અથવા હાનિકારક માનવામાં આવે છે તેને અસામાજિક કહેવામાં આવે છે.

(7) ઉદ્યોગ - યંત્ર અથવા શક્તિ ઉપર આધારિત ઉત્પાદનના વિશિષ્ટ સ્વરૂપની યાંત્રિક ઉત્પાદન પ્રક્રિયા.

(8) ઔદ્યોગિકીકરણ - ખેતી અને હસ્ત ઉદ્યોગોને પ્રાધાન્ય આપતી અર્થ વ્યવસ્થાને સ્થાને અપનાવતી યંત્ર ઉત્પાદન આધારિત અર્થ વ્યવસ્થા એટલે ઔદ્યોગિકીકરણ.

- **સ્વાધ્યાય લેખન કરો :**

(1) ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસ અંગે વિગતે ચર્ચા કરો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(2) અમેરિકાના સમાજકાર્યના ઈતિહાસને તપાસો.

.......................................................................................

.......................................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) સેટલમેન્ટ હાઉસ મુવમેન્ટ અંગે વિગતે ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) ધ બેવરીક રિપોર્ટ - 1941 સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(5) ધ યુઅર લો કમિશન - 1905 સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(6) ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી - 1869 અંગે સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **પ્રવૃત્તિ કરો :**

(1) ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને તબક્કાવાર લખો.

(2) અમેરિકામાં સમાજકાર્યના ઈતિહાસની તબક્કા પ્રમાણે નોંધ તૈયાર કરો.

(3) ઈંગ્લેન્ડ અને અમેરિકામાં સમાજકાર્યના ઈતિહાસની તુલના કરો.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) ઈંગ્લેન્ડ અને અમેરિકામાં સમાજકાર્યના ઈતિહાસની નોંધપાત્ર બાબતો અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

(2) સેટલમેન્ટ હાઉસની મુવમેન્ટની અસરકારકતા અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

(3) ધ બેવરીક રિપોર્ટ અંગે કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.7 સંદર્ભ સૂચિ

(1) સમાજકાર્ય, રાજારામશાસ્ત્રી, ઉત્તર પ્રદેશ, હિન્દી સંસ્થાન લખનૌ.

(2) વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો, ડૉ. આનંદીબેન પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

(3) સમાજકાર્ય, ડૉ. નેહલ ત્રિવેદી, ડૉ. પ્રિયંકા જાની, પ્રા. ખ્યાતિ વાઘેલા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

(4) વ્યાવસાયિક સમાજકાર્ય, ગીતા ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર. (જિ. બનાસકાંઠા)

(5) સમાજ અને સમાજકાર્ય, પ્રો. જે. સી. પટેલ, ડૉ. મહેશ સી. ગામિત, અનડા બુક ડીપો, અમદાવાદ.

(6) સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય, જે. કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

(7) પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર, ડૉ. વિદ્યુત જોષી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6.

# એકમ 3 ઐતિહાસિક વિકાસ : સમગ્ર વિશ્વમાં વ્યવસાયિક સમાજકાર્યનો વિકાસ (યુ.કે., યુ.એસ.એ. અને ભારત)

-: રૂપરેખા :-

**3.0 એકમનાં હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 માનવ અધિકાર**

**3.3 લોકશાહી**

**3.4 ઉદારમતવાદ**

**3.5 સમાજવાદ**

**3.6 ઉપસંહાર**

**3.7 તમારી પ્રગતિ ચકાસો**

**3.8 ચાવીરૂપ શબ્દો**

**3.9 સંદર્ભ સૂચિ**

## 3.0 એકમનાં હેતુઓ

1. વિદ્યાર્થી સમાજકાર્યની ઐતિહાસિક પૃષ્ઠભુમિથી વાકેફ થાય.
2. સમાજકાર્યના વિકાસક્રમને સમજે.
3. ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના વિકાસક્રમથી વાકેફ થાય.
4. ઈગ્લેન્ડમાં વ્યાવસાયિક સમાજકાર્યના વિકાસક્રમથી વાકેફ થાય.
૫. અમેરિકામાં વ્યાવસાયિક સમાજકાર્યના વિકાસક્રમથી વાકેફ થાય.

## 3.1 પ્રસ્તાવના

માનવ જીવન આદિકાળથી શરૂ કરી આજના આધુનિક સમયના વહેણમાં અનેક વિધ રીતે વિકસતું ગયું. આ વિકસતા જતા માનવ જીવનની સાથે સાથે માનવીને અનેક પ્રકારના પડકારો અને સમસ્યાઓનો સમાનો કરવાનો આવ્યો. આ પડકારો અને સમસ્યાઓમાંથી માનવી વિવિધ રીતે માર્ગ કરી આગળ વધતો ગયો.જેમ જેમ સમસ્યાઓ આવતી ગઈ તેમ તેમ સમસ્યાના સમાધાન માટેના વિકલ્પો વિકસતા ગયા. આ સમસ્યા સમાધાનના વિકલ્પ તરીકે સમાજકાર્ય વ્યવસાયનો પદ્ધતિ સરનો વિકાસ જુદા જુદા સમયે અને જુદા જુદા પ્રદેશોમાં થતો ગયો અને આજના વ્યાવસાયિક સમાજકાર્યનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. આ એકમમાં ભારત, અમેરિકા અને ઈગ્લેન્ડમાં વ્યાવસાયિક સમાજકાર્યના વિકાસને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**વિભાગ 1**

## 3.2 ભારતમાં સમાજકાર્ય વિકાસ

મજમુદાર, મહેતા, ગોરે, રાજારામશાસ્ત્રી જેવા વિદ્વાનોએ ભારતમાં સમાજકાર્યના

ઐતિહાસિક વિકાસનું વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે. 19 મી સદીમાં ખ્યાલ કહીને રાજારામ મોહનરાયના સમયમાં ભારત સાહિત્યમાં સમાજ સુધાર અને બાદમાં સમાજકાર્યનો ઉલ્લેખ થયેલ જોવા મળે છે. આ સિવાય પણ મુસ્લિમ અને મહાકાળના સાહિત્યમાં પણ કયાંક કયાંક સમાજકલ્યાણ સંબંધી ઉલ્લેખો જોવા મળે છે. જુદા જુદા પ્રાચીન કાળના ગ્રંથોના અધ્યનથી તત્કાલીન સમયની સામાજીક વ્યવસ્થામાં સમાજકલ્યાણ સંબંધી કાર્યોની ઝલક મળે છે. આના આધારે આપલે કહી શકીએ છીએ કે ભારતીય સમાજમાં સમાજકાર્યના મૂળીયા બહુ જ ઉંડા અને પુરાણા છે.

ભારતમાં સમાજકાર્યના વિકાસને નીચેના ચાર ભાગમાં વહેંચવામાં આવે છે.

(1) સામુદાયિક જીવનકાળ

(૨) દાનકાળ

(3) ધાર્મિક સુધાર કાળ

(4) વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ

**(1) સામુદાયિક જીવનકાળ :**

સિંધુઘાટીની સભ્યતાના મોહે-જો-દડો તથા હડપ્પામાંથી પ્રાપ્ત અવશેષો દ્વારા જાણકારી મળે છે કે આ સમયગાળામાં નગરીકીણ ઉચ્ચતમ રીતે થયેલ હતું. છતાં પણ સતી પ્રથા કોઈને કોઈ રીતે જોવા મળતી હતી. તેમજ આ દાસપ્રથાની આવશ્યકતાઓની પૂર્તિ અને તેમના કલ્યાણ માટેની વ્યવસ્થા કરવામાં આવતી હતી.

વૈદિકકાળમાં પણ ત્રણ પ્રકારના સામાજિક કાર્યો સ્પષ્ટરૂપથી સંપાદિત કરવામાં આવતા હતા. આ કાર્યો શાસન, સુરક્ષા અને વ્યાપારથી સંબંધીત હતા. આ કાર્યો સંપાદિત કરવાવાળા ત્રણ વર્ગોનું અસ્તિત્વ હતું. આ યુગમાં યજ્ઞ, હવન અને દાનનો મહિમા ખુબ જ હતો. સમાજના બધા જ સભ્યો ઉત્પાદન સંબંધી કાર્યોમાં ભાગ લેતા હતા અને તેમના સામુહિક શ્રમના ફળને જીવન તથા ઉત્પતિને ટકાવી રાખવા માટે સમુદાયની ક્રિયાઓનું સંકલન હતું. હવન એ સામુહિક પ્રયાસોના પરિણામ સ્વરૂપ દિન પ્રતિદિન જે આવક(લાભ) થાય તેનું વ્યકિતગત સભ્યોમાં વિતરણ હતું. દાનએ ખુશીના પ્રસંગોએ સમુદાયના સભ્યોમાં યુદ્ધ વડે પ્રાપ્ત થયેલ વસ્તુઓનું વિતરણ હતું. આ વ્યવસ્થામાં સમુદાયના પ્રત્યેક વ્યકિતની આવશ્યકતાઓની પૂર્તિ કરવાનું ઉત્તરદાયિત્વ અન્ય પ્રત્યેક વ્યકિત પર હતું.

વૈદિકકાળમાં જે વ્યકિતઓને વિશેષ પ્રકારની અશ્પૃશ્યતાની આવશ્યકતા હોય તેઓની જવાબદારી શાસકો, ધનવાન વ્યકિતઓ અને સમુદાયના લોકો પરસ્પર સમજણ દ્વારા ઉપાડતા હતા. દરેક લોકો પોતાના સાધનોના આધારો પોતાના કાર્યો કરતા કરતા એકબીજાથી આગળ વધવાનાં પ્રયત્ન કરતા હતા. આવા કાળોમાં મંદિરો અને આશ્રમોની સ્થાપના,તેનું સુચારૂ સુચાલન તેના માટે સંપતિનું નિર્માણ, સંતો અને મહાત્માઓ માટે મઠોના નિર્માણની કામગીરી, ભટકતું જીવન જીવતા યોગીઓ મંદિર અને આશ્રમમાં રહેવાવાળા માટે ભોજન અને અન્ય જરૂરિયાતોની વ્યવસ્થાના રૂપમાં કરવામાં આવતા હતા.

બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે ભગવાન બુદ્ધે રસ્તાઓ બનાવ્યા, ઉલડ માલડ માર્ગોને સમારકામ કરાવ્યા, બંધો અને પુલોનું નિમાર્ણ કરાવ્યું તથા તળાવો બંધાવ્યા અને સમાનમાં વ્યાપ્ત પરંપરાગત કુરિવાજો, બુરાઈઓને વિરોધ કર્યો હતો.

**(૨) દાનકાળ :**

ધાર્મિક પ્રેરણાથી સમાજ સેવાનો પ્રારંભ થયો અને અનેક પ્રકારના સાર્વજાનિક કલ્યાણકારી કાર્યો થવા લાગ્યા. જેમ કે, નહેરો અને તળાવોનું નિમાર્ણ, વાવ મંદિરો બનાવવા, ધર્મશાળાઓ અને આશ્રમો બાંધવા, શાળાઓ અને હોસ્પિટલોની સ્થાપના કરવી વગેરે. આવા કલ્યાકારી કાર્યકમો સંસારના ક્લેશમાંથી મુકિત મેળવી અને મોક્ષ તેમજ સામાજિક પ્રતિષ્ઠા માટે કરવામાં આવતા હતા. અનેક પ્રકારની ધાર્મિક સંસ્થાઓએ પણ સાર્વજનિક કલ્યાણ સંબંધી કાર્યોનો પ્રારંભ કર્યો અનેક ધનવાનોએ પોતાની સંપતિ ધાર્મિક સંસ્થાઓને સોપી અને ટ્રસ્ટ બનાવ્યા. જેના માધ્યમથી અનેક પ્રકારના કલ્યાણકારી કાર્યો કરવામાં આવવા લાગ્યા.

મુસલમાનોના ભારતમાં આવ્યા બાદ ભારતીય સમાજને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાનો પ્રયાસ થવા લાગ્યો. ઈસ્લામની ‘જકાત’ અને ‘ખૈરાત’ની વ્યવસ્થાને સામાજીક સ્વિકૃતિ મળી. ભારતીય મુસલમાન પોતાની આવકના 2.5% ફરજીયાત રીતે નિર્ધનો અને આવશ્યકતા ગ્રસ્ત વ્યકિતઓને આપવા લાગ્યા. આ પ્રકારે તે સ્વૈચ્છિક રૂપથી ગરીબો અને નિરાશ્રિતોને ખૈરાતના રૂપમાં શિક્ષણ પ્રદાન કરતા હતા. અનેક મુસલમાન શાસકોએ આવશ્યકતાગ્રસ્ત વ્યકિતઓ માટે સમય સમય પર અનેક પ્રકારની સમાજ સેવાઓની જોગવાઈ કર્યાનું જોવા મળે છે. જેમ કે રોગીઓના ઉપચાર માટે નિરાધાર બાળકોના શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓ, મુસાફરખાના (ઘર્મશાળાઓ) આ સિવાય પણ વૃદ્ધો, બીમારો અને અપંગોની સહાયતા કરવામાં આવતી હતી.

અકબરના શાસનકાળમાં અનેક પ્રકારના સમાજસુધારાના કાર્યો કરવામાં આવ્યા. અકબરે દિન એ ઈલાહીની સ્થાપના કરી. તેણે પોતાના રાજયને એક ધર્મનીરૂપેની રાજય ઘોષિત કર્યું દાસ પ્રથાને રદ કરી તેમજ યાત્રીકર અને જજિયા કર લગાવ્યો. જેના દ્વારા કલ્યાણકારી કાર્યો કર્યા. અકબરે એવો આદેશ પસાર કર્યો કે જો કોઈ વિધવા સતી થવા ન ઈચ્છે તો એવું કરવા માટે તેને મજબૂર ન કરવી. તેણે બહુપત્ની પ્રથા બંધ કરાવી અને વિવાહની ઉંમર પણ વધારી.

**(3) ધાર્મિક સુધાર કાળ :**

1780માં બંગાળમાં સેશમપુર મિશનની સ્થાપના કરવામાં આવી. ધાર્મિક પ્રચારકો દ્વારા હિન્દુ સામાજિક વ્યવસ્થાના જુદા જુદા ક્ષેત્રો ખાસ કરીને બાળવિવાહ બહુપત્નીના, બાલિકાઓની હત્યા, સતીપ્રથા, વિધવા વિવાહ પ્રતિબંધ જેવા પર સુધારાની આવશ્યકતા હોવાનો પ્રચાર પ્રસાર કર્યો.

આર્ટ એકટ 1813 અંતર્ગત શિક્ષણના વિકાસની જોગવાઈ કરવામાં આવી તથા ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કરવામાં આવતા કાર્યોને સ્વિકૃતિ આપવામાં આવી. ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા પશ્ચિમિ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો. ખ્રિસ્તી ધર્મના વધતા પ્રભાવને કારણે ભારતીય સમાજમાં અનેક પ્રકારની બુરાઈઓ હતી. જેવી કે સતીપ્રથા, વિધવા પુનઃલગ્ન પર પ્રતિબંધ વગેરે તરફ ધ્યાન આકર્ષિત થયું. સેરામપુર મિશનરીઓ દ્વારા સતીપ્રથાનો વિરોધ કર્યો. રાજારામમોહનરાય એવા પ્રયત્ન ભારતીય હતા જેઓએ આ દિશામાં આંદોલન ચલાવ્યું હતું. એક સામાજીક, ધાર્મિક પ્રચારક, શિક્ષણશાસ્ત્રી અને સમાજકાર્યકર્તાના રૂપમાં તેઓએ ભારતીય સામાજિક વ્યવસ્થાને અત્યંત પ્રભાવિત કરી. સતીપ્રથાના વિરોધમાં તેમને પ્રથમ લેખ 1818માં પ્રકાશિત થયો. તેમના પ્રયત્નોના પરિણામ સ્વરૂપ1829માં લોર્ડ વિલિયમ બેટિંગ દ્વારા સતીપ્રથા પ્રતિબંધક કાનૂન પસાર કરાવ્યો. 1815માં રાજારામ મોહનરાયે આમિયસભાની સ્થાપના કરી. જે 1828 માં બ્રહ્મોસમાજના નામે ઓળખાઈ. બ્રહ્મોસમાજ દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ,

દીકરીઓના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધારો,જાતિબંધનોમાંથી મુકિત જેવા વિવિધ કાર્યો કરવામાં આવતા હતા. રાજારામ મોહનરાય, રવીન્દ્રનાથ ટાગોર, દેવન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર એમ વગેરેએ બ્રહ્મોસમાજની પ્રવૃતિઓમાં અગ્રસ્થાને હતા.

1894માં હિન્દુ બાળાઓ માટે પ્રથમ શૈક્ષણિક સંસ્થા સ્થાપવામાં આવી. 1893માં કેશચંદ્ર સેને સૌ પ્રથમ વખત જણાવ્યું કે વિધવા પુનઃલગ્ન એ હિન્દુ ધર્મ ગ્રંથોમાં સ્થાપવામાં આવેલ નિર્દેશોની વિરૂદ્ધ નથી; આવું કહી તેઓએ તેના માટે આંદોલન ચલાવ્યું અને તેમના સખત પ્રયાસોએ પરિણામો 1855 માં સરકારમાં અપીલ કરવામાં આવી અને કટ્ટર પંથી હિન્દુઓના કઠોર વિરોધ હોવા છતાં 1857માં હિન્દુવિધવા પુર્નવિવાહ અધિનિયમ પ્રાપ્ત થયો. ન્યાયધીશ રાનડેએ આ માટે 1861 માં વિધવા વિવાહ અધિનિયમની સ્થાપના 1861 માં કરી. પણ મહિલાઓના શિક્ષણ અને વિધવા પુનઃવિવાહને પ્રોત્સાહિત કરવા અને તેમની સ્થિતિમાં સુધારો કરવાના પ્રયત્નો કર્યા. તેઓ એવી વ્યકિત હતા જેની કથની અને કરણીમાં અંતર ન હતું. તેમની પત્નીના મૃત્યુ બાદ તેઓએ એક વિધવા સાથે પુનઃલગ્ન કર્યા. તેઓએ દલિતવર્ગના ઉત્થાન માટે એવા સમયે પ્રયત્નો કર્યા. જયારે આવી વાત લોકોએ સ્વપ્નમાં પણ કલ્પના ન કરી હોય.

1872માં વિવાહ અધિનિયમ બન્યો. જેના દ્વારા પુનઃવિવાહ અને આંતરજાતીય અને આંતરધર્મિય લગ્નોનું પ્રાવધાન કરવામાં આવ્યું. તેમજ એક જ લગ્ન અને પુખ્ત ઉમરે લગ્ન પર ભાર મૂકવામાં આવ્યો. આ અધિનિયમનો ઉદેશ્ય વિભિન્ન જાતીઓ અને સમુદાયોમાં ધાર્મિક વિધિ સિવાય કરવામાં આવેલા લગ્નોને પણ માન્યતા આપવાનો હતો. 1875માં સ્વામી ધ્યાનંદ સરસ્વતી દ્વારા મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

(૫) 1875માં અંગ્રેજી શિક્ષણમાં વિશ્વાસ ધરાવનારા સરસૈયદ અહ્મદખાં દ્વારા અલીગઢમાં એંગ્લો મોહમેડન કૉલેજની સ્થાપના કરવામાં આવી. જે અલીગઢ મુસ્લિમ વિશ્વ વિદ્યાલયના નામે આજે પણ અસ્તિત્વ ધરાવે છે. તેઓએ પોતાના વિચારો સમાજમાં ફેલાવવા માટે એક પત્રિકા મોહમ્મડ સોસ્યલ રિકોર્નર નામે શરૂ કરી. તેઓએ 1888 માં મુસ્લિમ શિક્ષા સંમેલનનો પ્રારંભ કર્યો.

1882 માં ભારતમાં ઈસાઈ મિનશરી રામબાઈએ મહિલાઓની સ્થિતિ સુધારવા માટે આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. 1881 માં મેડમ લ્લાવાત્સકી તથા કર્નલ ઓલ્કટ દ્વારા મહાલમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા 1892 સુધી સમાજસુધાર અને સમાજસેવાના કામ કરી શકી નહી. પરંતુ ત્યારબાદ એની બેસન્ટે બનારસમાં હિન્દુધર્મના સંદર્ભમાં હિમાયત કરવાની શરૂઆત કરી. ત્યાંથી કાર્ય આગળ વધ્યું એની બેસન્ટે બનારસમાં એક સેન્ટ્રલ હિન્દુ કોલેજની સ્થાપના કરી.

સ્વામી રામકૃષ્ણ પરમહંશના અનન્ય ભકત સ્વામી વિવેકાનંદે 1897 માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. જે અનેક પ્રકારની સેવાઓ આજે પણ પ્રદાન કરે છે. આ મિશન જરૂરિયાતમંદ લોકોની સેવાના સિદ્ધાંતનું આજે પણ અનુસરણ કરે છે.

**ધર્મનિરપેક્ષ સુધાર કાળ :**

ખ્રિસ્તી મિશનરીઓએ પણ ગરીબીની સ્થિતિમાં સુધારો લાવવા માટે સંસ્થાઓ શરૂ કરી જેનો મુખ્ય ઉદેશ્ય સહાયતા નહી પરંતુ ધર્મ પરિવર્તન હતો. 1830 પછી મુંબઈમાં એલ્ફીસ્ટન ઈન્સ્ટીટયુટના અધ્યાપકોએ સ્વૈચ્છિક રીતે શિક્ષણના પ્રસારનું કાર્ય ચાલુ કર્યું હતું. એલ્ફીસ્ટન ઈન્સ્ટીટયુટના પ્રથમ વિદ્યાર્થી બાલગંગાધર શાસ્ત્રી જન્મેકરના નેતૃત્વમાં મહિલાઓ માટે શિક્ષણના વર્ગો શરૂ કરવામાં આવ્યા. આ સમયે કટ્ટર હિન્દુઓને હિન્દુ ધર્મમાં પરત સમાવવામાં આવે

અને લગ્ન સંબંધિત કર્મકાંડો સરળ બનાવવા પ્રયત્નો થયા.

1867માં પ્રાર્થના સભાની સ્થાપના કરવામાં આવી. માર્ક ભન્ડાર કર, ચિંતામણી ચંદ્રાર્વકર, નરેન્દ્રનાથ સેન વગરે વ્યકિતઓએ સક્રિય રૂપથી કાર્યનો પ્રારંભ કર્યો. 1880 માં એલેન ઓકટેવિયમ હ્યુમે સમગ્ર દેશના લોકો માટે સમાજ સેવા પ્રદાન કરવાના કાર્યમાં લાગેલા લોકોને અનુભવાની સમસ્યાઓના વિશ્લેષણ કરીને અખિલ ભારતીય સંગઠનના નિર્માણની આવશ્યકતા બતાવી. અને રાજનૈતિક ગતિવિધ પણ જરૂરી બતાવી તેના પરિણામ સ્વરૂપ સામાજિક રાજર્નતિક સંગઠનના રૂપમાં ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસની સ્થાપના થઈ. પણ આ સંગઠનમાં રાજનૈતિક મુદાઓના વિશેષ મહત્ત્વને કારણે સામાજીક મુદાઓ અધૂરા રહેવા લાગ્યાથી ન્યાયમૂર્તિ એમ.જી રાનડે એ ઈન્ડીયન સોશ્યલ કોન્ફરન્સની સ્થાપના કરી. જેને દેશમાં પ્રબુદ્ધજનો તેયાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

(6) 1887માં સસિયદા બેનર્જીએ હિન્દુ વિધવાઓ માટે એક ગૃહની સ્થાપના કરી. તેનું અનુસરણ કરીને મહાલ વગેરે શહેરોમાં આવા ગૃહોની સ્થાપના કરવામાં આવી. પ્રા.ડી.કે લોર્વેએ 1898માં પૂનામાં એક વિધવા ગૃહની સ્થાપના કરી. મહાલમાં પણ આવુ વિધવા ગૃહ 1898 માં સ્થાપવામાં આવું.

1897માં શંકરન નાયર દ્વારા સંગ્રેસ સધ્યક્ષ પાસે એક વિશુદ્ધ ધર્મનિરપેક્ષ સરકારની માંગણી કરી 1904 માં મુંબઈમાં સમાજ સુધારકો દ્વારા મહિલાઓનું એક વિશેષ સત્ર આયોજીત કરવામાં આવ્યું. જેના વીસ વર્ષ બાદ સ્પેલ ઈન્ડીયા વિમેન્સ કોન્ફેસની રચના થઈ.

1905માં સમાજસેવાના ભેદમાં ગોપાલકૃષ્ણ ગોખલેએ અર્વકટ ઓફ ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી. આ સોસાયટીએ સમાજના વિકાસની સાથે સાથે દલિત વર્ગોના ઉત્થાન પર વિશેષ ભાર મૂકયો. એ.બી.ઠાકુરે સર્વેન્ટ ઓફ ઈન્ડીયા સોસાયટીના માધ્યમથી ગુજરાતની જનજાતિઓના માટે વિકાસ કાર્યોને પ્રારંભ કર્યો.

ડો. એની બેસન્ટ તથા માર્ગરેટ કજિર્ન્સ મહિલા સંગઠનોની સ્થાપનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમના પ્રયાસોથી 1917 માં વીમેન્સ ઈન્ડીયન એસોસીએશનની સ્થાપના થઈ. તેના આઠ વર્ષ પછી 1925માં મહિલાઓનું એક રાષ્ટ્રીય સંગઠન નેશનલ કાઉન્સીલ ઓફ વિમેન્સ બન્યું. તેના બે વર્ષ બાદ 1927 માં ઓલ ઈન્ડીય વિમેન્સ કોન્ફ્રેન્સનું સત્ર પૂનામાં મળ્યું.

1920માં ભારતીય સમાજસેવાના ક્ષિતિજમાં મહાત્મા ગાંધીજી આવ્યા. ગાંધીજી પ્રત્યેક વ્યક્તિમાં સુધાર લાવવા ઈચ્છતા હતા. અને તે માટે તેમણે સર્વોદય એટલે કે સર્વનું કલ્યાણની વિભાવના પ્રસ્તુત કરી. તેઓથી સમાજના વિકાસ માટે રચનાત્મક કાર્યો લાવ્યા. જેમાં (1) સાંપ્રદાયિક એકતા (2) અપૃશ્યતા નિવારણ (3) દારૂબંધી (4) ખાદી (૫) ગ્રામોધોગ (6) નઈતાલીમ (7) પ્રોઢશિક્ષા (8) ગ્રામિણ સ્વચ્છતા (9) પછાત વર્ગોનું કલ્યાણ (10) મહિલા કલ્યાણ (11) સ્વાસ્થય અને સફાઈ (12) રાષ્ટ્રભાત પ્રચાર (13) પ્રાકૃતિક શિક્ષા (14) આર્થિક સમાનતા (15) કિસાનો મજૂરો અને યેવકો (16) નિરંતર ઉત્થાન (17) સર્વધર્મ સમભાવ (18) શારીરિક શ્રમ.

**(4) વાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠનકાળ :**

સ્વતંત્રતા પહેલા સમાજકલ્યાણની દિશામાં કોઈ પગલુ લેવામાં આવ્યું ન હતું ના તો કોઈ સમાજ કલ્યાણ સંબંધી વિભાગ હતો. આ ક્ષેત્રમાં રાજકીય ગતિવિધિયો તેમજ પ્રયત્નો ખૂબ જ સિમિત હતા. દેશના વિભાજિત પછી એક પુર્નવાસ મંત્રાલયની સ્થાપના થઈ. જેનો ઉદ્દેશ પાકિસ્તાનથી આવેલા શરણાર્થીઓને સહાયતા આપવાનો હતો. તેમજ આપણા સંવિધાનમાં

અનુસૂચિત જનજાતિ તેમજ અનુસૂચિત જાતિના કલ્યાણ તેમજ ઉત્થાનનો કાર્યભાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયને સોંપ્યો. પ્રથમ પંચવર્ષીય યોજનાના અંતર્ગત ગ્રામિણ જનતાને સમગ્ર સામાજીક તેમજ આર્થિક વિકાસ માટેના કાર્યક્રમ બનાવવામાં આવ્યા. આ રીતે દેશમાં વિભિન્ન નગરોમાં વિકલાંગો, નેત્રવિહીનો વગેરેના પુર્નવાસ હેતુ સુવ્યવસ્થિત સંસ્થાઓની સ્થાપના થઈ. નોકરી, કર્મચારી વર્ગ માટે સામાજીક વીમા સંબંધી કાનૂન તથા કલ્યાકારી સેવાઓની વ્યવસ્થા કરવામાં આવી. જેના સંચાલન તેમજ દેખરેખનો કાર્યભાર શ્રમ મંત્રાલયને સોંપવામાં આવો.

સન્ 1953માં શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખની અધ્યક્ષતામાં કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી. જેના સભ્ય વિભિન્ન સ્વૈચ્છિક કલ્યાણકારી સંસ્થાઓ, કેન્દ્રીય મંત્રાલયો તથા સંસદમાંથી ચૂંટવામાંથી આવ્યા. જેનો ઉદ્દેશ રાજકીય અધિકારી તેમજ સ્વૈચ્છિક કાર્યકર્તાઓના સહયોગથી કલ્યાણકારી કાર્યક્રમોને કાર્યાન્વિત કરવાનું હતું. આ બોર્ડનો ઉદ્દશોમાં એક પ્રમુખ ઉદ્દેશ સ્વૈચ્છિક સમાજ કલ્યાણ સંસ્થાઓને આર્થિક સહાયતા પ્રદાન કરવાનો હતો. જેથી તે સંસ્થાઓ પોતાના કાર્યક્રમોને વધારે કલ્યાણકારી બનાવી કાર્યાન્વિત કરી શકે. થોડા સમય પછી આ કેન્દ્રીય બોર્ડની પ્રાંતીય શાખાઓ પંજાબ, મડારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાન,ઉત્તર પ્રદેશ તથા દિલ્હી વગેરેમાં સ્થાપના કરી તથા સમાજકલ્યાણ નિર્દેશાલયોની સ્થાપના લગભગ બધા રાજયોમાં ઉત્થાન હેતુથી કરવામાં આવી.

1924 માં મુંબઈ તથા મદ્રાસમાં ભિક્ષુક અધિનિયન બનાવવામાં આવેલ. આ પ્રકારે ઉદ્યોગના ક્ષેત્રોમાં શ્રમિકોના સુધાર તેમજ કલ્યાણ માટે 1936 માં જમશેદજી ટાટાએ મુંબઈમાં એક સમાજસેવા સંસ્થાની સ્થાપના કરી. જેના માધ્યમથી શ્રમિકોને વિશિષ્ટ સેવા,સહાયતા તેમજ પ્રશિક્ષણ પ્રદાન કરવાની વ્યવસ્થા કરવામાં આવી તથા એના સુધાર તેમજ કલ્યાણનો ઉદ્દેશથી વિશિષ્ટ કાર્યક્રમ સંચાલિત કરવામાં આવ્યા. આ સંસ્થા પાછળથી ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોસ્યલ સાયન્સ મુંબઈના નામે જાણીતી થઈ.

આ દરમિયાન લખનઉ માં પણ એક વર્ષનો ડિપ્લોમા પાઠયક્મ ખોલવામાં આવ્યો. જેના અંતર્ગત પ્રશિક્ષિત લોકો ભિક્ષુક અધિનિયમના અંતર્ગત કાર્યક્રમોમાં કાર્યકર્તાના રૂપમાં નિયુકત કરવામાં આવ્યા.

1947 માં કાશી વિદ્યાપીઠ, વારાણસીમાં પણ એક સમાજ સેવા કેન્દ્રની સ્થાપના કરી. 1948 માં ઈન્ડિયન ફેકટરી એકટ આવતા શ્રમ કલ્યાણ અધિકારીઓની આવશ્યકતા પડી. જેના માટે વિશેષ રૂપથી પ્રશિક્ષણ પ્રાપ્ત અધિકારીઓને ઉપલબ્ધ કરવાના ઉદ્દેશથી કાશી વિદ્યાપીઠમાં 5 માસની શ્રમ અધિકારી પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવ્યો. જે પછી બંધ કરીને પ્રો. રાજારામ શાસ્ત્રીની અધ્યક્ષતામાં વ્યાવસાયિક સમાજકાર્યમાં બે વર્ષની સ્નાતકોતરની પદવી એમ.એ.એસના રૂપમાં સમાજ વિજ્ઞાન સંસ્થા કાશી વિદ્યાપીઠ દ્વારા 1968 સુધી આપવામાં આવી ત્યાર પછી સમાજ વિજ્ઞાન સંસ્થા (ઈન્સ્ટીટયુટ ઓફ સોસ્યલ સાયનસ) ને સમાજસેવા વિદ્યાલયનું નામ આપવામાં આવ્યું તથા પદવીને એમ.એ સમાજકાર્ય કહેવામાં આવ્યો. જયારે 1947 માં કાશી વિદ્યાલયને ઉત્તરપ્રદેશ સરકારને પૂર્ણ રાજય વિશ્વ વિદ્યાલયના રૂપમાં માન્યતા પ્રદાન કરી. તો સમાજસેવા વિદ્યાલયને વિશ્વ વિદ્યાલયનો એક વિભાગ ''સમાજ કાર્ય વિભાગ''ના રૂપમાં શરૂ કરવામાં આવ્યો.

1950 માં વડોદરા સ્કૂલ ઓફ સોસ્યલ વર્ક સ્થાપના થઈ. આ સમયે સમાજકાર્યમાં ઉચ્ચસ્તરીય પદવીઓ પ્રદાન કરવાના સંબંધમાં પ્રશિક્ષણ પ્રદાન કરે છે.

1952 માં જે.કે સ્કૂલ ઓફ સોસ્યલવર્ક, લખનઉ તથા મદ્રાસ સ્કૂલ ઓફ સોસ્યલ વર્કની સ્થાપના થઈ.

1947 માં સોસ્યલ વર્ક કોન્ફરન્સની સ્થાપના કરવામાં આવી આવી. જેનુ પ્રતિવર્ષ વાર્ષિક સંમેલન થવા લાગ્યા. જેમાં વ્યાવસાયિક કાર્યકર્તાઓ સાથે સ્વૈચ્છિક સમાજ સેવકો પણ સમ્મિલિત થતા રહ્યા.1952 ના છઠ્ઠા વાર્ષિક સંમેલન વખતે મદ્રાસમાં વિશ્વ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમાજકાર્ય દ્વારા સમાજ સુધાર,સમાજ કલ્યાણ સમાજસેવા, તેમજ સામાજીક વિકાસ તેમજ ઉત્થાન પર ગંભીરતા પૂર્વક વિચાર કરવામાં આવ્યો. તેના ફળસ્વરૂપે 1954 માં રાજય સરકારને સમાજકલ્યાણ વિભાગની સ્થાપના કરીને વ્યાવસાયિક સામાજીક કાર્યકર્તાઓની નિયુકિતઓ પ્રારંભ થયો અને રાજયના માધ્યમથી સુવ્યવસ્થિત ઢંગથી સમાજકલ્યાણ તેમજ વિકાસના કાર્યક્રમની શરૂઆત થઈ. પંચવર્ષીય યોજનામાં વિભિન્ન સ્વરૂપો તેમજ સ્તરો પર કલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું તથા અનેક સંસ્થાઓ તેમજ વિભાગો ખોલવામાં આવ્યો. એની સાથે સાથે વિભિન્ન વિશ્વવિદ્યાલયો તેમજ સંસ્થાઓના અંર્તગત સમાજકાર્યની પદવી આપવાના હેતુથી પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી.

આ પ્રકારે દક્ષિણ ભારતમાં અનેક વિશ્વવિદ્યાલયોમાં સમાજકાર્ય વિષયમાં વ્યાવસાયિક પ્રશિક્ષણ પ્રદાન કરવામાં આવી રહ્યું છે. આ સમયે આખા દેશમાં લગભગ તમામ વિશ્વ વિદ્યાલય તેમજ સંસ્થાઓ છે. જે સમાજકાર્યમાં એમ.એ તથા ઉચ્ચસ્તરીય કોર્ષ ચલાવે છે. જેના માધ્યમથી સર્વાગી સામાજીક વિકાસ, સામાજીક સમસ્યાઓમા સમાધાન, ગ્રામિણ વિકાસ, સામુદાયિક વિકાસ, તેમજ સંગઠન, મનોચિકિત્સકીય સમાજકાર્ય, ઔદ્યોગિક તેમજ શ્રમ કલ્યાણ, અપરાધશાસ્ત્ર, બાળ તેમજ પરિવાર કલ્યાણ, જનજાતિ કલ્યાણ તથા સામાજીક નીતિના ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.

**ધર્મભાવનાથી પ્રેરાઈને ધાર્મિક સંતો દ્વારા થયેલ સમાજકાર્ય :**

સો પ્રથમ ઉદ્ભવેલ ધર્મ તે વૈષ્ણવધર્મ છે. ત્યાર પછી બૌદ્ધ ધર્મ જેમાં કરૂણા, પ્રેમ અને ધ્યાની વાત લોકો સુધી પહોંચાડવી, જૈનધર્મમાં અહિંસાની વાત છે. આ બધા ધર્મોમાં અનેક પંથો આવેલા છે. વૈષ્ણવધર્મ ભાગવત ગીતાને અગત્યનો ગ્રંથ માને છે .ગીતામાં કહેલું છે કે મનુષ્યને ઈશ્વર પ્રાપ્તિ માટે ભકિત, જ્ઞાન અને કર્મ એમ ત્રણ માર્ગ બતાવ્યો છે. ગીતામાં કહ્યું છે કે કર્મ કરવું તો નિષ્કામ કર્મ કરવું,ભકતો અવિચર ભકિતથી ઈશ્વર પ્રાપ્તિ કરી શકે છે. વૈષ્ણવધર્મનો પ્રચાર કરતા મુખ્ય સંતો 12 છે. જેઓ વિષ્ણુના ભક્ત હતા તેઓ જાતિ ભેદનો વિરોધ કરનારા હતા. તેમાં મુખ્યત્વે રામાનુજાચાર્ય, લિંબકાચાર્ય, માધવચાર્ય, તલ્લભાચાર્ય વગેરે વૈષ્ણવ સંપ્રદાયમાં થયા છે. તેઓ પોતાની જુદી જુદી ભક્તની પ્રણાલી દ્વારા જુદા જુદા સંપ્રદાયો ઊભા કર્યા છે. મનુષ્યમાં સેવાનો સંદેશો પહોચાડયો. રામાનુજાચાર્ય કહ્યું છે કે ભાગવત કૃપાએ ધર્મનો ઈજારો નથી કે કોઈ વર્ણનો ઈજારો નથી. તમામ મનુષ્ય તેનો અધિકારી છે. તેમણે શુદ્રોને પણ વૈષ્ણવ ધર્મમાં સામેલ કર્યા છે. આ 15મી સદીમાં સુધારણાત્મક કાર્ય તરીકે ઓળખાય છે. આજ વાત લઈને તેમના અનુયાયીઓ રામાનુજ કબીર, તુકારામ, ચૈતન્ય, જયદેવ, ચંદીદાસ, નરસિંહ મહેતા, મીરાબાઈએ વાત કરી છે. તેમને પોતાના પદો ભજનો, ઉપદેશો લોકો સમક્ષ મૂકી અનેક સમાજનો દુઃખ, પીડિત લોકોમાં આત્મવિશ્વાસ પેદા કરવાનો પ્રયત્ન કર્યો છે. દરેકમાં એકજ ઈશ્વર રહેલો છે એવી ભાવના વિકસાવી છે. દયાદાનના સંદેશા પણ આપ્યા. આ પરંપરાના સંતો નીચે મુજબ છે.

**નરસિંહ મહેતા :**

નરસિંહ મહેતા વૈષ્ણવભકત હતા. તેમને સમાજમાં મોટું સુધારાનું કામ કર્યું છે. હરિજનોના વાસમાં જઈ ભજન કીર્તન અને ભોજન કર્યા છે. આ કામ દ્વારા લોકોને પ્રસ્થાપિત કર્યું કે દરેક માનવ સમાન છે. ઈશ્વર એક જ છે. ઘણા લોકો તેમની ટીકા પણ કરતા હતા લોકો

વચ્ચે પક્ષા પક્ષી કરવામાં આવે ત્યાં ઈશ્વરનો વાસ તથી. મનુષ્યને સાચી દિશામાં લઈ જવાનો પ્રયત્ન નરસિંહ મહેતાએ કર્યો છે. ત્યારે તે કહેતા કે 'એવા રે અમે એવા ભકિત કરતા ભ્રષ્ટ થયું તો કરશું પ્રભુની સેવો રે…' લોકો લોકો વચ્ચેના ભેદભાવ જે રાખે તેના મનુષ્ય ફેરા ફોગટ છે. તેવું તે કહેતા 15 મી સદીમાં હરિજન શબ્દ નરસિંહ મહેતાએ જ આપ્યો છે. જેનો અર્થ ભગવાનના માણસ એવો થાય છે. આજે હરિજન શબ્દનો વિરોધ થાય છે. કારણ કે દક્ષિણ ભારતમાં દેવદાસી પ્રથામાં દેવદાસીના બાળકો પિતાની ખબર હોતી નથી. તેથી તેમને ભગવાનના બાળક ''હરિજન'' એવો શબ્દ કહે છે. તેથી હરિજન શબ્દનો વિરોધ થાય છે.

**સંત કબીર :**

કબીરે હિંદુ મુસ્લિમ વચ્ચેના ભેદ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. ઈશ્વરનું મોટું મંદિર મનુષ્યનું હૃદય છે. જ્ઞાતિ જાતિ વચ્ચેના ભેદનો વિરોધ કર્યો છે. બ્રાહ્મણોની છૂત, અછૂત, આભડછેટ, જાતિ પ્રથા અને ધાર્મિક આડંબર દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

**ગુરુનાનક :**

કબીરની જેમ હિન્દુ મુસ્લિમ ધર્મમાં અંતર નથી તેવી વાત કરે છે. બંને ધર્મો એક જ ધ્યેયની પ્રાપ્તિ તરફ લઈ જનારા છે. મૂર્તિપૂજાનો વિરોધ કર્યો છે. મનુષ્યનું આચરણ શુદ્ધ હોય તો તેજ તેને ઈશ્વર પ્રાપ્તિ તરફ લઈ જશે.

**ભગવાન બુદ્ધ :**

ભગવાન બુદ્ધના મુખ્ય ઉપદેશ વેર, કરુણા, પ્રેમ, મૈત્રી હતા. વેરને બદલે પ્રેમથી વેર શમે છે. અપક્રોધથી ક્રોધને જીતવાની વાત કરે છે, સાધુત્વથી અસાધુત્વ, દાનથી કંજૂસને, સત્યથી અસત્યવાદીને જીતવાની વાત કરી છે. પ્રેમ મૈત્રીનો સંદેશો આપ્યો છે. તે મહાયાન ભાવનામાં પરિણમે. મહાયાન ભાવના એટલે લૌક્કિ અને લોકોત્તર કલ્યાણ માટે પોતાની જાતને ગાળી જવાની વાત વૃત્તિ ત્યાગની વાત તે મહાપાતની ભાવના છે. બીજી અગત્યની વાત તે લોકોને શીલ અને સદાચાર તરફ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. તે શિષ્યોને કહેતા કે આપણે આપણી જાતને પૂર્વગ્રહોથી મુકિત કરી સત્યને પ્રગટ થવા દઈશું અને નીતિમય જીવનથી જીવનમાં ધર્મમૂળનો પલટો કરીશું તો સત્ય એની મેળે મૂર્ત થશે.

આત્મદીપોભવ એવા બુદ્ધનો શબ્દ હતા. તમે આત્મદિપ બનો, આત્મશરણ બનો, અનન્યશરણ બનો તમે ધર્મશરણ બનો. તેમને શિષ્યોને સાવધાન કર્યા છે કે હું જે કંઈ કહું છું તે પરંપરાગત છે. એમ જાણી ખરૂ માનશો નહી તમારી પૂર્વ પરંપરાગત છે; એમ જાણીને ખરુ માનો નહીં; એલોક્કિ ન્યાય છે, સુંદર લાગે છે. હું પ્રસિદ્ધ સાધુ છું પૂજય લાગું છું તેમ માની ખરુ માનશો નહી, પરંતુ દરેક બાબતને દરેક વિચારને તમારી વિવેક બુદ્ધિથી કરી મારો ઉપદેશ ખરો લાગે તેનો સ્વીકાર કરજો.

**મહાવીર સ્વામી :**

બુદ્ધ અને મહાવીર હિન્દુધર્મમાં સનાતાન સુધારા કર્યા છે. જૈનમાં અનેકાન્તવાદ અને અહિંસા મુખ્ય સિદ્ધાંત છે. અનેકાન્ત એટલે કોઈપણ એકવસ્તુને પ્રમાણિકપણે અનેક દષ્ટિએ તપાસવી. સત્યને અનેક બાજુઓ હોય છે. આ વાત એમને સાત આંધળા અને હાથીના દષ્ટાંતથી સમજાવી છે કે સત્ય એ ખોટું નથી. દરેક વ્યકિત પોતે જુદું જુદું વિચારે છે; જુદી બાબતને સત્ય માને છે. અનેકાન્તવાદમાં એક જ દષ્ટિકોણ અપનાવીને આંધળાને બહેરા ના બનો. બીજાની વાત પણ સાંભળો. બીજાના દષ્ટિબિંદુઓ સમજવાને પ્રયત્ન કરો. સમસ્ત જગતને તમારી પોતાની

જ આંખે ન જુઓ. આ સમાજકાર્યનો તટસ્તાનો સિદ્ધાંત છે. બીજાને હંમેશાં તેની આંખથી જોવાનો પ્રયત્ન કરો ટૂંકમાં અનેકાન્તવાદ પોતાને પ્રતિત થતા સત્યને વળગી રહેવા છતાં બીજાના મતને આદરપૂર્વક વિચારવાનું કહે છે. જે સમાજકાર્યની મોટી પ્રેરણા બને છે.

**જૈનધર્મના સિદ્ધાંત :**

(1) અનેકાન્તવાદ અને

(2) અહિંસા

**(1) અનેકાન્તવાદ :**

આમાંથી આપણા સમાજકાર્યને ઘણીબધી પ્રેરણા મળે છે. અનેકાન્તવાદ એટલે કોઈપણ વસ્તુને પ્રામાણિત પણે અનેક દષ્ટિથી તપાસવી; સત્યને અનેક બાજુઓ હોય છે. દરેક વ્યકિતની રીતે સત્ય અલગ હોય છે. દરેક વ્યકિતને પોતાની પાર્શ્વભૂમિકાના સંદર્ભમાં સત્ય દેખાય છે. તમે જેને સત્ય માનો છો તેને બીજાના પર લાદશો નહી. આમાં તમારી દષ્ટિએ સત્ય બીજાની દષ્ટિએ સત્યને ગૌરવપૂર્ણ રીતે માનવાનો પ્રયત્ન કરવો. એનો અર્થ એ નથી કે બીજા જે કંઈ માને છે. તે ખોટું છે. સમાજકાર્યએ આમાંથી બહું સમજવાનું છે. કારણ કે તેમને લોકો સાથે કામ કરવાનું છે. બીજાને હંમેશાં તેની આંખથી જોવાનો પ્રયત્ન કરો તમારી જાતને ત્યાં મૂકીને તમને કયું સત્ય દેખાય છે. અનેકાન્તવાદ પોતાને પ્રતિત થતા મત બીજાને વળગી રહેવા છતાં બીજાના મતનો આદરપૂર્વક વિચાર કરવાનો કહે છે. બીજા અર્થમાં વ્યકિતએ પોતાના વિચારોની સંકુચિતતાને છોડી દેવાની છે. પાંચ વર્ષ પહેલાનું સત્ય આજે અસત્ય લાગે છે.

**(૨) અહિંસા :**

જૈન ધર્મએ અહિંસાનો સૂક્ષ્મ રીતે વિચાર કર્યો છે. મનુષ્ય માત્ર માટે અહિંસા નહી પણ પ્રાણીમાત્ર માટે પણ અહિંસાથી વર્તવાનો સંદેશો આપ્યો છે. મહાવીર સ્વામીએ અહિંસાની વાત કરતાં જણાવ્યું કે દરેકમાં એક જ આત્મા છે. તેથી આપણી જેમ બધાને પોતાના પ્રાણ વ્હાલા છે. તેથી કરીને કે મન, વચનથી કાયાની હિંસા ન કરો. તેઓ વિશેષમાં જણાવે છે કે તમો જેવો ભાવ તમારા પ્રત્યે રાખો છો તેવો ભાવ બધા પ્રાણીઓ પ્રત્યે રાખો. પોતાના જેટલું સન્માન બીજી વ્યકિતને પણ આપવાનું છે. આ રીતે વૈષ્ણવધર્મ, બોદ્ધ ધર્મ, જૈન ધર્મ, મુસ્લિમ ધર્મ હોય તે બધા જ ધર્મના સંતોએ કંઈ મોટી સમાજકાર્યની પદ્ધતિનો વિકાસ કર્યો નથી પણ તેમની કામગીરીને કારણે સમાજમાં માનવીના સદ્‌ગુણોનો વિકાસ થયો છે.

સદ્‌ગુણો કેવા હોવા જોઈએ એનો પ્રચાર સંતોના કાર્યથી થયો છે. કરુણા, મૈત્રીભાવ, સમાનતા દયા, ધર્મ, અહિંસા, એકાન્તવાદનો સમાવેશ સદ્‌ગુણોમાં થાય છે. આવા સદ્‌ગુણોનો વિકાસ થયો છે. માનવતાવાદનો પ્રચાર કર્યો છે. એક આદમી બીજાને આદરપૂર્વ જુએ બીજા સાથે આદરપૂર્વક વર્તન કરે, બીજાના દુઃખે દુઃખી થાય, દરેક માનવી સમાન છે તેવો ભાવ પેદા થાય બીજાને ગૌરવ બક્ષે તે માનવતાવાદ. સંતોની આ કામગીરીનો ખૂબ પ્રચાર થયો છે.

**નૈતિક અને આધ્યાત્મિકક મૂલ્યોનો વિકાસ :**

સમાજના વિકાસ માટે શું યોગ્ય અયોગ્ય છે. વ્યકિત એ પોતાની ઉન્નતિ કરવી હોય તો એને પોતાનું જીવન કયા માર્ગે વ્યતિત કરવું જોઈએ; એવા મૂલ્યો સમાજમાં વિકસાવ્યા છે. આપણા દેશમાં હિન્દુ ધર્મની સામાજિક ત્રુટિઓને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. બ્રાહ્મણોના ભેદભાવ, ઈજારા પર પ્રહારો કર્યા છે. આ ત્રણ ચાર દષ્ટિએ આપણા દેશમાં વ્યાવસાયિક સમાજકાર્યનો વિકાસ થયો છે. તેમાં આ સાધુઓની પ્રેરણા મળી છે. તેમને આધાર પુરો પાડ્યો

છે. સમાજને યોગ્ય દિશામાં લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. લોકોના નૈતિક મૂલ્યોના વિકાસમાં સંતોએ કામ કર્યુ છે.

**સમાજ સુધારણા :**

સમાજ સુધારણા એટલે પ્રવર્તમાન સમાજવ્યવસ્થામાં નવી જીવનશૈલી અને નવીન વિચારોનું સ્થાપન કરવું. સમાજ સુધારણાનું કાર્ય સમાજની જૂની વિચારસરણી અને જીવનશૈલીને બદલવાની અને ત્યાં નવીન વિચારો જીવનશૈલીનું પ્રસ્થાપન કરવાનું છે. આ દૃષ્ટિએ સમાજ સુધારણાના લક્ષણો નીચે પ્રમાણે છે.

**સમાજસુધારણાના મુખ્ય લક્ષણો :**

(1) પરિવર્તન માટે આ ક્રાન્તિકારી અભિગમ છે. સમાજ સુધારણાનો સમાજમાં પરિવર્તન લાવવાનો અભિગમ હોય છે.

(2) નવી વિચારોસરણીનું સંસ્થાપન કરવાનો વિચાર સમાજ સુધારણાનો હોય છે. સમાજના વિકાસની સાથે સાથે અનેક નવી વિચારસરણીનો વિકાસ થાય છે. પહેલાં વિકાસ એટલે નવા ઉદ્યોગોની સ્થાપના, બેકારી દૂર થાય અને આવકમાં વધારો થાય, દેશનો વિકાસ થાય આવી વિચારસરણી હતી. પણ થોડા વર્ષો સુધી જ તેનો અમલ થયો પછી તેમાંથી નવી વિચાર સરણી આવી માત્ર વધુ ઉત્પાદન અને વધુ આવક એટલે વિકાસ નડ્યો પણ વિકાસ એટલે માનવવિકાસ જે દેશમાં માનવીનું જીવન ઊંચું છે તેવી વિચારસરણીને સમાજમાં પ્રસ્થાપિત કરવાનો વિચાર કરે છે.

**(3) સંસ્થાકીય પરિવર્તનનો હેતુ :**

આ સમાજ સુધારણા એ સમાજની સંસ્થાઓમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો છે. કુંટુંબ, જ્ઞાતિ, સમાજ, રાજય, લગ્ન જેવી સંસ્થાઓ બદલાવાનો પ્રયત્ન કર્યો છે. નવા મૂલ્યો અને નવી વિચારસરણી સંસ્થાઓમાં સ્થાપિત થાય છે.

**(4) સ્વૈચ્છિક નેતૃત્વ :**

સમાજ સુધારણાના આંદોલન નેતૃત્વ સ્વૈચ્છિક હોય છે સ્વેચ્છાએ નેતૃત્વ સ્વિકાર્યું છે. સમાજમાં એક હીલચાલ ઊભી કરી લોકોને એક નવો વિચાર આપવાનો પ્રયત્ન કર્યો છે.

**(5) મૂલ્ય પ્રેરિત પ્રવૃતિ :**

નવા વિચારોની જેમ પ્રવર્તમાન અને સંસ્થાઓનું તેમાં મૂલ્યાકન કરવામાં આવે છે. આવા મૂલ્યમાં તર્ક/બુદ્ધિ દ્વારા યોગ્ય લાગે તેને અપનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બૌદ્ધિક અભિગમથી મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. આમાં સમાજ સુધારણાનો ચોક્કસ દૃષ્ટિકોણ હતો. એકતાની ભાવના હતી. ક્રિયા તરફની અભિમુખતા હતી. વિચારોની સંદર્ભમાં તે ક્રિયાશીલ બન્યા છે. ખોટાનો વિરોધ કરવા ક્રિયાત્મક પગલા ભર્યા છે.

સમાજ સુધારણાનું સૌથી પહેલું નામ રાજા રામમોહરાય આવ્યું. જેઓ બંગાળાના વતની હતા. તેમને સમાજ સુધારણાની પ્રવૃતિના પિતા ગણવામાં આવે છે. તેમને સૌથી પહેલું પગલું આ દિશામાં ભર્યું છે. તેમના વિચારોમાં આપણી સંસ્કૃતિનું પછાતપણું લાગ્યું. રૂઢિ રિવાજો અયોગ્ય લાગ્યા ધર્મમાં ત્રુટિઓ દેખાઈ. આપણા દેશના અનેક ધર્મના લોકોનો કુંટુંબ તેમને ખટતો હતો. તેમાંથી સુધારણાનાં ક્ષેત્રમાં ધાર્મિક અને સામાજિક સુધારણાના કાર્યો કર્યા છે. ધાર્મિક સુધારણામાં જુદા જુદા ધર્મના લોકો પોતાના ધર્મની મહત્તા માટે જશે તે ખોટું છે. દુનિયાનો ધર્મ એક જ એકેશ્વરવાદની વાત કરી. ગમે તે ધર્મમાં ઈશ્વર એક જ અને રસ્તો પણ એક જ છે. તેમને

બ્રહમોસમાજની સ્થાપના કરી. જેમાં દરેક વ્યક્ત પોતે ધર્મના લોકો માટે સમાન ભાવ રાખતી હતી. આ સમાજમાં એમને ધાર્મિક ક્રિયા પ્રત્યે મનાઈ હતી. હેતું બિનસાંપ્રદાયિક હતો. એકબીજા પ્રત્યે સમાનભાવ બધા લોકો રાખો; તેવી જોગવાઈ કરવામાં આવી હતી.

(1) સમાજસુધારણામાં એમને મૂર્તિપૂજા અને એનેકેશ્વરવાદ નો વિરોધ કર્યો છે.

(2) અંતઃકરણની શુદ્ધી પર ભાર મૂકયો છે. અંધશ્રધ્ધાનો વિરોધ કર્યો, તેના બદલે અંતઃકરણની શુદ્ધી કરવાની છે. જેથી દ્વેષભાવ ન રાખો એકબીજાને સમાનથી જોવાનો ભાવ ઊભો કર્યો છે.

(3) સાર્વત્રિક વિશ્વધર્મની સ્થાપના કરી. આખા વિશ્વનો ધર્મ એકેશ્વરવાદ. એના દ્વારા સર્વધર્મભાવ એક ધર્મ પ્રત્યે સહિષ્ણુતાની વાત કરી છે.

(4) ગ્રંથ પ્રમાણ્યવાદનો વિરોધ આપણા ધર્મગ્રુથમાં લખ્યું છે તે સાચું છે. તે વાતનો વિરોધ કર્યો તે એ જ જમાનામાં સાચું હશે. આજે બદલવું પડશે. તેને બુદ્ધિપૂર્વક વિચારી અપનાવવાનો પ્રયત્ન કરજો. એ દષ્ટિએ બૌદ્ધિક આંતરમનની હિમાયત કરી છે .

(૫) પશ્ચિમની જે ઉદારમતવાદી લોકશાહીના વિચારના સંદર્ભમાં આપણી રૂઢિઓને રીત રિવાજોમાં વિરોધ કર્યો અને રાજા રામમોહનરાય એટલા માટે સમાજસુધારક બની શકયા. જયારે એમના જીવત્તમાં જ એમની ભાભીને સતી થવાની ફરજથી જીવન પલટી નાખ્યું. સમાજની ત્રુટિઓ રીતે રિવાજો બદલવાની ફરજ પડી. સતી પ્રથાઓનો વિરોધ કર્યો. તેમને સ્વતંત્રતા સમાનતાની વાત કરી અને આ સ્ત્રીઓને શિક્ષણ માટે પ્રેરણા આપવાનો પ્રયત્ન કર્યો છે. સતીપ્રથનનો વિરોધ કર્યો. 1829માં સતીપ્રથાનો કાયદો ઘડાયો.

રાજા રામમોહનરાય પશ્ચિમની ઉદારશાહીના ખૂબ પ્રશંસક હતા. તેથી આધુનિક શિક્ષણને ખૂબજ મહત્ત્વ આપ્યું છે. ફકત સંસ્કૃતમાં જ શિક્ષણ આપવું અશકય છે. માટે અંગ્રેજીનો પણ પ્રચાર કર્યો.

1822માં કલકતામાં હિન્દુ કૉલેજ સ્થાપી. 1822માં સીમલામાં અંગ્રેજી શિક્ષણ શાળાની સ્થાપના કરી. જ્ઞાતિવાદનો વિરોધ કર્યો. જ્ઞાતિમાં ચાલતા ઉચનીચના ભેદભાવનો વિરોધ કર્યો. જ્ઞાતિ હોવી જ ન જોઈએ તેવું કહ્યું. સ્ત્રીજીવનમાં સુધારણાનું કામ સ્ત્રી સ્વતંત્રતા, સમાનતા અને શિક્ષણની વાત કરે. સ્ત્રી પ્રત્યેનું વલણ બદલવાનું સ્ત્રી સતી પ્રથાનો પણ વિરોધ કર્યો. સાથે અંગ્રેજ સરકાર 1829 માં વિલીયમ બેન્ટીને કાયદો સતી પ્રથાને ઘડ્યો. સ્ત્રીઓને મિલકતમાં હક્ક મળવો જોઈએ. તેમને આર્થિક સ્વાતંત્ર્ય નહી મળે ત્યાં સુધી સ્ત્રી ગુલામીમાંનું બહાર નહી આવી શકે. બહુપત્ની, બાળ અપરાધ નિશેષ વિરોધ કર્યો. આ રીતે સામાજિક અને ધાર્મિક સુધારણાનું કામ હતું આ કામ બંગાળ પુરતું સીમિત હતું. પણ તેનો પ્રભાવ જુદા જુદા રાજયોના સંવેદનશીલ માણસો પર પડ્યો છે. આ સાથે દિકરીને દૂધ પીતી કરવાના રિવાજ સામે પણ પ્રચંડ આંદોલન ચલાવી જનમત ઉભો કરવાનો પ્રયત્ન કરેલ છે.

**મહારાષ્ટ્રના મહાદેવ ગોવિંદ રાનડે :**

મહારાષ્ટ્ર સામાજિક સુધારણાની પ્રવૃતિ ચાલુ કરી હતી. 1867માં પ્રાર્થના સમાજની સ્થાપના કરી. તે માનતા હતા કે સામાજિક સુધારણા અને રાજકીય સુધારણા બંને સાથે હોવા જોઈએ. માટે ધાર્મિક વિચારો અડધા હોય ત્યાં સામાજિક અને રાજકીય સુધારા વિકાસ સાધી શકાશે નહી.

સામાજિક સુધારણામાં સ્ત્રી પુરષ સમાનતામાં માનતા હતા. સ્ત્રી સમાનતા અને શિક્ષણ પર ભાર મૂકયા. સ્ત્રી હક્કના વિધાનો તારવી તેના પર પુસ્તક લખ્યું છે. 1871માં વિધવા પુનઃલગ્ન

મંડળની સ્થાપના કરી. સક્રિય કામગીરી કરી છે. દહેજપ્રથા, ખર્ચાળ લગ્નપ્રથા, મુત્યુ પાછળના ખર્ચા, જ્ઞાતિપ્રથા, મધપાનનો વિરોધ કર્યો છે. શિક્ષણમાં અગ્રેજી શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. તે માટેની હિમાયત કરી છે.

ધાર્મિક સુધારણામાં એકેશ્વરવાદનું પ્રસ્થાપન કરી પોતે બિનસાંપ્રદાયિક હતા તેથી સમાનતા ન્યાયની સ્થાપનામાં કામ કયું છે. બ્રહ્મોસમાજનો જેટલો પ્રભાવ બંગાળામાં હતો. તેના જેટલો પ્રભાવ પ્રાર્થનાસમાજનો પ્રભાવ ન હતો.

**ઈન્ડીયન નેશનલ સોશ્યલ કોન્ફરન્સ :**

આપણા દેશમાં બ્રિટિશશાસન દરમ્યાન સમાજ સુધારણાના કામ માટે 1885 માં ઈન્ડીયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ છે. તેની સાથે સમાજ સુધારણાનું કામ થાય. તેમને જ્ઞાતિ સુધારણાનું કામ કર્યું છે. વિવિધ જ્ઞાતિઓને નાબૂદ કરવાનો પ્રયત્નો કર્યો છે. પેટાજ્ઞાતિને મુખ્ય જ્ઞાતિમાં ભેળવવાનો પ્રયત્ન કર્યો છે. અસ્પૃશ્યતા નાબૂદી જ્ઞાતિબંધનો કરવાનો કાર્યકર્યું છે. લગ્ન સંસ્થામાં પણ સુધારણા કરવાનું કાર્ય કર્યું છે. આંતરજ્ઞાતિ લગ્નને પ્રોત્સાહન આપ્યું છે. બાળલગ્ન નાબૂદી કરવા, બહુપત્ની પ્રથા દૂર કરવા પ્રયત્નો કર્યા છે. ત્યક્તા સ્ત્રીને ભરણપોષણ મળવું જોઈએ. બ્રિટીશશાસન કાળ દરમ્યાન આ કાયદા થયા છે. શિક્ષણ સુધારણાનું કાર્ય કર્યું છે. દરેક વ્યકિત માટે ફરજિયાત શિક્ષણ ભાર મૂકયો છે. શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષામાં હોવું જોઈએ. સહશિક્ષણ હોવું તે સમયે અશકય હોવા છતા તેમને આ વાત કરી છે. આથી એમ કહી શકાય કે રાષ્ટ્રીય કક્ષાએ સામાજિક કાનૂનીકરણનું કામ કર્યું છે.

**સ્વામી દયાનંદ સરસ્વતી :**

આર્યસમાજની સ્થાપના કરી છે. આ દયાનંદ સરસ્વતીને પુન ઉત્થાનવાદી તરીકે ઓળખવામાં આવે છે. પુનરુત્થાન એટલે પ્રવર્તમાન વ્યવસ્થામાં ભૂતકાળ તત્વોને પુનર્જીવન કરવાના છે. એનો જીણાર્દ્રાર કરવાનો છે. પુનઃસ્થાપન વેદો,ઉપનિષદો, પુરાણના પાયા પર ભારતીય સમાજ વિકસાવવા પર ભાર મૂકયો છે. 1875માં આર્યસમાજની સ્થાપના કરી. તેનું ધ્યેય વેદધર્મના પાયા પર માનવ જાતની શારીરિક આર્થિક પરિસ્થિતિની સુધારણા કરવા છે. વેદો અને સનાતન સત્ય પર ભાર મૂકયો છે. આર્યસમાજનો મુખ્ય સિદ્ધાંત વેદ તરફ પાછા વળો તે સાચો ધર્મ છે તેના પર ભાર મૂકયો છે. તે ઘણી બધી બાબતમાં ટીકાત્મક બન્યો છે. સામાજિક સુધારાના કામ વેદો ઈશ્વર રચિત છે તેથી વેદ એ જ સાચો ધર્મ છે. વેદોએ સર્વધર્મ માટે ખુલ્લાં છે. તે વખતે ફક્ત બ્રાહ્મણોએ વિરોધ કર્યો. મૂર્તિપૂજાનો વિરોધ કર્યો છે. શુદ્ધિ આંદોલન કર્યું છે. તે સમયે આપણા દેશમાં ખ્રિસ્તી સંસ્થાઓએ ધર્મ પરિવર્તનનું કામ કર્યું. તેની સામે એમનો આક્રોશ હતો. એમણે આ શુદ્ધિકરણની વિધિ કરી પાછા પોતાના ધર્મમાં આવી શકવાની વાત કરી અને અનેક હિન્દુઓ પાછા હિન્દુમાં ધર્મમાં આવ્યા. સામાજિક પુનઉત્થાનમાં અંધશ્રદ્ધા, ઈજારાશાહીનો વિરોધ, સ્ત્રી પુરુષ સમાનતા,વર્ણાશ્રમવ્યવસ્થા પર ભાર મૂકયો જે જન્મથી નહી પણ કર્મથી મળે છે. તેવું કહ્યું તેનો પ્રચાર કર્યો. સહશિક્ષણનો વિરોધ પણ સ્ત્રી શિક્ષક પર ભાર મૂક્યો. લગ્ન એક સંસ્કાર છે. તેથી જેના લગ્ન થયા હોય તેમાં છૂટાછેડા થવાનો વિરોધ કર્યો. આર્યસમાજના પ્રયત્નોને કારણે તે સમાજમાં જુદી જુદી જ્ઞાતિના લોકો જઈને લગ્ન કરી શકે છે. શિક્ષક પુનરુત્થાનનું કામ, શનનો ફેલાવો મુખ્ય આર્યસમાજનો સિદ્ધાંત છે. પાઠશાળા, ગુરુકુલ કૉલેજની સ્થાપના પણ કરી છે.

**લેડી એની બેસન્ટ :**

થિપોસોફેકલ સોસાયટીની સ્થાપના કરી તેઓ પોતે રશિયાના હતા. ન્યુયોર્કમાં જઈને ત્યાં આ સોસાયટીની સ્થાપના કરી છે. ત્યાંથી સ્વામી દયાનંદ સરસ્વતી પાછા ભારત દેશમાં

બોલવ્યાને પછી તેમને અહીં સામાજિક સુધારણાનું કાર્ય કર્યું છે. સર્વ ધર્મોની તુલનાત્મક અભ્યાસ, માનવજીવનમાં અધ્યાત્મનું મહત્ત્વ, વિશ્વ ભાવનાનો ફેલાવો, હિન્દુ ધર્મ અને સંસ્કૃતિમાંથી વૈજ્ઞાનિક તત્વો શોધી ફેલાવો કર્યો. જ્ઞાતિવાદનો વિરોધ કર્યો વ્યવસ્થાનું પૂર્ણસ્થાપન કર્યું છે અને અસ્પૃશ્યતા વિરોધી પ્રચાર કાર્યો પછાત વર્ગનો વિકાસ, બાળ લગ્નનો વિરોધ કર્યો, સ્ત્રી ઉત્થાન માટે સ્ત્રી શિક્ષણની વાત કરી છે. વિધવાન પુ:લગ્નની હિમાયત કરી છે.

**સ્વામી વિવેકાનંદ :**

ધાર્મિક સુધારણાના ક્ષેત્રમાં કાર્ય કર્યું છે પણ વ્યાપક રીતે જોતા સામાજિક સુધારણાનું કાર્ય કર્યું છે. રામકૃષ્ણપરમહંસ તેમના ગુરુ હતા. 1887માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી છે. તેમને તેમના ગુરુની પ્રેરણાથી આ કાર્ય કર્યું છે. વેદાંત અને અધ્યાત્મ દષ્ટિ કેળવાઈ. સર્વધર્મ સમભાવનો પ્રચાર કર્યો છે. ગુરુ રામકૃષ્ણ પરહંસના સંદેશાનો ફેલાવો કર્યો છે. તે પશ્ચિમની સંસ્કૃતિથી પ્રભાવિત હતા. ફકત જીવનના મૂલ્યોનો પ્રચાર કર્યો છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય કર્યો છે. વેદાંતની નવી વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. સાર્વત્રિક ધર્મ અપનાવી તે દ્વારા બિનસાપ્રદાયિકતાની વાત કરી છે. રામકૃષ્ણ પરમહંસનું વાકય ગરીબોની સેવા દ્વારા પ્રભુસેવા થઈ શકે છે. તેનો પ્રચાર કર્યો. મૂર્તિપ્રજાનો પરોક્ષ રીતે વિચાર કર્યો છે. સામાજિક પુનરુત્થાનમાં સ્ત્રી શિક્ષણ કાયદાને સામાજિક સ્વિકૃતિ હોવી જોઈએ. વર્ણવ્યવસ્થાના પુન:સ્થાપન માટે પ્રચાર કર્યો છે. બાળલગ્નનો વિરોધ સ્ત્રી શિક્ષણનો પ્રચાર કર્યો છે. સાથે સાથે દરિદ્ર નારાયણ અને જન સેવા દવારા પ્રભુ સેવાની વાત કરી છે .

'યુવાનોને ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'ના સૂત્ર દ્વારા પ્રેરણા આપી છે.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. ભારતમાં સમાજકાર્ય શિક્ષણની પ્રથમ સંસ્થા કોણે શરૂ કરી ?

   (અ) જી.ડી. બિરલા (બ) એસ. પી. ગોદરેજ

   (ક) સર દોરાબજી ટાટા (ડ) એમ. કે. અગ્રવાલ

૨. ભારતમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત કયારે થઈ ?

   (અ) 1932 (બ) 1938 (7) 1936 (ડ) 1971

3. રાજા રામમોહનરાયે કઈ સંસ્થા સ્થાપી ?

   (અ) પ્રાર્થના સમાજ (બ) બ્રહ્મોસમાજ (ક) ભગિની સમાજ (ડ) આર્યસમાજ

4. દિન-એ-ઈલાડી ધર્મની સ્થાપના કરનાર કોણ હતા ?

   (અ) અકબર (બ) જહાંગીર (ક) ઔરંગઝેબ (ડ) ફિડલેન્ડર

૫. લોર્ડ બેન્ટિક દ્વારા 1829માં કયો નિયમ બનાવવામાં આવ્યો ?

   (અ) સતી પ્રથા પ્રતિબંધક કાનૂન (બ) વિધવા પૂન:વિવાહ કાનૂન

   (ક) બાળવિવાહ પ્રતિબંધક કાનૂન (ડ) મૂર્તિપૂજા વિરોધ કાનૂન

9. આર્યસમાજની સ્થાપના કોણે કરી ?

   (અ) સ્વામી દયાનંદ સરસ્વતી (બ) વિનોબા ભાવે

   (ક) ગોવિંદ રાનડે (ડ) સ્વામી વિવેકાનંદ

- **તમારી પ્રગતિને ચકાસો :**

1. રાજા રામમોહનરાયના કાર્યો જણાવો.
2. સમાજ સુધારણાના મુખ્ય લક્ષણો વર્ણવો.
3. ધર્મનિરપેક્ષ સુધારકાળ વિશે નોધ લખો.

**વિભાગ 2**

## 3.3 અમેરિકામાં સમાજકાર્યનો વિકાસ

**પ્રસ્તાવના :**

અમેરિકામાં જુદા જુદા સમયે નિર્બળ અને શોષિતોને આપવામાં આવતી સહાયતાના આધાર પર સમાજકાર્યના વિકાસને આઠ ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

(1) દાન કાળ (૨) સ્થાનિય સહાયતા કાળ (3) રાજય સહાયતા કાળ (4) અધીક્ષણ સમન્વય અને પ્રશિક્ષણ કાળ (5) યુવનો સાથેનો કાર્ય કાળ (6) જરૂરીયાતમંદ લોકો સાથે કાર્ય કરવાનો અને રહેવાનો સમય (7) સામાજિક સુરક્ષા કાળ (8) ગરીબી નિવારણ કાળ

**અમેરિકામાં સમાજકાર્યના વિકાસના તબકકા**

**(1) દાનકાળ :**

19મી સદીની શરૂઆતમાં ઈંગ્લેન્ડમાંથી આવીને અમેરિકામાં રહેવાવાળા લોકો ત્યાંની પ્રથાઓ, પરંપરાઓ અને કાનૂનોને પણ પોતાની સાથે લાવેલા. તેઓ પોતાના ભૂતકાળના અનુભવોના આધાર પર બેકારી, ગરીબી અને કામચોરીથી એટલા ડરતા હતા કે તેઓ બેકારી અને કામચોરીને પાપ અને અપરાધ માનતા હતા. પરંતુ દરેક સમાજની જેમ અમેરિકામાં પણ એવા લોકો હતા. જેવા કે, અનાથ બાળકો, વિધવાઓ, બીમાર, નિરાશ્રિતો, વૃદ્ધો, અશકત વ્યકિતઓ કે જેમને સહાયતાની જરૂરીયાત હતી. આવા લોકોની સહાયતા પરંપરાગત રૂપથી કરવામાં આવતી હતી. નિર્ધનો માટે ચિકિત્સાલય પણ ખોલવામાં આવ્યા હતા. આ ચિકિત્સાલયોમાં નિર્ધનો માટે શારીરિક અને માનસિક રોગોના ઉપચાર પણ કરવામાં આવતા હતા.

(2) સ્થાનિય સહાયતા કાળ :

એલીઝાબેથના નિર્ધન કાનૂનને અપનાવી લેવામાં આવ્યો અને આવા પ્રકારના નિર્ધનોના ભરણપોષણની જવાબદારી કસ્બાઓને સોંપવામાં આવી. 'યુયોર્કમાં રેને એલર્સવિક'માં ભિક્ષુકગૃહ (Alms House) 1657માં સ્થાપવામાં આવ્યું તથા પ્લાઈમાઉથ કોલોની દ્વારા સ્વસ્થ શરીરવાળા નિર્ધનો માટે પહેલી કાર્યશાળાના નિર્માણનો આદેશ 1658માં આપવામાં આવ્યો. સમયાંતરે આવા ભિક્ષુકગૃહો અને કાર્યશાળાઓને મોટા શહેરોમાં પણ સ્થાપિત કરવામાં આવ્યા. આ રીતે અકિંચનોના ભરણ પોષણની જવાબરારી સામાન્ય રીતે કરબો અથવા કાઉન્ટીઓ દ્વારા ઉપાડવામાં આવતી હતી. મૈસાચુસેટ્સના વિધાન મંડળમાં 1699માં એક કાનૂન બન્યો જે અનુસાર ભિખારી અને અવ્યવસ્થિત લોકોને સુધારગૃહમાં રાખીને કામમાં લગાવવાની જોગવાઈ કરવામાં આવી. 1823માં ન્યૂર્યોકમાં જે.બી.એન.યેટ્સને નિર્ધન કાનૂનની કાર્યપ્રક્રિયાના સબંધિત માહિતી એકઠી કરવાની જવાબદારી સોપવામાં આવી. યેટ્સ દ્વારા પ્રસ્તુત અહેવાલમાં નિર્ધનોના બે વર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (1) એવા નિર્ધનો જેમને સ્થાનીય સહાયતાની આવશ્યકતા

છે. (2) અસ્થાયી નિર્ધન.

યેટ્સના અહેવાલમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવેલી છે.

(1) પ્રત્યેક કાઉન્ટીમાં એક સેવા યોજાગૃહની સ્થાપના કરવામાં આવે. જેના દ્વારા બાળકોનું શિક્ષણ અને ખેતી કાર્ય માટે જમીન પ્રદાન કરવામાં આવે.

(૨) સશકત નિર્ધનો તથા આવારાઓ માટે કાર્યગૃહ ઉપલબ્ધ કરાવવામં આવે. જયાં જબરજસ્થી કઠીન કામ આપવામાં આવે.

(3) નિર્ધન કલ્યાણ માટે ધનરાશી ઉપલબ્ધ કરવા માટે શરાબ બનાવવાવાળા કારખાનાઓ ઉપર ઉત્પાદન કર લગાવવામાં આવે.

(4) નિષ્કાસનના આદેશો, નિર્ધન કાનૂન સબંધી મુકદમાઓમાં આપવામાં આવતા ફેસલા સામે અપીલ કરવાની જોગવાઈ સમાપ્ત કરવામાં આવે.

(૫) ન્યૂર્યોકની એક કાઉન્ટીમાં નિવાસના એક વર્ષના આધાર પર વૈધાનિક બંદોબસ્ત (Settlement) કરવાનો નિયમ બનાવવામાં આવો.

(6) 18 થી 50 વર્ષની ઉમર તથા સ્વસ્થ શરીર વાળા કોઈ પણ વ્યકિતને અકિંચનોની શ્રેણીમાં રાખવામાં આવે.

(7) ગલીઓમાં ભીખ માગવાવાળા વ્યકિતઓ તથા રાજયમાં અકિંચનોને લાવવા વાળાને દંડ લેવામાં આવે.

યેટ્સના અહેવાલનું અનુસરણ કરીને મૈસાચુસેટ્સ, ન્યૂર્યોક તથા અન્ય કેટલાય રાજયોમાં અનાથાલયો અને ભિક્ષુક ગૃહોની સ્થાપના કરવામાં આવી. આ અહેવાલ બાદ 1824માં કાઉન્ટી નિર્ધનગૃહ કાનૂન બનાવવામાં આવ્યો. તેના દ્વારા અનાથાલયોની વ્યવસ્થાઓનું કાર્ય કસ્બાઓ પાસેથી લઈને કાઉન્ટીને આપવામાં આવ્યું.

**(3) રાજય સહાયતા કાળ :**

સર્વપ્રથમ 1775માં મૈસાચુસેટ્સે ભિખારીઓના આવશ્યક વ્યયોની ચૂકવણીની જવાબદારી સ્વીકારી.

આ જવાબદારી અંર્તગત એવા વ્યકિતઓને સહાયતા આપવામાં આવતી હતી કે જેઓ થોડા સમય અગાઉ જ આ રાજયમાં આવ્યા હોય અથવા જેમને બહાર જવાની ચેતવણી આપવામાં આવી હોય. ત્યારબાદ બીજા રાજયોએ પણ આ જવાબદારી ઉપાડી. સમયાંતરે રાજયોએ એવી સંસ્થાઓની સહાયત બંધ કરી. કેમ કે તેમની સંખ્યા ખૂબ જ વધી ગઈ હતી. માનસિક રૂપથી બીમારોની ચિકિત્સકીય દેખભાળની વ્યવસ્થા ફિલાડેલ્ફીયાના ભિક્ષુકગૃહમાં 1732માં કરવામાં આવી. તદ્ઉપરાંત 1753માં પૈન્સિલવેનિયામાં એક ચિકિત્સાલયમાં પણ આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી. વર્જિનિયામાં 1773માં માનસિક રૂપથી અસામાન્ય વ્યક્તિઓ માટે વિલીયમબર્ગ પૂર્વી રાજય (ઈસ્ટર્ન સ્ટેટ) હોસ્પિટલ નામની સર્વ પ્રથમ સંસ્થા સ્થાપવામાં આવી. બહેરાઓ માટે 1823માં કેન્ટકીના ડેનવીલેમાં પહેલી સરકારી નિવાસી સ્કૂલ સ્થાપવામાં આવી. 1824માં લેર્કિસ્ટનમાં લ્યુટેનીક અસાઈલમની સ્થાપના કરવામાં આવી. મેસાચુસેટ્સ અસાઈલમ ફો ધ બ્લાઈન્ડ (જે પાછળથી પરકીન્સ ઈન્સ્ટીટયુટ તથા મૈસાચુસેટ્સ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ નામથી ઓળખાઈ) તથા 1832માં ન્યૂર્યોક ઈન્સ્ટીટયુશન ફોર ધ બ્લાઈન્ડ (જે પાછળથી ઈન્સ્ટીટયુશન ફો ધ એજયુકેશન ઓફ બ્લાઈન્ડના નામથી ઓળખાઈ) તથા 1833માં ફિલાડેલ્ફીયામાં સર્વપ્રથમ રાજયના નાણાકીય વ્યવસ્થા વાળી જન સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ઈન્ડીયાના રાજયે

સર્વપ્રથમ અર્કિંચન અંધો માટે ભરણ પોષણનો કાનૂન બતાવ્યો. પછીના સમયમાં આવા કાનૂન બીજા રાજયો દ્વારા પણ બનાવવામાં આવ્યા.

1848માં મૈસાચુસેટ્સના સાઉથ બુસ્ટનમાં સર્વપ્રથમ મુર્ખાઓ માટે અને મંદ બુદ્ધિના યુવકો માટે રાજય દ્વારા સંચાલીત સ્કૂલની સ્થાપના કરવામાં આવી. 1851માં ન્ર્યુયોર્કમાં મંદ બુદ્ધિના બાળકો માટે રાજય દ્વારા એક વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. 1854માં પૈત્સિલવૈનિયા રાજય દ્વારા જર્મન ટાઉતતમાં ચાલી રહેલા મૂર્ખો માટેના એક અંગત સ્કૂલને સહાયતા આપવામાં આવી. 'ન્યૂર્યોકના અલ્ઝીરામાં 187-માં અદાલત દ્વારા દોષી જાહેર કરવામાં આવેલા નવ યુવકોનું સુધારગૃહ સ્થાપવામાં આવ્યું અને મહિલાઓ માટેની પહેલી જેલ મૈસાચુસેટ્સના શેર બોનમાં 1879માં સ્થપાઈ.

**(4) અધીક્ષણ, સમન્વય અને પ્રશિક્ષણ કાળ :**

મૈસાચુસેટ્સમાં 18 %3માં રાજય દ્વારા સંચાલીત બધી જ દાન સંસ્થાઓના અધિક્ષણ માટે સ્ટે બોર્ડ ઓફ ચેરીટીઝની સ્થાપના કરવામાં આવી. બીજા રાજયોએ પણ આવું 6 કર્યું. અધિક્ષણ અને નિયંત્રણ સબંધિત જવાબદારી 1925માં લોક કલ્યાણ વિભાગ (Department of Public Welfare) ને આપવામાં આવી. 1927માં આ વિભાગનું નામ બદલીને રાજય કલ્યાણ વિભાગ (State Department of Welfare) રાખવામાં આવ્યું.

1878માં બફેલૌના રેવરેન્ડ એસ.એચ.ગુટીન નામના પાદરીએ બફેલો ચેરીટીઝ ઓર્ગેનાઈઝેશન સોસાયટીની સ્થાપના કરી. 1908માં પિટ્સબર્ગમાં એક કાઉન્સીલ ઓફ સોશ્યલ એજન્સીની સ્થાપના કરવામાં આવી. જેનું કાર્ય સમાજકલ્યાણના ક્ષેત્રમાં નિયોજન અને સમન્વય સ્થાપિત કરવાનું હતું. તેના માટે તેનું નામ કાઉન્સી ઓફ સોશ્યલ એજન્સી રાખ્યું. પરંતુ આવી કાઉન્સીલો માટે ઘનની વ્યવસ્થા કરવામાં ઘણી મુશ્કેલીઓ આવી. એટલા માટે 1913માં કલીવલેન્ડમાં ખાનગી ક્ષેત્રમાં દાન સબંધી બધા જ કાર્યોની નાણાકીય વ્યવસ્થા સંયુકત રીતે કરવાની જરૂરીયાતનો સ્વીકાર કરવામાં આવો. તેના પરીણામે સામુદાયિક તિજોરી (Community Chest) ની વિચારધારા સામે આવી. આવી સામુદાયિક તિજોરીનું કાર્ય લોકો પાસેથી દાન લઈ એક ભંડોળ (કોષ) સ્થાપિત કરી તેને સમાજ કલ્યાણના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓને વિતરીત કરવાનું હતું.

**(5) યુવકો સાથેનો કાર્યકાળ :**

ઈંગ્લેન્ડમાં 1844માં જયોર્જ વિલીયમ્સ દ્વારા સ્થાપવામાં આવેલા યંગમેન્સ ક્રિશ્રિયન્સ એસોસીયેશનની સફળતાથી પ્રભાવિત થઈને કેપ્ટન જે .બી.સેલીવાને અમેરિકામાં 1851માં બુસ્ટનમાં પહેલું અમેરીકન યંગમેન્સ ક્રિશ્ચિન્સ એસોસીયેશનની સ્થાપના કરી. જતું કાર્ય અમરિકન યુવકોની અનેક પ્રકારની જરૂરીયાતોની પૂર્તિ કરવાનું હતું. તેવી જ રીતે લ્યુકિશિયામાં પ્રથમ યંગવિમેન્સ ક્રિશ્રિયન્સ એસોસીયેશનની સ્થાપના 1880માં કરવામાં આવી. 1910માં અમેરિકામાં બ્વાય સ્કાઉટની રચના કરવામાં આવી.કેમ્પ ફાયર ગર્લ્સની સ્થાપના 1911માં કરવામાં આવી. 1912માં ગર્લ્સ ગાઈડની સ્થાપના કરવામાં આવી.

**(6) આવશ્યકતાગ્રસ્ત લોકો સાથે કાર્ય કરવાનો અને રહેવાનો કાળ :**

શરૂઆતના સમયમાં અમેરિકામાં પહોંચેલા પ્રવાસીઓની સ્થિતિ વિચારનીય હતી. આ પ્રવાસીઓ વિભિન્ન્ત વંશો અને જુદીજુદી ભાષા બોલવાવાળા હતા. તેમનામાં પારસ્પરીક મેળ નહિવત્ હતો. લંડનમાં નિવાસીઓમાં પડોશની ભાવના સ્થાપીત કરવાના ઉદ્દેશથી કેનન સેમ્યુઅલ બાર્નેટ દ્વારા સ્થાપવામાં આવેલા ટવાયનલી હોલના અનુભવોથી પ્રેરિત થઈને ચાર્લ્સ

બી. સ્ટોવેરે નેબરહુડ ગિલ્ટ ઓક ન્યૂર્યોક સિટીની સ્થાપના 1887માં કરી. તેને વર્તમાન સમયમાં સેટલમેન્ટ હાઉસના નામે ઓળખવામાં આવે છે. ત્યારબાદ 1889માં મિસ જૈન એડમ્સે શિકાંગોના હાલ્સ્ટેડ સ્ટ્રીટમાં એક હલ હાઉસની સ્થાપના કરી. તેની સફળતાના પરિણામ સ્વરૂપ ન્યૂર્યોકમાં કૉલેજ સેટલમેન્ટ ફોર વુમેન્સ,બુસ્ટનમાં એન્ડોર હાઉસ (જેને પાછળથી સાઉથ એન્ડ હાઉસ નામ આપવામાં આવ્યું) શિકાંગોમાં શિકાગો વુમેન્સ, ન્યૂર્યોકમાં હેનરી સ્ટ્રીટ સેટલમેન્ટ તથા કો- ઓપરેટીવ સેટલમેન્ટ(જિને પાછળથી ગ્રીન પીસ હાઉસ નામ), શિકાગોમાં ધ યુનિવર્સિટી સેટલમેન્ટ, ન્યૂર્યોકમાં ગેલાર્ડ વ્હાઈટ હાઉસ યુનિયન સેટલમેન્ટ,કવીવલેન્ડમાં ગુડરીચ હાઉસ, પીટ્સબર્ગમાં આઈરીન કોફમેન સેટલમેન્ટ, સૈન્ફ્રાન્સીસ્કોમાં ટેલીગ્રાફ હીલ નેબરહુડ હાઉસ તથા ઇન્ડીયાના પોલીશમાં પ્લેનટ હાઉસની સ્થાપના કરવામાં આવી.

**(7) સામાજિક સુરક્ષા કાળ :**

અમેરીકન સંવીધાનમાં સમાજકલ્યાણ માટે કોઈ જ સ્થાન નહતું. ભયંકર મંદીની સ્થિતિમાં મોટી સંખ્યામાં બેકાર વ્યકિતઓ ખાનગી કલ્યાણ સંસ્થાઓ પાસેથી સહાયતાની અપેક્ષા રાખવા લાગ્યા. સ્થાનિક સ્તર પર કાર્ય કરવાવાળા દાતવ્ય સંગઠનોએ આવા બેકારોને સહાયતા આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ સમસ્યા એટલી ગંભીર હતી કે, આવી સંસ્થાઓના બધા જ નાણાકીય સંસાધન પુરા થઈ ગયા. આવી પરિસ્થિતિમાં અમેરિકન કાંગ્રેસે 1932માં આપત્તકાલીન સહાયતા અને નિર્માણ અધિનિયમ (Emergency Relief and Construction Act) ને પસાર કર્યો. આ અધિનિયમ અંતર્ગત પુન નિર્માણ અને નાણાકીય નિગમને રાજયો, કાઉન્ટીઓ તથા શહેરોને ત્રણ (નાણા) આપવાનો અધિકાર આપવામાં આવ્યો.

1933માં સંઘીય આપત્તકાલીન સહાયતા અધિનિયમ (Federal Emergency Relief Act) પસાર કરવામાં આવ્યો. આ અધિનિયમ અંતર્ગત ઓછા સમય વાળી રણની વ્યવસ્થાને બંધ કરી અને તેની જગ્યાએ સમાજ કલ્યાણના હેતુસર સંઘીય જવાબદારી વાળી વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું. હેરી એસ. હોપકિન્સની અધ્યક્ષતામાં સંઘીય આપત્તકાલીન સહાયતા પ્રશાસન (Federal Emergency Relief Administration) ની સ્થાપના કરવામાં આવી. સંઘીય આપત્તકાલીન સહાયતા અધિનિયમ અંતર્ગત એ બાબતની સ્પષ્ટ જોગવાઈ હતી કે, જરૂરીયાતમંદ વ્યકિતઓની ન્યુનત્તમ ભૌતિક જરૂરીયાતોની પૂર્તિને સુનિશ્રિત કરવા તથા તેમની મુશ્કેલીઓને રોકવા માટે જરૂરી સહાયતા પ્રદાન કરવામાં આવે. રાજયો તથા સ્થાનિક સમુદાયોને નાણાકીય સત્તા પ્રદાન કરવા માટે એ બાબત અનિવાર્ય બનાવવામાં આવી કે તેઓ કાર્યકમો ચલાવવા માટે પ્રશિક્ષિત કાર્યકર્તાઓની નિમણૂક કરે.

રોબર્ટ ફેચનરના નિર્દેશનમાં માર્ચ 1933માં આપત્તકાલીન સંરક્ષણ કાર્યક્રમ જેને નાગરીક સંરક્ષણ કોર (Civil Conservation Copse) ના નામથી ઓળખતા તેનો પ્રારંભ કર્યો. આ કાર્યકમનો ઉદ્દેશ યુવકોને રાષ્ટ્રીય સંસાધનોના સંરક્ષણના કાર્યમાં સંમેલિત કરીને તેમને અસ્થાયી સેવા યોજના પ્રદાન કરવી તથા સ્વસ્થ વાતાવરણ, ઉચિત ભોજન, શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા કરવી.

જાન્યુઆરી 1935માં રાષ્ટ્રપતિ રૂજવેલ્ટે એવી ઘોષણા કરી કે, સંઘ રોજગાર આપવા યોગ્ય બેકારો માટે એક કાર્ય સહાયતા સબંધી કાર્યક્રમની જવાબદારી ઉપાડે. તેના પરિણામ સ્વરૂપ મે 1935માં કાર્ય પ્રગતી પ્રશાસનની સ્થાપના કરવામાં આવી. આ પ્રશાસને કેન્દ્રિય સંઘના નિયંત્રણ મુજબ કાર્યકમો ચાલુ કર્યા. અપાતકાલીન સહાયતા વિનિયોગ અધિનિયમ 1935માં પસાર કરવામાં આવ્યો. તેના સબંધી કાર્ય પ્રગતિ પ્રશાસન હેતુ માટે આવશ્યક કોર્ષ ઉભો કરવામાં આવ્યો. 1939માં આ સંગઠનનું નામ બદલીને કાયુ પરિયોજના પ્રશાસન કરવામાં

આવ્યું.

**(8) ગરીબી નિવારણ કાળ :**

1961 પછી શરૂ થયેલા આ કાળની વિશેષતા ગરીબી નિવારણ કાર્યક્રમ છે. અમેરિકન સમાજશાસ્ત્રીઓએ એ બાબત પર પ્રકાશ ફેંકયો કે અમેરિકન સમાજમાં પણ ગરીબી છે. આથી આ સમસ્યા તરફ સરકારનું ધ્યાન આકર્ષિત થયું અને 1960 પછી સરકાર ગરીબીને દુર કરવા માટે આગળ આવી. તેમજ ગરીબીને દુર કરવા માટે સમય સમય પર કાનૂન બનાવવામાં આવ્યા. 1961માં ક્ષેત્ર વિકાસ અધિનિયમ, 1962માં જન શકિત વિકાસ અને પ્રશિક્ષણ અધિનિયમ તથા 1974માં આર્થિક તક અધિનિયમ પસાર કરવામાં આવ્યા. આર્થિક તક અધિનિયમ નિર્ધનતા ઉન્મુલનની દષ્ટિએ વધારે મહત્ત્વપૂર્ણ છે અને તેના દ્વારા યુવા કાર્યક્રમ, શહેરી અને ગ્રામીણ સમુદાયિક ક્રિયા કાર્યક્રમ, ગ્રામીણ ક્ષેત્રોમાં ગરીબી નિવારણના વિશિષ્ટ કાર્યક્રમો, સેવાયોજના અને રોકાણ માટેના પ્રલોભન કાર્યક્રમો તથા કાર્યાનુભવ સબંધી કાર્યકમો ચલાવવામાં આવ્યા.

ગરીબી નિવારણના જુદાજુદા કાર્યકમોની સાથેસાથે કાળા લોકો માટે પણ વિશેષ સંરક્ષણ આપવામાં આવી રહયું છે. કાળા લોકોને કેટલાક નિર્ધારીત નિયમો અનુસાર સેવા યોજનામાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

- **તમારી પ્રગતિને ચકાસો :**

1. યેટ્સના અહેવાલમાં કઈ કઈ ભલામણો કરવામાં આવેલી છે.
2. અમેરિકાના પ્રવાસીઓની સ્થિતિ વિશે લખો.
3. યુવકો સાથેનો કાર્યકાળ અંગે નોંધ લખો.
4. સંઘીય આપત્તકાલીન સહાયતા અધિનિયમની ચર્ચા કરો.

૫. અમેરિકામાં સમાજકાર્યના વિકાસના બે તબકકા જણાવો.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. જે.બી.એન.એટ્સ શાની સાથે સંકળાયેલા છે ?

   (અ) ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ (બ) અમેરિકામાં સમાજકાર્યનો ઈતિહાસ

   (ક) ઈગ્લેન્ડમાં સમાજકાર્યનો ઈતિહાસ (ડ) રશિયામાં સમાજકાર્યનો ઈતિહાસ

2. મૈસાચુસેટસ કયાં આવેલું છે ?

   (અ) અમેરિકા (બ) જાપાન (ક) ઈગ્લેન્ડ (ડ) ભારત

3. અમેરિકામાં ગરીબી નિવારણ કાળ કયારે શરૂ થયો.

   (અ) 1111 (બ)1961 (ક) 1382 (5) 1182

4. અમેરિકામાં કયા અધિનિયમ હેઠળ ઓછા સમયવાળી ત્રણ વ્યવસ્થાને બંધ કરવામાં આવી.

   (અ) ફેડરલ એકટ (બ) એલીઝાબેથ પુઅર લો

   (ક) સંઘીય આપત્તકાલીન સહાયતા અધિનિયમ (ડ) સ્ટેટ એકટ

૫. નિર્ધનના ત્રણ પ્રકાર કયા છે ?

(અ) સમર્થ,કાબેલ,બાહોશ (બ) સમર્થ, સ્વસ્થ શરીરવાળા અને અસમર્થ

(ક) સમર્થ, દુઃખી અને ગરીબ (ડ) ઉપરતતા એકેય નહી

**વિભાગ 3**

**ઈંગ્લેન્ડમાં સમાજકાર્યનો વિકાસઃ**

**ઈંગ્લેન્ડમાં સમાજકાર્યનો વિકાસના તબકકા :**

જરૂરીયાતમંદ વ્યકિતઓને મદદ કરવાનું કાર્ય માનવ સમાજની સ્થાપનાથી જ થતું આવ્યું છે. આદિકાળથી ધર્મગુરૂઓએ પ્રચારકો અને અનુયાયીઓને દીનદુઃખીયાની મદદ કરવાનું ઉત્તરદાયિત્વ આપ્યું હતું. ઈ.સ. 1520માં જર્મનીમાં માર્ટિન લ્યુથરે ભિક્ષવૃતિને રોકવા બધા જ દીન દુઃખીયાઓને મદદ કરવાના હેતુથી ભોજન, કપડા વગેરે આપવા માટે દાનપેટીની સ્થાપના માટેની અપીલ કરી. 1525માં ઉલ્લીરચ જીવન્ગલીએ આજ પ્રકારની અપીલ સ્વીઝરલેન્ડમાં કરી. 17મી સદીમાં ફાંસમાં ફાધર- વિન્સેટ - 6 પાલે અનેક પ્રકારના સુધારા કર્યા. ચાન્સેલર બિસ્માર્કે 18મી સદીમાં જર્મનીમાં અનેક પ્રકારના સુધારા સબંધી કાર્યક્રમો ચલાવ્યા. આ બધા સુધારાઓના પરિણામ સ્વરૂપ સમાજકાર્યના વિકાસ માટેની ઉચિત પ્લેટફોર્મ તૈયાર થયું.

ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે.

(1) અવિવેકપૂર્ણ દાનનો યુગ

(2) સુપાત્ર નિર્ધનો માટે સહાયતા અને શારીરિક રીતે સ્વસ્થ વ્યકિતઓ માટે સહાયતાનો યુગ

(3) સમન્વય અને નિયંત્રણો યુગ

(4) આયઅનુરક્ષણ યુગ

**(1) અવિવેકપૂર્ણ દાનનો યુગ :**

14મી સદી સુધી નિર્ધન, અપંગો ને અનાથોને ભિક્ષા આપવી એ પૂણ્ય કાર્ય સમજવામાં આવતું હતું. ચર્ચનું મુખ્ય કાર્ય પણ નિર્ધનોને ખાન આપવું તથા તેમને સહાયતા કરવાનું હતુ. નિર્ધનોની સહાયતા સબંધી કાર્યોનું ઉત્તરદાયિત્વ ચર્ચના મુખ્ય પાદરી, સ્થાનિક પાદરીઓ તથા પાદરીઓથી નીચેના ત્રીજા સ્તરના ડેકન્સના નામથી સંબોધીત કરવામાં આવતા અધિકારીઓનું હતું. ઈસાઈ ધર્મને રાજ ધર્મનું સ્તર પ્રાપ્ત થવાની સાથે સાથે મઠોમાં પણ નિર્ધનો માટે સંસ્થાઓ સ્થાપવામાં આવી. જે અનાથો,વૃદ્ધો, રોગીઓ અને અપંગોની મુખ્ય આવશ્યકતાઓની પૂર્તિ કરતી હતી તથા ઘર વગરનાઓને આશરો આપતી હતી. આનાથી ભિક્ષાવૃતિમાં વૃદ્ધો થઈ જેને રાજયે સારી નિશાની ન માની અને નિર્ધનોની સહાયતાના એમક ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર 1839માં ઈંગ્લેન્ડ તથા વેલ્સની 1,53,57000 જન સંખ્યામાં નિર્ધનો માટે કરવામાં આવતો ખર્ચ 44,06,907 પાઉન્ડ હતો. નિર્ધનોની સહાયતા માટે આટલો મોટો ખર્ચ કરવા છતાં તેનાથી કોઈ લાભ થતો ન હતો.

**(૨) સુપાત્ર નિર્ધનો અને શારીરિક રીતે સ્વસ્થ વ્યકિતઓની સહાયતાનો યુગ :**

1339માં કિંગ એડવર્ડ 3જાએ એવો આદેશ આપ્યો કે, શારીરિક દષ્ટિએ હટ્ટાકટટા પ્રત્યેક વ્યકિત કોઈને કોઈ કાર્ય અવશ્ય કરે . તથા તે પોતાના રહેઠાણના સ્થાનને છોડયા સિવાય કોઈ પણ વ્યકિતને ત્યાં કામ કરે જે તેને કામ આપવા ઈચ્છતા હોય.આ એવો પહેલો પ્રયત્ન હતો.

જેમાં નિર્ધનતા માટે સ્વયં નિર્ધન વ્યકિત પોતાને જવાબદાર માનવામાં આવો હતો. તેમજ શારીરિક રીતે સક્ષમ વ્યકિતઓને દાન તથા ભિક્ષા ઉપર નિર્ભર રહ્યા સિવાય કામ કરવા માટે ફરજ કરવામાં આવી. 1531માં હેનરી 8 માએ Statute of Henry VIII ને આધીન ભિખારીઓ માટે રજીસ્ટ્રેશન આવશ્યક બનાવ્યુ અને તેઓને ચોકકસ વિસ્તારની અંદર ભીખ માગવા માટેના લાયસન્સ આપવામાં આવ્યા. આ કાયદા હેઠળ નગર પ્રમુખ અને ન્યાયાધીશોને કાર્ય કરવા માટે અસમર્થ તથા વૃદ્ધ નિર્ધનો માટેના અરજીપત્રોની ચકાસણી અને તેમના રજીસ્ટ્રેશન દ્વારા ચોકકસ ક્ષેત્રમાં તેમને ભીખ માગવા માટેનું લાયસન્સ આપવાનો આદેશ કરવામાં આવ્યો. હેનરી દ્વારા ચર્ચની સંપત્તિ જપ્ત કરી લેવાથી એ આવશ્યક બની ગયું કે બીજી રીતો દ્વારા નિર્ધનોની સહાયતા કરવામાં આવે. 1532માં કારીગરોનો કાનૂન Statute of Artificers હેઠળ એ મજૂરી અને કામ કરવાનો સમય નિરશ્રિત કરવામાં આવ્યો અને બેકાર ફરવાવાળા તથા આવારાઓને કઠીન કામ કરવાનું ફરજીયાત કરવામાં આવ્યું. 153%માં પહેલીવાર ઈંગ્લેન્ડની સરકારે નિર્ધનોની સહાયતા માટે એક યોજના નાવી. આ યોજના હેઠળ જઓ ત્રણ વર્ષથી કાઉન્ટીમાં રહેતા હોય તેમની પૈરીસોમાં જ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી. રહેવાસીઓ દ્વારા સ્વેચ્છાએ આપવામાં આવેલ દાનથી અસમર્થ નિર્ઘનોના ભરણ પોષણ મટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. હક્સકટ્ટા નિર્ધનોને કામ કરવાની ફરજ પાડવામાં આવી અને નિર્ધનોના નિરિક્ષકોને નવો કાનૂન લાગુ કરવાની જવાબદારી સોપવામાં આવી.

આ સમય દરમ્યાન દાતવ્ય ઉપયોગ કાનૂન (Statute of Charitable Uses) બનાવવામાં આવો. આ કાનૂન હેઠળ બભધા જ પ્રકારના દાનોને એક જ વર્ગમાં વ્યાખ્યાયીત કરવામાં આવ્યા. જેની હેઠળ બંધકોની મુકિત, અર્કિંચનોની સહાયતા, અનાથોની દેખભાળ તથા પ્રશિક્ષણ જેવી બાબતોને સંમેલિત કરવામાં આવી.

1576માં સુધારગૃહો સ્થાપવામાં આવ્યા. જેમાં સ્વસ્થ શરીરવાળા નિર્ધનોને કામની ફરજ પાડવામાં આવી. નિર્ધનો માટે 1601 માં એલીઝાબેથનો નિર્ધન કાનૂન (Elizabethen Poor Law) બનાવવામાં આવ્યો. જેને 43 એલીઝાબેથના નામે ઓળખવામાં આવે છે. આ કાનૂનના મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે.

(1) એવી કોઈ પણ વ્યકિતનું રજીસ્ટ્રેશન ન કરવામાં આવે જેના સબંધી, પતિ અથવા પત્ની, પિતા અથવા પુત્ર સહાય કરી શકવાની સ્થિતિમાં હોય.

(૨) નિર્ધન કાનૂન હેઠળ ત્રણ પ્રકારના નિર્ધનોની સહાયતા કરવાની વ્યવસ્થા કરવામાં આવી.

**(અ) સ્વસ્થ શરીરવાળા નિર્ધન :**

સ્વસ્થ શરીરવાળા નિર્ધનો અને ભિખારીઓને કાર્યગૃહોમાં કામ કરવા માટે અલગ રાખવામાં આવ્યા અને નાગરીકોને આદેશ આપવામાં આવો કે સ્વસ્થ શરીરવાળા નિર્ધન અને ભિક્ષુકને ભિક્ષા ન આપવી. બીજા ગામોમાંથી આવેલા નિર્ધનોને તેમના મૂળ સ્થાનોએ પાછા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી કે જેઓ જયાં છેલ્લા એક વર્ષથી રહેતા હોય. સ્વસ્થ શરીરવાળા ભિક્ષુકો અથવા અનાથો જે સુધારગૃહમાં કામ કરવાની ના પાડે તેમને જેલમાં નાખી તેઓને ગળામાં અને પગમાં બેડીઓ નાખવાની જોગવાઈ કરવામાં આવી.

**(બ) શક્તિહિન નિર્ધન :**

કામ કરવામાં અસમર્થ રોગીઓ, વૃદ્ધો, અંધો, બહેરા-મૂંગા બાળકો અને નાની ઉંમરના બાળકોની માતાઓનો આ શ્રેણીમાં સમાવેશ કરવામાં આવે છે. જેઓની

પાસે તેમનું નિવાસસ્થાન હોય તેઓને તેમના ઘરમાં રાખીને નિર્ધન ઓવરસીયરો દ્વારા ખાવાનું, કપડા, ઈંધણ અને અન્ય ખર્ચા પ્રદાન કરવાની વ્યવસ્થા કરવામાં આવી. જેઓની પાસે ઘર ન હોય તેમને સુધારગૃહમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.

(ક) **આશ્રિત બાળકો :**

અનાથ માતા - પિતા દ્વારા ત્યજવામાં આવેલ અથવા પિતામહના બાળકોનો આ શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો. તેઓને એવા લોકો પાસે રખવાની વ્યવસ્થા કરવામાં આવી જે લોકો સરકાર પાસેથી ફકત તેમના ભરણ પોષણની ઓછામાં ઓછી રકમ માગે. 8 વર્ષથી વધારે ઉંમરના થોડું ઘણું ઘર કામ કરી શક્તા બાળકોને કોઈ માણસ સાથે કરાર ફી રાખવામાં આવતા જે માલિકના ઘરે ઘરેલુ વ્યવસ્થા શીખતા હતા અને 24 વર્ષ સુધી માલિકના ઘરે જ રહેતા હતા. છોકરીઓને ઘરની નોકરાણીના રૂપમાં રાખવામાં આવતી અને તેઓને 21 વર્ષ સુધી અથવા વિવાહ થાય ત્યાં સુધી માલિકની સાથે માલિકના ઘરે જ રહેવું પડતું.

(3) જો બાળકો તેમના નિર્ધન માતા પિતા અથવા સબંધીઓ સાથે રહી શકે તો તેઓને ઘરેલુ ઉધોગ ચલાવી શકે તે માટે ઉત્પાદનની વસ્તુઓ આપવામાં આવતી. આવું સંભવ નહોય ત્યાં બાળકોને નિર્ધન ગૃહોમાં રાખવામાં આવતા હતા.

(4) નિર્ધનોના ઓવરસીયરોને આ કાયદો લાગુ કરવા તથા તેનો વહીવટ કરવા સબંધી જવાબદારી સોપવામાં આવી હતી. આવા ઓવરસીયરોની નિમણૂક શાન્તિ ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવતી હતી. આ ઓવરસીયરો નિર્ધનો પાસેથી અરજી સ્વીકારવાની તથા તેઓની સામાજિક સ્થિતિની જાણકારી મેળવવામાં અને તેમને સહાયતા પ્રદાન કરવા સંદર્ભમાં યોગ્ય નિર્ણયો લેતા હતા.

(૫) નિર્ધન સહાયતાના હેતુ સર નાણાકીય વ્યવસ્થા કરવા માટે નિર્ધનકર લગાવીને એક કોર્ષ ઉભો કરવામાં આવ્યો. જેમાં અંગત દાન અને કાયદાના ભંગ બદલ કરવામાં આવેલ દંડની રકમ ઈત્યાદીથી પ્રાપ્ત ધનરાશી જમા કરવામાં આવતી હતી.

આ પ્રકારે 1601નો આ નિર્ધન કાનૂન 300 જેટલા વર્ષ સુધી જન સહાયતાના ક્ષેત્રમાં અપેક્ષીત માપદંડો નિર્ધારીત કરીને નિર્ધનોને સહાયતા પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતો રહયો હતો.

1662માં એક વસ્તી કાનૂન (Low of Settlement) બનાવવામાં આવો.જેની હેઠળ શાન્તિ ન્યાયાધીશોને એ અધિકાર પ્રદાન કરવામાં આવ્યો કે નિર્ધનોના ઓવરસીયરોના મતે ભવિષ્ય માટે ખતરારૂપ હોય તેવા નવા આગંતુકોને તેમના મૂળ સ્થાને પાછા મોકલી શકે.

169માં કાર્યગૃહ કાનૂન (Work House Act) બની ગયા પછી બ્રિસ્ટલ તથા અન્ય શહેરોમાં કાર્યગૃહોની સ્થાપના કરવામાં આવી. જેમાં નિર્ધન વૃદ્ધો અને બાળકોને કાંતણ, વણાટ વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવતું હતું.

1722માં ઓવરસીયરોને નિર્ધનોને સેવા આપવા માટે તૈયાર હોય તેવા ઉત્પાદન કર્તાઓ સાથે અનુબંધ કરવા માટેનો અધિકાર આપવામાં આવ્યો.

1782માં બનાવવામમાં આવેલ નિર્ધન કાનૂન સંશોધન અધિનિયમ (Poor Low Amendment Act) જેને ગિલબર્ટ કાનૂન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાનૂનની

જોગવાઈ મુજબ કાર્યગૃહોની ઠેકેદારી વ્યવસ્થામાં સુધાર કરવામાં આવ્યો અને અવૈતનિક નિર્ધનોના ઓવરસીયરોને સ્થાને વેતનિક નિર્ધન નિરિક્ષકો નિમવામાં આવ્યા. અને જયાં સુધી નિર્ધન સહાયતા સેવા વાળા માટે સેવાયોજના અમલી 4 બને ત્યાં સુધી ઘર પર જ સહાયતા આપવાની વ્યવસ્થા કરવામાં આવી. 1795માં સ્પીન્હમલેન્ડ કાનૂનની ઘોષણા કરવામાં આવી. જેમાં એક સાર્વજનિક કાર્યસારણી અને આજીવિકા માપકનો વિકાસ કરવામાં આવો.

(3) સમન્વય અને નિયંત્રણનો યુગ :

1832માં નિર્ધન કાનૂનના વહીવટ અને વ્યવહારીક કાર્યાન્વયન માટે એક શાહી આયોગની નિયુકિત કરવામાં આવી. આ આયોગના સચિવ એકવીન ચાડવીક હતા. આ આયોગે જણાવ્યું કે નિર્ધન સહાયતા બાળકો અને સ્વસ્થ શરીરવાળા વ્યકિતઓમાં આવારાવૃતિ અને ભિક્ષવૃતિને પ્રોત્સાહન આપે છે.આ આયોગે નીચે પ્રમાણેની ભલામણો કરી.

(1) સ્પીન્હમલેન્ડ કાર્નન દ્વારા પ્રદાન કરવાવાળી આંશીક સહાયતાનું ઉન્મૂલન કરવામાં આવે.

(૨) સહાયતા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવાવાળા બધા જ સમર્થ લોકોને કાર્યગૃહોમાં રાખવામાં આવે.

(3) ફકત રોગીઓ, વૃદ્ધો અને અશકતો તથા નવજાત શિશુઓની માતાઓને જ બહારની સહાયતા પ્રદાન કરવામાં આવે.

(4) વિભિન્ન નિવાસીઓની સહાયતા સબંધી કાર્યોને સંકલીત સ્વરૂપ આપીને એક નિર્ધન કાનૂન સંઘ (Poor Low Union) નું સંગઠન બનાવવામાં આવે.

(૫) નિર્ધન સહાયતા પ્રાપ્ત કરવાવાળાના સ્તરને સમુદાયમાં કામ કરવાવાળાના સ્તરથી નીચું રાખવામાં આવે.

(6) નિયંત્રણ સ્થાપીત કરવા માટે એક કેન્દ્રિય પરિષદની સ્થાપના કરવામાં આવે.

આ ભલામણોના આધાર પર 1834માં નવો નિર્ધન કાનૂન બનાવવામાં આવ્યો. જેના આધાર પર સ્વસ્થ વ્યકિતઓને કાયુશાળામાં રાખવાની અને સંરક્ષક પરિષદ દ્વારા પ્રસારિત નિર્ધન કાનૂન સંઘોનું નિર્માણ કરવા તેમજ નિર્ધન સહાયતાના સંદર્ભમાં એકરૂપ નિતિ નિર્ધારણ કરવા માટે એક શાહી નિર્ધન કાનૂન આયોગ બનાવવાની જોગવાઈ કરવામાં આવી. લંડનમાં 1879માં દાતવ્ય સહાયતા સંગઠન અને ભિક્ષાવૃતિ દમન સમિતિ (Society for Organizing Charitableand Repressing Mendicity) નું નિર્માણ કરવામાં આવ્યું જેનું વર્ષો પછી નામ બદલીને દાતવ્ય સંગઠન સમિતિ (Charity Organization Society) કરવામાં આવ્યું.

**(4) આયઅનુરક્ષણ યુગ :**

આ યુગનું વિવરણ બે ભાગોમાં કરવામાં આવે છે. (અ) બેવારિજ રિપોર્ટ પહેલા (બ) બેવરિજ રિપોર્ટ અને ત્યાર બાદ

**(અ) બેવારેજ રિપોર્ટ પહેલા :**

1905માં લોર્ડ જયોર્જ હેમિલ્ટનની અધ્યક્ષતામાં નિર્ધન કાનૂન અને દુઃખ નિવારણ શાડી આયોગ (Royal Commission on Poor Law and Relief Distress) ની સ્થાપના કરવામાં આવી. આ આયોગની ભલામણો અનુસાર 1905માં બેકાર કામદાર અધિનિયમ પસાર કરવામાં આવ્યો. આને આધીન રહીને સ્થાનિય કષ્ટ નિવારણ સમિતિ (Local Stress Comitteef) દ્વારા બેકારોની સહાયતા કરવાની જોગવાઈ કરવામાં આવી.

1908માં પસાર કરવામાં આવેલ વૃદ્ધાવસ્થા પેંશન કાનૂન અંતર્ગત 70 વર્ષથી વધારે ઉંમરના જરૂરીયાતમંદ વૃદ્ધોને સપ્તાહના શિલીંગ આપવાની વ્યવસ્થા કરવામાં આવી. 1909માં શ્રમ કાર્યાલય અધિનિયમ (Labour Exchanges Act) પારીત ઘડવામાં આવ્યો.

ઓછી આવક ધરાવનાર શ્રમિકો માટે અનિવાર્ય સ્વાસ્થ્ય વીમાની જોગવાઈ 1911માં બનાવવામાં આવેલ રાષ્ટ્રીય વિમા કાનૂન દ્વારા કરવામાં આવી. 1925માં વિધવા, અનાથ અને વૃદ્ધોમાટે અંશદાયી પેન્શન અધીનીયમ બનાવી તેના દ્વારા 55 વર્ષથી વધારે ઉમરના પુરુષો, 50 વર્ષથી વધારે ઉમરની મહિલાઓ, વિધવા અને અનાથો તથા 14વર્ષથી નીચેની વયના (જો શાળાએ જતા હોય તો 1% વર્ષથી નીચની વયના) આશ્રિત બાળકોને વીમા યોજનાનો લાભ આપવામાં આવ્યો.જેની નાણાકીય વ્યવસ્થા માલીકો અને શ્રમિકો દ્વારા આપવામાં આવતા અંશદાનોથી કરવામાં આવતી હતી. આ વીમા યોજના લાભાર્થીઓને ડાકઘરના માધ્યમથી આપવામાં આવતી હતી. આ યોજના માટે કરવામાં આવેલ દાવાઓની ખરાઈ સ્વાસ્થ્ય મંત્રાલયની સ્થાનિય શાખા દ્વારા કરવામાં આવતી હતી. 1925માં સ્થાનિય શાસન અધિનિયમ (Local Government Act) પસાર કરવામાં આવ્યો જેના દ્વારા નિર્ધન સંઘો અને સંરક્ષક પરીષદોની વ્યવસ્થા બંધ કરીને નિર્ધન સહાયતાના વહીવટની જવાબદારી કાઉન્ટી કાઉન્સિલ અથવા શહેરની બરો કાઉન્સિલને આપવામાં આવી. બેકારી વીમા યોજના દ્વારા બધા જ લાભો પ્રાપ્ત કરી લીધા હોય અથવા આવા લાભો માટે પાત્ર ન હોય તેઓને રાજયના કોષમાંથી બેકારી સહાયતા આપવા માટે 1931માં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અધિનિયમ (National Economics Act) પારીત કરવામાં આવ્યો. બેકારી સહાયતાની વહીવટીય જવાબદારી 1934માં પારીત કરવામાં આવેલ બેકારી અધિનિયમ (Unemployment Act) દ્વારા બેકારી સહાયતા બોર્ડને આપવામાં આવી. 1939માં આ બોર્ડને યુદ્ધના શિકાર વ્યક્તિઓને ભથ્થા આપવાની જવાબદારી પણ આપવામાં આવી. વૃદ્ધો માટે વિશેષ ચિકિત્સકીય ઉપચાર માટે આવશ્યક વધારાના પેંશનની ચુકવણી માટે 1940 માં વૃદ્ધાવસ્થા પેંશન અધિનિયમ બનાવવામાં આવ્યો.

**(બ) બેવારિજ રિપોર્ટ અને ત્યાર બાદ :**

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જૂન 1941માં ઈંગ્લેન્ડે પોતાની બધાજ કલ્યાણકારી કાર્યકરોમાં સુધારા કરવાનો પ્રારંભ કર્યો અને લોર્ડ વિલિયમ બેવરિજની અધ્યક્ષતામાં એક સામાજિક સબંધી સેવા પર આંતર વિભાગીય આયોગ (Inter-departmental Commission on Social Insurance and Allied Services) સ્થાપવામાં આવ્યું. આ આયોગે પાંચ કાર્યક્રમો પર આધારીત પોતાનની યોજના રજૂ કરી. આ કાયકમોમાં (1) સામાજિક વીમો (2) જન સહાયતા (3) બાળકોના ભથ્થા (4) વ્યાપક નિશુલ્ક સ્વાસ્થ્ય અને પુર્નવસન સેવાઓ (૫) પૂર્ણ રોજગારની ખાત્રી.

બેવરિજ રિપોર્ટના આધારે ઔદ્યોગિક અને વાણિજ્ય પ્રતિષ્ઠાનોમાં અપંગોને રોગારી આપવા માટે 194 માં અપંગ વ્યકિત કાનૂન (Disable Persons Act) બનાવવામાં આવ્યો. અને એજ સમયે રાષ્ટ્રીય વીમા મંત્રોય અને રાષ્ટ્રીય સહાયતા પરીષદ બનાવવામાં આવી. જે સહાયતા પ્રદાન કરવાની જવાબદારી નિભાવતી હતી. 1945માં પરિવાર ભથ્થા કાનૂન (Family Allowance Act) પાસ કરવામાં આવ્યો. 1946 માં રાષ્ટ્રીય વીમા કાનૂન (National Insurance Act) બનાવવામાં આવ્યો. આ એકટ હેઠળ સ્વાસ્થ્ય, અપંગતા અને વૃદ્ધાવસ્થા વીમો જેવી યોજનાઓ લાગુ કરવામાં આવી. 194માં કર્મકાર ક્ષતિપૂર્તિ અધિનિયમ (Workmen's Compensation Act) બનાવવામાં આવ્યો. આજ વર્ષે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા કાનૂન (National Health Service Act) બન્યો. 1947માં એક રાષ્ટ્રીય સહાયતા બોર્ડ બનાવવામાં આવું. જેનું ઉત્તરદાયિત્વ આવશ્યકતાગ્રસ્ત વ્યકિતઓ માટે જન સહાયતાની જોગવાઈ કરવાનું હતુ. 1559માં રાષ્ટ્રીય વીમા કાનૂનમાં સંશોધન કરવામાં આવ્યું.

1975માં સામાજિક સુરક્ષા લાભ અધિનિયમ (Social Security Benefit Act) બનાવવામાં આવ્યો. જે ઈંગ્લેન્ડના રહેવાસીઓને વ્યાપક સામાજિક સુરક્ષા પ્રદાન કરી સમાજ કલ્યાણને અપનાવવામાં મહત્ત્વપૂર્ણ બન્યો. 1986માં સામાજિક સુરક્ષા અધિનિયમ પારિત કરવામાં આવ્યો હતો. આ એકટ હેઠળ સંપૂર્ણ વવસ્થામાં વ્યાપક સુધારા કરવામાં આવા અને રાજયમાં આવકથી સબંધિત પેંશન યોજના, વૈયકિતક અને વ્યાવસાયિક પેંશન યોજનાને પ્રોત્સાહીત કરવાવાળી નવીન વ્યવસ્થાઓ તથા કૌટંબીક આવક પૂરક, પૂરક લાભ અને આવાસના સ્થાને આવકથી સબંધિત અનેક પ્રકારના લાભો આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. એપ્રિલ 1987માં સામાજિક ભંડોળમાંથી માતુ અને દાહ સંસ્કાર માટે ખર્ચ થનાર ઘનરાશી આપવાની જોગવાઈ કરવામાં આવી.

વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા, વૈયકિતક સમાજસેવાઓ તથા સામાજિક સુરક્ષાએ ઈંગ્લેન્ડમાં જોવા મળતી. સમાજ કલ્યાણ વ્યવસ્થાના મુખ્ય અંગો છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવાઓ હેઠળ બધાજ નાગરીકોને તેમની આવક પર ધ્યાન આપ્યા સિવાય વ્યાપક રૂપથી ચિક્ત્સકીય સેવાઓ પ્રદાન કરવામાં આવે છે. સ્થાનિય પ્રાધીકરણ, વૈયક્તિક અને સમાજસેવી અને સ્વૈચ્છિક સંગઠન વૃદ્ધો, અસમર્થો તેમજ દેખભાળની આવશ્યકતા નબળા બાળકોને સહાયતા અને પરામર્શન પ્રદાન કરે છે. સામાજિક સુરક્ષા નાણાકીય જરૂરીયાતો વાળા વ્યક્તિઓને એક મૂળભૂત જીવન સ્તરનું આશ્વાસન આપે છે. તેઓના માટે રોજી-રોટી કમાવવાની અસમર્થતાની સ્થિતિમાં આવક પ્રદાન કરવામાં આવે છે અને અસમર્થતાને કારણે થનાર વધારાના ખર્ચ માટે સહાયતા પ્રદાન કરવામાં આવે છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવાની જવાબદારી કેન્દ્ર સરકાર દ્વારા પ્રત્યક્ષરૂપથી ગ્રહણ કરવામાં આવે છે. આ સહાયતા તેના એજન્ટના રૂપમાં વિવિધ બોર્ડો દ્વારા ઉપાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર સામાજિક સુરક્ષા માટે પ્રત્યક્ષરૂપથી જવાબદાર છે.

**ઈંગ્લેન્ડમાં સમાજકાર્ય શિક્ષાનો વિકાસ :**

ઈંગ્લેન્ડમાં 1950 સુધી સમાજકાર્ય શિક્ષણનો શુભારંભ થઈ શકયો નહતો. સમાજકાર્યના ક્ષેત્રમાં તાલીમ પામેલ માનવબળ ખૂબ જ નહીવત્ હતું. કેમકે તાલીમની સુવિધા ઉપલબ્ધ ન હતી. પરંતુ માનસિક સ્વાસ્થ્ય, ચિકિત્સકીય સમાજકાર્ય, બાળકોની દેખભાળ જેવા વિશિષ્ટ ક્ષેત્રોમાં ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હતા.

સમાજ કાર્યકર્તાઓ માટે સેવા યોજન્તા અને પ્રશિક્ષણ માટે કાર્નેજીનો પહેલો અહેવાલ (1947)માં પ્રસિદ્ધ થયો. જેની ભલામણોમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો યુનિવર્સિટીઓમાં સ્વતંત્રરૂપથી સમાજકાર્યની તાલીમ આપતા વિભાગ ખોલવામાં આવે.

આ ભલામણોને આધારે એક સમિતિ બનાવવામાં આવી. આ સમિતિએ 1950માં એક ઉપસમિતિ બનાવી. જેણે એક વર્ષિય વૈયકિતક સેવાકાર્ય સબંધિત પ્રમાણપત્ર (Post Certificate) નો અભ્યાસક્રમ બનાવવાની જવાબદારી આપવામાં આવી. આ સમિતિની એ માન્યતા હતી કે વિભિન્ન ક્ષેત્રોમાં કાર્યકરવાવાળા બધા જ સમાજ કાર્યકરોને ચોકકસ પ્રકારની કુશળતાઓની આવશ્યકતા પડે છે . આ બાબતને ધ્યાનમાં રાખીને એક અભ્યાસકમ બનાવ્યો. જેમાં માનવ વ્યવહાર સબંધી કુશળતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કાર્નેજીનો બીજો રિપોર્ટ 1951માં પ્રકાશિત થયો. જેમાં સમાજકાર્ય વિદ્યાલયોનું નામ બદલીને વ્યાવહારિક સમાજકાર્ય અધ્યયન સંસ્થા (Institute of Applied Social Studies) કરવામાં આવ્યું.

1951માં ટાવિસ્ટાક કલીનીકે માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રોમાં કામ કરવાવાળા સમાજકાર્યકરો માટે એક તાલીમી અભ્યાસક્રમ ચલાવવાનો નિર્ણય કર્યો. 1959 સુધી 24 સમાજવિજ્ઞાન વિભાગોમાંથી 5 વિભાગોમાં સમાજકાર્યની શિક્ષા આપવામાં આવતી હતી.

પ્રથમ દ્વિવર્ષિય સ્તાત્તકોત્તર સમાજકાર્ય શિક્ષણનો પ્રારંભ 198માં ન્યુયાર્ક યુનિવર્સિટીમાં કરવામાં આવ્યો. સસેક્સ યુનિવર્સિટીએ ચૌદ માસના અભ્યાસકંમને બે વર્ષનો બતાવ્યો. આ જ પ્રકારે નાટીઘમ યુનિવર્સિટીમાં પણ બે વર્ષિય સમાજકાર્ય અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવી. 1970ના અંત સુધીમાં સમાજકાર્યનું સંપૂર્ણ શિક્ષણ વ્યકિત, જૂથ તથા સમુદાયને આભાર માનીને પ્રદાન કરવામાં આવતું હતું. 1975માં ઈંગ્લેન્ડમાં 35 યુનિવર્સિટીઓમાં સમાજકાર્ય વિભાગો શરૂ થયા હતા.

- **તમારી પ્રગતિને ચકાસો :**

1. ઈંગ્લેન્ડમાં સમાજકાર્ય શિક્ષણના વિકાસને ટૂંકમાં લખો.
2. સમન્વય અને નિયંત્રણના યુગની ચર્ચા કરો.
3. બેવરીઝ રીપોર્ટ વિશે નોધ લખો.
4. નિર્ધનોના પ્રકારો લખો.

૫. એલીઝાબેથના પુઅર લોની જોગવાઈઓ ચર્ચો.

- **બહુવૈકલ્પિક પ્રશ્નો :**

(1) Poor Law Commission ની સ્થાપના કયા સમયગાળા દરમ્યાન કરવામાં આવી ?
(અ) ઈ.સ. 1834 થી 1905ના ગાળામાં (બ) ઈ.સ. 1-00 થી 1834ના ગાળામાં
(ક) ઈ.સ. 1200 થી 1500ના ગાળામાં (ડ) ઈ.સ. 1500 થી 1600ના ગાળામાં

(૨) Y.W.C.A. નું પૂરું નામ
(અ) યંગ વુમન ક્રિમ્ચિન એસોસીયેશન (બ) યંગ વર્ક કિશ્ચિયન એસોસીયેશન
(ક) યુવા કાર્ય એસોસીયેશન (ડ) યંગ મેન કિશ્ચિન એસોસીયેશન

(3) એલીઝાબેથના નિર્ધન કાનૂનમાં કોને સાંકળવામાં આવ્યા હતા ?
(અ) ગરીબોને (બ) શાહુકારોને (5) કર્મચારીઓને (ડ) સ્વસ્થ શરીરવાળા ધનવાનોને

(4) ઈંગ્લેન્ડમાં સમાજ સુરક્ષા લાભ કાયદો કયારે બન્યો ?
(અ) 1936 (બ) 1975 (ક) 1937 (5)1982

(5) ઈંગ્લેન્ડમાં સમાજકાર્યનો કોર્ષ પ્રથમ કયા વિષયને લઈને શરૂ થયો ?
(અ) સામુદાયીક સંગઠન (બ) સમાજકાર્ય સંશોધન
(ક) માનવ વ્યવહાર સબંધી જ્ઞાન (ડ) સામાજીક ક્રિયા

(6) ઈંગ્લેન્ડમાં પહેલી દ્વિવર્ષીય સ્નાતકોત્તર સમાજકાર્ય શિક્ષણનો કાર્યક્રમ કયારે શરૂ થયો ?
(અ) 1800 (બ) 1885 (ક) 1966 (5)1999

- **સંદર્ભ સૂચિ :**

1. ભારતમાં ગ્રામિણ સમાજશાસ્ત્ર : ડો. અક્ષર કુમાર દેસાઈ
૨. ભારતીય નગર : ડો. અક્ષર કુમાર દેસાઈ
3. સમાજશાસ્ત્ર : આર આર ગુપ્તા (હિન્દી)
4. સમાજકાર્ય : (હિન્દી) તેજસ્કર પાંડેય
૫. સમાજકાર્યનું તત્ત્વ દર્શન : ડો. મુકેશ પ્રજાપતિ
6. સમાજકાર્ય (હિન્દી) : રાજારામ શાસ્ત્રી
7. ગ્રામિણ સમાજશાસ્ત્ર : એ.જી. શાહ

# એકમ 4 સામાજિક સુધારણા અને વ્યવસાયિક સમાજકાર્ય : ભારતમાં વ્યવસાયિક સમાજકાર્ય વિકાસ

-: રૂપરેખા :-


4.0 એકમનાં હેતુઓ

4.1 પ્રસ્તાવના

4.2 માનવ અધિકાર

4.3 લોકશાહી

4.4 ઉદારમતવાદ

4.5 સમાજવાદ

4.6 ઉપસંહાર

4.7 તમારી પ્રગતિ ચકાસો

4.8 ચાવીરૂપ શબ્દો

4.9 સંદર્ભ સૂચિ


## 4.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સામાજિક સુધારણાના ઐતિહાસિક સંદર્ભને સમજવું.
- સામાજિક સુધારણાની ચળવળોની અસર વિષે જાણવું.
- સમાજ સુધારકો એ આપેલ યોગદાન વિષે જાણવું.

## 4.1 પ્રસ્તાવના

સામાજિક સુધારણા ચળવળ એ એક એવા પ્રકારની સમાજીમ ચળવળ હતી. જેનું મુખ્ય ધ્યેય સમાજમાં ઝડપી ફેરફારોને બદલે સમાજમાં ક્રમશઃ પરીવર્તન લાવવું હતું. બ્રિટિશ શાસનકાળ દરમિયાન સમાજકાર્ય સામાજિક સુધારણાના સ્વરૂપમાં વિકાસ પામ્યું. 19મી સદીની શરૂઆતમાં ભારતની સ્થિતિ દયનીય બની. નવાબ અને ત્યાંના સ્થાનિક શાસકોએ નાના રાજ્યોની સ્થાપના કરી. જે હમેશા એકબીજા સાથે લડવામાં વ્યસ્ત રહેતા હતા. પ્લાસીના યુદ્ધ બાદ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા દેશના મોટા ભાગના પ્રદેશો પર નોંધપાત્ર રીતે પોતાની પકડ જમાવી. ભારતમાં 19મી સદી એ નોંધપાત્ર સામાજિક, આર્થિક અને રાજકીય ફેરફારોનો સમયગાળો હતો. સમાજ સુધારનો મુખ્ય ઉદ્દેશ એવું પરીવર્તન લાવવાનો છે. જેનાથી સમુદાયના મૌલિક મૂલ્ય તથા સામાજિક સંસ્થાઓ પ્રભાવિત થાય. સમાજ સુધારનો ઉદ્દેશ્ય સમગ્ર સમુદાયની જીવનશૈલીમાં પરીવર્તન લાવવાનો છે. સમાજ સુધાર સ્વૈચ્છિક નેતા દ્વારા થાય છે જ્યારે સમાજ કાર્ય વ્યાવસાયિક કાર્યકર વ્યાવસાયિક કાર્યકર દ્વારા કરવામાં આવે છે.

સમાજસુધારનું કાર્ય સમાજની એવી સંસ્થાઓમાં ફેરફાર કે બદલાવ લાવવાનો છે જે અયોગ્ય થઈ રહી છે તથા નુકસાનકારક બની છે. દુઃખ દરિદ્રતાનું કારણ બની છે. સમાજ સુધાર

કરનાર સમૂહોની એ માન્યતા છે કે સામાજિક સુધાર તો શક્ય હોય. સમુદાયના લોકોના સમગ્ર જીવનને અસર કરે એવો બદલાવ લાવવા માટે સમાજ સુધારનો સંબંધ છે. ભારતમાં 19મી સદીમાં સામાજિક સુધારણા અને વ્યાવસાયિક સમાજકાર્યનો સામાજિક સુધારણા અને સમુદાયના ઉત્થાન માટે એક સાથે મળીને કાર્ય કરે છે. સમાજ સુધારણા એ સામાજિક ન્યાય, અસમાનતા અને બીજી સમસ્યાઓ જેવી સામાજિક સમસ્યાઓ અને બીજી સમાજની પદ્ધતિએ સમાજમાં અરાજકતા ફેલાવવાનું કામ તેની સામે લડત આપવાનું કામ કરે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

1) સમસ્યાની ઓળખ : સમસ્યાની ઓળખ કરવી જેવી કે ગરીબી, ભેદભાવ, ભ્રષ્ટાચાર વગેરે.

2) હિમાયત કરવી : લોકોની સમસ્યાનો હલ કરવા માટે નીતિ, કાયદા અથવા સામાજિક ધારા ધોરણ માં ફેરફાર લાવવો.

3) સક્રિયતા : સમુદાયને ગતિશીલ બનાવવું અને તેમાં ફેરફાર લાવવા માટે ઝુંબેશ ચલાવવી.

4) કાયદાકીય મદદ કરવી : સામાજિક અન્યાયને સંબોધતા કાયદા બનાવવા અથવા સુધારવા માટે નીતિનું ઘડતર કરનાર સાથે કામ કરવું.

5) જન જાગૃતિ : સામાજિક મુદ્દાઓ અને સંભવિત ઉકેલ વિશે લોકોને શિક્ષિત કરવું.

**વ્યાવસાયિક સમાજ કાર્ય :**

સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. તેનો આધાર વૈજ્ઞાનિક જ્ઞાન પર છે અને માનવસંબંધની કુશળતા પર રહેલો છે. તે વ્યક્તિ, જૂથ અને સમૂદાયને વ્યક્તિગત અને સામાજિક સુખાકારી તથા સ્વતંત્રતા મેળવવામાં મદદ કરે છે. હવે એ વાતનો સ્વીકાર થાય છે કે, સામાજિક સમસ્યાઓ ઉકેલવામાં અને વ્યક્તિઓને મદદ કરવા માટે ચોક્કસ જ્ઞાન અને કુશળતાની જરૂર છે. આ ઉપરાંત સંવેદના, સમજણ અને પ્રતિબદ્ધતા વગેરે ગુનો પણ સામાન્ય રીતે સમાજકાર્યમાં અનિવાર્ય છે. સમાજકાર્ય માટે જરૂરી જ્ઞાન અને કુશળતાઓ શિક્ષણ દ્વારા મેળવી શકાય. લોકોને મદદ કરવાના કાર્યોને હવે આવશ્યક સામાજિક કાર્યો તરીકે ઓળખવામાં આવે છે. જેથી જેઓ આ કાર્ય કરે છે તેમને તેમની સેવાઓ માટે વળતર આપવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે ડોક્ટર, વકીલ અને એંજિનિયર વ્યાવસાયિક તરીકે જાણીતા છે. તેમની કક્ષામાં સમાજકાર્યએ પણ વ્યવસાય તરીકે જરૂરી તમામ લક્ષણો પણ ધરાવે છે.

સમાજકાર્ય ગંભીરતાપૂર્વક વિચાર કરીએ તો સ્પષ્ટ થાય છે કે તેમાં એ બધા ગુણ અને વિશેષતાઓ છે. જેને આધારે તેને વ્યવસાય તરીકે સ્વીકારી શકાય છે. અમેરિકા અને ઇંગ્લેન્ડમાં તેનો સ્વીકાર વધુ થયો છે. આપણા દેશમાં હજુ તે વ્યવસાય તરીકે વિકસી રહ્યો છે. હજુ સુધી સમાજકાર્ય સમાજને એ વિશ્વાસ આપવી શક્યું નથી કે વ્યાવસાયિક રીતે તાલીમ પામેલા વ્યક્તિ બિનતાલીમ પામેલા વ્યક્તિ કરતાં વધુ વૈજ્ઞાનિક અને સૈદ્ધાંતિક જ્ઞાનને આધારે તેની પદ્ધતિઓનો ઉપયોગ કરીને વધુ યોગ્ય સેવા કરી શકે છે. તેને પરિણામે સમાજકકાર્યને એક વ્યવસાય તરીકે અનેક અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.

**19મી અને 20મી સદી દરમિયાન ભારતમાં સમાજ સુધારકોનો ફાળો**

પશ્ચિમી સંસ્કૃતિ અને શિક્ષણના પરિચયમાં આવી 19મી સદીના શરૂઆતના દાયકમાં લોકોને આપણા સમાજમાં ચાલી આવતા સામાજિક અને ધાર્મિક રિવાજોમાં ફેરફાર લાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ. ભારતીય સમાજની નબળાઈ અને કુરિવાજો શિક્ષિત ભારતીયો

માટે દેખીતા હતા, તેને દૂર કરવા માટે તે શિક્ષિત ભારતીયો દ્વારા જ વ્યવસ્થિત રીતે પહેલ કરવાની યોજના બનાવવાનું અને તે દિશામાં કામ કરવાનું શરૂ કર્યું. મોટાભાગની સુધારણાત્મક ચળવળ એ સમાજની તે સમયની પ્રવર્તમાન ખરાબીઓનું પરિણામ હતું. શિક્ષિત હિન્દુઓ હવે જે સદીઓથી ચાલી રહી હતી તેવી હિન્દુ સમાજની પરંપરાઓ, માન્યતાઓ અને પ્રથાઓને સ્વીકારવા તૈયાર ન હતા. પશ્ચિમ વિચારોની અસરે નવી જાગૃતિને જન્મ આપ્યો. ભારતીય સામાજિક પરિદૃશ્યમાં જે પરીવર્તન થયું તેને પુનરુજ્જીવન તરીકે ઓળખવામાં આવે છે.

19મી અને 20મી સદીના અગ્રણી સમાજ સુધારકોની વિગતો નીચે મુજબ છે :

**1. રાજા રામમોહનરોય :**

રાજા રામમોહન રોયનો જન્મ 22મી મે, 1772ના થયો હતો, રાજા રામમોહન રોય (1772-1833) ભારતમાં એક અગ્રણી સમાજ સુધારક તરીકે વ્યાપકપણે ઓળખાય છે. જેમના પ્રયાસોએ દેશમાં આધુનિક સુધારણાની ચળવળનો પાયો નાખ્યો. ખાસ કરીને ધર્મ, શિક્ષણ અને સામાજિક પ્રથાઓના ક્ષેત્રમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહેલું છે. ઓગષ્ટ 1828માં તેઓએ 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. તેઓ ભારતીય પુનરુજ્જીવનના પિતા તરીકે ઓળખાય છે. સમાજ સુધારક તરીકે તેમની ભૂમિકા અને યોગદાનની ઝાંખી નીચે મુજબ છે :

**1. સતીપ્રથા નાબૂદી :**

સતીપ્રથા એ એક પ્રથા હતી જેમાં વિધવાને ફરજ પાડવામાં આવતી હતી અથવા તેના પતિના અંતિમ સંસ્કાર પર આત્મદાહ કરવાનું પસંદ કરવામાં આવતું હતું. આ પ્રથા ભારતના અમુક ભાગમાં પ્રચલિત હતી. રાજા રામમોહનરોય દ્વારા સતીપ્રથાનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો. બ્રિટિશ સરકારને તેમની હિમાયત અને અરજીઓ સતી પ્રથાના અંતિમ નિષેધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમના પ્રયત્નો દ્વારા 1829માં બંગાળમાં સતી નિયમન કાયદો અમલમાં આવ્યો, જેને આ પ્રથાને ગેરકાયદેસર બનાવી.

**2. મહિલા હકોનો પ્રચાર**

19મી સદીની શરૂઆતમાં ભારતમાં મહિલાઓએ વિધવા પુનઃલગ્ન અને શિક્ષણ પરના નિયંત્રણો સહિત નોંધપાત્ર સામાજિક અને કાનૂની ભેદભાવોનો સામનો કરવો પડ્યો હતો.

**3. શિક્ષણનો પ્રચાર :**

રાજા રામમોહનરાય આધુનિક શિક્ષણના પ્રબળ સમર્થક હતા અને ભારતમાં પશ્ચિમી શિક્ષણની રજૂઆત તરફ કામ કર્યું હતું. તેમણે 1817માં કલકત્તામાં હિન્દુ કૉલેજની સ્થાપના કરી, જેમાં અંગ્રેજી શિક્ષણ અને આધુનિક વિષયોને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. પરમપરાગત અને ધર્મલક્ષી શિક્ષણ ના સ્થાને તર્કસંગત અને વૈજ્ઞાનિક શિક્ષણ પર ભાર મૂક્યો.

**4. ધાર્મિક સુધારણા અને બ્રહ્મોસમાજ :**

રાજા રામમોહન રોય એકેશ્વરવાદને પ્રોત્સાહન આપીને હિન્દુ ધર્મમાં સુધારાઓ કરવાનો પ્રયાસ કર્યો અને આ સાથે હિન્દુ ધર્મમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ અને બદીઓની નિંદા કરવામાં આવી. આ માટે 1828માં તેમણે બ્રહ્મોસમાજની સ્થાપના

કરી. જેનો હેતુ એક ધાર્મિક સુધારાવાદી ચળવળનો હતો અને આ સાથે એકેશ્વરવાદ અને સામાજીક તથા નૈતિક સુધારણાને પ્રોત્સાહન આપવાનો હતો. બ્રહ્મોસમાજે આધ્યામિકતા પ્રત્યે વધુ તર્કસંગત અને સાર્વત્રિક અભિગમની હિમાયત કરી, આ સાથે મૂર્તિપૂજા અને જાતિ વ્યવસ્થાને દૂર કરવાનો પ્રયાસ કર્યો.

**5 સામાજિક સમાનતા માટે હિમાયત :**

રાજા રામામોહન રોય એ સામાજિક મુદ્દાઓ જેવા કે મહિલાના હકો તથા છેવાડાના માનવીના હકો બાબતે પણ ચિંતિત હતા. તેમણે વિધવા પુનઃવિવાહ અને તેમણે લગતા અધિકારોની હિમાયત કરી અને આ સાથે બાળલગ્નનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આ તમામ પ્રયત્નો છતાં આ સુધારાઓ તેમના જીવનકાળ દરમિયાન સંપૂર્ણ રીતે સાકર થયા ના હતા પરંતુ તેમની હિમાયતે ભાવિ સામાજિક ફેરફારો માટે પાયો નાખ્યો હતો.

**2. હેન્રી લુઈસ વિવિયન ડેરોઝિઓ :**

હેનરીનો જન્મ 18 એપ્રિલ, 1809માં કલકત્તામાં થયો હતો. 1820ના અંતમાં અને 18030ની શરૂઆત દરમિયાન બાગાળાના યુવાનોમાં એક આમૂલ અને બૌદ્ધહિક વલણ ઊભરી વાયુ જે ''યંગ બંગાળ ચળવળ'' તરીકે જાણીતું બન્યું. 1826 થી 1831 દરમિયાન હિન્દુ કૉલેજમાં ભણાવનાર યુવાન, એંગલો ઇંડિયન હેનરી વિવિયન ડેરોઝિયો આ પ્રગતિશીલ વલણના આગેવાન અને પ્રેરક હતા. મહાન ફ્રેંચ ક્રાંતિમાથી પ્રેરણા લઈને, હેન્રી તેમના વિધ્યાર્થીઓને તમામ સત્તા, પ્રેમ, સ્વતંત્રતા, સમાનતા અને સ્વતંત્રતા અંગે મુક્તપણે અને તર્કસંગત રીતે વિચારવા અને ક્ષીણ થતા રિવાજો અને પરંપરાઓનો વિરોધ કરવા પ્રેરિત કર્યા. હેન્રીએ માહિલાઓના અધિકારો અને શિક્ષણને પણ સમર્થન આપ્યું હતું. હેન્રી કદાચ આધુનિક ભારતના પ્રથમ રાષ્ટ્રવાદી કવિ હતા. જો કે હેન્રી લાંબા ગાળાની અસર ઉપજાવવામાં નિષ્ફળ ગયા. હેન્રીને તેના કટ્ટરપંથીવાદને કારણે 1831માં હિન્દુ કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તેમની મર્યાદિત સફળતાનું મુખ્ય કારણ તે સમયે પ્રવર્તતી સામાજિક પરિસ્થિતિઓ હતી, જે કટ્ટરપંથી વિચારોને અપનાવવા માટે યોગ્ય ના હતી. હકીકતમાં તેમનો કટ્ટરવાદ પુસ્તકીયો હતો. આટલી મર્યાદાઓ હોવા છતા હેન્રી સામાજિક, આર્થિક અને રાજકીય પ્રશ્નો પર જાહેર શિક્ષણની રાજા રામમોહનરાયની પરંપરાને આગળ ધપાવી.

**3. સૈયદ અહમખાં**

સૈયદ અહમખાં (1817- 1898) એ 19મી સદીના ભારતના એક અગ્રણી સમાજ સુધારક, શિક્ષક અને રાજકીય નેતા હતા જેઓએ મુસ્લિમ સમુદાયના આધુનિકીકરણ અને સુધારણા માટે સઘન પ્રયાસો કર્યા. તેમનું યોગદાન કેટલાક ક્ષેત્રોમાં નોંધપાત્ર હતું, જે નીચે મુજબ છે :

**1. શૈક્ષણિક સુધારણા :**

સૈયદ અહમખાં શિક્ષણ ક્ષેત્રે તેમના કામ માટે જાણીતા છે. તેમણે 1875 માં અલીગઢમાં ઍંગ્લો-મોહમેડન-ઓરિએન્ટલ કૉલેજની સ્થાપના કરી, જે પાછળથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી તરીકે જાણીતી થઈ. તેમનો દ્રષ્ટિકોણ મુસ્લિમ આધુનિક અને વૈજ્ઞાનિક શિક્ષણને પ્રોત્સાહન આપવાનું હતું, જે પરંપરાગત ઈસ્લામિક શિક્ષણને પશ્ચિમી વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે મિશ્રિત કરે. તેઓ

એવું માનતા હતા કે તેમના સમુદાયની પ્રગતિનો આધાર આધુનિક શિક્ષણ પર રહેલો છે.

**2. સામાજિક સુધારણા :**

સૈયદ અહમખાંનો હેતુ મુસ્લિમ સમુદાયની અંદર સામાજિક મુદ્દાઓને ઉકેલવાનો હતો. તેમણે બાળલગ્ન અને પરદાપ્રથા જેવા જૂના રિવાજો અને પ્રથાઓને દૂર કરવાની હિમાયત કરી હતી. તેમણે ઈસ્લામિક સિદ્ધાંતો અને આધુનિક મૂલ્યો બંને સાથે સુસંગત સામાજિક સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

**3. ધાર્મિક સહિષ્ણુતા અને સુધારણા :**

તેમણે ઈસ્લામના વધુ તર્કસંગત અને વૈજ્ઞાનિક અર્થઘટનને પ્રોત્સાહન આપ્યું. મુસ્લિમોને આધુનિક વિજ્ઞાન અને વિચારો સાથે જોડવા માટે પ્રોત્સાહિત કરીને તેમને સમકાલીન જ્ઞાન સાથે ઈસ્લામિક ઉપદેશોનો સુમેળ સાધવાનો પ્રયાસ કર્યો. તેમણે મુસ્લિમો અને અન્ય સમુદાય વચ્ચેના અંતરને દૂર કરવા માટે પણ કામ કર્યું, પરસ્પર સમજણ અને સહકારની હિમાયત કરી.

**4. સામાજિક અને રાજકીય હિમાયત :**

સૈયદ અહમખાં બ્રિટિશ સંસ્થાનવાદી માળખામાં મુસ્લિમોના અધિકારોના મજબુત હિમાયત હતા. તેમનું એવું માનવું હતું મુસલમાનોએ કોમી રમખાણોનો સહારો લેવાને બદલે તેમના ધ્યેયો હાંસલ કરવા વર્તમાન રાજકીય વ્યવસ્થા પર કામ કરવું જોઈએ. તેમનો અભિગમ વ્યાવહારિક હતો તેમણે બ્રિટિશ સત્તાવાળા સાથે સહકારથી કામ કરવાની સાથે મુસ્લિમ હિતોનું રક્ષણ કરવાનો પ્રયાસ કર્યો.

**5. વારસો :**

સૈયદ અહમખાંના પ્રયાસોએ ભારતમાં આધુનિક મુસ્લિમ શૈક્ષણિક અને સામાજિક સુધારણા ચળવળનો પાયો નાખ્યો. તેમના વારસાને મુસ્લિમોમાં શિક્ષણ અને બુદ્ધિવાદને આગળ વધારવા અને વસાહતી ભારતમાં આધુનિકતા અને સુધારા પર પ્રવચનને આકાર આપવામાં તેમની ભૂમિકા માટે યાદ કરવામાં આવે છે.

### ઈશ્વરચંદ્ર વિધ્યાસાગર :

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (1820-1891) 19મી સદીના ભારતમાં સામાજિક સુધારણાની ચળવળના મુખ્ય વ્યક્તિઓમાના એક હતા. એક સમાજ સુધારક તરીકેનું તેમનું યોગદાન તેમના સમયના અનેક મહત્ત્વના સામાજિક મુદ્દાઓને ઉકેલવામાં મહત્ત્વપૂર્ણ હતું. અહી તેમનું યોગદાન નીચે મુજબ છે :

**1. શિક્ષણ અને સાક્ષરતા :**

ખાસ કરીને મહિલાઓ અને સમાજના છેવાડાના વ્યક્તિઓના વર્ગ માટે વિદ્યાસગર એ શિક્ષણના પ્રખર હિમાયતી હતા. તેમણે કન્યાઓ માટે શિક્ષણને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને સ્ત્રીઓને શિક્ષણ આપતી શાળાઓની સ્થાપનાને ટેકો આપ્યો હતો. આ ક્ષેત્રમાં તેમના પ્રયાસોએ ભવિષ્યના શૈક્ષણિક સુધારાઓ માટે પાયો નાખવામાં મદદ કરી.

**2. સામાજિક સુધારણા :**

વિદ્યાસાગરના સૌથી નોંધપાત્ર યોગદાનમાંનું એક તેમનું સામાજિક સુધારણા તરફનું કાર્ય હતું. તેઓ બાળલગ્ન અને દહેજ પ્રથા જેવી પ્રથાઓના કટ્ટર ટીકાકાર હતા. તેમની હિમાયતને કારણે 1856માં હિંદુ વિધવાઓના પુનર્લગ્ન અધિનિયમને પસાર કરવામાં આવ્યો, જેણે હિંદુ વિધવાઓના પુનર્લગ્નને કાયદેસર બનાવ્યો અને હિંદુ સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવામાં સીમાચિહ્નરૂપ હતું.

**3. ભાષા અને સાહિત્ય :**

વિદ્યાસાગરે બંગાળી સાહિત્ય અને ભાષામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. બંગાળી ગદ્યના આધુનિકીકરણમાં અને શિક્ષણ અને સાહિત્યમાં બંગાળી ભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં તેમની ભૂમિકા હતી. તેમની કૃતિઓમાં બંગાળી સાહિત્યના મહત્ત્વના ગ્રંથોનો સમાવેશ થાય છે અને તેમણે બંગાળી લિપિને સરળ અને પ્રમાણિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

**4. સામાજિક ટીકા અને હિમાયત :**

તેઓ વિવિધ સામાજિક દુષણો અને અંધશ્રદ્ધાઓના ટીકાકાર હતા. તેમના લખાણો અને ભાષણો ઘણીવાર રૂઢિચુસ્ત પ્રથાઓને પડકારતા હતા અને તર્કસંગત વિચારસરણી અને સુધારા માટે આહ્વાન કરતા હતા. તેમણે મહિલાઓના અધિકારો અને ગૌરવની હિમાયત કરી અને સામાજિક ભેદભાવ અને અન્યાય સામે લડત આપી.

**5. વારસો અને અસર :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના સુધારાત્મક કાર્યની ભારતીય સમાજ પર કાયમી અસર ઉપજાવી. તેમના પ્રયાસોએ મહિલાઓની સામાજિક સ્થિતિ સુધારવા, શિક્ષણને પ્રોત્સાહન આપવા અને બંગાળી સાહિત્યને આધુનિક બનાવવામાં મદદ કરી. તેમના વારસાને સામાજિક ન્યાય પ્રત્યેના તેમના સમર્પણ અને ભારતમાં વ્યાપક સામાજિક સુધારણા ચળવળમાં તેમની ભૂમિકા માટે યાદ કરવામાં આવે છે.

**દયાનંદ સરસ્વતી :**

દયાનંદ સરસ્વતી (1824-1883) એક અગ્રણી સમાજ સુધારક, ધાર્મિક નેતા અને ‘આર્યસમાજ’ના સ્થાપક હતા. તેમના કાર્યની 19મી સદીના ભારતના સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર અસર પડી હતી. સમાજ સુધારક તરીકેના તેમના યોગદાનના કેટલાક મુખ્ય પાસાઓ અહીં છે :

**1. ધાર્મિક સુધારણા :**

દયાનંદ સરસ્વતી હિંદુ ધર્મને સુધારવાના તેમના પ્રયાસો માટે જાણીતા છે. તેમણે વૈદિક સિદ્ધાંતો તરફ પાછા ફરવાની હિમાયત કરી હતી અને ઘણી પ્રથાઓને નકારી કાઢી હતી જેને તેઓ ભ્રષ્ટ અથવા અંધશ્રદ્ધાળુ માનતા હતા. તેઓ એવું માનતા હતા કે જો હિન્દુ ધર્મમાં સુધારો લાવવો હોય તો વેદો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, જે ઘણી ધાર્મિક પ્રથાઓ અને સામાજિક ધોરણોને સુધારવામાં મદદરૂપ બનશે.

**2. સામાજિક સુધારણા :**

સરસ્વતી જ્ઞાતિ પ્રથા, બાળ લગ્ન અને અસ્પૃશ્યતાની પ્રથા જેવા સામાજિક દૂષણોની

પ્રખર ટીકાકાર હતા. તેમણે, તેમની જાતિ અથવા સામાજિક દરજ્જાને ધ્યાનમાં લીધા વગર તમામ હિંદુઓમાં સમાનતાના વિચારને પ્રોત્સાહન આપ્યું. તેઓ આંતરજ્ઞાતિય લગ્નોને પણ ટેકો આપતા હતા અને મહિલા શિક્ષણના હિમાયતી હતા.

**3. શિક્ષણ અને આધુનિકતા :**

દયાનંદ સરસ્વતીએ આધુનિક શિક્ષણના મહત્ત્વ અને શૈક્ષણિક પ્રણાલીમાં વૈજ્ઞાનિક જ્ઞાનનો સમાવેશ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.. તેમણે મહિલાઓ અને સમાજના વંચિત વર્ગના શિક્ષણ માટે હિમાયત કરી હતી. તેમના પ્રયાસોથી આર્ય સમાજ હેઠળ વિવિધ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના થઈ, જેનો ઉદ્દેશ્ય આધુનિક અને વૈદિક-આધારિત શિક્ષણ આપવાનો હતો.

**4. સામાજિક અને રાજકીય સક્રિયતા :**

સરસ્વતી માત્ર ધાર્મિક સુધારક જ નહીં પરંતુ સામાજિક અને રાજકીય કાર્યકર પણ હતા. તેઓ સામાજિક ન્યાય અને સુધારાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ ચળવળોમાં સામેલ હતા.

**5. સાહિત્યિક યોગદાન :**

દયાનંદ સરસ્વતીએ ધાર્મિક અને સામાજિક મુદ્દાઓ પર વિસ્તૃત લેખો લખેલા છે. તેમની સૌથી પ્રસિદ્ધ કૃતિ સત્યાર્થ પ્રકાશ (સત્યનો પ્રકાશ) તેમના દાર્શનિક અને ધર્મશાસ્ત્રીય મંતવ્યોની રૂપરેખા આપતો, સમકાલીન હિંદુ પ્રથાઓની ટીકા કરતો અને સુધારાની હિમાયત કરતો ઉત્તમ ગ્રંથ છે. આર્યસમાજ અને સુધારાવાદી સાહિત્યમાં આ લખાણને મુખ્ય કાર્ય ગણવામાં આવે છે.

**જ્યોતિબા ફૂલે**

જ્યોતિરાવ ફૂલે (1827-1890) ભારતના અગ્રણી સમાજ સુધારક હતા, જેઓ કઠોર જાતિ વ્યવસ્થાને પડકારવા અને તેને તોડી પાડવા અને શિક્ષણ અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો માટે જાણીતા હતા. તેમના કામે ભારતમાં ઘણા આધુનિક સામાજિક સુધારા ચળવળોનો પાયો નાખ્યો. અહીં તેમના યોગદાનની ઝાંખી છે :

**1. જાતિ વ્યવસ્થા સામે પડકાર :**

ફૂલે જાતિ વ્યવસ્થાના કટ્ટર ટીકાકાર હતા, જેને તેઓ જુલમનું માધ્યમ માનતા હતા. તેમણે દલીલ કરી હતી કે જાતિ વંશવેલો, જેણે બ્રાહ્મણોને ટોચ પર મૂક્યા હતા અને અન્ય વિવિધ જૂથોને હાંસિયામાં ધકેલી દીધા હતા, તે દૈવી હુકમના બદલે માનવસર્જિત રચના હતી. તેમના લખાણો અને ભાષણોમાં અવારનવાર સામાજિક વંશવેલાની ટીકા કરવામાં આવી હતી.

**2. શિક્ષણને પ્રોત્સાહન :**

ફુલેનું સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન શિક્ષણ ક્ષેત્રે હતું. તેમણે 1873 માં સત્યશોધક સમાજ (સત્ય-શોધક સમાજ) ની સ્થાપના કરી, જેનો હેતુ નીચલી જાતિઓ અને મહિલાઓમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. તેમણે 1848 માં પુણેમાં પ્રથમ કન્યા શાળાની પણ સ્થાપના કરી, જે તે સમયે ક્રાંતિકારી હતી કારણ કે છોકરીઓના શિક્ષણની મોટાભાગે ઉપેક્ષા કરવામાં આવી હતી.

**3. સાહિત્યિક યોગદાન :**

ફુલે એક પ્રખર લેખક પણ હતા. તેમની નોંધપાત્ર કૃતિઓનો સમાવેશ થાય છે, જે નીચે મુજબ છે :

- 'ગુલામગીરી' (ગુલામી) 1873 માં પ્રકાશિત, જેમાં સામાજિક પરિસ્થિતિઓ અને નીચલી જાતિઓની દુર્દશાની ટીકા કરવામાં આવી હતી.
- 'શેતકાર્યચી આત્મકથા' (ખેડૂતની આત્મકથા) જ્યાં તેમણે ખેડૂતોની દુર્દશા પર પ્રકાશ પાડ્યો અને તેઓ જે શોષણનો સામનો કરી રહ્યા છે તેની ટીકા કરી.

**4. મહિલા અધિકારો માટેની હિમાયત :**

ફુલે મહિલાઓના અધિકારોની હિમાયત કરવામાં તેમના સમય કરતા આગળ હતા. તેઓ લિંગ સમાનતામાં દ્રઢપણે માનતા હતા અને ભારતીય સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટે અથાક મહેનત કરી હતી. મહિલા શિક્ષણને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો અને બાળ લગ્ન જેવી પ્રથાઓની તેમણે કઠોર નિંદા કરી હતી.

**5. સામાજિક સમાનતા અને સુધારણા :**

ફુલેનું કાર્ય વિવિધ સામાજિક સુધારાઓ સુધી વિસ્તર્યું હતું. તેમણે અસ્પૃશ્યતાની પ્રથાનો વિરોધ કર્યો અને સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના ઉત્થાનનો પ્રયાસ કર્યો. તેમના પ્રયત્નો માત્ર બૌદ્ધિક આલોચના પૂરતા મર્યાદિત ન હતા. પરંતુ વ્યવહારિક ક્રિયાઓ અને દલિત સમુદાયોને ટેકો આપતી સંસ્થાઓ સુધી વિસ્તર્યા હતા.

સમાનતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને સામાજિક ધોરણોને પડકારવામાં તેમના અગ્રણી પ્રયાસો તેમને ભારતીય ઈતિહાસના સૌથી નોંધપાત્ર સુધારકામોના એક વિરલ વ્યક્તિ તરીકે નિશ્ચિત કરે છે.

**રામકૃષ્ણ પરમહંસ**

શ્રી રામકૃષ્ણ પરમહંસ (1836-1886) 19મી સદીના ભારતમાં અત્યંત પ્રભાવશાળી આધ્યાત્મિક નેતા અને સમાજ સુધારક હતા. મુખ્યત્વે તેમની ઊંડી આધ્યાત્મિક સૂઝ અને રહસ્યમય અનુભવો માટે જાણીતા રામકૃષ્ણએ તેમના સમયના સામાજિક અને સાંસ્કૃતિક સુધારણામાં પણ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. અહીં એક સમાજ સુધારક તરીકેના તેમના યોગદાનની ઝાંખી છે :

**1. ધાર્મિક સહિષ્ણુતા માટે હિમાયત :**

ધાર્મિક સંવાદિતા અને સહિષ્ણુતાની હિમાયત રામકૃષ્ણના સૌથી નોંધપાત્ર યોગદાનમાંનું એક હતું. તેઓ માનતા હતા કે તમામ ધર્મો આખરે એક જ દૈવી સત્ય તરફ દોરી જાય છે, એક પરિપ્રેક્ષ્ય જેણે ભારતીય સમાજમાં પ્રવર્તતા સાંપ્રદાયિક વિભાજનને પડકાર્યો હતો. તેમના ઉપદેશોએ વિવિધ ધર્મોના અનુયાયીઓ વચ્ચે પરસ્પર આદર અને સમજણને પ્રોત્સાહન આપતા તમામ ધર્મોની એકતા પર ભાર મૂક્યો હતો.

**2. મહિલા સશક્તિકરણ :**

રામકૃષ્ણના ઉપદેશોમાં સમાજમાં મહિલાઓની ભૂમિકા અંગે પ્રગતિશીલ વિચારોનો સમાવેશ થતો હતો. મહિલા શિક્ષણ અને ઉત્થાન માટે તેમનું સમર્થન તેમના સમય માટે આગળની વિચારસરણી હતી, જે લિંગ સમાનતા તરફ વ્યાપક સામાજિક પરિવર્તનમાં ફાળો આપે છે.

**3. સામાજિક સમાનતાનો પ્રચાર :**

રામકૃષ્ણના ઉપદેશોએ સામાજિક સુધારણાની જરૂરિયાતને સંબોધિત કરી, ભારપૂર્વક જણાવ્યું કે આધ્યાત્મિક વિકાસ સામાજિક વર્ગ અથવા જાતિ દ્વારા પ્રતિબંધિત નથી. તેમણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને દલિત લોકોના ઉત્થાન માટે હિમાયત કરી, આ વિચારને પ્રોત્સાહન આપ્યું કે તેમની સામાજિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, દરેકમાં દૈવી હાજરી સમાન રીતે હાજર છે.

**4. રામકૃષ્ણ મિશન પર પ્રભાવ :**

રામકૃષ્ણના સુધારાત્મક પ્રયાસોની સૌથી સ્થાયી અસર તેમના મુખ્ય શિષ્ય સ્વામી વિવેકાનંદના કાર્ય દ્વારા થઈ, જેમણે 1897માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. તેણે વિવિધ સામાજિક સુધારણા પ્રવૃત્તિઓ હાથ ધરી, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- શાળાઓ, હોસ્પિટલો અને સખાવતી સંસ્થાઓની સ્થાપના.
- ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવું.
- આપત્તિ રાહત અને અન્ય માનવતાવાદી પ્રયાસોમાં સામેલ થવું.

રામકૃષ્ણ પરમહંસના ઉપદેશો અને તેમના શિષ્યોની અનુગામી ક્રિયાઓએ ભારતમાં સામાજિક સુધારણામાં નોંધપાત્ર યોગદાન આપ્યું, આધ્યાત્મિકતા અને સમાજ સેવા વચ્ચેના અંતરને દૂર કર્યું. તમામ ધર્મોની એકતા પરના તેમના ભાર અને સામાજિક મુદ્દાઓ પરના તેમના પ્રગતિશીલ વિચારોએ તેમને ભારતીય ઈતિહાસમાં પરિવર્તનશીલ વ્યક્તિ બનાવ્યા.

**પંડિતા રમાબાઈ :**

પંડિતા રમાબાઈ (1858-1922) ભારતમાં એક પ્રતિષ્ઠિત સમાજ સુધારક, શિક્ષક અને કાર્યકર હતા, જેઓ મહિલાઓના અધિકારો અને શિક્ષણની હિમાયતમાં તેમના અગ્રણી કાર્ય માટે જાણીતા હતા. તેમના યોગદાનની ભારતીય સમાજ પર ખાસ કરીને મહિલા સશક્તિકરણ અને સામાજિક સુધારણાના ક્ષેત્રોમાં ઊંડી અસર પડી હતી. અહીં તેમના જીવન અને કાર્યની ઝાંખી છે :

**1. મહિલા શિક્ષણ માટે હિમાયતઃ**

પંડિતા રમાબાઈ સ્ત્રીઓ અને છોકરીઓના શિક્ષણના કટ્ટર હિમાયતી હતા. એક સમયે જ્યારે સ્ત્રી શિક્ષણની વ્યાપક ઉપેક્ષા કરવામાં આવી હતી અને તેનો પ્રતિકાર પણ કરવામાં આવ્યો હતો, તેણીએ તેને પ્રોત્સાહન આપવા માટે અથાગ મહેનત કરી હતી. તેમણે 1889માં મુક્તિ મિશનની સ્થાપના કરી, જેનો ઉદ્દેશ્ય વિધવાઓ અને અનાથ છોકરીઓને શિક્ષણ, આશ્રય અને વ્યાવસાયિક તાલીમ આપવાનો હતો.

**2. વિધવાઓની અધિકારોના હિમાયતી :**

રમાબાઈ ભારતીય સમાજમાં વિધવાઓની દુર્દશા વિશે ખૂબ જ ચિંતિત હતા, જેમણે ઘણીવાર ગંભીર સામાજિક બહિષ્કાર અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેણીએ તેમના મુક્તિ મિશન દ્વારા તેમની સ્થિતિ સુધારવા માટે કામ કર્યું, જેણે તેમને વધુ સારા જીવન માટે ટેકો અને તકો પૂરી પાડી. તેણીના પ્રયત્નોએ વિધવાઓને હાંસિયામાં ધકેલી દેતી પરંપરાગત પ્રથાઓને પડકારી હતી અને સમાજમાં તેમની સ્થિતિ ઉન્નત કરવાનો હેતુ હતો.

**3. સામાજિક સુધારણા અને ધાર્મિક વિવેચન :**

રમાબાઈના સુધારાત્મક પ્રયાસો માત્ર શિક્ષણ ક્ષેત્ર પૂરતા મર્યાદિત ના હતા. તે વિવિધ સામાજિક અને ધાર્મિક પ્રથાઓ જ્યાં અસમાનતા પ્રવર્તતી હોય તેના ટીકાકાર હતા. તેમનું કાર્ય માત્ર મહિલાઓના પ્રશ્નો પૂરતું મર્યાદિત નહોતું; તેઓએ સામાજિક ધોરણો અને ધાર્મિક પ્રથાઓની પણ ટીકા કરી હતી જે તેઓ માટે અન્યાયી અથવા દમનકારી હતી.

**4. સાહિત્યિક યોગદાન :**

પંડિતા રમાબાઈ એક કુશળ લેખક અને અનુવાદક પણ હતા. તેઓના નોંધપાત્ર કાર્યો નીચે મુજબ છે :

- ‘ધ હાઈ-કાસ્ટ હિંદુ વુમન’ (1888) - આ પુસ્તકમાં, તેઓએ ઉચ્ચ જાતિની હિંદુ મહિલાઓની સ્થિતિનું વિગતવાર વર્ણન આપે છે અને તેમના પર દમન કરતી સામાજિક પ્રથાઓની ટીકા કરે છે.
- ‘મુક્તિ’ - એક આત્મકથાત્મક કૃતિ જેમાં તેઓ ના અંગત અનુભવો અને તેઓએ અનુભવેલી વ્યાપક સામાજિક-ધાર્મિક સમસ્યાઓની રૂપરેખા આપે છે.

**5. શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ :**

તેમના મુક્તિ મિશન દ્વારા રમાબાઈએ ઘણી સંસ્થાઓની સ્થાપના કરી; જેણે ભારતીય સમાજ પર ગહન છાપ છોડી. જે સંસ્થાઓ નીચે મુજબ છે :

- મુક્તિ સદન – વિધવાઓ અને નિરાધાર મહિલાઓ માટેનું ઘર.
- મુક્તિ કન્યા શાળા - એક શૈક્ષણિક સંસ્થા જેનો ઉદ્દેશ યુવાન છોકરીઓને સશક્તિકરણ કરવાનો હતો.

પંડિતા રમાબાઈના કામે ભારતમાં મહિલાઓના અધિકારો અને શિક્ષણના ક્ષેત્રમાં કાયમી વારસો છોડી દીધો. હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓના ઉત્થાન અને દમનકારી સામાજિક ધોરણોને પડકારવાના તેમના અથાગ પ્રયાસો તેમને ભારતીય ઈતિહાસમાં અગ્રણી સામાજિક કાર્યકર તરીકે નામના અપાવી છે.

**બહેરામજી એમ. મલબારી**

તેઓનો જન્મ 18ઠ મે, 1853ના રોજ ગુજરાતનાં બરોડામાં થયો હતો. તેઓ એક પારસી સમાજ સુધારક હતા. તેમણે 1885માં સેવાસદન નામક સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થામાં તરછોડાયેલી મહિલાઓને આશરો આપવામાં આવતો. આ સંસ્થામાં દરેક જ્ઞાતિની મહિલાઓને આશરો આપવામાં આવતો હતો. આ સાથે તેઓને શિક્ષણ, આરોગ્ય સંભાળ અને કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવામાં આવતી.

**સ્વામી વિવેકાનંદ :**

સ્વામી વિવેકાનંદ (1863-1902) એક અગ્રણી ભારતીય ફિલસૂફ, આધ્યાત્મિક નેતા અને સમાજ સુધારક હતા. જેમના વિચારો અને કાર્યોની ભારતીય સમાજ અને હિંદુ ધર્મ અંગેની વૈશ્વિક માન્યતા પર ઊંડી અસર પડી હતી. સ્વામી વિવેકાનંદનો જન્મ 12મી જાન્યુઆરી, 1863માં કોલકત્તામાં થયો હતો. સ્વામી વિવેકાનંદ 19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં ભારતના અગ્રણી સમાજ સુધારક હતા અને તેમનો પ્રભાવ આજના યુવાનોમાં પણ

જોવા મળે છે. એક સમાજ સુધારક તરીકેના તેમના કાર્યની ઝાંખી નીચે મુજબ છે :

**1. સાર્વત્રિક ધર્મ અને એકતા માટે હિમાયત :**

સ્વામી વિવેકાનંદ ધાર્મિક સહિષ્ણુતા અને એકતાના પ્રબળ હિમાયતી હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તમામ ધર્મોનો સમાન સાર છે અને તેનું સન્માન કરવું જોઈએ. આ દૃષ્ટિકોણ 1893 માં શિકાગોમાં યોજાયેલ વિશ્વ ધર્મની સંસદમાં તેમના વક્તવ્યમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો, જ્યાં તેમણે 'અમેરિકામાં બહેનો અને ભાઈઓ' સાથે ભાષણની શરૂઆત કરી, જેને ઉષ્માભર્યો આવકાર મળ્યો અને સાર્વત્રિક ભાઈચારો અને ધાર્મિક સંવાદિતામાં તેમની માન્યતાને પ્રકાશિત કરી.

**2. સામાજિક સમાનતાનો પ્રચાર :**

વિવેકાનંદ ભારતમાં પ્રચલિત કઠોર જાતિ વ્યવસ્થાની ટીકા કરતા હતા. તેઓ જાતિ, સંપ્રદાય અથવા લિંગને ધ્યાનમાં લીધા વિના તમામ મનુષ્યોની સમાનતામાં માનતા હતા. તેમના ઉપદેશોએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના ઉત્થાન અને અસ્પૃશ્યતા નાબુદીને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક પ્રગતિ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે; જ્યારે દરેક વ્યક્તિ સાથે ગૌરવપૂર્ણ વ્યવહાર કરવામાં આવે અને સમાન તકો આપવામાં આવે.

**3. મહિલા સશક્તિકરણ :**

વિવેકાનંદે મહિલા શિક્ષણ અને સશક્તિકરણના મહત્ત્વને માન્યતા આપી હતી. તેમણે સમાજના ઉત્થાન માટે મહિલાઓના શિક્ષણની હિમાયત કરી હતી.

**4. શિક્ષણ અને આત્મનિર્ભરતા પર ભાર :**

તેઓ માનતા હતા કે શિક્ષણમાં પરીવર્તન લાવવાની ક્ષમતા રહેલી છે. વિવેકાનંદનું શિક્ષણ માટેનો દ્રષ્ટિકોણ માત્ર શૈક્ષણિક ન હતો પણ આધ્યાત્મિક અને વ્યવહારિક પણ હતો. તેમણે એવી શિક્ષણ પ્રણાલીની હિમાયત કરી કે જે વ્યક્તિઓને આત્મનિર્ભર અને સામાજિક રીતે જવાબદાર બનાવવાનું લક્ષ્ય રાખીને મન અને ચારિત્ર્ય બંનેનો વિકાસ કરે.

**5. પરંપરાગત વ્યવસ્થામાં સુધારો :**

સ્વામી વિવેકાનંદ એક સુધારક હતા જેમણે કેટલીક પરંપરાગત પ્રથાઓને પડકારી હતી જે તેઓ માનતા હતા કે સામાજિક પ્રગતિ માટે હાનિકારક છે. તેમણે અંધશ્રદ્ધાળુ અને પોકળ બની ગયેલી હિંદુ પ્રથાઓ અને ધાર્મિક વિધિઓમાં સુધારાની હાકલ કરી. તેમણે લોકોને વેદાંતની સાચી ભાવના તરફ પાછા ફરવા અને આધ્યાત્મિકતા પ્રત્યે તર્કસંગત અને વ્યવહારુ અભિગમ અપનાવવા વિનંતી કરી.

**6. રામકૃષ્ણ મિશનની સ્થાપના :**

1897 માં સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી, જેણે સામાજિક સુધારણામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. મિશનની પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક સેવાઓ, આરોગ્ય સંભાળ અને આપત્તિ રાહતનો સમાવેશ થતો હતો.

**7. સાંસ્કૃતિક પુનરુજીવન :**

વિવેકાનંદ ભારતમાં સાંસ્કૃતિક પુનરુજ્જીવનના સમર્થક પણ હતા. તેમણે ભારતીય સંસ્કૃતિ

અને મૂલ્યોના પુનરુત્થાન માટે પ્રોત્સાહિત કર્યા, જ્યારે ભારત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીથી લાભ મેળવી શકે તેવા વિચારને પણ પ્રોત્સાહન આપ્યું. તેઓ વધુ ગતિશીલ અને પ્રગતિશીલ સમાજ બનાવવા માટે પરંપરાગત મૂલ્યોને આધુનિક પ્રગતિ સાથે મિશ્રિત કરવામાં માનતા હતા.

**ગોપાલ કૃષ્ણ ગોખલે :**

તેમનો જન્મ 9મી મે 1866ના રોજ થયો હતો. ગોપાલ કૃષ્ણ ગોખલે (1866-1915) 20મી સદીની શરૂઆતમાં ભારતના નોંધપાત્ર સામાજિક સુધારક હતા, જેઓ સામાજિક મુદ્દાઓને ઉકેલવા, શિક્ષણને પ્રોત્સાહન આપવા અને રાજકીય સુધારાઓને પ્રભાવિત કરવાના તેમના પ્રયત્નો માટે જાણીતા હતા. સામાજિક સુધારણા પ્રત્યેનો તેમનો અભિગમ વ્યવહારિકતા અને આદર્શવાદના મિશ્રણ દ્વારા ચિહ્નિત થયેલ હતો. અહીં એક સામાજિક સુધારક તરીકેના તેમના યોગદાન પર વિગતવાર નજર કરીએ.

**1. શિક્ષણનો પ્રચાર :**

ગોખલેએ શિક્ષણને સામાજિક સુધારણાના પાયાના સ્તંભ તરીકે જોયું. તેઓ માનતા હતા કે ભારતીય સમાજના ઉત્થાન માટે શિક્ષણમાં સુધારો કરવો જરૂરી છે. તેમનો દ્રષ્ટિકોણ માત્ર સાક્ષરતા દર વધારવાથી આગળ હતો ; તેમણે વધુ વ્યાપક અને વ્યવહારુ શિક્ષણ પ્રણાલીની હિમાયત કરી જે બૌદ્ધિક અને નૈતિક વિકાસ બંનેને પ્રોત્સાહન આપશે. 1905 માં, તેમણે સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી, જે શિક્ષણ અને સામાજિક સેવાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત સંસ્થા હતી. સોસાયટીએ ખાસ કરીને વંચિતો માટે શિક્ષણ અને તાલીમ આપવા માટે શાળાઓ, પુસ્તકાલયો અને સંસ્થાઓ સ્થાપવા સહિત વિવિધ મોરચે કામ કર્યું હતું.

**2. સામાજિક ન્યાયના હિમાયતી :**

ગોખલે સામાજિક ન્યાયના મુદ્દાઓ માટે ખૂબ જ ચિંતિત હતા. તેમણે કઠોર જાતિ વ્યવસ્થાથી પ્રભાવિત લોકો સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને વંચિત સમુદાયોની સ્થિતિ સુધારવાની હિમાયત કરી હતી. તેમ છતાં તેમણે હંમેશા પરંપરાગત પ્રથાઓને સીધો પડકાર્યો ના હતો, પરંતુ તેમના સુધારાના પ્રયાસોનો હેતુ વધુ ન્યાયી સમાજ બનાવવાનો હતો.

**3. આર્થિક અને વહીવટી સુધારા :**

ગોખલે આર્થિક અને વહીવટી મુદ્દાઓ માટે ચિંતિત હતા. તેમણે એવા સુધારાની હિમાયત કરી જે વહીવટની કાર્યક્ષમતામાં સુધારો કરે અને આર્થિક વિકાસને વધારે. તેમણે ગ્રામીણ ગરીબી અને કૃષિ સંકટ જેવા મુદ્દાઓને સંબોધવા માટેના પગલાંને સમર્થન આપ્યું હતું, તે સ્વીકાર્યું હતું કે સામાજિક પ્રગતિ માટે આર્થિક સ્થિરતા નિર્ણાયક છે.

**4. ભારતીય રાષ્ટ્રવાદ પર પ્રભાવ :**

સુધારા માટે ગોખલેના મધ્યમ અભિગમે ભારતના ભાવિ નેતાઓને પ્રભાવિત કર્યા. તેઓ જવાહરલાલ નેહરુના માર્ગદર્શક હતા, જેઓ પાછળથી ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુખ્ય વ્યક્તિ બન્યા હતા.

**સરોજિની નાયડુ :**

સરોજિની નાયડુ (1879-1949) એક પ્રખ્યાત ભારતીય સ્વાતંત્ર્ય સેનાની, કવિ અને

સમાજ સુધારક હતા. તેણીના કાવ્યાત્મક કૌશલ્ય માટે 'ભારતના બુલબુલ' તરીકે જાણીતા હતા, નાયડુનું સામાજિક સુધારક તરીકેનું યોગદાન ખાસ કરીને મહિલા અધિકારો, શિક્ષણ અને સામાજિક ન્યાયના ક્ષેત્રોમાં નોંધપાત્ર હતું. અહીં એક સમાજ સુધારક તરીકેની તેમની કામની ઝાંખી છે :

**1. મહિલાના હકોના હિમાયત :**

સરોજિની નાયડુ મહિલાઓના અધિકારો અને લિંગ સમાનતાના અગ્રણી હિમાયતી હતા. ભારતમાં પ્રારંભિક નારીવાદી ચળવળમાં તેમના પ્રયાસો નિમિત્ત બન્યા હતા. તેઓ માનતા હતા કે રાષ્ટ્રની પ્રગતિ માટે મહિલા સશક્તિકરણ મહત્ત્વપૂર્ણ છે. નાયડુએ સક્રિયતા અને રાજકીય દરમિયાનગીરી બંને દ્વારા સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટે કામ કર્યું.

**2. શિક્ષણનો પ્રચાર :**

નાયડુ સામાજિક સુધારણાના માધ્યમ તરીકે શિક્ષણના મજબૂત સમર્થક હતા. તેઑએ મહિલાઓ અને બાળકો માટે શૈક્ષણિક તકો સુધારવા માટે કામ કર્યું. તેઓ એ હૈદરાબાદ વિમેન્સ આસોસિયેશન જેવી મહિલા માટે કામ કરતી સંસ્થાનો પાયો નાખ્યો.

**ચકાસી જુઓ :**

1. આર્ય સમાજની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?

   (અ) 7 એપ્રિલ, 1875 (બ) 12 એપ્રિલ 1875

   (ક) 20 એપ્રિલ 1875 (ડ) 22 એપ્રિલ 1875

2. આર્ય મહિલા સમાજની સ્થાપના કોને કરી ?

   (અ) સરોજિની નાયડુ (બ) પંડિતા રમાબાઈ (ક) અરુણા આસફઅલી (ડ) એની બેસન્ટ

3. રામકૃષ્ણ મિશનની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

   (અ) 1897 (બ) 1898 (ક) 1899 (ડ) 1896

4. શુદ્ધિ ચળવળ કોના દ્વારા શરૂ કરવામાં આવી ?

   (અ) આર્ય સમાજ (બ) ધર્મ સભા (ક) સેવા સદન (ડ) બ્રહ્મોસમાજ

5. પ્રાથના સમાજની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી ?

   (અ) ઈશ્વરચંદ્ર વિદ્યાસગર (બ) કેશવ ચંદ્ર (ક) સરોજિની નાયડુ (ડ) વિવેકાનંદ

   જવાબોઃ (1) અ (2) બ (3) અ (4) અ (5) બ

## 4.0 સંદર્ભ સૂચિ


- "Jyotirao Phule: A Pioneer in Social Reform" by Dr. K. R. Nair - This book provides a comprehensive look at Phule's life and his contributions to social reform.
- "The Life and Times of Jyotirao Phule" by G. S. Ghurye - Ghurye's book offers insights into Phule's impact on Indian soci*y and his role as a reformer.

- "Satyashodhak Samaj: The Revolution in Maharashtra" by R. S. Bhatia - This work discusses the establishment and activities of the Satyashodhak Samaj and its role in social reform.
- "Phule's Vision: Sociªy and Education" by R. N. Singh - This text explores Phule's vision for education and its role in social change.
- "The Life of Sri Ramakrishna" by Romain Rolland - This biography provides a dªailed account of Ramakrishna's life and teachings and explores his impact on Indian sociªy and spirituality.
- "Sri Ramakrishna: The Great Master" by Swami Saradananda - A comprehensive account of Ramakrishna's life and his spiritual and social contributions.
- "Ramakrishna and His Disciples" by Swami Abhedananda - This book discusses the interactions bªween Ramakrishna and his disciples, shedding light on his social and spiritual influence.
- "The Gospel of Sri Ramakrishna" (translated by Swami Nikhilananda) - A collection of Ramakrishna's teachings and conversations that illustrate his thoughts on social issues, spirituality, and the nature of religious experience.
- "Swami Vivekananda: A Biography" by Swami Nikhilananda - This biography explores Vivekananda's life and work, including how Ramakrishna's teachings influenced his social reform efforts through the Ramakrishna Mission.
- The Complªe Works of Swami Vivekananda" - This collection includes all his writings and speeches, providing comprehensive insights into his thoughts and teachings.
- "Swami Vivekananda: A Biography" by Swami Nikhilananda - A dªailed biography that offers an in-depth look at his life and contributions.
- "Swami Vivekananda's Social Reforms" by S. R. Bhatt - This book specifically addresses his social reform efforts and their impact on Indian sociªy.
- "Sarojini Naidu: The Nightingale of India" by S. G. Dastane - Offers insights into Naidu's contributions as a poª and social reformer.

# એકમ 5 વ્યવસાયિક સમાજકાર્યના ધ્યેયો અને નૈતિકતાના મૂલ્યો

-: રૂપરેખા :-

5.0 એકમનાં હેતુઓ

5.1 પ્રસ્તાવના

5.2 સમાજકાર્યના ધ્યેયોનો અર્થ

5.3 સમાજકાર્યના ધ્યેયોની સમજૂતી

5.4 મૂલ્ય એટલે શું ?

5.5 જુદા જુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલા સમાજકાર્યના મૂલ્યો

5.6 ઉપસંહાર

5.7 તમારી પ્રગતિ ચકાસો

5.8 ચાવીરૂપ શબ્દો

5.9 સંદર્ભ સૂચિ

## 5.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજકાર્ય વ્યવસાયના પાયાના જ્ઞાનનો ખ્યાલ મેળવવો .
- સમાજકાર્યના ઉદેશ્યો/ હેતુઓની સમજ મેળવવી અને ક્ષેત્રકાર્યમાં તેની ઉપયોગીતાની સમજણ મેળવવી.
- સમાજકાર્યના મૂલ્યોની સમજણ મેળવવી અને સમાજકાર્યના પ્રાયોગિક કાર્ય સમયે મૂલ્યો આધારિત પ્રેક્ટીસની સમજ મેળવવી.

## 5.1 પ્રસ્તાવના

સમાજકાર્ય એક વ્યવસાયિક સેવા છે. તબીબી, કાયદા, તકનિકી, ફાર્મસીની જેમ સમાજકાર્ય પણ એક વ્યવસાયિક સેવા છે. દરેક વ્યવસાયને વ્યવસાય બનવા માટે કેટલીક મહત્ત્વની લાક્ષણિકતા પૂર્ણ કરવાની હોય છે. જેમકે કોઈપણ વ્યવસાયને ત્યારે જ વ્યવસાય ગણી શકાય જયારે તેના વૈજ્ઞાનિક જ્ઞાન, કુશળતાઓ અને મૂલ્યોનો વિકાસ થયો હોય, તે વ્યવસાયના શિક્ષણ અને તાલીમ માટેની વ્યવસ્થાઓ ઉપલબ્ધ હોય, તેની ચોક્કસ આચારસંહિતા ઘડાયેલી હોય, સમુદાય દ્વારા તેનો સ્વીકાર થયેલો હોય, તેમજ તેના વ્યવસાયિક સંગઠનો અને સમિતિઓ અસ્તિત્વ ધરાવતા હોય. અહી ઉપરોક્ત અભ્યાસ એકમના સંદર્ભમાં સમાજકાર્યના જ્ઞાન, કુશળતાઓ અને મૂલ્યોનો વિકાસ થયો છે. તેથી સમાજકાર્ય એક વ્યવસાય છે એવું ચોક્કસ પણે કહી શકાય. પ્રસ્તુત એકમમાં સમાજકાર્યના મૂલ્યો અને ધ્યેયોનો અભ્યાસ કરવાનો હોવાથી અહી આપણે સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યોને સમજવાનો પ્રયાસ કરીશું.

## 5.2 સમાજકાર્યના ધ્યેયોનો અર્થ

જેની પ્રાપ્તિ કરવાની છે તેને ધ્યેય કહી શકાય. સમાજકાર્ય વ્યવસાયના પણ ચોક્કસ ધ્યેયો છે. સમાજકાર્ય મુખ્યત્વે સમાજના વિકાસ કરવાનું તેમજ સમાજની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો ધ્યેય ધરાવે છે. સમાજમાં મનો સામાજિક સમસ્યાઓનું નિવારણ કરવું, ભૌતિક બાબતો સાથે સંકળાયેલ સમસ્યાઓનું નિરાકરણ લાવવું તે સમાજકાર્યનો ધ્યેય છે એમ ચોક્કસ કહી શકાય.

અહી અભ્યાસના સંદર્ભમાં જુદાજુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલ સમાજકાર્યના ધ્યેયોની વ્યાખ્યા સમજવાનો પ્રયાસ કરીએ

- ‘‘સમાજકાર્ય એ વ્યવસાય છે જેનું વિશિષ્ટ ધ્યેય માનવ સમાજને સુધારવાનું છે’’ (ગીસેલ કોનોપકા - પુસ્તક સોશ્યલ વર્ક ફિલોસોફી)
- ‘‘સમાનતા ન્યાય અને બંધુતાના સિદ્ધાંતોને આધારે સામાજિક સુવ્યવસ્થાનું નિર્માણ કરવું તે સમાજકાર્યનું ધ્યેય છે’’ (આર.આર.સિંગ-પુસ્તક- સોશ્યલવર્ક પર્સપેક્ટીવ)
- ‘‘વ્યક્તિઓ, જૂથો અને સમુદાયો એમનું શક્ય એટલું ઊંચામાં ઉંચી કક્ષાનું સામાજિક, માનસિક અને ભૌતિક કલ્યાણ સાધી શકે એમાં તેમને મદદ કરવી તે સમાજ કલ્યાણનું ધ્યેય છે ’’ - ફ્રીડલેન્ડર

**ઉપરોક્ત વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરતા જણાય છે; સમાજકાર્યના નીચે મુજબના ધ્યેયો વર્ણવી શકાય**

1. મનો સામાજિક સમસ્યાઓનું નિરાકરણ કરવું
2. માનવીની જરૂરિયાતો પૂર્ણ કરવી
3. સમાયોજન સબંધી સમસ્યાઓ ઉકેલવી
4. આજીવિકાના પર્યાપ્ત સાધનોનું નિર્માણ કરવું
5. સામાજિક સબંધો સંવાદિતતા ભર્યા બનાવવા અને તેનું દ્રઢીકરણ કરવું
6. સુધારાત્મક અને મનોરંજન સેવાઓની જોગવાઈ કરવી
7. લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવો
8. વિકાસ અને સામાજિક પ્રગતિ માટેની તકો પૂરી પાડવી
9. સમુદાયને સંવેદનશીલ બનાવવો
10. વ્યક્તિઓના વિકાસના સંદર્ભમાં પર્યાવરણમાં પરિવર્તન લાવવું
11. સામાજિક –કાનૂની સહાય પૂરી પાડવી

## 5.3 સમાજકાર્યના ધ્યેયોની સમજૂતી

### 1. મનો સામાજિક સમસ્યાઓનું નિરાકરણ કરવું

સમાજકાર્ય મુખ્યત્વે માનવ સમાજની સમસ્યા નિવારણ માટેનું વિજ્ઞાન છે, જેમાં માનવ સમુદાયના વિકાસ અને વિકાસમાં અવરોધરૂપ બનતા પરિબળોને સમજીને સેવાર્થીને સેવા આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. મનોસામાજિક સમસ્યાઓ વર્તમાન સમયની ખુબ ચિંતા

ઉપજાવે એવો વિષય છે. આંકડા દર્શાવે છે કે ભારતમાં દરેક પાંચમાંથી એક વ્યક્તિ મનોસામાજિક સમસ્યાઓથી પીડાય છે. વિશ્વમાં 14.3 % મૃત્યુ માનસિક બીમારીઓને કારણે થાય છે. આમ વર્તમાન સમયમાં મનો સામાજિક સમસ્યાઓ એ માનવ સમુદાય માટે એક મહત્ત્વપૂર્ણ પડકાર સમાન છે. મનો સામાજિક સમસ્યાઓનું નિરાકરણ કરવું એ સમાજકાર્યનો મહત્ત્વપૂર્ણ ધ્યેય છે. મનોસામાજિક સમસ્યા ધરાવતા વ્યક્તિઓને માનસિક સંવેગિક આધાર પૂરો પાડીને, જરૂર જણાય ત્યારે મનો સામાજિક સમસ્યા ધરાવતી વ્યક્તિના કુટુંબને માનસિક આધાર પૂરો પાડીને, જરૂર જણાય ત્યાં સામાજિક સંસ્થાઓની મદદથી આર્થિક સહયોગ પૂરો પાડીને તેમની માનસિક ચિંતાઓ હલ કરવી તે સમાજકાર્યનું મહત્ત્વનું ધ્યેય છે. આમ સમાજકાર્ય મનોસામાજિક આધાર પૂરો પાડીને વ્યક્તિ,જૂથ કે સમુદાયમાં રહેલ વ્યક્તિને મદદરૂપ થવાનું ધ્યેય ધરાવે છે.

## 2 માનવીની જરૂરિયાતો પૂર્ણ કરવી

માનવીની જરૂરીયાત વિવિધ પ્રકારની હોય છે. જેમાં શારીરિક, માનસિક, આર્થિક, મનો સામાજિક, જેવી વિવિધ પ્રકારની જરૂરિયાત માનવજીવન સાથે સંકળાયેલી છે. આ જરૂરીયાતોની પૂર્તિ ના થાય ત્યારે વ્યક્તિ સમસ્યા અને સંઘર્ષનો અનુભવ કરે છે. તે જીવન જીવવામાં મુશ્કેલી અનુભવે છે. વ્યક્તિ તેના વાતાવરણ સાથે સમાયોજન સાધી શકતો નથી. આમ વ્યક્તિની જરૂરીયાતોની પૂર્તિ થાય એ તેની મહત્ત્વની આવશ્યકતા છે. જરૂરીયાતોની પૂર્તિના અભાવે તેમના જીવનમાં વિકાસની પ્રક્રિયા અવરોધાય નહિ તે માટે માનવીય જરૂરીયાતોની પૂર્તતા કરવાનો મહત્ત્વપૂર્ણ ધ્યેય સમાજકાર્ય ધરાવે છે. આ ધ્યેયની પ્રાપ્તિ માટે વ્યક્તિની જરૂરિયાતોને ઓળખવી તેમજ તેની પૂર્તતા માટે જે સંસાધનોની જરૂર હોય તેની વ્યવસ્થા કરવા માટેના પ્રયાસો સમાજકાર્ય પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવે છે.આમ સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન સેવાર્થીની જરૂરિયાતની ઓળખ કરીને તેની પૂર્તતા કરવા માટેના પ્રયાસો તે સમાજકાર્યનું મહત્ત્વનો ધ્યેય છે.

## 3 સમાયોજન સબંધી સમસ્યાઓ ઉકેલવી

દરેક વ્યક્તિએ પોતાના વિકાસ માટે તેના વાતાવરણ સાથે સમાયોજન સાધવાનું હોય છે. જયારે વ્યક્તિ પોતાના સામાજિક વાતાવરણ સાથે સમાયોજન સાધવામાં મુશ્કેલી અથવા સંઘર્ષ અનુભવે છે. ત્યારે તે પોતાના રોજબરોજના કાર્યો, કૌટુંબિક, સામાજિક, અને આર્થિક ભૂમિકાઓ યોગ્ય રીતે ભજવી શકતા નથી. આવી સમાયોજન સબંધિત મુશ્કેલીઓ ધરાવતી વ્યક્તિઓને તેના આસપાસના સામાજિક વાતાવરણની સાથે તેમજ તેના મનો સામાજિક જગત સાથે પણ તે સમાયોજન સાધી શકે તે માટે મદદ કરીને તેના વિકાસમાં મદદરૂપ થવું તે સમાજકાર્યનો મહત્ત્વનો ધ્યેય છે.

વ્યક્તિ જયારે સમાયોજન સાધવામાં મુશ્કેલી અનુભવે છે; ત્યારે તેની કાર્યાત્મકતા (Efficiency) ઘટે છે. તેથી સમાયોજન સબંધિત સમસ્યાઓની નિરાકરણ લાવીને વ્યક્તિની કાર્યાત્મકતામાં વૃદ્ધિ કરવી તે સમાજકાર્યનું મહત્ત્વપૂર્ણ ધ્યેય છે.

## 4 આજીવિકાના પર્યાપ્ત સાધનોનું નિર્માણ કરવું

આજીવિકા કે રોજગાર એ દરેક વ્યક્તિ માટે જીવન જીવવા માટે પાયાની જરૂરીયાત છે. આજીવિકાના અભાવમાં વ્યક્તિએ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આજીવિકાના હોવાને કારણે વ્યક્તિ પુરતો પોષણયુક્ત આહાર લઇ શકતો નથી. તે પોતાના બાળકોને સારા કપડા કે કેળવણી અપાવી શકતો નથી. જીવનમાં મનોરંજન કે વાહન વ્યવહારના સાધનો વસાવી શકતો નથી, આમ જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે વ્યક્તિની આર્થિક સદ્ધરતા

ખુબ મહત્ત્વની બની રહે છે. જો આર્થિક પાસું એટલે કે આજીવિકાના પુરતી વ્યવસ્થા ના હોય તો વ્યક્તિએ અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેથી વ્યક્તિ આજીવિકા મેળવીને પોતાના જીવનમાં યોગ્ય વિકાસ સાધી શકે તે માટે આજીવિકાની પ્રાપ્તિ માટે યોગ્ય સાધનોનું નિર્માણ કરવું અથવા આજીવિકાના સાધનો સાથે વ્યક્તિનું જોડાણ કરવું તે સમાજકાર્યનો એક મહત્ત્વનો ધ્યેય છે.

### 5 સામાજિક સબંધો સંવાદિતતા ભર્યા બનાવવા અને તેનું દ્રઢીકરણ કરવું

સમાજશાસ્ત્રી મેકાઈવર અને પેજ જણાવે છે તેમ સમાજ એ સામાજિક સબંધોનું ગુંફન છે. માનવ એક સામાજિક પ્રાણી છે તે સમાજ વગર જવી શકતો નથી. પરંતુ કુટુંબ કે સમાજ સાથે રહેતા વ્યક્તિઓ પણ આજે પોતાના સામાજિક સબંધોમાં મુશ્કેલી અનુભવે છે. લગ્ન કરીને સાથે જોડાયેલા પતિ-પત્ની કેટલાક વર્ષો પછી છુટા છેડા મેળવવા માટે કોર્ટના પગથીયે જતા આપણે જોયા છે. કુટુંબના સગા ભાઈઓ વચ્ચે કોઈ અણસમજને કારણે દુશ્મની થઇ હોય તેવા કિસ્સાઓ આપણી આસપાસ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં કોઈપણ સમાજ કે કુટુંબ વિકાસ સાધી શકે નહિ. સામાજિક સબંધોને વધુ સારા બનાવવા માટે સમાજકાર્ય વ્યવસાય દ્વારા પરામર્શક (Counselling) સેવાઓ પૂરી પાડવામાં આવે છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સબંધો, વ્યક્તિ અને જૂથ વચ્ચેના સબંધો, વ્યક્તિ,જૂથ અને સમુદાય વચ્ચેના સબંધો વધુ સુદ્રઢ થાય તે માટેના પ્રયાસો સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન કરવામાં આવે છે. આમ સામાજિક સબંધોને સુદ્રઢ બનાવવા એ સમાજકાર્યનું મહત્ત્વપૂર્ણ ધ્યેય છે.

### 6 સુધારાત્મક અને મનોરંજન સેવાઓની જોગવાઈ કરવી

સમાજકાર્યની વિવિધ શાખાઓ છે. જેમાં સુધારાત્મક સમાજકાર્ય (Correctional Social Work) એ સમાજકાર્યની મહત્ત્વપૂર્ણ શાખા છે, જેમાં સમાજકાર્યના ઉપરોક્ત ધ્યેયની પ્રાપ્તિ કરવા માટેના પ્રયાસો કરવામાં આવે છે. બાળ સંરક્ષણ ગૃહ, નારી સંરક્ષણ ગૃહ, જેલના કેદીઓ, પ્રોબેશન પર છોડવામાં આવતા ગુનેગારો વગેરેના વિચાર અને વર્તનમાં પરિવર્તન આવે અને તેઓ સમાજમાં પુનઃસ્થાપિત થાય તે માટે ચોક્કસ પ્રકારની સેવાઓ અને તાલીમની જરૂર રહે છે. જેલમાં રહેલા કેદીઓ પણ કેદી તરીકેની અવસ્થામાં રહીને માનસિક રીતે ભાંગી ના પડે પણ તેઓ જેલમાં રહીને કારાવાસ પૂર્ણ કર્યા પછી નવા જીવનની શરૂઆત શકે તે માટે તેમને પણ વિવિધ પ્રકારની તાલીમ અને મનોરંજન સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

આમ સમાજકાર્યનું એક મહત્ત્વપૂર્ણ ધ્યેય સમાજમાં અપરાધી તરીકે અથવા અન્ય કોઈ કારણસર સમાજ વ્યવસ્થાના મુખ્ય પ્રવાહમાંથી જે લોકો ચુકી ગયા છે. તેમને સુધારવા માટે સુધારાત્મક તેમજ મનોરંજન સેવાઓ પૂરી પાડવી, જેથી તેમનું યોગ્ય પુનઃસ્થાપન થઇ શકે. સુધારાત્મક અને મનોરંજન સેવાઓ માટે સરકાર પાસેથી કે અન્ય અસમાજિક સંસ્થાઓ પાસેથી અનુદાન મેળવીને પણ આવા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવે છે, જેનો છેલ્લો ઉદેશ્ય તો વ્યક્તિના કલ્યાણનો જ છે.

### 7 લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવો

સમાજકાર્ય વ્યવસાય લોકશાહી મૂલ્યોને સ્વીકારે છે, તેમજ લોકશાહી સમાજ વ્યવસ્થાને પ્રોત્સાહન આપે છે. વ્યવસાયિક સમાજકાર્યની પદવી મેળવેલ સમાજ કાર્યકર પોતે જે સંસ્થા કે સરકારશ્રીના વિભાગમાં કામ કરે છે ત્યાં તે લોકશાહી વ્યવસ્થા ઉભી કરવાના પ્રયાસ કરે છે. વિવિધ સામાજિક સંસ્થાઓ, બિન સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ પણ લોકશાહી સમાજ વ્યવસ્થાના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. આપણા દેશમાં લોકશાહી સમાજ વ્યવસ્થા

અસ્તિત્વમાં છે. આપણો દેશ પણ લોકશાહી ઢબે કામ કરે છે. તેથી દેશ અને સમાજના સુવ્યવસ્થિત વિકાસ માટે લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવો એ આપણા સૌની ફરજ બની રહે છે. લોકશાહી મૂલ્યોનો વિકાસ કરવો એ સમાજકાર્ય વ્યવસાયનો મહત્ત્વપૂર્ણ ધ્યેય હોવાથી વ્યવસાયિક તાલીમ પામેલા સામાજિક કાર્યકરો પોતાની પ્રેક્ટીસના દરેક તબક્કે લોકશાહી મૂલ્યોને જાળવવા અને વિકસાવવાના પ્રયાસ કરે છે. આમ, લોકશાહી મૂલ્યોની જાળવણી કરવી તે સમાજકાર્યનો મહત્ત્વપૂર્ણ ધ્યેય છે.

### 8 વિકાસ અને સામાજિક પ્રગતિ માટેની તકો પૂરી પાડવી

સમાજની દરેક વ્યક્તિનો વિકાસ થાય, દરેક વ્યક્તિ પોતાના પસંદગીના ક્ષેત્રમાં પ્રગતિ સાધી શકે તે માટે તેને મદદ પૂરી પડવી, તે માટેની તકો અંગે તેમને માહિતગાર કરવા એ સમાજકાર્યનું એક ધ્યેય છે. જેમકે ધોરણ-12 પાસ કરેલ વિદ્યાર્થીને પોતે આગળ કયા ક્ષેત્રમાં અભ્યાસ કરવો તે અંગે ખ્યાલ હોતો નથી, તે પોતાની કારકિર્દીની પસંદગી માટે મૂંઝવણ અનુભવે છે.ત્યારે તેના વિકાસ માટે કયા ક્ષેત્રો ઉપલબ્ધ છે. ભવિષ્યમાં તેની કારકિર્દી ઘડતર માટે કયા અભ્યાસક્રમોમાં જવું જોઈએ, કઈ સંસ્થાઓમાં અભ્યાસ કરવો જોઈએ, વગેરે જેવી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડીને વ્યક્તિના વિકાસમાં મદદરૂપ થવું તે સમાજકાર્યનો મહત્ત્વનો ધ્યેય છે,

તેવી જ રીતે સમાજના વિવિધ કુરીવાજો, અંધશ્રદ્ધાઓ દુર કરીને સમાજના વિકાસમાં યોગદાન આપવું તે પણ સમાજકાર્ય વ્યવસાયનું મહત્ત્વપૂર્ણ ધ્યેય છે.

### 9 સમુદાયને સંવેદનશીલ બનાવવો

સમાજમાં કેટલાય કુરિવાજો એવા છે જેના કારણે બીજી વ્યક્તિઓ ઘણું સહન કરવું પડે છે. જેમકે ઘરેલું હિંસાને કારણે ઘણી બહેનોએ શારીરિક, માનસિક અને ભાવનાત્મક હિંસાનો ભોગ બનવું પડે છે. આજના યુવાનો પોતના વડીલોની કાળજી નથી લેતા એના કારણે ઘરના વડીલ વ્યક્તિઓએ ઘણું સહન કરવું પડે છે. એવી જ રીતે નાના બાળકો, ઘરેથી ખોવાયેલા બાળકો, બાળમજૂરી કરતા બાળકો, દેહવ્યાપારના વ્યવસાયમાં રહેલી સ્ત્રીઓ, વગેરેએ તેમના જીવન દરમ્યાન ઘણું જ સહન કરવું પડે છે. સામાન્ય સમુદાયના લોકો આવા વિશિષ્ટ જરૂરિયાતવાળા લોકો વિષે બહુ જાણતા નથી.

આવી સ્થિતિમાં સમાજના આવા જરૂરિયાતવાળા વર્ગો બાબતે અન્ય સભ્ય સમાજના લોકો સંવેદનશીલ બને તે સમાજકાર્યનો મહત્ત્વનો ઉદેશ્ય છે. તે માટે વિવિધ દિવસોની ઉજવણી કરીને, જાહેર કાર્યક્રમોનું આયોજન કરીને સમાજમાં સંવેદનશીલતા કેળવવાના પ્રયાસો કરવામાં આવે છે.

### 10 વ્યક્તિઓના વિકાસના સંદર્ભમાં પર્યાવરણમાં પરિવર્તન લાવવું

સામાજિક તેમજ મનો સામાજિક સમસ્યાઓનું મુખ્ય કારણ તેની આસપાસનું વાતાવરણ હોય છે. આ વાતાવરણમાં કુટુંબના સભ્યો, પડોશ, મિત્રો સગા સબંધીઓ, શાળા, કૉલેજ, નોકરીનું સ્થળ વગેરેનો સમાવેશ કરી શકાય તેવી જ રીતે માનસિક સમસ્યાઓ માટે વ્યક્તિના મનમાં ચાલતી વ્યથાઓ, અન્ય વ્યક્તિઓ સાથે થયેલ અણબનાવ, એટલે કે વ્યક્તિનું આંતરિક પર્યાવરણ તેની સમસ્યાઓ માટે જવાબદાર હોય છે.

તેથી વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યા નિવારણ વખતે તેમજ વિકાસની પ્રક્રિયા આગળ ધપાવવા માટે વ્યક્તિના પર્યાવરણને સમજવું અને તેમાં પરિવર્તન લાવવું તે સમાજકાર્યનું મહત્ત્વનું ધ્યેય છે. આ ધ્યેયની પ્રાપ્તિ માટે વ્યક્તિના આંતરિક બાહ્ય સામાજિક પર્યાવરણમાં

પરિવર્તનમાં લાવવાના પ્રયાસો સમાજ કાર્યકર દ્વારા કરવામાં આવે છે.

### 11 સામાજિક-કાનૂની સહાય પૂરી પાડવી

સમાજકાર્ય એક વ્યવસાયિક સેવા પ્રદાન કરનાર વ્યવસાય છે. જેમાં પોતાની પાસે આવેલ સેવાર્થીને દરેક પ્રકારની સેવાઓ પૂરી પાડવી સમાજકાર્યકરની નૈતિક જવાબદારી બની રહે છે. સામાજિક કાર્યકર પાસે દરેક વિષયનું જ્ઞાન ના હોય એ સ્વાભાવિક બાબત છે, તેમ છતાં સામાજિક કાર્યકર પોતાની પાસે આવેલ સેવાર્થીને જે તે વિષયના નિષ્ણાત ને તબદીલ (refer) કરીને અપ્રત્યક્ષ રીતે પણ મદદ પૂરી પડે છે. કાયદા સાથે સંકળાયેલી બાબતમાં સેવાર્થીને મફત અને નિષ્પક્ષ કાનૂની સહાય મળી રહે તે માટે તેને મદદ કરવી તે સમાજકાર્યનો મહત્ત્વનો ધ્યેય છે. આ સંદર્ભમાં સામાજિક કાર્યકર્તા, કોર્ટ, કાયદાના અમલીકરણ સાથે સંકળાયેલા વિવિધ સરકારી વિભાગો, મફત કાનૂની સલાહ અને પરામર્શન કેન્દ્રો, વિવિધ સામાજિક સંસ્થાઓ, જેમકે બાળકોના દત્તક વિધાનના સંદર્ભમાં Central Adoption Resource Agency (CARA) કે State Adoption Resource Agency (SARA) સાથે સંકલન કરીને સેવાર્થીને મદદ પૂરી પાડવાનો પ્રયાસ સામાજિક કાર્યકર્તા કરે છે. આમ સેવાર્થીને સામાજિક અને કાનૂની સહાય પૂરી પાડવી એ સામાજિક કાર્યકર્તા માટે મહત્ત્વનો ઉદેશ્ય બની રહે છે.

**નેશનલ એસોશિએશન ફોર સોશ્યલ વર્કર્સ સમાજકાર્ય માટે નીચેના ધ્યેયો દર્શાવે છે**

1. વ્યક્તિઓ, કુટુંબો, જૂથો, સંગઠનો અને સમુદાયોની સામાજિક ક્રિયાશીલતા વધારવી
2. જરૂરી સંસાધનો સાથે સેવાર્થીનું જોડાણ કરવું.
3. સામાજિક સેવાના અમલીકરણની વ્યવસ્થા સુધારવી.
4. સામાજિક નીતિના વિકાસ દ્વારા સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવું.

જુદાજુદા વિદ્વાનોએ આપેલ સમજૂતીને આધારે સમાજકાર્યના સર્વ સામાન્ય ધ્યેયો નીચે મુજબ દર્શાવી શકાય.

1. વ્યક્તિ, જૂથ સમુદાય પોતે જ પોતાની મદદ કરી શકે તે માટે તેઓને સક્ષમ કરવા, જેથી તેઓ વ્યક્તિગત સંતોષ અને સ્વાધીનતા પ્રાપ્ત કરી શકે.
2. વ્યક્તિના સામાજિક સબંધોમાં સુધાર લાવવો. વ્યક્તિના વ્યક્તિગત અને આંતર વૈયક્તિક સબંધોમાં સુધાર લાવવો
3. જૂથના સભ્ય તરીકે વ્યક્તિની ભૂમિકામાં સુધાર લાવવો.
4. વ્યક્તિ, જૂથ કે સમુદાયની બધી જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરવી અને તે તેના સામર્થ્યને પ્રાપ્ત કરી શકે તે માટે સહાય કરવી.
5. વ્યક્તિને સમુદાય સાથે સમન્વય સાધવામાં મદદ કરવી.
6. વ્યક્તિને તેની માનો સામાજિક સમસ્યાઓ હલ કરવામાં મદદરૂપ થવું.
7. વ્યક્તિની સામાજિક ક્રિયાશીલતામાં વૃદ્ધિ કરવી
8. વ્યક્તિ પોતાના કાર્યો જાતે કરી શકે તે માટેની કુશળતાઓમાં વધારો કરવો.
9. સામાજિક ન્યાયની પ્રાપ્તિ
10. સમાજના નબળા વર્ગોને સહાય પૂરી પાડવી.

11. લોકકલ્યાણ

## 5.4 મૂલ્ય એટલે શું ?

મૂલ્યો એ સમાજની આદર્શ વ્યવસ્થા છે. વ્યક્તિએ કેવું વર્તન કરવું અને કેવું વર્તન ના કરવું જોઈએ તે માટેના નૈતિક માપદંડ એટલે મૂલ્યો. મૂલ્યો દ્વારા વ્યક્તિ, જૂથ કે સમુદાયનો વ્યવહાર નક્કી થતો હોવાથી તે સામાજિક નિયંત્રણનું અસરકારક સાધન બની રહે છે. મૂલ્યો વ્યક્તિના વ્યવહારને દોરવણી આપે છે. જયારે સમાજના બહુમતિ સભ્યો કોઈ એક માન્યતામાં વિશ્વાસ ધરાવે છે ત્યારે તેનો સમાવેશ સામાજિક મૂલ્ય વ્યવસ્થામાં થાય છે, આવા મૂલ્યો બહુમતિ સમાજ વ્યવસ્થાને દોરે છે.

કૌસના મતે ‘‘મૂલ્ય એ કોઈ વસ્તુ, વિભાવના, સિદ્ધાંત, ક્રિયા અથવા પરિસ્થિતિના સબંધમાં કોઈ વ્યક્તિ, જૂથ કે સમુદાયનો બૌધિક કે સંવેદનાત્મક નિર્ણય છે’’.

ડોરોથીલીના મતે ‘‘વ્યક્તિના વ્યવહાર દ્વારા જે તે વ્યક્તિ કયા કયા મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે; તેના વિષે આપણે જાણી શકીએ છીએ. વ્યક્તિ પોતના મૂલ્યો દ્વારા જ કયા રસ્તે જવું તે નક્કી કરે છે. મૂલ્યો દ્વારા એક રસ્તા કરતા બીજો રસ્તો સારો કે ખરાબ, ઉચિત કે અનુચિત તે નક્કી કરવામાં મદદ પૂરો પડે છે.’’

બ્રેંડા મૂલ્યોની વ્યાખ્યા આપતા જણાવે છે કે ‘‘મૂલ્યો આપણે શેને આદર્શ માનીએ છીએ અથવા તો શેને પસંદ કરીએ છીએ તે સ્પષ્ટરૂપે જણાવે છે અને વ્યવહાર માટેના ધોરણો તથા દિશાસૂચન આપે છે ’’

વિવિધ સ્થળ અને સમયના સંદર્ભમાં લોકોના મૂલ્યો જુદાજુદા જોવા મળે છે. તેમ છતાં સમાજકાર્યના વૈશ્વિક મૂલ્યોમાં સમાનતા જોવા મળે છે. અહી જુદા જુદા સમાજ વિજ્ઞાનીઓએ સમાજકાર્યના મૂલ્યોને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

## 5.5 જુદા જુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલ સમાજકાર્યના મૂલ્યો

હર્બટ બિશ્નોએ સમાજકાર્યના મૂલ્યોને ચાર ક્ષેત્રોમાં વિભાજીત કર્યા છે

(1) વ્યક્તિના સંદર્ભમાં

(2) જૂથ-જૂથ વચ્ચેના અને વ્યક્તિ તથા જૂથ વચ્ચેના સબંધોના સંદર્ભમાં

(3) સમાજકાર્યના કાર્યો અને પદ્ધતિના સંદર્ભમાં અને

(4) સામાજિક કુસમયોજન અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં

(1) વ્યક્તિના સંદર્ભમાં આપેલા મૂલ્યો : પ્રત્યેક વ્યક્તિના વ્યક્તિત્વનું સન્માન કરવું

- દરેક વ્યક્તિ મૂલ્યવાન છેતેના મોભા અને યોગ્યતામાં વિશ્વાસ કરવો
- માનવીય પીડા અનિચ્છનીય છે, તેને દુર કરવી જોઈએ.
- માનવીનું વર્તન વ્યક્તિ અને વાતાવરણ વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે.
- માનવ સ્વભાવગત રીતે વિવેકપૂર્ણ કાર્ય કરતો નથી.
- જન્મ સમયે વ્યક્તિ અસામાજિક હોય છે.
- વ્યક્તિની જરૂરિયાતો વ્યક્તિગત અને સામાજિક બંને પ્રકારની હોય છે.

- પ્રત્યેક વ્યક્તિ બીજા કરતા ભિન્ન છે અને તેનો સ્વીકાર થવો જોઈએ.
- માનવીય પ્રેરણાઓ જટિલ અને અસ્પષ્ટ હોય છે.
- વ્યક્તિના પ્રારંભિક વિકાસમાં કૌટુંબિક સબંધોનું મહત્ત્વ મૂળભૂત હોય છે.
- શીખવાની પ્રક્રિયામાં અનુભવ જરૂરી છે.

(2) જૂથ-જૂથ વચ્ચેના અને વ્યક્તિ તથા જૂથ વચ્ચેના સબંધોના સંદર્ભમાં મૂલ્યો સ્વ નિર્ણય

- સમાજકાર્ય સમન્યાયના સિદ્ધાંતને સ્વીકારે છે. સાથે સાથે હસ્તક્ષેપ ન કરવાની નીતિનો પણ અસ્વીકાર કરે છે.
- ધનિક અને શક્તિશાળી વ્યક્તિ યોગ્ય છે અને નિર્ધન કે દુર્બળ વ્યક્તિ અયોગ્ય છે એવી માન્યતા અયોગ્ય છે.
- પોતાના સભ્યોના કલ્યાણની જવાબદારી સમુદાય પર રહેલી છે.
- સમુદાયના બધા જ વર્ગના બધાજ સભ્યોનો તમામ સેવાઓ / વ્યવસ્થાઓ પર સમાન અધિકાર છે. સમુદાયની જવાબદારી છે કે પોતાના દરેક સભ્યને કોઈપણ ભેદભાવ કે મુશ્કેલી વગર તેની પ્રાપ્તિ થાય તે માટે પૂરતા પ્રયાસો કરવા.
- સ્વાસ્થ્ય, આવાસ, પૂર્ણ રોજગારી, શિક્ષા તથા અન્ય વિવિધ પ્રકારના જનકલ્યાણ તથા સામાજિક વીમા સબંધિત કાર્યક્રમોને લાગુ કરવાની જવાબદારી કેન્દ્રની છે.
- લોકોની સહાયતાના કાર્યક્રમો જરૂરિયાત પર આધારિત હોવા જોઈએ
- સામુદાયિક જીવનમાં સંગઠિત શ્રમનું મહત્ત્વ છે. તેની શક્તિને વિધ્વંશક ન માનતા રચનાત્મક માનવી જોઈએ.
- પરસ્પર સમાનતાના આધાર પર બધીજ જાતિઓ તથા પ્રજાતિઓના જૂથો વચ્ચે સહકાર હોવો જોઈએ.

(3) સમાજકાર્યના કાર્યો અને પદ્ધતિના સંદર્ભમાં મૂલ્યો - તકોની સમાનતા

- સમાજકાર્ય દ્વિમુખી દ્રષ્ટિકોણથી કામ એ કરે છે એકબાજુ તે વ્યક્તિઓનું સમાજ સાથે સંયોજન સ્થાપિત કરવામાં સહાયતા આપે છે; તો બીજી બાજુ સમાજના અગત્યના ક્ષેત્રોમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે.
- માનવીય વ્યવહારના અધ્યયન માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ જરૂરી સાધન છે.
- સામાન્ય રીતે એક સક્ષમ વ્યક્તિ પોતાના હિતો સારી રીતે નિશ્ચિત કરી શકે છે.નિર્ણય લેવાનો તેમજ પોતાની સમસ્યાઓનું નિરાકરણ ક્લાવવાનો હક્ક તેને હોવો જોઈએ
- વ્યક્તિના વર્તનમાં સુધાર લાવવા અને સામાજિક વિકાસ માટે સમાજ કાર્યકર વાતાવરણમાં પરિવર્તન અને અંતઃ દ્રષ્ટિના વિકાસમાં વિશ્વાસ રક્ષે છે.
- સાર્વજનિક અને ખાનગી બંને પ્રકારની સંસ્થાઓમાં સમાજકાર્યની સેવાઓ તાલીમબદ્ધ વ્યવસાયિક સમાજ કાર્યકરો દ્વારા જ આપવી જોઈએ.
- સમાજકાર્ય લોકશાહી પદ્ધતિના વિશ્વાસ ધરાવે છે.

(4) સામાજિક કુસમયોજન અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં - સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી

- આપણી સંસ્કૃતિમાં ગંભીર રાજનૈતિક, આર્થિક તથા સામાજિક આયોજન છે
- ઉત્ક્રાંતિજન્ય વિકાસ દ્વારા કરવામાં આવેલ સુધારા આપણા સમાજ માટે સંભવ અને ઇચ્છનીય છે.
- સામાજિક વિકાસ માટે સામાજિક યોજનાઓ અગત્યની છે.

ટૂંકમાં હર્બટ બિશ્નોએ સમાજકાર્યના મુખ્ય ચાર મૂલ્યો જણાવ્યા છે. 1-પ્રત્યેક વ્યક્તિનું સન્માન,2-સ્વનિર્ણય,3-તકોની સમાનતા, 4-સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી. બિશ્નોએ જે મૂલ્યો રજુ કર્યા છે; તેની પાછળ મૂળભૂત માન્યતાઓ નીચે મુજબ છે.

- પ્રત્યેક વ્યક્તિ મુલ્યવાન છે. તેથી દરેક વ્યક્તિનું સન્માન જાળવાવું જોઈએ.
- માનવીય દુખો, અગવડો, કલહો અનિચ્છનીય છે.
- માનવીય વ્યવહાર માનવીના જૈવિક અસ્તિત્વ અને વાતાવરણ વચ્ચેના સબંધોનું પરિણામ છે.
- વ્યક્તિગત ભેદ અને અસામાનતાઓનો સ્વીકાર કરવો.
- ધનિક લાયક અને નિર્ધન ગેરલાયક છે, એ માન્યતા ખોટી છે.
- વ્યક્તિના કલ્યાણની જવાબદારી સમુદાય પર છે.
- દરેકને સેવા મેળવવાનો સમાન અધિકાર છે.
- શિક્ષણ, આવાસ,આરોગ્ય, રોજગાર, સામાજિક સુરક્ષાની વ્યવસ્થા કરવી એ કેન્દ્ર સરકારની ફરજ છે.

**કૌસ દ્વારા જણાવવામાં આવેલા સમાજકાર્યના મૂલ્યો**

- વ્યક્તિ મૂલ્યવાન છે, તેનું ગૌરવ જળવાવું જોઈએ.
- દરેક વ્યક્તિમાં સામર્થ્ય પ્રાપ્ત કરવાની ક્ષમતા છે.
- માનવી વચ્ચે રહેલ ભિન્નતાઓનો સ્વીકાર કરવો
- માનવીની પાયાની જરૂરીયાતોની સંતુષ્ટિ થવી જોઈએ.
- સ્વતંત્રતા
- સ્વ દોરવણી, આત્મ નિદર્શન
- અનિર્ણયાત્મક મનોવૃત્તિ (કોઈના ન્યાયધીશ ના થવું)
- રચનાત્મક સામાજિક સહકાર
- કાર્યનું મહત્ત્વ અને નવરાશના સમયનો રચનાત્મક ઉપયોગ
- વ્યક્તિ અને પ્રકૃતિ દ્વારા અસ્તિત્વ સામે ઉભા થનારા જોખમ સામે સુરક્ષા

ઉપરોક્ત જુદાજુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલા સમાજકાર્યના મૂલ્યોના ટૂંકસાર રૂપે નીચે મુજબના ચાર મૂલ્યોને સમાજકાર્યના મુખ્ય મૂલ્યો તરીકે દર્શાવી શકાય.

1. વ્યક્તિ મૂલ્યવાન છે, તેનું ગૌરવ જળવાવું જોઈએ.
2. સામાજિક ન્યાય
3. સમાજ કલ્યાણમાં વ્યક્તિની જવાબદારી
4. લોકશાહી મૂલ્યો

## 5.6 ઉપસંહાર

સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યો એ સમાજકાર્ય વ્યવસાય સાથે જોડાયેલ દરેક વ્યક્તિ માટે દિશાસૂચક દીવાદાંડી સમાન છે. સમાજ કાર્યકરે કેવું વર્તન કરવું ? કેવું વર્તન ન કરવું ? સામાજિક કાર્યકર્તાનો પોતાના સેવાર્થી સાથે, પોતાના સહ કર્મચારીઓ સાથે, પોતાની સાથેના સબંધને નિશ્ચિત કરવામાં સમાજકાર્યના મૂલ્યો અગત્યની ભૂમિકા ભજવે છે. તેવી જ રીતે સમાજકાર્ય દ્વારા આપણે શું પ્રાપ્ત કરવા માંગીએ છીએ. સમાજકાર્ય પ્રવૃતિઓના ધ્યેય/ ઉદેશ્ય / હેતુ શું છે ? તે દરેક બાબતની સ્પષ્ટતા જુદાજુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલ વ્યાખ્યાઓ અને વિગતવાર સમજૂતી ને આધારે મળી રહે છે.

આમ આ એકમ દ્વારા વિદ્યાર્થી પોતાના સમાજકાર્યના વ્યવસાયિક જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકશે. તેમજ પોતાની સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન પણ સેવાર્થી સાથે કઈ રીતે વર્તન કરવું તેની સ્પષ્ટ સમજણ વિદ્યાર્થીને મળી રહેશે. આમ, આ એકમ વિદ્યાર્થીના વ્યવસાયિક વિકાસમાં વૃદ્ધિ કરવામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે.

## 5.7 તમારી પ્રગતિ ચકાસો

1. "સમાજકાર્ય એ વ્યવસાય છે જેનું વિશિષ્ટ ધ્યેય માનવ સમાજને સુધારવાનું છે"- આ વિધાન કયા સમાજ વિજ્ઞાનીનું છે

   (A) ફ્રીડલેન્ડર (B) કોનોપ્કા (C) મેકાઈવર (D) જહોન્સન

2. ગીસેલ કોનોપ્કા એ પોતાના કયા પુસ્તકમાં સમાજકાર્યના ધ્યેયોની ચર્ચા કરી છે.

   (A) Introduction to Social Work

   (B) Social Work Philosophy

   (C) Social Work History and Philosophy

   (D) Radical Social Work

3. "સમાનતા ન્યાય અને બન્ધુતાના સિદ્ધાંતોને આધારે સામાજિક સુવ્યવસ્થાનું નિર્માણ કરવું તે સમાજકાર્યનું ધ્યેય છે"- આ વિધાન કોણે જણાવ્યુ છે.

   (A) ફ્રીડલેન્ડર (B) કોનોપ્કા (C) આર.આર.સિંગ (D) જહોન્સન

4. "Social Work Perspective" પુસ્તકના લેખક કોણ છે ?

   (A) ફ્રીડલેન્ડર (B) કોનોપ્કા (C) આર.આર.સિંગ (D) જહોન્સન

5. મૂલ્ય એટલે શું ?

   (A) મૂલ્યો એ સમાજની આદર્શ વ્યવસ્થા છે.

   (B) વ્યક્તિએ કેવું વર્તન કરવું અને કેવું વર્તન ના કરવું તેના નિયમો

(C) નૈતિકતા માટેના માપદંડ એટલે મૂલ્યો.

(D) ઉપરોક્ત તમામ

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

1 (B) 2 (B) 3 (C) 4 (C) 5 (D)

## 5.8 ચાવીરૂપ શબ્દો

- સમાજકાર્યના ધ્યેયો : ફ્રીડલેન્ડરના મતે વ્યક્તિઓ, જૂથો અને સમુદાયો એમનું શક્ય એટલું ઊંચામાં ઉંચી કક્ષાનું સામાજિક, માનસિક અને ભૌતિક કલ્યાણ સાધી શકે. એમાં તેમને મદદ કરવી તે સમાજ કલ્યાણનું ધ્યેય છે, આમ સમાજકાર્યનું ધ્યેય વ્યક્તિ, જૂથ કે સમુદાયમાં રહેલ વ્યક્તિઓને મદદરૂપ થઈને તેમને વધુ સારા સમાયોજન દ્વારા વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવાનો છે.
- સમાજકાર્યના મૂલ્યો : વ્યક્તિએ કેવું વર્તન કરવું અને કેવું વર્તન ના કરવું જોઈએ તે માટેના નૈતિક માપદંડ એટલે મૂલ્યો. સમાજકાર્યના મૂલ્યો સમાજ કાર્યકરે તેની વ્યવસાયિક પ્રેક્ટીસ દરમ્યાન કેવી રીતે કામ કરવું તેનું માર્ગદર્શન આપે છે.
- **સ્વાધ્યાય લેખન કરો :**
- જુદા જુદા સમાજ વિજ્ઞાનીઓએ જણાવેલ સમાજકાર્યના ધ્યેયો સમજાવો
- જુદા જુદા સમાજ વિજ્ઞાનીઓએ જણાવેલ સમાજકાર્યના મૂલ્યો સમજાવો
- સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યો સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન કઈ રીતે ઉપયોગી બની શકે તમારા ફિલ્ડવર્કના અનુભવને આધારે સમજાવો.
- **પ્રવૃત્તિ કરો :**
- તમારા ક્ષેત્રકાર્યના વિસ્તારમાં જઈને ત્યાના સમાજની મૂલ્ય વ્યવસ્થાનો અભ્યાસ કરો
- ક્ષેત્રકાર્ય દરમ્યાન તમે વર્ગખંડમાં ભણેલા સમાજકાર્યના ધ્યેયો અને મૂલ્યોનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો પ્રયાસ કરો
- સમાજની મૂલ્ય વ્યવસ્થા બદલી શકાય છે ? જો હા તો કઈ રીતે? અને જો ના તો શા માટે નહિ વિગતવાર સમજાવો
- સમાજકાર્યના મૂલ્યો અને ધ્યેયોને જીવનમાં આત્મસાત કરવાના પ્રયાસો કરો
- **કેસ સ્ટડી તૈયાર કરો :**
- તમારા ક્ષેત્રકાર્યના ગામની મૂલ્ય વ્યવસ્થાનો અભ્યાસ કરીને તેની નોધ તૈયાર કરી પોતાના માર્ગદર્શક સાથે ચર્ચા કરો
- જુદાજુદા સમાજ વિજ્ઞાનીઓએ આપેલ સમાજકાર્યના ધ્યેયો વિષેની નોંધ તૈયાર કરો

## 5.9 સંદર્ભ સૂચિ


- વ્યવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો- ડૉ આનંદીબહેન પટેલ - વ્યવસાયિક અભિવૃદ્ધિ પ્રકાશન, અમદાવાદ, 2010
- વ્યવસાયિક સમાજકાર્ય - ગીતા ચાવડા - લોક પ્રકાશન, રતનપુર-2010.

- समाजकार्य के मूल तत्व - रविन्द्रनाथ मुकर्जी - विवेक प्रकाशन, लखनऊ-2002.
- समाजकल्याण एवं समाजकार्य - अनीता कोठारी - आदि प्रकशन, जयपुर-2010.
- समाजकार्य का परिचय - डॉ. धर्मपाल चौधरी - आत्माराम एंड सन्स, नई दिल्ली-1990.
- समाजकार्य - राजारामशास्त्री - हिंदी समिति सूचना विभाग लखनऊ-1998.
- An Integrated approach of Social Work- Sanjay Bhattacharya- Deep & Deep Publication, New Delhi.

# એકમ 6 વિચારસરણીનો અર્થ અને ઐતિહાસિક વિકાસ

-: રૂપરેખા :-


6.0 એકમનાં હેતુઓ

6.1 પ્રસ્તાવના

6.2 વિચારસરણી એટલે શું ?

6.3 વિચારસરણીની વ્યાખ્યા :

6.4 વિચારસરણીની ભૂમિકા :

6.5 સમાજકાર્ય વિદ્યાર્થી તરીકે શા માટે તેનો અભ્યાસ જરૂરી ?

6.6 વિચારસરણીનો ઇતિહાસ

6.7 સમાજકાર્યનો વિચારસરણીની દ્રષ્ટિએ ઐતિહાસિક વિકાસ :

6.8 ઉપસંહાર

6.9 તમારી પ્રગતિ ચકાસો

6.10 ચાવીરૂપ શબ્દો

6.11 સંદર્ભ સૂચિ


## 6.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજકાર્ય વ્યવસાયના પાયાના જ્ઞાનનો ખ્યાલ મેળવવો .
- સમાજકાર્યના ઉદ્દેશ્યો/હેતુઓની સમજ મેળવવી અને ક્ષેત્રકાર્યમાં તેની ઉપયોગીતાની સમજણ મેળવવી.
- સમાજકાર્યના મૂલ્યોની સમજણ મેળવવી અને સમાજકાર્યના પ્રાયોગિક કાર્ય સમયે મૂલ્યો આધારિત પ્રેક્ટીસની સમજ મેળવવી.

## 6.1 પ્રસ્તાવના

**ઘટક પરિચય :**

એકમ 6માં સમાજ કાર્યનો ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે, આ ઇતિહાસ બે ભાગમાં વહેચી શકાય છે. સમાજકાર્યના ઈતિહાને સમજવા માટે તેને પ્રભાવિત કરતી ફિલૂસૂફી અને વિચારસરણીઓ ઇતિહાસ રજૂ કરવામાં આવે છે. જેને આધારે સમાજકાર્ય બદલાતા અભિગમો વિશેની સમાજ મેળવી શકાય છે. બીજા વિભાગમાં સમાજકાર્યની વિચારસરણી ઈતિહાસ રજૂ કર્યો છે. જે દર્શાવે છે કે સમાજકાર્યને ત્યાં સુધી પહોચવા કેટલો પ્રવાસ ખેડવો પડ્યો છે અને કેવા કેવા રસ્તે પસાર થવું પડ્યું છે.

સમાજકાર્ય એ સેવાર્થીને તેમનું વ્યક્તિગત અને સામુદાયિક કલ્યાણ વધારવા માટે મદદ કરતો વ્યવસાય છે.

## 6.2 વિચારસરણી એટલે શું ?

વિચારસરણીએ મૂલ્યોની વ્યવસ્થા બતાવે છે. તે ધારણા, માન્યતા અને સમજૂતી સાથે સંબંધ ધરાવે છે. ગોરે અનુસાર વિચારસરણીએ વિચારોની સર્વગ્રાહી વ્યવસ્થા છે. જે હાલના સંબંધો અથવા ભવિષ્ય માટે સૂચવાયેલા સંબંધોની વ્યવસ્થાને કાયદેસરતા બક્ષે છે અને એક્શન પ્રોગ્રામને સહાય કરે છે. વર્તમાન વ્યવસ્થાને ટકાવે છે અથવા તેનો નાશ કરે છે.

વિચારસરણી

↓

વિચારોની સર્વગ્રાહી વ્યવસ્થા જે ધારણા, માન્યતા અને સમજૂતી સાથે સંબંધિત છે.

← ↓ →

સંબંદોની વ્યવસ્થાને અથવા નકારે કાયદેસરતા આપે | પ્રવર્તમાન વ્યવસ્થાને ટકાવે | એકશન પ્રોગ્રામને સહાય

સામાજિક પરીવર્તન

ટૂંકમાં કહી શકાય કે વિચારસરણી પોતાના વિષે, અન્ય વિષે અને સમાજ વિષેની વાસ્તવિક સમાજ આપે છે. વાસ્તવિક્તા શું છે અને શા માટે છે તે સમજાવે છે. તે સંબંધોની વ્યવસ્થાને કાયદેસરતા આપે છે. વ્યવસ્થાને ટકાવી પણ શકે છે અને નકારી પણ શકે છે. પરીવર્તન માટેના એક્શન પ્રોગ્રામ માટે પણ સહાયક છે. આવું કરી સમાજને પરીવર્તન તરફ દોરી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક પરીવર્તન વિચારસરણી પણ દોરાય છે એટલે કે સમાજકાર્ય દોરનાર વિચારસરણી છે.

## 6.3 વિચારસરણીની વ્યાખ્યા :

### રિચર્ડ અને હર્બટ અનુસાર

"વિચારસરણી એ જીવન, સમાજ અથવા સરકાર વિશેના વિચારોનું એક જૂથ ચેજે મોટાભાગના કિસ્સાઓમાં સભાનપણે હિમાયત કરવામાં આવે છે અને સામાજિક, રાજકીય અથવા ધાર્મિક સૂત્રોચ્ચાર અથવા યુદ્ધની બુમો પાડે છે. અને જે સતત ઉપયોગ અને ઉપદેશ દ્વારા ધીમે ધીમે ચોક્કસ જૂથ, પક્ષ અથવા રાષ્ટ્રીયતાણી લાક્ષણિકતાઓ અને માન્યતા બની જાય છે."

### ચાર્લ્સ પી અનુસાર

"એક વિચારસરણી એ વ્યક્તિ અથવા જૂથ દ્વારા રાખવામા આવેલ અમૂર્ત વિચારોની એક પદ્ધતિ છે. જે વાસ્તવિકતાને સમજવા માટેનો હેતુ ધરાવે છે. મૂલ્યોના ધ્યેયને વ્યક્ત કરે છે અને તે પ્રકારની સામાજિક વ્યવસ્થાના અસ્વીકાર અથવા પ્રાપ્તિ માટે કાર્યવાહીનો કાર્યક્રમ ધરાવે છે. જેમાં સમર્થકો માને છે કે લક્ષ્યો શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત કરી શકાય છે."

## 6.4 વિચારસરણીની ભૂમિકા :

વ્યક્તિગત અને સામૂહિક બંને સંદર્ભોમાં વિચારધારા ઘણી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. અહીં તેના કેટલાક પ્રાથમિક કાર્યો છે :

- વિશ્વદર્શન રચના : વિચારધારા એક સંરચિત માળખું પૂરું પાડે છે જેના દ્વારા વ્યક્તિઓ અને જૂથો વિશ્વનું અર્થઘટન કરે છે અને અર્થ બનાવે છે. તે રાજકીય, સામાજિક અને આર્થિક ઘટનાઓને સમજવા માટે એક લેન્સ પ્રદાન કરે છે, લોકો ઘટનાઓ અને મુદ્દાઓને કેવી રીતે સમજે છે અને પ્રતિભાવ આપે છે તે આકાર આપે છે.

- ક્રિયા માટે માર્ગદર્શન : વિચારધારાઓ ઘણીવાર રાજકીય વર્તન અને નિર્ણય લેવામાં માર્ગદર્શન આપે છે. તેઓ વ્યક્તિઓ અને જૂથોને તે નક્કી કરવામાં મદદ કરે છે કે કઈ ક્રિયાઓ કરવી, કઈ નીતિઓને સમર્થન આપવું અને જે ચેમ્પિયન બનવાનું કારણ બને છે. ઉદાહરણ તરીકે વ્યક્તિની રાજકીય વિચારધારા તેમની મતદાન પસંદગીઓ અથવા જાહેર મુદ્દાઓ પરના તેમના વલણને પ્રભાવિત કરી શકે છે.

- સામાજિક સમન્વય : વિચારધારાઓ જૂથ અથવા સમુદાયના સભ્યો વચ્ચે ઓળખ અને સંબંધ બાંધવામાં મદદ કરી શકે છે. વહેંચાયેલ માન્યતાઓ અને મૂલ્યો એકતા અને ઉદ્દેશ્યની ભાવના બનાવી શકે છે, સામાજિક એકતા અને સામૂહિક ક્રિયાને પ્રોત્સાહન આપી શકે છે.

- કાયદેસરતા અને સમર્થન : વિચારધારાઓ ઘણીવાર અમુક નીતિઓ, ક્રિયાઓ અથવા સામાજિક વ્યવસ્થાઓને કાયદેસર અને ન્યાયી ઠેરવવા માટે સેવા આપે છે. દાખલા તરીકે, રાજકીય નેતાઓ વિચારધારાનો ઉપયોગ તેમની નીતિઓને ન્યાયી ઠેરવવા અથવા ચોક્કસ સામાજિક માળખાને શા માટે જાળવી રાખવા અથવા બદલવો જોઈએ તે સમજાવવા માટે કરી શકે છે.

- સંઘર્ષ અને વિભાજન : જ્યારે વિચારધારાઓ લોકોને એક કરી શકે છે, તે સંઘર્ષ અને વિભાજન તરફ પણ દોરી શકે છે. ભિન્ન વિચારધારાઓ વૈચારિક સંઘર્ષમાં પરિણમી શકે છે, જ્યાં વિરોધી જૂથો અથવા વ્યક્તિઓ તેમના અલગ અલગ મંતવ્યો અને મૂલ્યો પર અથડામણ કરે છે.

- પરિવર્તન અને નવીનતા : વિચારધારાઓ હાલની રચનાઓને પડકારીને અને સમાજને કેવી રીતે સંગઠિત કરવો જોઈએ તેના વૈકલ્પિક દ્રષ્ટિકોણનો પ્રસ્તાવ આપીને સામાજિક અને રાજકીય પરિવર્તન લાવી શકે છે. ક્રાંતિકારી વિચારધારાઓ, ઉદાહરણ તરીકે યથાસ્થિતિમાં ધરમૂળથી પરિવર્તન લાવવા અને નવી સિસ્ટમો બનાવવાનો પ્રયાસ કરે છે.

- શાસન અને નીતિ પર પ્રભાવ : વિચારધારાઓ જાહેર નીતિઓની રચના અને અમલીકરણને પ્રભાવિત કરે છે. રાજકીય પક્ષો, સરકારો અને નીતિ ઘડવૈયાઓ ઘણીવાર તેમના નિર્ણયો અને કાયદાકીય એજન્ડાને વૈચારિક સિદ્ધાંતો પર આધાર રાખે છે, જે જાહેર જીવનના વિવિધ પાસાઓને અસર કરે છે.

ટૂંકમાં કહીએ તો, વિચારધારા એ વ્યક્તિગત દ્રષ્ટિકોણ અને સામૂહિક ક્રિયાઓ બંનેને આકાર આપવા માટે અભિન્ન છે, સમાજ કેવી રીતે સંગઠિત થાય છે અને વ્યક્તિઓ તેમની અંદર કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તે પ્રભાવિત કરે છે.

## 6.5 સમાજકાર્ય વિદ્યાર્થી તરીકે શા માટે તેનો અભ્યાસ જરૂરી ?

સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ફિલસૂફી અને વિચારસરણી વિષે જાણવું એટલા માટે અનિવાર્ય છે કે તે સામાજિક પરીવર્તન અને સામાજિક કાર્યની દિશા ને સ્વરૂપ નક્કી કરે છે અને તેની સમજૂતી આપે છે. તે સામાજિક પરીવર્તન લાવતી સામાજિક ચળવળને પ્રાભાવિત કરે છે. સામાજિક ચળવળ નવી મૂલ્ય વ્યવસ્થા માટે કાયદેસરતા લાવે છે અને નવી મૂલ્ય વ્યવસ્થા પ્રકાશમાં નવા સ્વરૂપના સંબંધ શોધે છે. ટૂંકમાં કહીએ તો ફિલસૂફી અને વિચારસરણી સમાજકાર્ય વ્યવસાયને ઊંડું જ્ઞાન આપે છે. ફિલસૂફી સેવાર્થીને સમજવા માટેનું જ્ઞાન આપે છે. કોઈ પણ વ્યક્તિનું સામાજીકરણ જે વાતાવરણમાં થયું હોય તેની સમજૂતી ફિલસૂફી આપે છે. આમ, વ્યક્તિના મૂલ્યો, નૈતિકતા અને દધ્યેયની સમજૂતી તેમાથી મળી રહે છે. વળી, ફિલસૂફીએ વ્યક્તિને જાગૃતિની ક્ષમતાને પ્રભાવિત કરતી હોવાથી તે અંગેનો અભ્યાસ જરૂરી છે. વ્યક્તિની સમજવાની, અનુભવવાની, એકબીજા સાથે સંબંધ સ્થાપવાની અને સામાજિક વાસ્તવિકતા સામે પ્રતીભાવ આપવાની ક્ષમતા એટલે વ્યક્તિ કેવો પ્રતીભાવ આપશે તે જાણવા માટે અને તેને યોગ્ય દિશા આપવા માટે પણ ફિલસૂફી જ્ઞાન જરૂરી બને છે. કેમકે વ્યક્તિનું જ્ઞાન અને સમાજ ફિલસૂફી અને વિચારસરણીથી પ્રભાવિત થાય છે.

સારાંશરૂપે કહેવું હોય તો ફિલસૂફી જાણવી સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે એટલા માટે જરૂરી છે કે

- તે સમાજકાર્યનું સ્વરૂપ સમજાવે છે.
- વ્યવસાય અંગેનું જ્ઞાન આપે છે.
- વ્યવસાયને દિશા આપે છે
- સેવાર્થી વિષેની સમજ આપે છે.
- સ્વ વિષેની ઓળખ આપે છે.
- સ્વ જાગૃતિની માત્રા વધારે છે.
- સામાજિક વાસ્તવિક્તા વિષેની સમજ આપે છે.
- તે સામાજિક પરીવર્તન માટેની ચળવળને અસર કરે છે.
- નવી મૂલ્ય વ્યવસ્થા લાવે છે અને તેના પ્રકાશમાં નવા સ્વરૂપના સંબંધીને શોધે છે.

## 6.6 વિચારસરણીનો ઈતિહાસ

શોષણ, દમણ, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સામાજિક પ્રકૃતિનો સ્વભાવ છે. ઈતિહાસના દરેક સમયમાં જે તે સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્ત્વો પડેલા જોવા મળ્યા છી. માનવ પ્રકૃતિઓનો બીજો સ્વભાવ અન્યાયનો પ્રતિકાર કરવાનો રહ્યો છે. કદાચ માનવ પ્રકૃતિના આ બે ગુનોના કારણે જ સમાજ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે. વિચારસરણી અને ફિલસૂફી વિષે ઐતિહાસિક રીતે જોઈએ તો તેઓના બદલાવ પાછળની એક પ્રેરક બળપણ માનવ પ્રકૃતિના આ બે ગુણો જ દેખાય છે. ઐતિહાસિક રીતે જે તે સમાજની સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક તથા રાજકીય વ્યવસ્થામાં કેટલાક લોકો કિનારીએ મુકાયેલા છે. તો કેટલાક લોકો આધિપત્ય ભોગવવાની સ્થિતિમાં છે. આ સ્થિતિમાથી શોષણ જન્મે છે અને આ શોષણ દૂર કરવાના પ્રયત્નોમાંથી એક નવી વિચારસરણીનો જન્મ થાય છે. જે સામાજીક પરિવર્તનનું કારણ બની રહે છે. ફરીથી એક નવો

સામાજિક સંદર્ભ ઊભો થાય છે જેમાં કિનારીએ મુકાયેલા લોકો અને આધિપત્ય ધરાવતું જૂથ હોય છે, આધિપત્ય ધરાવતા જૂથને ન્યાયી ઠરાવની વિચારસરણી પણ હોય છે અને ધીરે ધીરે નવા પ્રકારનું શોષણ ઊભું થાય છે. જેને પરિણામે નવી વિચારસરણી નો જન્મ થાય છે. આ રીતે કોઈપણ સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે અથવા તો તોડી પાડવા માટે વિચારસરણી કારણભૂત હોય છે.

સમાજકાર્યનો જન્મ યુરોપ અને અમેરિકામાં થયો છે. ત્યાંના ઐતિહાસિક સંદર્ભમાં ઉપરોક્ત બાબતમાં ઉદાહરણ મળી રહે છે. જેમકે પ્રાગૈતિહાસિક સમયમાં વ્યક્તિ શિકાર કરતો અને જંગલોની પેદાશ ભેગી કરી પોતાનું ગુજરાન ચલાવતો. નાની નાની ટોળીમાં રહેતો જેમાં મુખીનું મહત્ત્વ રહેતું. મુખી વારસાગત રીતે આવતો ના હતો પરંતુ પોતાના ગુણને આધારે નિમાટો, મિલકત સહિયારી હતી, સ્તરીકરણ કે શોષણ ન હતું. ધીરે ધીરે વ્યક્તિ ખેતી કે બાગાયતી કરતો થયો. સહિયારી મિલકત ખાનગી બની. જમીન પર કાર્ય કરવા વધારે માનવબળની જરૂર પડી. જેમાથી ગુલામી પ્રથા ઉદ્ભવી. પોતાની સંપત્તિ પોતાના વારસદારને મળે તે પ્રથામાંથી લગ્ન પ્રથા ઉદ્ભવી, જ્ઞાતિપ્રથા ઉદ્ભવી. આ બધી પ્રથાઓને કેટલીક વિચારસરણીનો ટેકો હતો. જેમકે લગ્નપ્રથાને જાતિવાદનો ટેકો હતો. એવી જ રીતે જ્ઞાતિપ્રથાને બ્રાહ્મણવાદનો ટેકો હતો. ગુલામીપ્રથાને વંશવાદનો ટેકો હતો.

સૉક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ વિગેરે વિચારકો દ્વારા વિચારસરણી આપવામાં આવી. જેઓ સીધી લોકશાહીમાં માનતા હતા. કોઈપણ ઘટના પાછળની તાર્કિકતા અને નૈતિકતા પર ધ્યાન આપતા અને અમૂર્ત આદર્શોને ભૌતિક વિશ્વમાં વ્યવહારું બનાવવાનું સૂચવતા. ધીરે ધીરે શોષણ પર આધારિત ગ્રીક સામ્રાજયનો અંત આવ્યો અને રોમન સામ્રાજ્યની સ્થાપના થઈ. રોમન સામ્રાજ્ય દ્વારા જુડો ક્રિશ્ચિયન વિચારસરણીને ટેકો આપ્યો. જેનાથી પોપની સત્તા સર્વોપરી બની અને એક નવા પ્રકારનું શોષણ ઊભું થયું.

બિનસાંપ્રદાયિક માનવતાવાદની વિચારસરણી ઉદ્ભવી જેને સામાજિક જીવનના પ્રત્યેક પાસા સાથે ધર્મનું જોડાણ તોડ્યું. માનવ અસ્તિત્ત્વનું મહત્ત્વ સમજાયું, એક સુધારવાદી આંદોલન જોવા મળ્યું. દરેક ઘટનાઓને બુદ્ધિથી ચકાસવાનું શરૂ થયું. જેમાથી બુદ્ધવાદી અને કલ્યાણવાદની વિચારસરણી આવી. જ્ઞાનના સ્રોત તરીકે ધર્મ નહીં પણ તર્ક થવો જોઈએ. વૈજ્ઞાનિક તપાસ પદ્ધતિ જોરમાં આવી. રાજશાહીના પતનની શરૂઆત થઈ. રાષ્ટ્ર અને રાજયની વિચારસરણી અમલમાં આવી. પોપનું વર્ચસ્વ ઘટ્યું પરંતુ તેની જગ્યાએ વેપારી અને મધ્યમ વર્ગનું વર્ચસ્વ વધ્યું. રાજકીય ક્ષેત્રે ઉદારમતવાદી, લોકશાહી, મૂડીવાદ, રાષ્ટ્રીય વ્યવહાર, સ્પર્ધા, સંસ્થાનવાદને બઢાવો મળ્યો. એમાથી એક નવા પ્રકારના શોષણનો જન્મ થયો. નવા પ્રકારના માલિક ગુલામ સંબંધો થયા. તેથી સ્વાભાવિક રીતે મૂડીવાદ અને મજૂર, રાજ્ય અને લોકો, વિકસિત અને અવિસ્કસિત એવા ભેદ પડ્યા જેને ન્યાયી ધરાવતી વિચારસરણી ઉદારમતવાદ, સામાજિક ડાર્વિનવાદ, ઉપયોગીતાવાદ, યુરોકેન્દ્રવાદ અને રાષ્ટ્રવાદની વિચારસરણી હતી. આથી "સરવાઈવલ ઓફ ફિટેસ્ટ" એટલે કે મજબૂત માણસ જ ટકી શકે. એ માર્ગદર્શક સિદ્ધાંત બની ગયો. જેઓ સામાજિક પરિસ્થિતિનો ભોગ બન્યા છે. તેને જ પોતાની સ્થિતિ માટે જવાબદાર ઠરાવ્યા.

સંસ્થાનો સ્વતંત્ર થયા પછી આ સંસ્થાનો અવિકસિત દેશોની કક્ષામાં મૂકવા અને તેમણે વિકસિત દેશોની જેમ આધુનિક થવું જોઈએ તેવા વિચારનો ફેલાવો થયો. આ સામાજિક સંદર્ભનો વિરોધ કરવાની ચળવળના ભાગરૂપે સમાજવાદી વિચારસરણીનો ફેલાવો થયો. જેમાં સમાનતાને બઢાવો આપવો એ મુખ્ય મંત્ર હતો.

વિશ્વ યુદ્ધના અંત પછી માનવ હકોની વિચારસરણીનો ઉદ્ભવ થયો. આ વિચારસરણીએ બિનસાંપ્રદાયિક માનવતાવાદમાંથી વ્યક્તિના ગૌરવનો ખ્યાલ લીધો. સમાજવાદમાંથી સમાનતા અને લોકશાહીમાથી લોકભાગીદારીનો આદર્શ સ્વીકાર્યો. આ રીતે માનવ હકની વિચારસરણીના ચાર મુખ્ય પાયા બન્યા. સમાનતા, સ્વતંત્રતા, વ્યક્તિનું ગૌરવ અને ભાગીદારી. 1945માં યુનાઈટેડ નેશન્સની સ્થાપના થઈ. જેને આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ હકને માન્યતા આપવાની વાત કરી. સામાજિક સંદર્ભમાં જોઈએ તો સમાજવાદની પડતી સાથે મૂડીવાદે ફરી ઊથલો માર્યો. ''નવઉદારતવાદ''ની વિચારસરણીથી પ્રેરાઈને વૈશ્વિકરણ અને ઉદારીકરણનો યુગ શરૂ થયો. જેમાં સરકારની દરમિયાનગીરી ઓછી થઈ. બજાર અને સમાજને નિયંત્રિત કરનારું મુખ્ય પરિબળ બન્યું. જેના કારણે વૈશ્વિક કંપનીનું શાસન સ્થપાયું. જેમાં એક નવા પ્રકારના બિનસાંપ્રદાયિક સ્તરીકરણનું સર્જન થયું. સાંસ્કૃતિક અને જૈવિક વિવિધતાનું ધોવાણ થયું, જેમાંથી બહાર આવતા અનુઆધુનિક્વાદની વિચારસરણીનો ઉદ્ભવ થયો. ફરીથી બુદ્ધિની જગ્યાએ લાગણીમાં વિશ્વાસ બતાવવાનો શરૂ થયો.

આ સામયની ઉદ્ભવેલી અન્ય નવી વિચારસરણી જોઈએ તો સિવિલ સોસાયટીની વિચારસરણીનો ઉદ્ભવ થયો. સ્થાનિક શાસન અને સીધી લોકશાહીનો બઢાવો આપવા હિમાયત કરે છે. બીજી વિચારસરણીએ ટકાઉ અને લોકકેન્દ્રિત વિકાસની વિચારસરણી છે. જે આયોજનના કેન્દ્રમાં લોકોને રાખે છે. તેના વિકાસમાં એકબીજા પર આધારીતપણું અને સ્થિતિસ્થાપક માનવસંબંધો કેન્દ્રમાં છે. ભવિષ્યની પેઢી માટે આ વિચારસરણી આર્થિક, સામાજિક અને પર્યાવરણીય ટકાઉપણું લાવવા માટે પ્રયત્નશીલ છે.

ડો. મુરલી દેસાઈ પૂર્વગ્રહ ઊભો કરવાની વિચારસરણી, પૂર્વગ્રહ અને કિનારીએ મૂકાયેલા જૂથ વિષેની સમજૂતી એક ટેબલ દ્વારા આપી છે જે આ મુજબ છે.

| પૂર્વગ્રહ | પૂર્વગ્રહ ઊભી કરનારી વિચારસરણી | કિનારીએ મૂકાયેલા જૂથ |
|---|---|---|
| જાતિ | જાતિવાદ | સ્ત્રી |
| ઉમર | ઉમરવાદ | બાળકો, વૃદ્ધો |
| અપંગતા | અપંગતાવાદ | અપંગ |
| જ્ઞાતિ | જ્ઞાતિવાદ, બ્રાહ્મવાદ | દલિત |
| વંશ, | વંશવાદ | કાળા લોકો |
| વર્ગ | ઉદારમતવાદ, અનુઉદારમતવાદ | ગરીબ, મજૂર |
| સંસ્થાનવાદ | યુરોકેન્દ્રવાદ | યુરોપ સિવાયના લોકો |

સમાજકાર્યએ પૂર્વગ્રહ ઊભો કરનારી વિચારસરણીનો વિરોધ કર્યો તેના બદલે કાર્લ માર્ક્સ, પાઉલોફરી, ગાંધીજી અને સમકાલીન વિચારસરણી અમલમાં આવી. જેવી કે અનુઆધુનિકવાદ, સિવિલ સોસાયટી, બહુસાંસ્કૃતિકવાદ, ટકાઉ અને લોકકેન્દ્રિત વિચારસરણી, એક્શન ગૃપ અને નવી સામાજિક ચળવળની વિચારસરણીમાંથી પ્રેરણા લઈને જરૂરિયાતમંદને સહાયક થવાનું કાર્ય કરે છે. આ જુદી જુદી વિચારસરણીમાંથી પ્રેરણા લઈને ક્લિનિકલ સમાજકાર્ય, ફેમિનિસ્ટ સમાજકાર્ય, અનુઆધુનિક સમાજકાર્ય જેવા અનેક અભિગમો ઉદ્ભવ્યા.

## 6.7 સમાજકાર્યનો વિચારસરણીની દ્રષ્ટિએ ઐતિહાસિક વિકાસ :

મુખ્ય પ્રવાહની વિચારસરણીની પ્રેરણા લઈને અનેક અભિગમોનો વિકાસ થયો છે.

સમાજકાર્યનો વ્યવહાર અને નીતિ વિચારસરણીથી આકારિત થયા છે. વિચારસરણીએ મૂલ્યોની વ્યવસ્થા છે. જુદા જુદા જૂથની મૂલ્યોની વ્યવસ્થા જુદી જુદી હોય શકે. આથી કયું જૂથ કઈ વિચારસરણી અપનાવે છે તે બાબતે સમાજકાર્ય વ્યવહારને પ્રભાવિત કરે છે. જે સૌથી વધુ સ્વીકૃત વિચારસરણી હોય તે સમાજકલ્યાણની નીતિમાં પ્રતિબિંબિત થાય છે.

જેના આધારે સમાજકાર્યનો વ્યવહાર થાય છે. વિચારસરણી વાસ્તવિક્તા અંગેની સામાજિક બંધારણને આકાર આપે છે. ઘણીવાર અનેક જૂથની વિચારસરણી બીજા જૂથના હિતને પૂરક ન હોય. તેથી જ સમાજકાર્યના જુદા જુદા અભિગમને સમજવા અને તેની પાછળની ધારણાને સમજવી સમાજકાર્ય માટે અનિવાર્ય બની જાય છે. જુદી જુદી વિચારસરણીમાં રજૂ થયેલ વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો, રાજયની ભૂમિકા અને આદર્શ સમાજ માટેનું વિઝન જાણવું એ સમાજકાર્યકર માટે જરૂરી થઈ પડે છે.

ઈફરોસ અને રિશ્ચ મુજબ ડાબેરી પ્રવાહ સીધી રીતે લોકોના મુદ્દા સાથે જોડાઈ સમાજકાર્યને પરિવર્તન સાથે જોડે છે. તેઓ સેવાર્થી અને સામાજિક પરિબળો વચ્ચે અને બનતી ઘટનાઓ વચ્ચે જોડાણ જૂએ છે. જ્યારે જમણેરી પ્રવાહ સામાજિક પરીવર્તનના પ્રશ્નને ટાળે છે.

ડો મુરલી દેસાઇ કહે છે કે સમાજકાર્યનો વ્યવહાર વિવિધ વિચારસરણીઓ પ્રદર્શિત કરે છે. આ વિચારસરણી એ ઇતિહાસના જુદા જુદા તબક્કે વ્યવસાય પર પ્રભુત્વ જમાવ્યું છે. એકના આવવાથી બીજાનો અંત આવી જતો નથી. પ્રસ્તુત વિભાગમાં કેટલીક વિચારસરણીને સમજવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સમાજકાર્ય એક દાન તરીકે :**

**સમાજકાર્ય એક કલ્યાણકરી સેવા તરીકે :**

કલ્યાણકારી વિચારધારા તરીકે સામાજિક કાર્ય વિવિધ કલ્યાણ કાર્યક્રમો અને સેવાઓ દ્વારા સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવા અને સામાજિક મુદ્દાઓને સંબોધિત કરવાના હેતુથી માન્યતાઓ અને પ્રથાઓના માળખાને સમાવે છે. આ વિચારધારા સામાજિક ન્યાય, સમર્થન અને સશક્તિકરણના સિદ્ધાંતોને એકીકૃત કરે છે, જે વ્યક્તિઓ અને સમુદાયો માટે જીવનની ગુણવત્તા સુધારવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને જેઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે અથવા જરૂરિયાતમંદ છે.

**કલ્યાણની વિચારધારા તરીકે સામાજિક કાર્યના મુખ્ય ઘટકો** :

- **સામાજિક ન્યાય અને સમાનતા**

  તેના મુખ્ય સામાજિક કાર્ય તરીકે કલ્યાણ વિચારસરણી સામાજિક ન્યાય અને સંસાધનોના સમાન વિતરણ પર ભાર મૂકે છે. તે તમામ વ્યક્તિઓ માટે ખાસ કરીને જેઓ વંચિત છે; તેમના માટે યોગ્ય સારવાર અને તકોની હિમાયત કરે છે. સામાજિક કાર્યકર ગરીબી, ભેદભાવ અને સંસાધનોની પહોચને લગતા મુદ્દાઓ સહિત સમાજમાં અસમાનતા અને અન્યાયને સંબોધવા અને ઘટાડવાનું કાર્ય કરે છે.

- **સશક્તિકરણ અને સ્વ નિર્ણય :**

  સશક્તિકરણ એ સામાજિક કાર્ય એક મૂળભૂત ખ્યાલ છે, જે વ્યક્તિઓ અને સમૂદાયોને તેમના જીવન પર નિયંત્રણ મેળવવા અને તેમના પોતાના નિર્ણયો લેવામાં મદદ કરવા પર કેન્દ્રિત કરે છે. આ સ્વાયત્તા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના કલ્યાણ વિચારસરણીના ધ્યેય સાથે સંરેખિત છે. સામાજિક કાર્યકર સેવાર્થી તેમના વ્યક્તિગત

અને સામૂહિક ધ્યેયો હાંસલ કરવામાં મદદ કરવા હિમાયત અને ક્ષમતા નિર્માણ સહિત વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે.

- **સર્વગ્રાહી :**

  સામાજિક કાર્ય એક સર્વગ્રાહી અભિગમ અપનાવે છે. જે વ્યક્તિઓને તેમના પર્યાવરણના સંદર્ભમાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક આસપાસના સહિતના સંદર્ભમાં ધ્યાનમાં લે છે. આ પરિપ્રેક્ષ્ય વ્યક્તિગત સંજોગો અને સરહદી સામાજિક પરિબળો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને સ્વીકારે છે.

- **સિસ્ટમ અને માળખાકીય ફેરફાર :**

  કલ્યાણકારી વિચારસરણી તરીકે સામાજિક કાર્યમાં સામાજિક સમસ્યાના મૂળ કારણોને સંબોધવા માટે વ્યવસ્થિત અને માળખાકીય પરીવર્તનની હિમાયતનો સમાવેશ થાય છે, જેમાં સામાજિક સેવાઓમા સુધારો કરવા અને વ્યાપક સમુદાયને લાભ આપતી સામાજિક નીતિઓને પ્રોત્સાહન આપવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

તેના મૂળમાં, કલ્યાણકારી વિચારધારા તરીકે સામાજિક કાર્ય માનવ અધિકારો અને સામાજિક ન્યાયના સિદ્ધાંતોમાં ઊંડે ઊંડે છે. તે ભારપૂર્વક જણાવે છે કે તમામ વ્યક્તિઓને મૂળભૂત જરૂરિયાતો અને જીવનની યોગ્ય ગુણવત્તા માટેની તકોનો અધિકાર છે. સામાજિક કાર્યકરો નીતિઓ અને પ્રથાઓની હિમાયત કરે છે. જે સમાનતાને પ્રોત્સાહન આપે છે અને પ્રણાલીગત અન્યાયને સંબોધિત કરે છે. સામાજિક કાર્યની કલ્યાણકારી વિચારધારામાં સશક્તિકરણ એ મુખ્ય સિદ્ધાંત છે. તેમાં વ્યક્તિઓ અને સમુદાયોને તેમના જીવન પર નિયંત્રણ મેળવવા અને તેમના સુખાકારીને અસર કરતા નિર્ણયો લેવામાં મદદ કરવાનો સમાવેશ થાય છે. સામાજિક કાર્યકરો સેવાર્થીઓને તેમની પોતાની પરિસ્થિતિ સુધારવા માટે તેમની શક્તિઓ અને ક્ષમતાઓ બનાવવામાં મદદ કરે છે. કલ્યાણકારી વિચારધારા તરીકે સામાજિક કાર્યમાં પ્રણાલીગત પરિવર્તનની હિમાયતનો સમાવેશ થાય છે. સામાજિક કાર્યકર્તાઓ ઘણીવાર કાયદાઓ અને નિયમોને પ્રભાવિત કરવા માટે નીતિ પ્રેક્ટિસમાં જોડાય છે. જે હાંસિયામાં ધકેલાઈ ગયેલી અને સંવેદનશીલ વસ્તીને અસર કરે છે. તેઓ અન્યાયને પડકારીને અને સહાયક નીતિઓને પ્રોત્સાહન આપીને વધુ ન્યાયી સમાજ બનાવવાની દિશામાં કામ કરે છે. કલ્યાણની વિચારધારા સમુદાય અને સામૂહિક જવાબદારીના મહત્ત્વ પર પણ ભાર મૂકે છે. સામાજિક કાર્યકરો જરૂરિયાતોને ઓળખવા, સંસાધનો બનાવવા અને સહાયક નેટવર્કને પ્રોત્સાહન આપવા માટે સમુદાયો સાથે કામ કરે છે. આ સમુદાય-કેન્દ્રિત અભિગમ એવી માન્યતા સાથે સંરેખિત થાય છે કે સામાજિક કલ્યાણ માત્ર વ્યક્તિગત સહાય માટે નથી; પરંતુ સામાજિક માળખાને મજબુત કરવા વિશે છે. કલ્યાણકારી વિચારધારાના દૃષ્ટિકોણથી, સામાજિક કાર્ય નિવારણ અને પ્રારંભિક હસ્તક્ષેપને પ્રાથમિકતા આપે છે જેથી સમસ્યાઓ વધુ ગંભીર બને તે પહેલાં તેને સંબોધવામાં આવે. આ અભિગમ પાછળથી વધુ સઘન અને ખર્ચાળ હસ્તક્ષેપોની જરૂરિયાતને ઘટાડવાનો હેતુ ધરાવે છે.

સારાંશમાં કલ્યાણ વિચારધારાના દ્રષ્ટિથી સામાજિક કાર્યને જોવું એ સામાજિક ન્યાય, સશક્તિકરણ અને પ્રણાલીગત પરિવર્તન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે. તે બધા માટે સમાનતા અને સુખાકારીને પ્રોત્સાહન આપે તે રીતે વ્યક્તિગત અને સામાજિક બંને જરૂરિયાતોને સંબોધવા માટેના વ્યવસાયના સમર્પણને રેખાંકિત કરે છે.

## ક્લિનિકલ વિચારસરણી તરીકે સામાજિક કાર્ય

ક્લિનિકલ વિચારધારા તરીકે સામાજિક કાર્યનો વિકાસ સમય જતાં નોંધપાત્ર રીતે વિકસિત થયો છે, જે સામાજિક વલણ, વૈજ્ઞાનિક સમજણ અને વ્યાવસાયિક વ્યવહારમાં પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. ક્લિનિકલ પ્રેક્ટિસ તરીકે સામાજિક કાર્ય કેવી રીતે વિકસિત થયું છે, તેની અહીં એક ઐતિહાસિક ઝાંખી છે.

- ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટીઓ (19મી સદીના અંતમાં - 20મી સદીની શરૂઆતમાં) : ક્લિનિકલ પ્રેક્ટિસ તરીકે સામાજિક કાર્યની ઉત્પત્તિ 19મી સદીના અંતમાં ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટીઝ (COS) માં જોઈ શકાય છે. આ સંસ્થાઓ ગરીબોને રાહત આપવા પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી અને વ્યક્તિગત જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા અને તેને સંબોધવા માટેની પદ્ધતિઓ વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતી હતી. તેમાં ગરીબીમાં ફાળો આપતા વ્યક્તિગત અને સામાજિક પરિબળોને સમજવા અને સંબોધવા માટે કેસવર્ક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો.
- સેટલમેન્ટ હાઉસ : જેન એડમ્સ દ્વારા સ્થાપિત "હલ હાઉસ" દ્વારા ઉદાહરણ તરીકે સેટલમેન્ટ હાઉસ ચળવળ, સમુદાય આધારિત સમર્થન અને સીધી કાળજી સાથે સામાજિક સેવાઓના એકીકરણ પર ભાર મૂકે છે. આ અભિગમે તેમના સમુદાયોના સંદર્ભમાં વ્યક્તિગત અને કૌટુંબિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને તબીબી સામાજિક કાર્ય માટે પણ પાયો નાખ્યો.
- માનસિક ગતિશીલ પ્રભાવો : 20મી સદીની શરૂઆતમાં માનસિક ગતિશીલ સિદ્ધાંતોનું એકીકરણ જોવા મળ્યું, જે મોટાભાગે સિગ્મંડ ફ્રોઈડના કાર્યથી પ્રભાવિત હતું. સામાજિક કાર્યકરોએ તેમની પ્રેક્ટિસમાં મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોનો સમાવેશ કરવાનું શરૂ કર્યું, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના ઉકેલમાં આંતરિક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ અને પ્રારંભિક જીવનના અનુભવોને સમજવાના મહત્ત્વ પર ભાર મૂક્યો.
- વ્યવસાયીકરણ અને શિક્ષણ : આ સમયગાળા દરમિયાન, સામાજિક કાર્ય ઔપચારિક શિક્ષણ અને તાલીમ સાથે પોતાને એક અલગ વ્યવસાય તરીકે સ્થાપિત કરવાનું શરૂ કર્યું. યુ.એસ.માં નેશનલ એસોસિએશન ઓફ સોશ્યલ વર્કર્સ (NASW) જેવા સામાજિક કાર્ય કાર્યક્રમો અને વ્યાવસાયિક સંસ્થાઓની સ્થાપનાએ અભ્યાસ અને નીતિશાસ્ત્ર માટેના ધોરણો નક્કી કરીને તબીબી સામાજિક કાર્યના વિકાસમાં ફાળો આપ્યો.
- તબીબી સમાજકાર્ય : બીજા વિશ્વયુદ્ધ પછીના યુગમાં તબીબી સામાજિક કાર્યની વૃદ્ધિ જોવા મળી, જ્યાં સામાજિક કાર્યકરો આરોગ્યસંભાળ સેટિંગ્સમાં વધુને વધુ કાર્યરત હતા. આ સમયગાળામાં તબીબી સંભાળ સાથે સામાજિક કાર્ય પ્રેક્ટિસને એકીકૃત કરવા તરફ નોંધપાત્ર પરિવર્તન આવ્યું, દર્દીઓ અને પરિવારોને બીમારી અને અપંગતાનો સામનો કરવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.
- સારગ્રાહી અને પુરાવા-આધારિત અભિગમો : 1960 ના દાયકા સુધીમાં, સામાજિક કાર્ય પ્રથામાં સારગ્રાહી અને પુરાવા-આધારિત અભિગમોનો સમાવેશ કરવાનું શરૂ થયું. વ્યવસાયે જ્ઞાનાત્મક-વર્તણુકીય થેરાપી, કૌટુંબિક પ્રણાલી ચિકિત્સા અને અન્ય પુરાવા-આધારિત પ્રથાઓ સહિત વિવિધ રોગનિવારક મોડેલો અને તકનિકોને એકીકૃત કરવાના મહત્ત્વને વધુને વધુ ઓળખ્યુ.

- ભૂમિકાઓ અને વિશેષતાઓનું વિસ્તરણ : તાજેતરના દાયકાઓમાં, ક્લિનિકલ સામાજિક કાર્યકરોની ભૂમિકા વિસ્તરી છે જેમાં વિવિધ વિશેષતાઓનો સમાવેશ થાય છે, જેમ કે ઈજા, પદાર્થનો દુરુપયોગ અને કૌટુંબિક ઉપચાર. જટિલ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના નિરાકરણ અને ખાનગી પ્રેક્ટિસ, હોસ્પિટલો અને સામુદાયિક માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો સહિત વિવિધ સેટિંગ્સમાં વ્યાપક સંભાળ પૂરી પાડવા પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- હેલ્થકેર સાથે એકીકરણ : આજે, તબીબી સામાજિક કાર્ય વ્યાપક આરોગ્યસંભાળ પ્રણાલીમાં ઊંડાણપૂર્વક સંકલિત છે. ચિકિત્સકો, મનોવૈજ્ઞાનિકો અને અન્ય આરોગ્યસંભાળ વ્યવસાયિકોની સાથે કામ કરીને આંતરશાખાકીય ટીમોમાં સામાજિક કાર્યકરો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સર્વગ્રાહી સંભાળ, સેવાઓનું સંકલન કરવા અને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય બંને જરૂરિયાતોને સંબોધિત કરવા પર મજબૂત કરવા પર ભાર મૂકે છે.

સારાંશમાં તબીબી વિચારધારા તરીકે સામાજિક કાર્યનો ઐતિહાસિક વિકાસ સામાજિક, મનોવૈજ્ઞાનિક અને તબીબી દ્રષ્ટિકોણ વચ્ચે ગતિશીલ આંતરપ્રક્રિયાને પ્રતિબિંબિત કરે છે. આ વ્યવસાય તેના પ્રારંભિક ધર્માદા-આધારિત મૂળમાંથી એક અત્યાધુનિક ક્ષેત્રમાં વિકસિત થયો છે જે રોગનિવારક અભિગમોની શ્રેણીને એકીકૃત કરે છે અને વ્યક્તિઓ અને સમુદાયોની બદલાતી જરૂરિયાતોને સ્વીકારે છે.

**ઈકોલોજિકલ વિચારસરણી :**

આ ખ્યાલને 1970 માં કેટલાક તજજ્ઞોએ એકત્રિત અથવા તો યુનિફાઈંગ ફ્રેમ ઓફ રેફરન્સ તરીકે બતાવ્યો. સમાજકાર્યના સૌથી નવા ગણાતા વ્યવહારના મોડેલોમનું એક મોડેલ ગણાય છે. કારેલ જારમેઈન આ મોડેલની સમજૂતી આપતા કહે છે કે ઈકોલોજિસ્ટ હમેશાથી સિસ્ટમ વિચારક રહ્યા છે. તેઓ જીવંત અસ્તિત્વ વચ્ચેના અને જીવંત વાતાવરણ સાથેના સંબંધો સાથે નિસ્બત રાખે છે. વૃદ્ધિ, વિકાસ અને માણસની ક્ષમતાને સહાયક થવામાં અથવા તો બહાર લાવવામાં નિષ્ફળ જવા માટે જવાબદાર વાતાવરણ સાથે તે કાર્ય કરે છે. જેનો હેતુ વ્યક્તિની અનુકૂળ થવાની ક્ષમતા વધારવાનો અને વાતાવરણમાં સુધારો લાવવાનું છે. તે ત્રણ બાબતોનું વિશ્લેષણ કરે છે. એક સંશોધનની અંદર થતાં વ્યવહારોનું, બીજું લોકો અને સંશોધન વ્યવસ્થા વચ્ચે થતાં વ્યવહારોનું અને ત્રીજું સંશોધન વ્યવસ્થાની વચ્ચે થતાં વ્યવહારોનું.

**ઈકોસિસ્ટમ ખ્યાલ :**

સામાજિક કાર્યમાં ઈકોસિસ્ટમ ખ્યાલ વ્યક્તિઓ અને તેમના વાતાવરણ વચ્ચેના જટિલ આંતરપ્રક્રિયાને સમજવા અને સંબોધવા માટેનું માળખું પૂરું પાડે છે. આ પરિપ્રેક્ષ્ય ઈકોલોજીકલ સિસ્ટમ થિયરીમાં મૂળ છે, જે ભારપૂર્વક જણાવે છે કે લોકો તેમની આસપાસના બહુવિધ સ્તરોથી પ્રભાવિત છે. ઈકોસિસ્ટમ ખ્યાલ વ્યક્તિઓના સર્વગ્રાહી દષ્ટિકોણને પ્રોત્સાહન આપે છે, તેમને વિવિધ સિસ્ટમો સાથેની તેમની ક્રિયાપ્રતિક્રિયાના સંદર્ભમાં ધ્યાનમાં લે છે. આમાં માત્ર તેમના તાત્કાલિક વાતાવરણ (કુટુંબ, મિત્રો, કાર્યસ્થળ) જ નહીં પરંતુ વ્યાપક સામાજિક અને પર્યાવરણીય પરિબળો (સમુદાય સંસાધનો, સામાજિક નીતિઓ) પણ સામેલ છે. કુટુંબ, શાળા અને સાથીદારો જેવા તાત્કાલિક વાતાવરણને માઈક્રો સિસ્ટમ કહેવાય છે. વિવિધ માઈક્રોસિસ્ટમ્સ વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ, જેમ કે બાળકના ઘર અને શાળા વચ્ચેનો સંબંધ એટલે મેસો સિસ્ટમ. વ્યાપક સામાજિક પ્રણાલીઓ જે પરોક્ષ રીતે વ્યક્તિ પર અસર કરે છે, જેમ કે પેરેંટલ કાર્યસ્થળની નીતિઓ અથવા સમુદાય સંસાધનો એટલે એકસો સિસ્ટમ. વ્યાપક સાંસ્કૃતિક, આર્થિક અને

રાજકીય સંદર્ભો જે વ્યક્તિના અનુભવોને આકાર આપે છે તેને મેક્રો સિસ્ટમ તરીકે ઓળખાય છે.

ઈકોસિસ્ટમ ખ્યાલ એ વાત પર ભાર મૂકે છે કે વ્યક્તિઓ અને તેમના વાતાવરણ વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ ગતિશીલ અને દ્વિપક્ષીય છે. ઉદાહરણ તરીકે, વ્યક્તિનું વર્તન તેના પર્યાવરણને અસર કરી શકે છે, અને પર્યાવરણમાં થતા ફેરફારો વ્યક્તિ પર અસર કરી શકે છે. સામાજિક કાર્યકરો આંતરિક સંસાધનો (વ્યક્તિગત શક્તિઓ, સામનો કરવાની કુશળતા) અને બાહ્ય સંસાધનો (સમુદાય સેવાઓ, સપોર્ટ નેટવર્ક્સ) બંનેનું મૂલ્યાંકન કરે છે જે સમસ્યાનું નિરાકરણ અને સ્થિતિસ્થાપકતામાં મદદ કરી શકે છે. આ ખ્યાલ અનુકૂલન અને સુગમતાની જરૂરિયાત પર ભાર મૂકે છે. વ્યક્તિઓ અને સિસ્ટમો ફેરફારો અને પડકારોને સ્વીકારવા માટે સક્ષમ હોવા જોઈએ.

તે ફક્ત વ્યક્તિગત પેથોલોજી અથવા અલગ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વ્યક્તિના જીવનને અસર કરતા પરિબળોની વધુ વ્યાપક સમજ પ્રદાન કરે છે. તે વિવિધ સેવાઓ અને સમર્થનના એકીકરણની સુવિધા આપે છે, તે ઓળખી કાઢે છે કે અસરકારક ઉકેલો માટે ઘણીવાર બહુપક્ષીય અભિગમની જરૂર હોય છે.

**સમાજકાર્યનો રેડિકલ ખ્યાલ :**

સામાજિક કાર્યમાં આમૂલ અભિગમ પરંપરાગત સામાજિક કાર્ય પદ્ધતિઓમાં દેખાતી મર્યાદાઓના પ્રતિભાવ તરીકે ઉભરી આવ્યો હતો, જે સામાજિક માળખાની વધુ પ્રણાલીગત વિવેચન પર ભાર મૂકે છે અને પરિવર્તનશીલ સામાજિક પરિવર્તનની હિમાયત કરે છે. જેન એડમ્સ અને સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ જેવા પ્રારંભિક સામાજિક સુધારકોએ સામાજિક ન્યાય વિશે આલોચનાત્મક વિચારસરણીનો પાયો નાખ્યો હતો. આધુનિક અર્થમાં કટ્ટરપંથી ન હોવા છતાં, ગરીબી અને સામાજિક અસમાનતાને સંબોધવામાં તેમના કાર્યએ પ્રણાલીગત પરિવર્તનની જરૂરિયાતને પ્રકાશિત કરી. 1960 ના દાયકામાં વંશીય સમાનતા માટેના સંઘર્ષે હાલની સામાજિક રચનાઓને પડકારી અને પ્રણાલીગત અન્યાયને પ્રકાશિત કર્યા. સામાજિક કાર્યકરોએ વંશીય અને આર્થિક અસમાનતાને કાયમી રાખતી સિસ્ટમમાં તેમની ભૂમિકાઓ પર સવાલ ઉઠાવવાનું શરૂ કર્યું. યુદ્ધવિરોધી ચળવળએ સરકારી નીતિઓ અને પ્રથાઓ પર પણ સવાલ ઉઠાવ્યા હતા, જે સામાજિક કાર્યકરોને વ્યાપક પ્રણાલીગત મુદ્દાઓ પર વિચાર કરવા માટે પ્રભાવિત કરે છે. કાર્લ માર્ક્સ અને ફ્રેંકફર્ટ સ્કૂલના આલોચનાત્મક સિદ્ધાંતવાદીઓ જેવા સિદ્ધાંતવાદીઓના કાર્યોએ આમૂલ સામાજિક કાર્યને પ્રભાવિત કર્યું. તેઓએ મૂડીવાદી માળખાં અને પાવર ડાયનેમિક્સ કેવી રીતે અસમાનતાને કાયમી બનાવે છે તે સમજવા માટે એક માળખું પૂરું પાડ્યું. પોસ્ટ-કોલોનિયલ થિયરીએ ઐતિહાસિક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સત્તા અને સાંસ્કૃતિક વર્ચસ્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને, આમૂલ સામાજિક કાર્યને પ્રભાવિત કરવાનું શરૂ કર્યું. 1970 ના દાયકાના અંતમાં અને 1980 ના દાયકાના પ્રારંભમાં રેડિકલ સોશિયલ વર્ક જેવા જર્નલ્સની સ્થાપનાએ સામાજિક કાર્યમાં આમૂલ વિચારો અને પ્રથાઓની ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું.

**જનારાલિસ્ટ મોડેલ :**

આ ખ્યાલ માનવ ક્રિયા વિશે ઘણો વિસ્તૃત ખ્યાલ ધરાવે છે. લોકો અને તેમના વાતાવરણ વચ્ચે રહેલા સંશોધનોને ક્રિયાશીલ કરવાની પ્રક્રિયાને તે શોધે છે. મદદ કરતા સંબંધ તે તેનું કેન્દ્રિય સંશાધન છે. માનવ વ્યવસ્થામાં તેઓ વ્યક્તિની ક્રિયાશક્તિને ઉતેજન આપે છે. સેવાર્થીની શક્તિ, સંશાધનો, શક્યતાઓ અને સતત પ્રગતિ માટે સક્ષમ કરનારી વાસ્તવિકતાઓ ઊભી

કરવા માટે હેતુપૂર્વક ભાષાનો ઉપયોગ કરે છે. તે મૂલ્ય કેન્દ્રિત અભિગમ છે. સામાજિક ન્યાય માટે હિમાયત કરે છે. આ માટે તેઓ પાંચ કાર્યો કરે છે. લોકોની સમસ્યા સમાધાન અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતાને બધાવો આપે છે. લોકો, સંશાધનો અને સેવાઓને જોડી આપે છે. તે સેવાઓની વહેચની માટે સંકલન અને અસરકારકતા વધારવાની વાત કરે છે, સામાજિક નીતિના વિકાસ માટે ભાગ લે છે,

આ અભિગમ એ સંકલિત અને બહુસ્તરીય અભિગમ છે. માનવ વ્યવસ્થાના ક્રિયાકલાપને મહત્તમ કરવા તે સમાજ, સમુદાય, પાડોશ, સંગઠનો, વૈચારિક જૂથો, કુટુંબ અને વ્યક્તિ એમ દરેક સ્તરે કાર્ય કરે છે. સેવાર્થીને શક્ય હોય તેટલા બધા સંશાધનો મેળવી આપે છે. સક્ષમ કરનારો આ અભિગમ ઇકો સિસ્ટમનો ખ્યાલ ધરાવે છે. ન્યાય માટેનું કમિટમેંટ રાખે છે અને તે સક્ષમ કરનારી વાસ્તવિકતાઓને સેવાર્થી સાથે સહકાર દ્વારા રચે છે.

**નારીવાદનો ખ્યાલ :**

ન્યાયી સમાજ માટે મથતા સમાજકાર્ય માટે ફેમિનીઝમ એ અગત્યનો ખ્યાલ છે. ઇકો સિસ્ટમ ખ્યાલ સાથે સુસંગત આવતો આ ખ્યાલ સઘન રીતે વ્યક્તિગત અનુભવોને સામાજિક પરિબળો સાથે જોડે છે. સ્ત્રીની તાબેદારી સમાજના દરેક સંબંધ અને આંતર ક્રિયામાં પ્રતિબિંબિત થાય છે. તેથી સમાજકાર્ય જાતિ પૂર્વગ્રહના સમાધાન માટે પરિસ્થિતિને ચકાસતો રહે છે, જે જેનદાર સમાનતાની વાત કરે છે.

નારીવાદી વ્યવહારના ચાવીરૂપ તત્ત્વો એ છે કે તે સેવાર્થીના અનુભવોને ઓળખ મળે તેવા સહકાર પર આધારિત અને સ્તરીકરણ વગરના સંબંધો વિકસાવે છે. કોઈ પણ મુદ્દા પર કાર્ય કરતાં સમયે ઈરાદાપૂર્વક જેનડર લેન્સ પહેરે છે અને સેવરથી વ્યવસ્થાની અંદર સર્વ સમતાવાદી સંબંધોને સક્રિય રીતે ઉત્તેજન આપે છે. પરંપરાગત જેને સ્ત્રૈણ લક્ષણો ગણ્યા છે તેને શક્તિશાળી તરીકે ઓળખ પૂરી પાડે છે. આ ખ્યાલ એ સમાજ પર રચાયેલ છે કે લોકોનું ભૌતિક અને લાગણી વિષયક કલ્યાણ ત્યારે જ વધશે જ્યારે જેનડરને ધ્યાનમાં લેવાશે. આ સામજકાર્ય એ બધા જ અભિગમોને નકારે છે જે સ્ત્રીને પ્રાકૃતિક રીતે પુરુષને આધીન માને.

ડોમિનેલ પાંચ એવા વિસ્તાર બતાવે છે કે જ્યાં નારિવાદી સમાજકાર્ય પોતાના પ્રયત્નો કેન્દ્રિત કરે છે. સામાજિક સમસ્યાને વ્યાખ્યાયિત કરવાની રીત, નારી ઝુંબેશ અને નેટવર્કનો વિકાસ, કાનૂની સેટિંગ્સમાં સમાજ કાર્ય, કાઉન્સેલિંગ અને કાર્ય માટેના નારિવાદી સંબંધો.

**ગાંધીજીની વિચારધારા :**

ગાંધીવાદી વિચારધારાએ સામાજિક કાર્ય પર ઊંડો પ્રભાવ પાડ્યો છે, ખાસ કરીને ભારતમાં, જ્યાં મહાત્મા ગાંધીના અહિંસા, આત્મનિર્ભરતા અને સામાજિક ન્યાયના સિદ્ધાંતોએ સામાજિક કલ્યાણ અને સમુદાયના વિકાસ માટેના અભિગમોને આકાર આપ્યો છે. સામુદાયિક સશક્તિકરણ, પાયાની સંડોવણી અને નૈતિક વ્યવહારના ખ્યાલો દ્વારા ગાંધીના વિચારો સામાજિક કાર્યમાં એકીકૃત છે.

**સામાજિક કાર્યમાં ગાંધીવાદી વિચારધારાના મુખ્ય ઘટકો :**

- અહિંસા : ગાંધીજીનો અહિંસાનો સિદ્ધાંત શારીરિક હિંસાથી આગળ વધે છે જેમાં માનસિક અને ભાવનાત્મક નુકસાનનો સમાવેશ થાય છે. સામાજિક કાર્યમાં, આ એવી પદ્ધતિઓમાં ભાષાંતર કરે છે. જે સંઘર્ષોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા અને સમુદાયોમાં સંવાદિતાને પ્રોત્સાહન આપવા માંગે છે.

- સ્વરાજ અને સમૂદાય સશક્તિકરણ : ગાંધીજીએ આત્મનિર્ભરતાના વિચારને આગળ વધાર્યો, જે સમુદાયોને આત્મનિર્ભર બનવા અને તેમની પોતાની બાબતોનું સંચાલન કરવા પ્રોત્સાહિત કરે છે. આ સિદ્ધાંત સામાજિક કાર્ય પ્રથાઓમાં પ્રતિબિંબિત થાય છે જે સમુદાયોને સશક્ત બનાવવા માટે સ્થાનિક સંસાધનો, કુશળતા અને નેતૃત્વ પર ભાર મૂક્યો.
- પાયાની સંડોવણી અને સહભાગી વિકાસ : ગાંધીજી નિર્ણય લેવાની પ્રક્રિયામાં પાયાની સંડોવણીના મહત્ત્વમાં માનતા હતા. ગાંધીવાદી સિદ્ધાંતોથી પ્રભાવિત સામાજિક કાર્યમાં ઘણીવાર સમુદાયના સભ્યોને કાર્યક્રમોના આયોજન અને અમલીકરણમાં સામેલ કરવામાં આવે છે જેથી કરીને હસ્તક્ષેપો સુસંગત અને અસરકારક હોય.
- સામાજિક ન્યાય અને સમાનતા : ગાંધીજીની સામાજિક ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતા, જેમાં અસ્પૃશ્ય (હરિજન) જેવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોના ઉત્થાનનો સમાવેશ થાય છે, તે સામાજિક કાર્યનો અભિન્ન ભાગ છે. આમાં તમામ વ્યક્તિઓના અધિકારો અને ગૌરવની હિમાયત કરવી અને સામાજિક અસમાનતાઓને ઘટાડવા માટે કામ કરવું સામેલ કરેલ.
- સાદું જીવન અને નૈતિક અખંડિતતા : સાદગી અને નૈતિક અખંડિતતા પર ગાંધીજીનો ભાર સામાજિક કાર્ય નીતિશાસ્ત્રમાં પ્રતિબિંબિત થાય છે જે પ્રામાણિકતા, નમ્રતા અને નૈતિક વ્યવહાર પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રાથમિકતા આપે છે.
- પ્રારંભિક પ્રભાવો : અસ્પૃશ્યતા નાબૂદી અને ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન જેવા ગાંધીજીના સામાજિક સુધારાઓએ ભારતમાં સામાજિક કાર્યનો તબક્કો ગોઠવ્યો. તેમના વિચારોએ શરૂઆતના સામાજિક કાર્યકરોને પ્રભાવિત કર્યા જેઓ ગાંધીવાદી સિદ્ધાંતોનો ઉપયોગ કરીને સામાજિક મુદ્દાઓને ઉકેલવા માંગતા હતા.
- 1947માં ભારતને આઝાદી મળી તે પછી, ગ્રામીણ આજીવિકામાં સુધારો લાવવા અને સ્વ-નિર્ભરતાને પ્રોત્સાહન આપવાના હેતુથી સામુદાયિક વિકાસ કાર્યક્રમોમાં ગાંધીવાદી સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ પદ્ધતિઓ, આરોગ્ય અને શિક્ષણમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતા કાર્યક્રમો ઘણીવાર સ્વાવલંબન અને સમુદાયની ભાગીદારીના ગાંધીવાદી આદર્શોને પ્રતિબિંબિત કરે છે.
- ભારતમાં વિવિધ સામાજિક કાર્ય સંસ્થાઓ, જેમ કે ગાંધી પીસ ફાઉન્ડેશન, તેમના કાર્યક્રમોમાં ગાંધીવાદી સિદ્ધાંતોનો સમાવેશ કરે છે. તેઓ અહિંસક સંઘર્ષના નિરાકરણ, પાયાના વિકાસ અને સમુદાય સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ (TISS) જેવી સંસ્થાઓ તેમના અભ્યાસક્રમમાં ગાંધીવાદી ફિલસૂફીને એકીકૃત કરે છે, જેમાં સામાજિક ન્યાય, સમુદાય સેવા અને નૈતિક વ્યવહારના મૂલ્યો પર ભાર મૂકવામાં આવે છે.

## 6.8 ઉપસંહાર

આ એકમમાં દર્શાવ્યા અનુસાર અભ્યાસકર્તા વિદ્યાર્થી સમાજકાર્યમાં વિચારસરણી કોને કહેવાય તે સારી રીતે જાણી શકે છે. સમાજકારયાની ઘણી રીતો છે અને અભિગમો છે તથા વિવિધ ખ્યાલો છે જેમાથી ઘણા વિચારોનો ઉદ્ભવ થયેલો છે. આ એકમમાં તે તમામ વિચારસરણી પર પ્રકાશ પાડવામાં આવેલ છે.

## 6.9 તમારી પ્રગતિ ચકાસો

1. નીચેનામાંથી કઈ વિચારધારા પ્રણાલીગત અન્યાયને સંબોધવાના મહત્ત્વ પર ભાર મૂકે છે અને સામાજિક કાર્યમાં વ્યાપક સામાજિક ફેરફારોની હિમાયત કરે છે ?

   (અ) લિબરલ સમાજકાર્ય (બ) રેડિકલ સમાજકાર્ય (ક) કંસર્વેટિવ સમાજકાર્ય (ડ) માનવીય સમાજકાર્ય

2. "વ્યક્તિગત રાજકીય છે" સિદ્ધાંત કઈ સામાજિક કાર્ય વિચારધારા સાથે સૌથી વધુ સંકળાયેલ છે ?

   (અ) માર્ક્સવાદી સમાજકાર્ય (બ) નારિવાદી સમાજકાર્ય (ક) સારગ્રાહી સામાજિક કાર્ય (ડ) માનસિક ગતિશીલ સમાજકાર્ય

3. કયો સામાજિક કાર્ય અભિગમ વ્યક્તિઓ અને સમુદાયોને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ગાંધીવાદી સિદ્ધાંતોથી પ્રભાવિત છે?

   (અ) માળખાકીય સમાજકાર્ય (બ) સશક્તિકરણ સમાજકાર્ય (ક) કેસવર્ક (ડ) જટિલ સામાજિક કાર્ય

4. સામાજિક કાર્યમાં, કયો સિદ્ધાંત સામાજીક મુદ્દાઓના સંદર્ભમાં સત્તાની રચનાઓ અને વર્ગની અસમાનતાઓને તપાસવા માટે મોટે ભાગે હિમાયત કરશે?

   (અ) સિસ્ટમ થીયરી (બ) પોસ્ટ મોર્ડન તૈયારી (ક) માર્ક્સવાદી થીયરી (ડ) જ્ઞાનાત્મક-વર્તણૂક સિદ્ધાંત

5. સામાજિક કાર્યમાં "અહિંસા" (અહિંસા)નો સિદ્ધાંત નીચેનામાંથી કઈ વિચારધારા સાથે સૌથી વધુ ગાઢ રીતે સંકળાયેલો છે?

   (અ) વ્યવહારિક સામાજિક કાર્ય (બ) જટિલ સામાજિક કાર્ય (ક) ગાંધીવાદી સમાજકાર્ય (ડ) વ્યાવહારિક સમાજકાર્ય

## 6.9 ચાવીરૂપ શબ્દો :

- વિચારસરણી : વિચારસરણી એ જીવન, સમાજ અથવા સરકાર વિશેના વિચારોનું એક જૂથ; જે મોટાભાગના કિસ્સાઓમાં સભાનપણે હિમાયત કરવામાં આવે છે અને સામાજિક, રાજકીય અથવા ધાર્મિક સૂત્રોચ્ચાર અથવા યુદ્ધની બૂમો પાડે છે. અને જે સતત ઉપયોગ અને ઉપદેશ દ્વારા ધીમે ધીમે ચોક્કસ જૂથ, પક્ષ અથવા રાષ્ટ્રીયતાની લાક્ષણિકતાઓ અને માન્યતા બની જાય છે
- **સ્વાધ્યાય લેખન :**

1. આમૂલ સામાજિક કાર્ય અને નારીવાદી સામાજિક કાર્યને વ્યાખ્યાયિત કરો. દરેક વિચારધારાના મુખ્ય સિદ્ધાંતો અને સૈદ્ધાંતિક પાયા સમજાવો.
2. દરેક વિચારધારા સામાજિક કાર્ય પ્રથા અને નીતિને કેવી રીતે પ્રભાવિત કરે છે તે તપાસો.
3. આમૂલ સામાજિક કાર્ય અને નારીવાદી સામાજિક કાર્ય વાસ્તવિક-વિશ્વના સંદર્ભોમાં કેવી રીતે લાગુ કરવામાં આવ્યા છે તેના ઉદાહરણો આપો.

## 6.10 સંદર્ભ સૂચિ


- વ્યાવસાયિક સ્સ્માજકાર્ય : ગીતાબેન ચાવડા, લોક પ્રકાશન, લોકનિકેતન
- Reisch, Michael. The Road Not Taken : A History of Radical Social Work in the United States. Columbia University Press, 2002.
- Taylor, Ian, Paul Walton, and Michelle Young. Radical Social Work. Routledge, 2013.
- Jiménez, Jillian. "Radical Social Work : A Review of the Literature." Journal of Social Work, vol. 16, no. 1, 2016, pp. 45-65.

# એકમ 7 સંવિધાનિક વિચારધારા : ગાંધીજી અને અનુસૂચિત જાતિના સંદર્ભમાં

-: રૂપરેખા :-

7.0 એકમનાં હેતુઓ

7.1 પ્રસ્તાવના

7.2 અધ્યયનના હેતુઓ

7.3 સંવિધાનનો અર્થ

7.4 સંવિધાનિક વિચારધારાનો અર્થ અને તેના મુખ્ય ઘટકો

7.5 ગાંધીજીની સંવિધાનિક વિચારધારા અને અનુસૂચિત જાતિઓ અંગેનો દ્રષ્ટિકોણ

7.6 ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓના હિત માટે નોંધેલ બાબતો

7.7 અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ માટે ગાંધીજીની રચનાત્મક વિચારસરણી

7.8 અસ્પૃશ્યતાની સમાજમાં વિઘાતક અસરો

7.9 ગાંધીજીની દ્રષ્ટિએ અસ્પૃશ્યતા દૂર કરવા માટેના ઉપાયો

7.10 ઉપસંહાર

7.11 તમારી પ્રગતિ ચકાસો

7.12 ચાવીરૂપ શબ્દો

7.13 સંદર્ભ સૂચિ

## 7.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજકાર્ય વ્યવસાયના પાયાના જ્ઞાનનો ખ્યાલ મેળવવો .
- સમાજકાર્યના ઉદ્દેશ્યો/ હેતુઓની સમજ મેળવવી અને ક્ષેત્રકાર્યમાં તેની ઉપયોગીતાની સમજણ મેળવવી.
- સમાજકાર્યના મૂલ્યોની સમજણ મેળવવી અને સમાજકાર્યના પ્રાયોગિક કાર્ય સમયે મૂલ્યો આધારિત પ્રેક્ટીસની સમજ મેળવવી.

## 7.1 પ્રસ્તાવના

ગાંધીજીની સંવિધાનિક વિચારધારા ખાસ કરીને અનુસૂચિત જાતિના સંદર્ભમાં ભારતના સામાજિક અને રાજકીય જીવન પર કાયમી અસર ધરાવતી હતી. તેમના માટે સંવિધાન માત્ર કાયદાકીય દસ્તાવેજ નહોતુ પરંતુ સામાજિક ન્યાય અને માનવ અધિકારનુ પ્રતીક હતું. ગાંધીજીના મતે સમાજમાં અંતરાય અને ભેદભાવને દુર કરવા માટે સંવિધાનિક સુવિધાઓ ખુબ જ મહત્ત્વ પૂર્ણ છે. તેઓએ અનુસૂચિત જાતિઓના ઉદ્ધાર માટે અનેક પ્રયાસો કર્યા હતા. જેમકે હરિજનોના હિત માટે અખિલ ભારતીય હરીજન સેવાસંઘની સ્થાપના અને તેના દ્વારા સેવા કરી. તેઓ

માનતા હતા કે સામાજિક સમાનતા સ્થાપવા માટે તમામ જાતિના અને વર્ગના લોકો માટે શૈક્ષણિક અને આર્થિક સુવિધાઓ પૂરી પડવી જોઈએ.

આ વિષયને ગહનતાથી સમજવા માટે સંવિધાનના વિવિધ આર્ટીકલ અને ગાંધીજીના વિચારોને સમાવી લેતી વ્યક્તિગત અને સામાજિક નીતિઓની તપાસ પણ જરૂરી છે.

## 7.2 અધ્યયનના હેતુઓ

1. વર્તમાન સમયમાં ગાંધી વિચારોની લોક જીવન પર અસરનો ખ્યાલ મેળવવો.
2. અનુસૂચિત જાતિઓના વિકાસ, અનામત પ્રથા અને અસ્પૃશ્યતા અંગે ગાંધીજીની વિચારધારાનો અભ્યાસ કરવો.

## 7.3 સંવિધાનનો અર્થ

'સંવિધાન એ રાજયની શાસન વ્યસ્થા અને નાગરિકોના અધિકારો તથા કર્તવ્યોને પરિભાષિત કરતો નિયમો અને સિદ્ધાંતોનો એક સતાવાર દસ્તાવેજ છે.'

સંવિધાન એ કોઈ પણ દેશના શાસન અને સંચાલન માટે મૂળભૂત સિદ્ધાંતો, નીતિઓ, આદર્શો અને નિયમોની એક સંહિતા છે. તે દેશના નાગરિકો, સરકાર અને વિવિધ સંસ્થાઓ વચ્ચેના  સંબંધોને નિયમિત કરવા માટેનો આધારભૂત દસ્તાવેજ છે.

## 7.4 સંવિધાનિક વિચારધારાનો અર્થ અને તેના મુખ્ય ઘટકો

સંવિધાનિક વિચારધારા એટલે સંવિધાનના અર્થઘટન અને લાગુ કરવાના વિષયમાં માન્યતાઓ અથવા સિદ્ધાંતોનો સમૂહ. તેમાં વ્યક્તિઓ અથવા જૂથો અંગે સંવિધાનની ભૂમિકા સરકાર, સમાજ અને કાયદામાં કેવી રીતે સમજ છે તે સામેલ છે. આ વિચારધારા ન્યાયિક નિર્ણયો, રાજકીય નીતિઓની ક્રિયા પ્રતિક્રિયાઓને પ્રભાવિત કરે છે.

### સાંવિધાનિક વિચારધારાના મુખ્ય ઘટકો

1. મૂળવાદ :

   સંવિધાનનું અર્થઘટન તેને અપનાવવાના સમયે મૂળ સમજણના આધાર પર કરવું.

2. મૂલશબ્દવાદ :

   સંવિધાનિક લખાણના સાદા અર્થ પર ધ્યાન કેન્દ્રિત કરવુ.

3. જીવંત સંવિધાન :

   સંવિધાનને એક ગતિશીલ દસ્તાવેજ તરીકે જોવું જે સામાજિક ફેરફારો સાથે વિકસિત થાય છે.

4. ન્યાયિક સક્રિયતા :

   આ એવી વિચારધારા છે કે ન્યાયાધીશો એ વર્તમાન સમયના મુદ્દાઓને ઉકેલવા માટે સંવિધાનનું અર્થઘટન કરવું જોઈએ ક્યારેક નવી નીતિઓ પણ બનાવવી જોઈએ.

5. ન્યાયિક સંયમ :

   આ એવી માન્યતા છે કે ન્યાયલયોએ ધારાસભા અને કારોબારી શાખાના નિર્ણયો પર આધારીત રહેવું જોઈએ અને નીતિ બનાવવાથી બચવું જોઈએ અને ન્યાયિક સંયમ રાખવો જોઈએ.

વિભિન્ન સાંવિધાનિક વિચારધારાઓ સંવિધાનિક જોગવાઈઓના વિવિધ અર્થઘટન અને અમલ તરફ દોરી શકે છે, જે નાગરિક અધિકારોથી લઈને સરકારી શક્તિઓ સુધીની દરેક બાબતોને અસર કરે છે.

## 7.5 ગાંધીજીની સંવિધાનિક વિચારધારા અને અનુસૂચિત જાતિઓ અંગેનો દ્રષ્ટિકોણ

મહાત્મા ગાંધી, જેમને બાપુ તરીકે પણ ઓળખવામાં આવે છે એ ભારતીય સ્વતંત્રતા આંદોલનના પ્રમુખ નેતાઓ પૈકીના એક હતા. તેમણે માત્ર રાજકીય સ્વતંત્રતા માટે જ નહીં, પરંતુ સામાજિક અને આર્થિક સમાનતા માટે પણ આંદોલન ચલાવ્યુ હતુ. ગાંધીજીના વિચારોમાં સાદગી, સત્યાગ્રહ અને અહિંસા જેવા મૂળભૂત સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.

### ગાંધીજીના સાંવિધાનિક વિચારધારા હેઠળની મુખ્ય બાબતો

1. આહિંસા અને સત્યાગ્રહ

   - આહિંસા : આ સિદ્ધાંતનો અર્થ છે કે કોઈપણ જાતિની હિંસા કરવી નહીં. સમાજમાં શાંતિ અને સમાનતાને પ્રોત્સાહન આપવુ.
   - સત્યાગ્રહ : સત્યની પકડને મજબૂત રાખીને, અણઘડ શક્તિ સામે અહિંસક પ્રતિકારનો માર્ગ આપનાવવો

2. ગામ સ્વરાજ

   - ગ્રામ સ્વરાજ્ય માટેનો ગાંધીજીનો વિચાર દરેક ગામને આર્થિક રીતે સ્વતંત્ર અને સ્વાવલંબન કરવુ તે હતો. ગામની જરૂરિયાતોની ચીજ વસ્તુઓ ગામમાંથી જ મળી રહે જેથી સ્થાનિક લેવલે રોજગારીની સમસ્યાઓ ના રહે અને સાથે સાથે લોકોને મોંઘવારીનો સામનો પણ ના કરવો પડે. તેના જ પ્રતીક સ્વરૂપે ગાંધીજી એ રેટિયો કાંતવાનો અને ખાદીના વધુમાં વધુ ઉપયોગનો વિચાર આપ્યો હતો.

3. સમાજવાદ અને સમાનતા

   - સમાજવાદ : દરેકને સમાન અધિકાર અને સમાન તક આપવાની વિચારધારા. ગાંધીજીના માટે સમાજમાં રહેતા દરેક વ્યક્તિને સમાન તક મળવી જોઈએ કારણ કે દરેક વ્યક્તિનો જો સમાન ઉત્કર્ષ થશે તો જ સમગ્ર સમાજમાં સુખાકારી સ્થપાશે.
   - વર્ગ વિહીન સમાજ : ધનિક અને ગરીબ વચ્ચેની ખાઈને નાબૂદ કરવા પ્રયાસ. સમાજમાં હંમેશા એ પ્રશ્ન રહ્યો છે ક જેની પાસે ધન સંપતિ છે એની પાસે વધતી જાય છે અને જે ગરીબ છે તે વધુ ગરીબ થતા જાય છે અને તેથી સમાજનો યોગ્ય રીતે વિકાસ થઈ શકતો નથી. ગાંધીજીના આ વિચારોના આધારે જ વિનોબા ભાવેજીએ ભૂદાન ચળવળ ચલાવી હતી અને સમાજમાં સમાનતા લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

### અનુસૂચિત જાતિઓની ઉપેક્ષા અને એમના હિત માટે ગાંધીજીના પ્રયત્નો

1. હરીજનોનો ઉત્કર્ષ

   - હરીજન : ગાંધીજીએ અનુસૂચિત જાતિના લોકોને ‘હરીજન’ કહેવાનો આગ્રહ રાખ્યો જેનો અર્થ છે ‘ઈશ્વરના માણસો’.
   - અસ્પૃશ્યતા સામે લડત : ગાંધીજીએ અસ્પૃશ્યતાની પ્રથા સામે મક્કમપણે લડત ચલાવી હતી.

2. પૂના કરાર

   - પૂના કરાર (1932): આ કરારમાં અનુસૂચિત જાતિઓને માટે ચુંટણીમાં સીટો આરક્ષિત કરવા માટે લખાણ કરવામાં આવ્યું હતુ.
   - મુલાકાતો અને વક્તવ્ય : ગાંધીજીએ અલગ-અલગ સ્થળોએ જઈને અનુસૂચિત જાતિના લોકોને પ્રોત્સાહિત કર્યા.

3. આરક્ષણ અને રોજગારી

   - શિક્ષણ માટે પ્રયત્નો : અનુસૂચિત જાતિઓ માટે શિક્ષણના ક્ષેત્રમાં સુધાર લાવવા ગાંધીજીએ ઘણા પ્રયત્નો કર્યા હતા.
   - નોકરીમાં આરક્ષણ : નોકરીમાં અનુસૂચિત જાતિઓને માટે આરક્ષણની માંગોનું સમર્થન કર્યું.

**ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ**

1. ભારતીય બંધારણ પર અસર

   - ડૉ. બી. આર. આંબેડકર સાથે સુમેળ : ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓના હિતોની રક્ષા માટેની વિવિધ જોગવાઈઓ ઉમેરવામાં આવી
   - અનુસૂચિત જાતિઓના અધિકારોનું રક્ષણ : સંવિધાનમાં અનુસૂચિત જાતિઓ માટે અનેક અધિકાર તથા સુવિધાઓ આપવામાં આવી.

2. સાહિત્ય અને સભ્યતા પર અસર

   - લેખો અને પ્રવચનો : ગાંધીજીના લેખો અને પ્રવચનોમાં અનુસૂચિત જાતિઓના હિત માટેના વિચારો વ્યાપકપણે ચર્ચાયા છે.
   - સમાજમાં ફેરફાર : તેમના સિદ્ધાંતોએ સમાજમાં અનુસૂચિત જાતિઓના પ્રત્યેના દ્રષ્ટિકોણમાં બદલાવ લાવવામાં મદદ કરી છે.

**અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ અંગે ગાંધીજીની સામાજિક વિચારધારા**

1. અછુતત્વનો વિરોધ

   ગાંધીજી અછુતત્વને એક નૈતિક પાપ માનતા હતા. તેમણે આ માન્યતાને ખોટા ગણાવી અને સમાજમાં અછુતત્વને દુર કરવા માટે નૈતિક અને અચારિક સુધારાઓની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

2. સામાજિક એકતા

   ગાંધીજીનું માનવું હતું કે સમાજમાં એકતા લાવવા માટે તમામ જાતિઓને એકસાથે લાવવી મહત્ત્વપૂર્ણ છે. તેમણે અલગ મતદાનના પ્રસ્તાવનો વિરોધ કર્યો અને સમાન પ્રતિનિધિત્વની વકાલત કરી જેથી હિંદુ સમાજમાં ભેદભાવ દુર થાય.

3. શિક્ષણ અને ઉન્નતિ

   ગાંધીજી માનતા હતા કે શિક્ષણ જ અનુસૂચિત જાતિઓના લોકોની સ્થિતિમાં સુધારો લાવી શકે છે. તેમણે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને શિક્ષણના પ્રચાર માટે પ્રયત્નો કર્યા.

4. આંતરજ્ઞાતીય લગ્ન અને ભોજન

   ગાંધીજીનું માનવું હતું કે જ્ઞાતિઓ વચ્ચેના ભેદોને દુર કરવા માટે આંતરજ્ઞાતીય લગ્નને પ્રોત્સાહન આપવું જરૂરી છે. કારણકે તેનાથી અલગ અલગ જ્ઞાતિ નો પરસ્પરનો સમભાવ વધશે અને લોકોનો એક બીજા પરનો વિશ્વાસ પણ સંપાદિત થશે. આ સાથે તેઓ માનતા હતા કે સાથે ભોજન લેવાની પ્રથાને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. કારણકે એવુ કેહવામાં આવે છે કે જેના અન્ન નોખા એમના મન નોખા આ દ્રષ્ટી એ ગાંધીજી એ સાથે ભોજન કરવાની પ્રક્રિયા પર પણ ભાર મુક્યો હતો. આ પ્રથા દ્વારા લોકો વચ્ચે પ્રેમ અને સમાનતા વધે છે.

5. નૈતિક અને વૈચારિક સુધારણા

   ગાંધીજી માનતા હતા કે સમાજમાં નૈતિક અને વૈચારિક સુધારણા દ્વારા જ અછૂતત્વ દુર કરી શકાય છે. ગાંધીજીના મતે સમાજના લોકો એક બીજા સાથે એવી રીતે જોડાયેલા હોઈ છે કે એમાંથી અમુક લોકોને કોઈ બાબતમાં મુશ્કેલી પડે તો તેના કારણે આખા સમાજ પર તેની વિપરીત અસર પડે છે પડે છે. તેમણે આ અંગે લોકોમાં જાગૃતિ લાવવા અને નૈતિક મૂલ્યો વધારવા પર ભાર મુક્યો હતો.

6. ગાંધીજીનો વારસો

   ગાંધીજીની વિચારધારા આજે પણ સાંપ્રત છે અને સમાજમાં સામાજિક સમાનતા અને ન્યાય માટેની લડાઈમાં પ્રેરણા આપે છે. તેમના વિધારોને આધારે આજે પણ અનેક સંસ્થાઓ અને ચળવળો સફળતાપૂર્વક કાર્ય કરી રહી છે.

7. સામાજિક પરિવર્તન

   ગાંધીજીના વિચારોને અનુસરીને સમાજમા અનુસૂચિત જાતિઓની સ્થિતિમાં સુધારો લાવવા માટે અનેક પ્રયાસો કરવામા આવ્યા છે. તેમ છતાં આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે અને સમાજમાં સમાનતા લાવવા માટે વધુ પ્રયત્નો કરવાની જરૂર છે. આ રીતે ગાંધીજીની વિચારધારા અનુસૂચિત જાતિઓની ઉન્નતી માટે એક નૈતિક અને સામાજિક દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે. જે આજના સમયમાં પણ મહત્ત્વપૂર્ણ છે.

આમ, મહાત્મા ગાંધીની વિચારધારા અને અનુસૂચિત જાતિઓ માટેના પ્રયાસો ભારતીય સમાજ માટે ક્રાંતિકારી સાબિત થયા છે. તેમની આ વિચારધારા અહિંસા, સમાનતા અને આરક્ષણ જેવા સિદ્ધાંતોમાં પ્રગટ થાય છે. તેમના પ્રયત્નોથી ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિઓના હિતો માટે મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે.

## 7.6 ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓના હિત માટે નોંધેલ બાબતો

ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓ (Scheduled Castes - SCs) માટે હિતકારક પ્રાવધાનોના સંદર્ભે અનેક મુખ્ય મુદ્દાઓ અને સંબંધિત કલમોનો સમાવેશ કરવામાં આવેલ છે. ભારતીય સંવિધાનમાં, અનુસૂચિત જાતિઓના હિત માટે અમુક ખાસ કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ અનુસૂચિત જાતિના લોકોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાનો અને સામાજિક ન્યાયની સુનિશ્ચિતતા કરવાનો છે.

**અનુસૂચિત જાતિઓ માટેના વિશિષ્ટ પ્રાવધાનો**

1. આર્ટિકલ 15

   આર્ટિકલ 15(4) અંતર્ગત રાજય કોઈપણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો,

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના આર્થિક અને શૈક્ષણિક હિત માટે વિશેષ શાખાઓ બનાવી શકે છે. ધર્મ, જાતિ, જાતિ, લિંગ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. તે રાજ્યને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની પ્રગતિ માટે વિશેષ જોગવાઈઓ બનાવવા માટે પરવાનગી આપે છે.

2. આર્ટિકલ 16

આર્ટિકલ 16(4) અંતર્ગત કોઈપણ પછાત વર્ગ કે જે રાજ્યની સેવાઓમાં પૂરતુ પ્રતિનિધિત્વ ન ધરાવતું હોય તે માટે રાજ્ય સરકારી નોકરીઓમાં અનામત (Reservation) આપી શકે છે.

3. આર્ટિકલ 17

આર્ટિકલ 17 'અસ્પૃશ્યતા' રદ કરે છે અને કોઈપણ રૂપમાં તેના પ્રયોગને પ્રતિબંધિત કરે છે. 'અસ્પૃશ્યતા'ના કારણે ઊભી થયેલ કોઈપણ અયોગ્યતા ના ચલાવવી અને તે અંગેનો ગુનો બનાવવો એ રીતે કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરાવવી. આર્ટિકલ 17 અંતર્ગત અસ્પૃશ્યતા (Untouchability) પૂર્ણપણે બંધ કરવી અને તેનો કોઈ પણ સ્વરૂપે અનુશરણ કરવુ દંડનીય છે.

4. આર્ટિકલ 46

આર્ટિકલ 46 અંતર્ગત રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજ્યની ફરજ છે કે તે અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતો માટે ખાસ ધ્યાન આપે. રાજ્યને નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોને વિશેષ કાળજી સાથે પ્રોત્સાહન આપવા અને તેમના સામાજિક અન્યાય અને શોષણના તમામ રૂપોથી રક્ષણ આપવા માટે દિશા-નિર્દેશ આપે છે.

5. આર્ટિકલ 330 અને 332

આર્ટિકલ 330 અંતર્ગત લોકસભામાં અનુસૂચિત જાતિઓ માટે સીટો અનામત છે. આર્ટિકલ 332 અંતર્ગત રાજ્ય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિઓ માટે સીટો અનામત છે.

6. આર્ટિકલ 335

અનામતપાત્ર નોકરીઓ અને પદોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોના દાવાઓને ધ્યાનમાં લેવા માટે જોગવાઈ કરે છે સાથે જ રાજ્ય અને કેન્દ્રના વહીવટની કાર્યક્ષમતાનું જતન કરવાનું પણ અવલોકન કરે છે.

7. આર્ટિકલ 338

આર્ટિકલ 338 અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની સ્થાપના કરવી તથા અનુસૂચિત જાતિઓની હિતોની સુરક્ષા અને પ્રમોશન માટે કામગીરી કરવી એ આયોગનું મુખ્ય કાર્ય છે. જે અનુસૂચિત જાતિઓ માટે સંવૈધાનિક અને અન્ય કાનૂની સુરક્ષાઓ સંબંધિત તમામ બાબતોની તપાસ કરશે આવી સુરક્ષાઓની કામગીરીનું મૂલ્યાંકન કરશે અને તેમની અસરકારક અમલવારી માટે ભલામણો કરશે.

8. કલમ 341

રાષ્ટ્રપતિને રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણવામાં આવતી જાતિઓ, વંશો અથવા જનજાતિઓને નક્કી કરવાની સત્તા આપે છે.

**શૈક્ષણિક અને આર્થિક હિતો માટેની જોગવાઈઓ**

1. અનામત (Reservation)

   શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનુસૂચિત જાતિઓ માટે અનામત પ્રદાન કરવુ તથા અનામતના આંકડા સમયાંતરે સુધારવામાં આવે છે જેથી ગુણવત્તા અને સમાનતાની સુનિશ્ચિતતા થાય.

2. શિષ્યવૃત્તિઓ અને સહાય

   અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ અને અન્ય આર્થિક સહાયતા પ્રદાન કરવી તથા તેના માટે વ્યવસ્થા ઉભી કરવી.

**રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (National Commission for Scheduled Castes - NCSC)**

1. સ્થાપના

   રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની સ્થાપના આર્ટિકલ 338 અંતર્ગત કરવામાં આવી છે, આ આયોગનું કાર્ય છે અનુસૂચિત જાતિઓના હિતોની સુરક્ષા અને પ્રમોશન માટે કામગીરી કરવી. આ આયોગ નિરીક્ષણ કરે છે કે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં અનુસૂચિત જાતિઓના માટેના પ્રાવધાનોનો યોગ્ય અમલ થાય છે કે નહી.

2. કાર્ય અને જવાબદારીઓ

   1. અનુસૂચિત જાતિઓના કિસ્સાઓની તપાસ અને શાસક તંત્રને જરૂરી સલાહ.
   2. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અનુસૂચિત જાતિઓના હિતોના અમલનો અહેવાલ કેન્દ્ર સરકારને આપવો.
   3. અનુસૂચિત જાતિઓના હિત માટે નવા પગલાઓ અને પ્રસ્તાવો રજૂ કરવા

**અનુસૂચિત જાતિઓના હિત માટેના અન્ય કાયદા**

1. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ 1989 (SC/ST (Prevention of Atrocities) Act, 1989)

   - આ અધિનિયમ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સામે થતી હિંસા અને અન્ય પ્રકારના અત્યાચારોને રોકવા માટે છે.
   - આ કાયદા હેઠળ અનુસૂચિત જાતિઓ સામે અત્યાચાર કરનાર લોકો દંડ અને જેલની સજા મળવા લાયક બન્યા છે.

2. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારો અધિનિયમ, 2015 (SC/ST (Prevention of Atrocities) Amendment Act, 2015)

   - 1989ના અધિનિયમમાં વધુ કડક કાયદા અને શિખામણો ઉમેરવામાં આવ્યા છે જેથી કોઈપણ પ્રકારે અત્યાચારોના કિસ્સાઓને નિયંત્રિત કરી શકાય.

આમ, ભારતીય સંવિધાનમાં અનુસૂચિત જાતિઓના હિત માટેનું વિશિષ્ટ પ્રાવધાનો તેમના સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે મહત્ત્વપૂર્ણ છે. આથી તેઓને માત્ર મૂળભૂત અધિકાર પ્રાપ્ત નથી. પરંતુ શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે વિશેષ તક પણ પ્રાપ્ત થાય છે. આ પ્રાવધાનોનો યોગ્ય અમલ જ ભારતને વાસ્તવિક અર્થમાં સમાનતા અને ન્યાયના માર્ગ પર આગળ લાવી શકે છે.

## 7.7 અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ માટે ગાંધીજીની રચનાત્મક વિચારસરણી

મહાત્મા ગાંધીની અનુસૂચિત જાતિઓ માટેની રચનાત્મક વિચારસરણી સામાજિક સમાનતા, ઉન્નતિ અને મુખ્ય પ્રવાહના સમાજમાં એકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરનારી હતી. તેમની દ્રષ્ટિમાં કેટલીક મુખ્ય બાબતો શામેલ છેઃ

1. અસ્પૃશ્યતા નાબૂદી :

   ગાંધીજી અસ્પૃશ્યતાના કટ્ટર વિરોધી હતા અને તેમણે તેના ઉન્નમૂલન માટે જોરશોરથી પ્રચાર કર્યો. તેઓ માનતા હતા કે અસ્પૃશ્યતા માનવજાત માટે પાપ છે અને તેને દુર કરવી ભારતની નૈતિક અને સામાજિક પ્રગતિ માટે જરૂરી છે.

2. સામાજિક અને આર્થિક ઉન્નતિ :

   તેમણે અનુસૂચિત જાતિઓની સામાજિક અને આર્થિક ઉન્નતિ માટે ભાર આપ્યો. આમાં શિક્ષણ, રોજગારની તકો અને સામાજિક સેવાઓનો સમાવેશ થાય છે જે તેમની જીવન પરિસ્થિતિઓ અને સમાજમાં તેમની સ્થિતિમાં સુધારો કરે છે.

3. સ્વાભિમાન અને ઈજ્જત :

   ગાંધીજી અનુસૂચિત જાતિઓને તેમની ઓળખમાં ગૌરવ લેવાની અને સમાજ તરફથી સન્માન અને ઈજ્જત માગવાની પ્રેરણા આપતા. તેમણે "હરિજનો" (અર્થાત્ "ભગવાનના બાળકો") શબ્દના ઉપયોગને પ્રોત્સાહન આપ્યુ હતુ.

4. ગ્રામ ઉદ્યોગ અને આત્મનિર્ભરતા :

   તેમણે અનુસૂચિત જાતિઓ માટે આર્થિક તકો પૂરી પાડવા અને જાતિ-આધારિત વ્યવસાયો પરની નિર્ભરતા ઘટાડવા માટે ગ્રામ ઉદ્યોગને આત્મનિર્ભરતા વધારવા માટે પ્રચાર કર્યો.

5. ધાર્મિક અને સામાજિક પ્રથાઓમાં સમાવેશ :

   ગાંધીજી અનુસૂચિત જાતિઓને મુખ્ય પ્રવાહની ધાર્મિક અને સામાજિક પ્રથાઓમાં એકીકૃત કરવામાં માનતા હતા. તેમણે મંદિરો અને અન્ય જાહેર સ્થળોમાં તેમના પ્રવેશનુ સમર્થન કર્યું.

6. રાજકીય પ્રતિનિધિત્વ અને અધિકારો :

   ગાંધીજી અનુસૂચિત જાતિઓ માટે રાજકીય પ્રતિનિધિત્વનું સમર્થન કરતા હતા. જેથી ગવર્નન્સ અને નીતિ-નિર્માણમાં તેમના વિચારો સાંભળી શકાય. તેમા વિધાનસભાઓ અને સ્થાનિક મંડળોમા અનામત સીટો માટે તેમનુ સમર્થન સામેલ છે.

## 7.8 અસ્પૃશ્યતાની સમાજમા વિઘાતક અસરો

અસ્પૃશ્યતા એ સમાજમાં એક ખૂબ જ ઘાતક કુરીતિ છે જેની લાંબાગાળાની સામાજિક અસરો પર વિશાળ અને વિનાશક અસર પડે છે. આ કુરીતિની અસરો શાંતિ, સામાજિક સુધારણા અને વૈશ્વિક વિકાસ માટે ગંભીર ખતરો ઉભો કરે છે. અહીં કેટલીક મુખ્ય અસરો દર્શાવવી છે.

1. સામાજિક વિઘટન

   અસ્પૃશ્યતા સમાજને વિભાગોમાં વિભાજિત કરે છે. જેના કારણે વિવિધ જાતિ અને વર્ગ

વચ્ચે સંલગ્નતા, સમાનતા અને સહયોગની ભાવના નષ્ટ થાય છે. આ વિઘટન સમાજમાં તણાવ અને વિખંડન લાવે છે જે સામાજિક સંબંધોનો નાશ કરે છે.

2. શિક્ષણ અને વિકાસની તકો

અસ્પૃશ્યતા શૈક્ષણિક અવસરને સીમિત કરે છે ખાસ કરીને તે લોકોને જેમણે આ કુરીતિ હેઠળ જીવવુ પડે છે. આ લોકો શિક્ષણ, તકનીકી કૌશલ્ય અને કુશળતાઓને પુરવાર કરી શકતા નથી, જે તેમના જીવન સ્તર અને સામાજિક સ્થિતિને મર્યાદિત કરે છે.

3. આર્થિક આવરોધો

અસ્પૃશ્યતા લોકોના આર્થિક વિકસનને અવરોધિત કરે છે કારણકે તેઓ સારા રોજગાર, વ્યવસાય અને આર્થિક અવસરો સુધી પહોંચી શકતા નથી. આથી આ લોકો આર્થિક રીતે પીડા અને ગરીબીનો સામનો કરે છે, જે સમાજમાં અસમાનતા ઉભી કરે છે અને અસમાનતા વધારવામાં યોગદાન આપે છે.

4. માનસિક આરોગ્ય પર અસરો

અસ્પૃશ્યતા સાથેના માનસિક તાણ, પીડા, અને અપમાન વ્યક્તિના માનસિક આરોગ્ય પર વિપરીત રીતે અસર કરે છે. જેથી વ્યક્તિઓની આત્મમુલ્યની લાગણી ઘટી જાય છે.

5. સામાજિક સહયોગનો અભાવ

અસ્પૃશ્યતા સમાજમાં ભેદભાવ ઊભો કરે છે, જે લોકો વચ્ચે સહયોગ અને સહકારની ક્ષમતા ઘટાડે છે. આ રીતે સંસાધનો અને કાર્યક્ષમતા જેવો સામાજિક મિલકતનો પૂર્ણ ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે.

6. નૈતિક અને કાયદાકીય અસરો

અસ્પૃશ્યતા કાયદાકીય અને નૈતિક દૃષ્ટિએ ખોટી છે, તે સાથેની સંસ્કૃતિ અને પ્રથાઓ કાયદાઓના અમલને મુશ્કેલ બનાવે છે. આથી, સમાજમાં કાયદાકીય અને ન્યાયની સિસ્ટમ સામે મુશ્કેલીઓનો ઉદ્ભવ થતો રહે છે.

7. વિશ્વસ્તરીય પ્રતિબિંબ

અસ્પૃશ્યતા સામાજિક વિકાસ, ન્યાય અને માનવાધિકારો માટે વૈશ્વિક ધોરણો અને અપેક્ષાઓ સાથે સરખાવાય છે. તેથી અસ્પૃશ્યતા સામાજિક પ્રગતિ અને વૈશ્વિક છબીને નકારાત્મક રીતે અસર કરે છે.

આ રીતે, અસ્પૃશ્યતા લાંબાગાળાની અત્યત નકારાત્મક અસર કરે છે, જે માત્ર કેટલાક વિશિષ્ટ લોકો માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે આફત બની શકે છે.

## 7.9 ગાંધીજીની દ્રષ્ટિએ અસ્પૃશ્યતા દૂર કરવા માટેના ઉપાયો

મહાત્મા ગાંધીજીની દ્રષ્ટિએ, અસ્પૃશ્યતા (Untouchability) દૂર કરવા માટે કેટલીક મહત્ત્વની સ્ટ્રેટેજીઓ અને ઉપાયો હતા. તેઓએ આ વિરોધી પદ્ધતિને દૂર કરવા માટે વિવિધ પ્રયાસો કર્યા, જેમણે સમાજમાં સુધારણા અને માનવાધિકારને મજબૂત બનાવવામાં મદદ કરી. અહીં ગાંધીજીના મતે અસ્પૃશ્યતા દૂર કરવા માટેના મુખ્ય ઉપાયો નીચે મુજબ છે :

1. શૈક્ષણિક સુધારણા

   ગાંધીજીનું માનવું હતું કે શિક્ષણ અને જાણકારી અસ્પૃશ્યતા સામે લડવામાં મહત્ત્વપૂર્ણ છે. તેમણે નમ્ર પણે જનજાગૃતિ અભિયાન ચલાવ્યુ જેમાં આ રીતે વ્યક્તિઓને આ કુરીતિના ખતરાને સમજાવવાની કોશિશ કરવામા આવી હતી.

2. સામાજિક કાર્ય અને સેવાઓ

   અસ્પૃશ્યતા સામે લડવા માટે ગાંધીજીએ કહ્યું કે સમાજના તમામ વર્ગો સાથે મિલન અને સહયોગ વધારવો જોઈએ. તેમણે હરિજનો અને અસ્પૃશ્યતા ભોગવનાર લોકો માટે આરોગ્ય, શિક્ષણ અને અન્ય સેવાઓ પહોંચાડવા માટે કાર્ય કર્યું હતુ.

3. સમાજસેવા અને સ્વચ્છતા અભિયાન

   ગાંધીજીએ કાર્યકર્તાઓને તેમની જાતિ અને વર્ગની કુરીતિઓ વિરુદ્ધ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે વૈશ્વિક સ્વચ્છતા, અહિંસા અને વિશ્વાસના સ્તરે સંસ્કારની મહત્ત્વતાને ધ્યાનમાં રાખીને તમામ લોકો વચ્ચે સરળતા લાવવાની કોશિશ કરી.

4. અસ્તિત્વ અને માનવાધિકારનો ઉત્કર્ષ

   અસ્પૃશ્યતા અને જાતિવાદને દૂર કરવા માટે ગાંધીજીએ દરેક વ્યક્તિના માનવાધિકાર અને અનુકૂળતાનો પ્રચાર કર્યો. તેમણે એવી મંત્રણા આપી કે દરેક વ્યક્તિને માનવ અધિકાર અને જીવનના મૂળભૂત અધિકાર મળવા જોઈએ.

5. પ્રતિબંધ અને વિરોધ

   ગાંધીજીએ તેમના ઉપદેશ અને કાર્યકમો દ્વારા અસ્પૃશ્યતા વિરૂદ્ધ કડક પ્રતિબંધ અને વિરોધ કરવાની જરૂરિયાત છે તેમ સમજાવ્યું. તેમણે અત્યંત અસ્વીકાર્ય પદ્ધતિઓનો વિરોધ કરવાનું અને જીવનના કડક નિયમોને અનુસરવાનું જ્ઞાન આપ્યું.

6. પ્રેરણા અને ઉદાહરણ

   ગાંધીજી પોતે પોતાના જીવનમાં અસ્પૃશ્યતા વિરૂદ્ધના આદર્શો વ્યક્ત કરતા હતા અને તેઓએ જીવનમાં દયાળુ અને સમાન દૃષ્ટિ અપનાવવી. આ રીતે તેમણે પોતાના વર્તનથી સમાજને પ્રેરણા આપી.

7. કાયદાકીય જોગવાઈ

   ગાંધીજીને સમજાયુ કે કાયદાકીય ધોરણો અને નીતિઓ દ્વારા અસ્પૃશ્યતા વિરુદ્ધ પગલા લેવા જોઈએ. તેમણે સરકારને અને સમાજને આ મુદ્દા પર કાયદાકીય સુધારણા માટે પ્રેરણા આપી.

8. હરિજનો માટે અધિકારો

   ગાંધીજીએ 'હરિજનો' (અસપ્રુશ્યતા ભોગવનાર લોકો) માટે અધિકાર અને માનસિક સમાનતા માટે ઘણાં પ્રયત્ન કર્યા. તેમણે આ લોકો માટે ઉચ્ચ શિક્ષણ અને નોકરીઓની ઉપલબ્ધિ વધારવા માટે નીતિઓનું પાલન કર્યું.

   આ રીતે મહાત્મા ગાંધીજીની દ્રષ્ટિએ અસ્પૃશ્યતા દૂર કરવા માટે સર્વાંગીણ અભિગમ જરૂરી છે, જેમાં શિક્ષણ, સામાજિક પ્રવૃત્તિઓ, કાયદાકીય સુધારણા અને વ્યક્તિગત ઉત્કર્ષનો સમાવેશ થાય છે.

## 7.10 ઉપસંહાર

ગાંધીજીના વિચારો અને સંવિધાનિક વિચારધારા ભારતના સમાજને ન્યાય, સમાનતા અને માનવ મર્યાદાની દિશામાં આગળ ધપાવા માટે મહત્ત્વપૂર્ણ રહ્યા છે. અનુસૂચિત જાતિની હાલત સુધારવા માટેની તેમની પ્રતિબદ્ધતા અને પૌરાણિક સમાજ વ્યવસ્થામાંથી નીકળવા માટેનું અહવાન એ ગાંધીજીના કાર્યનું મર્મ છે.

અનુસૂચિત જાતિના સભ્યોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે ગાંધીજીના પ્રયત્નો ભારતીય સંવિધાનના આધારસ્તંભમાં સમાવીસ્ટ છે. સંવિધાનમાં અનુસૂચિત જાતિઓ માટે વિશેષ સુરક્ષા, અધિકાર અને સમાનતા માટેના પ્રવધાનોએ ગાંધીજીની માન્યતાઓનું અદર્શીકરણ કરીને એક નવું સામાજિક પરિપેક્ષ્ય ઉભું કર્યું છે.

ગાંધીજીના આદર્શો પર આધારિત આ સંવિધાનિક વિચારધારા એ ભારતને એક સમાનતાવાદી અને માનવતાવાદી સમાજ બનાવવાનો પ્રયાસ છે, જ્યાં દરેક વ્યક્તિને જાતિ, ધર્મ અથવા સામાજિક સ્થિતિના ભેદ વિના સમાન હક અને મર્યાદા મળી રહે.

## 7.11 તમારી પ્રગતિ ચકાસો :

1. ગાંધીજીની સંવિધાનિક વિચારધારા હેઠળની બાબતોમાં નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે?

   (A) અહિંસા અને સત્યાગ્રહ (B) ગ્રામ સ્વરાજ

   (C) સમાજવાદ અને સમાનતા (D) ઉપરોક્ત તમામ

2. પુના કરાર ક્યારે કરવામાં આવ્યો હતો ?

   (A) 1935 (B) 1926 (C) 1932 (D) 1940

3. બંધારણના કયા આર્ટીકલમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની સ્થાપના કરવાનું સૂચવવામાં આવેલ છે ?

   (A) 338 (B) 320 (C) 321 (D) 405

4. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (આત્યાચાર નિવારણ) અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

   (A) 1995 (B) 1989 (C) 1920 (D) 1996

5. બંધારણના ક્યાં આર્ટીકલમાં અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતો માટે ખાસ ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે ?

   (A) 45 (B) 48 (C) 46 (D) 50

   **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

   (1) D (2) C (3) A (4) B (5) C

## 7.12 ચાવીરૂપ શબ્દો

1. અનુસૂચિત જાતિ : અનુસૂચિત જાતિ એ ભારત સરકાર દ્વારા વૈધાનિક રીતે ઓળખવામાં આવેલ એવી જાતિઓ છે જેઓ ઐતિહાસિક રીતે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે

પછાત રહી છે. ભારતીય સંવિધાનની અનુસૂચી મુજબ આ જાતિઓને ખાસ લાભો અને સુરક્ષાઓ પ્રદાન કરવા માટે જુદી-જુદી યોજનાઓ બનાવવામાં આવી છે જેમ કે શૈક્ષણિક રીઝર્વેશન, નોકરીમાં આનામત અને અન્ય વ્યવસ્થાઓ.

આ જાતિઓનો ઉલ્લેખ ભારતીય સંવિધાનની અનુસૂચિમાં કરવામાં આવ્યો છે તેથી તેમને ''અનુસૂચિત જાતિઓ'' તરીકે ઓળખવામાં આવે છે.

2. અસ્પૃશ્યતા : અસ્પૃશ્યતા એ જાતીવાદી ભેદભાવનું એક સ્વરૂપ છે જેમાં સમાજના કેટલાક વિશિષ્ટ વર્ગોને, ખાસકરીને નીચી જાતિના લોકોને અસ્પૃશ્ય ગણીને અન્ય લોકો દ્વારા તેઓને અશુદ્ધ અથવા અધમ ગણવામાં આવે છે આ માન્યતા અનુસાર આ વર્ગના લોકોનો શારીરિક સ્પર્શ અથવા તેમની નજીક જવાને પણ સંકોચનીય અને અશુદ્ધ ગણવામાં આવે છે.

- **સ્વાધ્યાય લેખન કરો :**

1. સંવિધાનની વ્યાખ્યા લખો તથા સાંવિધાનિક વિચારધારાના મુખ્ય ઘટકો સમજાવો
2. અનુસૂચિત જાતિઓની ઉપેક્ષા અને એમના હિત માટે ગાંધીજીના પ્રયત્નો વર્ણવો
3. અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ અંગે ગાંધીજીની સામાજિક વિચારધારા વર્ણવો
4. ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિઓ માટેની વિશિષ્ટ જોગવાઈઓ વિસ્તારથી લખો
5. અસ્પૃશ્યતાની સમાજમાં પડતી વિઘાતક અસરો વર્ણવો

- **પ્રવૃત્તિ કરો :**

(1) ક્ષેત્રકાર્ય દરમિયાન અનુસૂચિત જનજાતિ આયોગના કર્યો અને તેની સમાજ પર અસરો તપાસો

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) અસ્પૃશ્યતાનો સામનો કરતા રહેલા કોઈ પણ 3 વ્યક્તિની કેસ સ્ટડી તૈયાર કરો.

## 7.13 સંદર્ભ સૂચિ

1. એમ કે. ગાંધી (1927), સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
2. એમ કે. ગાંધી (1942), ગ્રામ સ્વરાજ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
3. એમ કે. ગાંધી (1934), અસ્પૃશ્યતા નિવારણ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
4. ગાંધીજીના લેખો અને પ્રવચનો
5. ભારતીય બંધારણ અને તેનાં અનુસૂચિત જાતિઓ માટેના નિયમો
6. ભારતીય સંવિધાન

**નિદર્શન (Direction)**

**પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય** — *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સંપાદક (Editor)**

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**સહ-સંપાદક (Co-Editor)**

**શ્રી આશિષ વસાવા** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. જયેશ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. શિલ્પા રાજ્યગુરુ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી કરણસિંહ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય સમિતિ (Subject Committee)**

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા*

**પ્રો.(ડૉ.) ભાવના મહેતા** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય પરામર્શન (Subject Review)**

**ડૉ.રવિન્દ્ર પંચોલી** — *ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ વર્ક & રૂરલ ડેવલપમેન્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ*

**લેખન (Writing)**

**ડૉ.જીગ્નેશભાઈ તાળા** — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ફિલ્ડ ઓફિસર, સમાજકાર્ય વિભાગ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ*

**ડૉ. જયેશ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ક્રાંતિબેન ત્રિવેદી** — *આચાર્ય, શ્રી સાર્વજનિક* BSW-MSW *કોલેજ, મહેસાણા*

**ડૉ.ભાગ્યશ્રી રાજપૂત** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ.રીનાબેન પટેલ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને કાર્યકારી આચાર્ય, સમાજકાર્ય વિભાગ, શ્રી સરસ્વતી કોલેજ ઓફ સોશિયલ વર્ક મોરીયાણા, ભરૂચ*

**ભાષા પરામર્શન (Language Review)**

**ડૉ.એ.એ.શેખ** — *સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, તા.ઈડર, જી. સાબરકાંઠા*

**પ્રકાશક (Publisher)**

**કુલસચિવ** *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-749-5

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## *વિભાગ – 2 સમાજકાર્યની વિચારસરણીઓ – વિભાગીય પરિચય*

*વિદ્યાર્થી મિત્રો, સમાજકાર્યના મૂળભૂત પરિપ્રેક્ષ્યના વિભાગ – 2 સમાજકાર્યની વિચારસરણીઓમાં એકમ 8 થી 14નો પરિચય આપવામાં આવેલ છે. એકમ આઠ ગાંધીજીની સમાજકાર્ય સંદર્ભે વિચારધારા: મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારામાં તેમની દાર્શનિક અને આધ્યાત્મિક અભિગમ સાથે જોડાયેલી છે. જે સમાજમાં સમાનતા, ન્યાય અને ગૌરવના સ્થાપન માટે કાર્યરત છે. મુક્ત અર્થતંત્ર અને સ્વદેશી વિચારધારામાં સ્વદેશી એટલે સ્થાનિક સ્રોતનો ઉપયોગ કરવો ગરીબો અને ખેડૂતો માટે રોજગારી ઉભી કરવી જેથી તેમની આર્થિક સુરક્ષા સચવાઈ રહે જે સમાજકાર્ય પર પ્રભાવ પાડે છે. જ્યારે માનવતાવાદી વિચારધારામાં ગાંધીજી સત્ય, અહિંસા અને કરૂણા દ્વારા સમાજને સંદેશ આપવાનું સૂચવે છે. જ્યારે ગાંધીજીનો સમાજવાદ શોષણ મુક્ત સમાજનું સ્વપ્ન રજૂ કરે છે, જે કોઈપણ પ્રકારના અત્યાચાર વિના સમગ્ર સમાજના કલ્યાણ માટે કાર્ય કરે છે. જે સમાજકાર્ય માટે ખૂબ જ ઉપયોગી વિચારસરણી છે. એકમ નવ ખ્રિસ્તી વિચારસરણી: તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણમાં ખ્રિસ્તી વિચારસરણીનો આધાર મુખ્યત્વે ઇસુ ખ્રિસ્તના ઉપદેશ પર છે જે પ્રેમ, દયા, ક્ષમા અને માનવજાતના કલ્યાણ માટે જીવતા શીખવે છે. આ વિચારસરણીમાં તર્ક અને ધર્મના જોડાણનું વિશિષ્ટ સ્થાન છે. જે સમાજકાર્યમાં કલ્યાણ અંગે માર્ગદર્શન પૂરું પાડે છે. એજ રીતે એકમ દસ યહૂદી વિચારસરણી: તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણમાં યહૂદી વિચારસરણીમાં બુદ્ધીવાદ અને કલ્યાણ સાથે સંકળાયેલ છે. બુદ્ધિવાદ એ જીવનના તર્કસંગત અભિગમને મજબૂત બનાવે છે. જયારે કલ્યાણ માટેની નૈતિક શિક્ષાઓ માનવજાતના સંવર્ધન તરફ દોરી જાય છે. યહૂદી પરંપરાના મૂળભૂત મૂલ્યો માનવજીવનને સમૃદ્ધ અને અર્થપૂર્ણ બનવવા તેમજ સમાજમાં સમાનતાનો પાઠ શીખવે છે.*

*વિદ્યાર્થીમિત્રો,એકમ અગિયાર વિચારસરણી: માનવઅધિકાર, લોકશાહી, ઉદારમતવાદ, સમાજવાદમાં આ ચારેય ક્ષેત્રોમાં જીવનના મૌલિક તત્વો અને સમુદાયના આયોજન માટેના વિવિધ માળખાઓને સમજવાનો માર્ગ છે. માનવઅધિકાર એ મૂળભૂત અધિકાર છે જે દરેક વ્યક્તિને જન્મથી મળે છે. લોકશાહી શાસનનું એક મોડેલ છે. જેમાં નાગરિકોને રાજકીય સિદ્ધાંતોમાં ભાગીદારી કરવાની તક મળે છે. ઉદારમતવાદ એ વ્યક્તિગત સ્વતંત્રતા અને મૌલિક અધિકારો માટેનું એક ધોરણ છે. જ્યારે સમાજવાદ એ સામૂહિક સાધનસંપતિ અને ન્યાય માટેનો અભિગમ છે, જેમાં સમાનતા પર ભાર મૂકાય છે. સમાજકાર્યમાં આ ચાર શ્રેણીઓ માનવજાતના વિકાસ માટે પરસ્પર પૂરક બની રહે છે. એકમ બારમાં સામાજિક પરિવર્તન સંદર્ભે પશ્ચિમી વિચારધારાઓમાં ઉદારમતવાદ, માર્કસવાદ, નારીવાદ, સમાજવાદ, ઉત્તર આધુનિકતાવાદ આ વિચારધારાઓ સમાજમાં પરિવર્તનને પ્રોત્સાહિત કરે છે. એકમ તેર સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે અને એકમ ચૌદમાં આરોગ્ય સમાજકાર્ય: મૂલ્યો, ધ્યેયો, ભૂમિકા અને પ્રક્રિયા વિષે સમાજકાર્યના પરિપ્રેક્ષ્યથી સમજૂતી આપવામાં આવી છે.*

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.) Sociology**

**સમાજકાર્યનો મૂળભૂત પરિપ્રેક્ષ્ય**

**(Foundations of Social Work)**

**SOMN-103**

# વિભાગ – 2


**એકમ - 8**

ગાંધીજીની સમાજકાર્ય સંદર્ભે વિચારધારા: મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

**એકમ - 9**

ખ્રિસ્તી વિચારસરણી: તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ

**એકમ - 10**

યહુદી વિચારસરણી: તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ

**એકમ - 11**

વિચારસરણી: માનવઅધિકાર, લોકશાહી, ઉદારમતવાદ, સમાજવાદ

**એકમ - 12**

સામાજિક પરિવર્તન સંદર્ભે પશ્ચિમી વિચારધારાઓ

**એકમ - 13**

સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ

**એકમ - 14**

આરોગ્ય સમાજકાર્ય: મૂલ્યો, ધ્યેયો, ભૂમિકા અને પ્રક્રિયા

# એકમ 8 ગાંધીજીની સમાજકાર્યના સંદર્ભે વિચારધારા : મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારા

-: રૂપરેખા :-


**8.0** એકમનાં હેતુઓ

**8.1** પ્રસ્તાવના

**8.2** અધ્યયનના હેતુઓ

**8.3** સમાજકાર્યનો અર્થ

**8.4** સમાજકાર્યના વિકાસ ક્ષેત્રે મહાત્મા ગાંધીજીનુ યોગદાન

**8.5** મુક્ત અર્થતંત્ર અને ગાંધીવિચાર

**8.6** મહાત્મા ગાંધીની માનવતાવાદી વિચારધારા અને તેનુ મહત્ત્વ

**8.7** મહાત્મા ગાંધીના સમાજવાદી વિચારોની વિશિષ્ટતાઓ

**8.8** મહાત્મા ગાંધીજીના લોકતંત્રના અંગે વિચારો

**8.9** તમારી પ્રગતિ ચકાસો

**8.10** ઉપસંહાર

**8.11** તમારી પ્રગતિ ચકાસો

**8.12** ચાવીરૂપ શબ્દો

**8.13** સંદર્ભ સૂચિ


## 8.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજકાર્ય વ્યવસાયના પાયાના જ્ઞાનનો ખ્યાલ મેળવવો .
- સમાજકાર્યના ઉદ્દેશ્યો/ હેતુઓની સમજ મેળવવી અને ક્ષેત્રકાર્યમાં તેની ઉપયોગીતાની સમજણ મેળવવી.
- સમાજકાર્યના મૂલ્યોની સમજણ મેળવવી અને સમાજકાર્યના પ્રાયોગિક કાર્ય સમયે મૂલ્યો આધારિત પ્રેક્ટીસની સમજ મેળવવી.

## 8.1 પ્રસ્તાવના

મહાત્મા ગાંધીજીની વિચારધારા અને તેઓના જીવનના કાર્યોમાં સમાજસુધારણા, સમાનતા અને માનવ અધિકાર માટેનુ અપરંપાર મહત્ત્વ રહેલુ છે. સમાજકાર્યના સંદર્ભે ગાંધીજીની વિચારધારા ભારતના આઝાદીના આંદોલન સાથે જોડાયેલી છે, પરંતુ તે માત્ર રાજકીય આઝાદી સુધી મર્યાદિત નહોતી. તેઓ માનતા હતા કે સાચી આઝાદી ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે સમાજમાં સમાનતા, ન્યાય અને માનવતાવાદના સિદ્ધાંતોની સ્થાપના થશે.

ગાંધીજીના સમાજકાર્ય સંદર્ભના વિચારોમાં મુખ્યત ચાર મુખ્ય વિચારધારાઓનો સમાવેશ થાય છે: મુક્ત અર્થતંત્ર, માનવતાવાદ, સમાજવાદ અને લોકશાહી. આ ચાર વિચારધારાઓએ તેમને દેશના દરેક નાગરિક માટે એક સમાન અને સમૃદ્ધ સમાજની રચનામાં માર્ગદર્શન આપ્યુ. તેમના મતે સમાજને આર્થિક રીતે મજબૂત બનાવવુ, તમામ વર્ગો અને જાતિના લોકો વચ્ચે સમાનતાનો ભાવ ઉજાગર કરવો અને દરેક નાગરિકને પોતાની જવાબદારી અને હકો માટે શાંતિપૂર્ણ રીતે લડવા પ્રેરિત કરવા એ મહત્ત્વનું છે.

આ વિચારધારાઓના આધારે ગાંધીજીએ અહિંસા, સત્યાગ્રહ અને સર્વોદય જેવા કાર્યોને પ્રોત્સાહન આપ્યુ. આ પ્રવૃત્તિઓએ માત્ર ભારતના સ્વતંત્રતા સંગ્રામને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના સમાજસુધારણાના પ્રયત્નોને પણ નવી દિશા અને પ્રેરણા આપી.

## 8.2 અધ્યયનના હેતુઓ

1. ભારતીય સમાજકાર્ય અભ્યાસના વિકાસમાં ગાંધીજીની વિચારધારાની અસરોનો ખ્યાલ મેળવવો.
2. મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારાના સંદર્ભે ગાંધીજીની વિચારસરણી અને તેના અમલથી ભારતના વિકાસમાં થયેલ પરિવર્તન જાણવુ.

## 8.3 સમાજકાર્યનો અર્થ

સમાજ કાર્ય એટલે સમાજ માટે કલ્યાણકારી અને સેવાભાવનાથી ભરેલું કાર્ય કરવું. આમાં લોકોના ભલા માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ, જનહિતમાં કરવામાં આવતી સેવાઓ, અને સમાજના વિકાસ અને સુધારણા માટેના પ્રયત્નો શામેલ છે. સમાજ કાર્ય સામાન્ય રીતે નિસ્વાર્થ રીતે કરવામાં આવે છે અને તેનો ઉદ્દેશ્ય સમાજના નબળા વર્ગોને મદદ કરવો, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને આર્થિક વિકાસ જેવા ક્ષેત્રોમાં લોકોનું જીવન સ્તર સુધારવાનું હોય છે.

સમાજકાર્યની વ્યાખ્યા વિવિધ સમયગાળા દરમિયાન વિવિધ લેખકો દ્વારા આપવામા આવી છે.

1. 'સમાજકાર્ય એ એક વ્યવસાય છે જે વ્યક્તિગત અને સામૂહિક સંસાધનોના સંયોજન દ્વારા વ્યક્તિઓને તેમની જરૂરિયાતો પૂરી પાડવામાં મદદ કરે છે.'

   મેરી રિચમંડ (Mary E. Richmond) - 1917

2. 'સમાજકાર્ય એ એક વ્યાવસાયિક સેવા છે જે વ્યક્તિગત અને સામૂહિક રીતે સુખાકારી વધારવા માટે આયોજન અને વ્યવસ્થાપનના કાર્યરત માળખાની રચના કરે છે.'

   ડબ્લ્યુ. એ. ફ્રિડલેન્ડર (W.A. Friedlander) - 1958

3. 'સમાજકાર્ય એ એક વ્યવસાય છે જેનુ લક્ષ્ય છે વ્યક્તિઓ, જૂથો, અને સમુદાયોની સામાજિક સ્થિતિમાં સુધાર લાવવો, ન્યાયના સિદ્ધાંતોને પ્રોત્સાહિત કરવા અને સુખાકારી વધારવી.'

   નેશનલ એસોસિએશન ઑફ સોસિયલ વર્કર્સ (NASW) - 1999

## 8.4 સમાજકાર્યના વિકાસ ક્ષેત્રે મહાત્મા ગાંધીજીનું યોગદાન

1. ગ્રામસ્વરાજ :

ગાંધીજીનું માનવું હતું કે વાસ્તવિક વિકાસ ત્યારે જ સંભવ છે જ્યારે ગામો સ્વતંત્ર અને

આત્મનિર્ભર બને. તેઓએ ગ્રામસ્વરાજના સિદ્ધાંતને પ્રોત્સાહિત કર્યો જ્યાં દરેક ગામ પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે. આમ આવી રીતે દરેક ગામ જો આત્મનિર્ભર બનશે તો ખરા અર્થમા ગ્રામ સ્વરાજ આવ્યુ ગણાશે.

2. અહિંસા અને સત્યાગ્રહ :

સમાજમાં સુધાર અને વિકાસ માટે ગાંધીજી એ હંમેશા અહિંસા અને સત્યાગ્રહને મુખ્ય હથિયાર બનાવ્યા. આ ઉપાયો વડે તેઓએ સમાજમાં શાંતિપૂર્ણ બદલાવ લાવવાનો પ્રયાસ કર્યો. અહિંસા એટલે કોઈ પ્રાણી, માનવી અથવા પ્રકૃતિને શારીરિક, માનસિક અથવા મૌખિક રીતે નુકશાન પહોચાડવાનુ ટાળવુ. ગાંધીજી એ આ તત્ત્વને ખુબ મહત્ત્વ આપ્યુ અને હિંસાના વિરોધમા બિન હિંસક લડત ચલાવી જેને સત્યાગ્રહ કહેવામા આવે છે.

3. સ્વચ્છતા અને આરોગ્ય :

ગાંધીજીએ સ્વચ્છતાને ખૂબ મહત્ત્વ આપ્યું. તેમનુ માનવુ હતુ કે સ્વચ્છતા એ સારા આરોગ્યનો આધારસ્તંભ છે. તેમણે પોતાના જીવનમા અને પોતાના અનુયાયીઓમા પણ સ્વચ્છતા જાળવવા પર ભાર મુક્યો હતો.

4. છુઆછૂત નિર્વાણ :

ગાંધીજી એ છુઆછૂત પ્રથાનો તિવ્ર વિરોધ કર્યો અને હરીજનોના સમુદાય માટે અનેક કામ કર્યા. તેઓએ હરીજનો માટે શિક્ષણ અને રોજગારના અવસર વધારવાનો પ્રયાસ કર્યો. ગાંધીજીના મજબૂત વિરોધ અને આંદોલનોએ અસ્પૃશ્યતા અને જાતિવાદ સામે લડવા માટે સામાજિક જાગૃતિ ઊભી કરી. તેમણે “હરિજનો” માટે સ્પષ્ટ રીતે સમાન અધિકારોની માંગ કરી.

5. શિક્ષણ અને શિક્ષણ સુધારણા :

ગાંધીજીએ વ્યાવસાયિક અને નૈતિક શિક્ષણને મહત્ત્વ આપ્યુ. તેઓએ બન્ને પ્રકારના શિક્ષણનો સમન્વય કરી સમાજના સર્વાંગી વિકાસનો પ્રચાર કર્યો. પ્રાકૃતિક શિક્ષણ સંદર્ભે ગાંધીજીનુ માનવુ હતુ કે શિક્ષણ માત્ર તત્ત્વજ્ઞાન માટે ન હોય પરંતુ તે કુશળતાના વિકાસ માટે પણ હોવુ જોઈએ. તેમણે વ્યાવસાયિક અને પ્રાકૃતિક શિક્ષણને મહત્ત્વ આપ્યુ. ગાંધીજી એ સ્વદેશી શાળાઓ અને શિક્ષણ પદ્ધતિઓને વધારવામા રસ દાખવ્યો જેનાથી સ્થાનિક ભાષા અને સંસ્કૃતિને ધ્યાનમા રાખીને શિક્ષણનુ ઘડતર કરવામા આવ્યુ.

6. ખાદી અને હસ્તકલા :

ગાંધીજીએ ખાદી અને હસ્તકલા ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યુ. તેમનુ માનવુ હતુ કે આ ઉદ્યોગો ગ્રામ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે અને આર્થિક સ્વતંત્રતાનો માર્ગ છે. ખાદી અને હસ્તકલા થકી ગામમા આત્મનિર્ભરતા અને સ્વાવલંબીપણુ ઉભુ કરી શકાય છે.

7. જાતિય સમાનતા :

ગાંધીજી નારીશક્તિ અને જાતિય સમાનતાની તરફેણ કરતા હતા. તેમણે મહિલાઓને તેમના અધિકાર માટે સક્ષમ બનવાની અને સામાજિક સુધારણા માટે લડવાની પ્રેરણા આપી.

8. આર્થિક સ્વતંત્રતા :

ખાદી આંદોલન સંદર્ભે ગાંધીજીએ "ખાદી"ના ઉત્પાદન અને પ્રચલનનો આરંભ કરીને દેશમાં આત્મનિર્ભરતા માટેના પ્રયોગોને પ્રોત્સાહિત કર્યા. ખાદી વસ્ત્રોની પસંદગી દેશની અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવામાં મદદરૂપ બની. આ ઉપરાંત ગ્રામ વિકાસ પર ભાર મૂકી તેમને ગામડાની આર્થિક અને સામાજિક સમૃદ્ધિ માટે નીતિઓ વિકસાવી. તેમણે ગ્રામ પંચાયતોને સશક્ત કરવા માટે પ્રેરણા આપી.

9. સમાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય :

"હિંદ સ્વરાજ" પુસ્તકમાં ગાંધીજી એ ભારતના પરંપરાગત મૂલ્યો અને પદ્ધતિઓને વધારવાની વાત કરી અને આધુનિકતા સામે પોતાના મંતવ્ય પ્રસ્તુત કર્યા. હરિજનોની સુધારણા સંદર્ભે તેમણે "હરિજનો" (ભગવાનના માણસો) માટે તકો વધારવા અને તેમના માટે સમાજસેવાની પ્રવૃતિઓ વધારવાનો પ્રયાસ કર્યો.

10. મહિલા સશક્તિકરણ :

મહિલાઓને સશક્ત બનાવવા અંગે ગાંધીજી એવી માન્યતા ધરાવતા હતા કે મહિલાઓ સમાજમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તેમણે મહિલાઓને નફાકારક કાર્ય માટે પ્રોત્સાહિત કર્યા અને તેમના અધિકારો માટે અવકાશ આપ્યો.

**સમાજકાર્ય અને સર્વોદય ચળવળ સંદર્ભે ગાંધીજીની વિચારધારા**

21મી સદી એ વૈશ્વિકીકરણનો યુગ છે. વૈશ્વિકીકરણની નવી આર્થિક નીતિ વિશ્વને વૈશ્વિક ગામ બનાવવા માટે આગળ વધે છે. યુવાનો સમક્ષ નવા પડકારો અને સમસ્યાઓ ઉભી થઈ છે. એવી માન્યતા છે કે તમામ ઉભરતી સમસ્યાઓ - ઈકોલોજીકલ, સામાજિક, આર્થિક, રાજકીય અને નૈતિક - શોધો અને તકનિકી નવીનતાઓ દ્વારા ઉકેલી શકાય છે, તેમ છતાં ભૂતકાળના સંદર્ભે સંશોધનો ચાલુ છે. આજે જે થઈ રહ્યું છે તે હિંદ સ્વરાજમાં ગાંધીજીએ લગભગ 1908માં તેની હસ્તપ્રત તૈયાર કરી હતી ત્યારે તેની આગાહી કરી હતી તેના અનુરૂપ છે. ગાંધીએ માનવતા માટે યુવાનો સમક્ષ ચાર મુખ્ય લક્ષ્યો રાખ્યા હતા જેથી તેના ભાગ્ય તરફ આગળ વધી શકાય. તે એટલે સ્વરાજ, અહિંસા, સ્વદેશી અને સર્વોદય. હિંદ સ્વરાજમાં તેમણે જે બાબતનો પ્રસ્તાવ મૂક્યો છે તેના આ મુખ્ય સ્તંભો છે.

**સર્વોદયનો અર્થ :**

સર્વોદય એ શબ્દ છે જેનો અર્થ થાય છે 'યુનિવર્સલ ઉત્થાન' અથવા 'બધાની પ્રગતિ'. આ શબ્દ સૌપ્રથમ મોહનદાસ ગાંધી દ્વારા 1908માં તેમના રાજકીય અર્થતંત્ર પર જહોન રસ્કિનના પત્રિકાના અનુવાદના શીર્ષક તરીકે લખવામા આવ્યો હતો, "અનટુ ધીસ લાસ્ટ" અને ગાંધીએ આ શબ્દનો ઉપયોગ પોતાના રાજકીય ફિલસૂફીના આદર્શ માટે કર્યો હતો. બાદમાં ગાંધીવાદી જેમકે ભારતીય અહિંસા કાર્યકર વિનોબા ભાવે એ આ શબ્દને સ્વતંત્રતા પછીના ભારતમાં સામાજિક ચળવળના નામ તરીકે સ્વીકાર્યો હતો જેણે ભારતીય સમાજના તમામ વર્ગો સુધી સ્વ-નિર્ધારણ અને સમાનતા પહોંચે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

**રસ્કિનના પુસ્તકમાંથી પ્રેરણા :**

1904મા દક્ષિણ આફ્રિકામા વકીલ તરીકે કામ કરતી વખતે ગાંધીજીને રસ્કિનની 'અનટુ ધી લાસ્ટ'ની નકલ એક બ્રિટિશ મિત્ર શ્રી હેનરી પોલાક પાસેથી મળી હતી. ગાંધીજીએ સર્વોદયની વિભાવનાને આગળ ધપાવી જે ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત છે.

1. વ્યક્તિનું ભલુ બધાના ભલામા સમાયેલુ છે.
2. વકીલના કામનું પણ વાળંદ જેટલું જ મૂલ્ય છે કારણ કે બધાને પોતાના કામથી પોતાની આજીવિકા મેળવવાનો સમાન અધિકાર છે.
3. મજૂરોનું જીવન એ ખરા અર્થમાં જીવન છે એટલે કે જમીનના ખેડુત અને હસ્તકલાકારનુ જીવન જીવવા યોગ્ય જીવન છે.

**સાદું જીવન અને ઉચ્ચવિચાર :**

મહાત્મા ગાંધીનો મક્કમ મત હતો કે પૃથ્વી દરેક માણસની જરૂરિયાતો સંતોષવા માટે પૂરતી તક પૂરી પાડે છે પરંતુ દરેક માણસના લોભ માટે નહીં. તેમના સ્વપ્નના સર્વોદય સમાજમાં તેથી દરેક સભ્ય ભૌતિક સંપત્તિના અમર્યાદ સંપાદન અને વધુને વધુ વૈભવી જીવન જીવવાના લોભથી મુક્ત રહેશે અને તેઓ સાદું જીવન અને ઉચ્ચ વિચારના સૂત્રને અનુસરશે.

આમ, દરેક વ્યક્તિને યોગ્ય અને પ્રતિષ્ઠિત જીવન જીવવા માટે પ્રમાણિક કાર્ય દ્વારા ઉત્પાદન અને પૂરતી કમાણી કરવાની પૂરતી તક મળશે. પરિણામે બેરોજગારીની સમસ્યા નહીં રહે. અલબત્ત, દેખીતી રીતે વિવિધ લોકોની આવક તેમની પ્રતિભા, ક્ષમતા અને પ્રયત્નોના આધારે અલગ અલગ હોઈ શકે છે. પરંતુ જેઓ વધુ કમાણી કરશે તેઓ તેમની મોટી કમાણીનો મોટો ભાગ સમગ્ર સમાજના ભલા માટે વાપરશે. આવા સમાજમાં, જમીન સહિતની તમામ સંપત્તિને સર્વના કલ્યાણ માટે ઉપયોગમાં લેવા માટે સામાન્ય મિલકત તરીકે માનવામાં આવશે. જો કોઈ વ્યક્તિ પાસે તેના પ્રમાણસર ભાગ કરતાં વધુ હોય, તો તે સમાજના ઓછા ભાગ્યશાળી સભ્યોના લાભ માટે વધારાની સંપત્તિનો ટ્રસ્ટી બની જાય છે. આર્થિક પ્રવૃત્તિમાં મશીનરીના ઉપયોગ અંગે, ગાંધીએ કહ્યું હતું કે "જો આપણને મશીનોની જરૂરિયાત લાગે છે, તો આપણી પાસે તે ચોક્કસપણે હશે. પરંતુ એવા મશીનો માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં જે થોડા હાથમાં શક્તિ કેન્દ્રિત કરે છે" તેથી, સર્વોદય સમાજમાં યંત્રોનો ઉપયોગ ઓછો કરવા માટે ગાંધીજીએ ભારપૂર્વક હિમાયત કરી હતી કે દરેક વ્યક્તિએ પોતાની રોજી રોટી કમાવવા માટે ઓછામાં ઓછું અમુક ઉત્પાદક શારીરિક કાર્ય કરવું જોઈએ, જેમકે લીઓ ટોલ્સટોય દ્વારા પણ હિમાયત કરવામાં આવી હતી (મહાન રશિયન વિચારક અને લેખક) "વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ પ્રમાણિક શ્રમના પ્રકારને ધ્યાનમાં લીધા વિના દરેક વ્યક્તિએ શ્રમનું ગૌરવ જાળવી રાખવું જોઈએ".

**સર્વોદય ચળવળના ઉદ્દેશ્યો :**

સર્વોદય ચળવળ તેના લક્ષ્ય તરીકે આવા સ્વ-સહાયક ગામ સમુદાયોના સંપૂર્ણ નેટવર્કની સ્થાપના કરે છે. કૌટુંબિક સંબંધો જે હાલમાં લોહીના સંબંધો સુધી સીમિત છે. તે આખા ગામને આવરી લેવા માટે વિસ્તારવામાં આવશે. જ્યાં જાતિ, સંપ્રદાય, ભાષા વગેરેના આધારે ભેદભાવ સંપૂર્ણપણે નાબૂદ થશે. ખેતીનું એટલું આયોજન કરવામાં આવશે કે તમામ લોકો પાસે વપરાશ પૂરતો હશે. જ્યાં સુધી ગામના તમામ લોકો લાભકારી રીતે રોજગારી મેળવે ત્યાં સુધી કુટીર ધોરણે ઉદ્યોગ ચલાવવામાં આવશે. ગામની જરૂરિયાતો ગામના લોકો જાતે ગ્રામ પરિષદ દ્વારા સમગ્ર ગામના પ્રતિનિધિ દ્વારા નક્કી કરવામાં આવશે.

**સર્વોદયના સિદ્ધાંતો :**

- કોઈ કેન્દ્રિય સત્તા સ્થાને ના હોય અને ગામડાઓમાં રાજકીય અને આર્થિક રીતે સુયોગ્ય વાતાવરણ સર્જાય.

- રાજનીતિ સત્તાનું સાધન નહીં પરંતુ સેવાની એજન્સી બનશે અને રાજનીતિ લોકનીતિને સ્થાન આપશે.
- બધા લોકો પ્રેમ, બંધુત્વ, સત્ય, અહિંસા અને આત્મ બલિદાનની ભાવનાથી રંગાયેલા હશે. સમાજ અહિંસાના આધારે ચાલશે.
- ત્યાં કોઈ પક્ષ પ્રણાલી અને બહુમતીનું શાસન રહેશે નહીં અને સમાજ બહુમતીના જુલમના દુષ્ટતાથી મુક્ત રહેશે.
- સર્વોદય સમાજ શબ્દના સાચા અર્થમાં સમાજવાદી છે. તમામ ગ્રામજનોમાં સમાન નૈતિક, સામાજિક અને આર્થિક મૂલ્યો હશે. વ્યક્તિગત વ્યક્તિત્વ વિકાસ માટે સંપૂર્ણ અવકાશ હશે.
- સર્વોદય સમાજ સમાનતા અને સ્વતંત્રતા પર આધારિત છે. અયોગ્ય સ્પર્ધા, શોષણ અને વર્ગ-દ્વેષ માટે તેમાં કોઈ અવકાશ નથી.
- સર્વોદય એ બધાની પ્રગતિ માટે વપરાય છે. દરેક વ્યક્તિએ વ્યક્તિગત શ્રમ કરવો જોઈએ. પછી લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય બનશે.
- ત્યાં કોઈ ખાનગી મિલકત, શોષણનું સાધન અને સામાજિક ભેદ અને નફરતનું સ્રોત હશે નહીં. એ જ રીતે નફાનો હેતુ અદૃશ્ય થઈ જશે ભાડું અને વ્યાજ જશે.
- સર્વોદય ચળવળ સત્ય, અહિંસા અને આત્મવિલોપન પર આધારિત છે.
- સર્વોદય ચળવળ સર્વના કલ્યાણમાં અતૂટ વિશ્વાસ સાથે આવી વ્યક્તિઓને એકસાથે લાવવા માટે જરૂરી વાતાવરણ ઊભું કરવાનો નિષ્ઠાવાન અને સાહસિક પ્રયાસ કરે છે.
- વ્યક્તિ માટે નફો ઓછો હશે. દરેક ગુણવત્તાનો વિકાસ એકબીજા પર આધાર રાખે છે. જો બધા ગુણોમાં થોડો સુધારો કરવામાં આવે તો વ્યક્તિ વધુ લાભ મેળવશે.

**સર્વોદય ચળવળ એક કાયમી પ્રક્રિયા :**

ગાંધીજીના આદર્શો તેમની એક મુખ્ય યોજના, ભારતીય સ્વતંત્રતા (સ્વરાજ)ની સિદ્ધિ ઉપરાંત પણ ટકી રહ્યા છે. ભારતમાં તેમના અનુયાયીઓ (ઉલ્લેખનીય રીતે વિનોબા ભાવે) તેમણે જે સમાજની કલ્પના કરી હતી તેને પ્રોત્સાહન આપવા માટે કામ કરવાનું ચાલુ રાખ્યું, અને તેમના પ્રયાસો સર્વોદય ચળવળ તરીકે ઓળખાયા. અનીમા બોઝે ચળવળની ફિલસૂફીને "આપણે હજુ સુધી જાણીએ છીએ તેના કરતાં લોકોની લોકશાહીની સંપૂર્ણ અને સમૃદ્ધ ખ્યાલ" તરીકે ઉલ્લેખ કર્યો છે. વિનોબા, જે.પી. નારાયણ, દાદા ધર્માધિકારી, ધીરેન્દ્ર મઝુમદાર, શંકરરાવ દેવ, કે.જી. મશરૂવાલાએ સાથે સંકળાયેલા સર્વોદય કાર્યકરોએ 1950 અને 1960 દરમિયાન લોકપ્રિય સ્વ-સંસ્થાને પ્રોત્સાહિત કરવાના હેતુથી ભૂદાન અને ગ્રામદાન ચળવળો સહિત વિવિધ કર્યો હાથ ધર્યા. આ સંગઠનોમાંથી ઉતરી આવેલા ઘણા જૂથો આજે ભારતમાં સ્થાનિક રીતે કાર્ય કરે છે.

**સર્વ કલ્યાણકારી સંસ્થા :**

સર્વોદય એ સામાન્ય કલ્યાણ માટેની સેવાની એજન્સી છે. સર્વોદય સત્તા અને શોષણની રાજનીતિ સામે પોતાનો ચહેરો સ્પષ્ટપણે સેટ કરે છે. તે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પર ખૂબ ભાર મૂકે છે. તે નવા સામાજિક અને આર્થિક મૂલ્યો બનાવવા માંગે છે. કબજાની વિભાવના ટ્રસ્ટીશીપની વિભાવનાને સ્થાન આપે છે. લોકો સર્વના ભલા માટે કામ કરશે અને કુટુંબની

લાગણી સમગ્ર સમુદાયને જીવંત બનાવશે. સ્વતંત્રતા, ફેલોશિપ અને સમાનતા માટે સંપૂર્ણ અવકાશ હશે.

રાજ્ય સત્તાની એજન્સી બનવાનું છે. ગ્રામરાજ્ય એ અહિંસાનો આધાર છે. સર્વોદયનો અર્થ સર્વના ભલા માટે છે અને કોઈ ચોક્કસ વ્યક્તિ કે વર્ગના ભલા માટે નથી. પ્રારંભિક તબક્કે ભૂદાન, પછીના તબક્કે ગ્રામદાન અને સંપત્તિદાન હૃદય પરિવર્તન લાવશે. શ્રીમંત અને ગરીબ લોકો ખાનગી મિલકત સાથે જોડાણના તેમના વિચારો છોડી દેશે અને સર્વના ભલા માટે કામ કરવાનો પ્રયત્ન કરશે.

## 8.5 મુક્ત અર્થતંત્ર અને ગાંધી વિચાર

મુક્ત અર્થતંત્ર અને ગાંધીજીના વિચારોની ચર્ચા કરવા માટે પહેલા આપણે મુક્ત અર્થતંત્રનો અર્થ સમજવો પડશે. મુક્ત અર્થતંત્ર એ એવું અર્થતંત્ર છે જ્યા બજારના બળો, જેમ કે પુરવઠા અને માગણી મુક્તપણે કાર્ય કરે છે અને સરકારી હસ્તક્ષેપ ઓછો હોય છે. આ પ્રકારના અર્થતંત્રમા વ્યાપારિક અને વ્યક્તિગત આર્થિક પ્રવૃત્તિઓમા ઘણી છૂટછાટ હોય છે.

ગાંધીજીના આર્થિક વિચારો મુક્ત અર્થતંત્રથી થોડા અલગ છે. ગાંધીજી સ્વરાજ, સ્વાવલંબન અને ખાદી પર ભાર મૂકતા હતા. તેઓ માનેતા કે સત્યાગ્રહ અને અહિંસા વડે સમાજમા આર્થિક અને સામાજિક પરિવર્તન લાવી શકાય. તેઓ કૃષિ અને ગામડાના વિકાસ પર ધ્યાન આપતા અને મશીનરીના અતિરેકના વિરોધી હતા.

ગાંધીજી કહેતા હતા કે સમગ્ર સમાજને સ્વાવલંબનના માધ્યમથી નિભાવવો જોઈએ. એમનો મત હતો કે સામાજિક ન્યાય અને આર્થિક સમાનતા મહત્ત્વની છે અને તેમાં દરેક વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતોની પૂર્તિ થવી જોઈએ.

તો મુક્ત અર્થતંત્ર અને ગાંધીજીના આર્થિક વિચારોમાં તફાવત છે જેમાં મુક્ત અર્થતંત્રમાં માર્કેટના બળોને છૂટછાટ મળે છે જ્યારે ગાંધીજીના વિચારોમાં સ્વાવલંબન અને નૈતિક અર્થશાસ્ત્રને મહત્ત્વ આપે છે.

મુક્ત અર્થતંત્ર એ એક એવું આર્થતંત્ર છે જેમાં સરકારી નિયંત્રણ અને હસ્તક્ષેપ ઓછો હોય છે. આ પ્રકારના અર્થતંત્રમાં વ્યાપારિક પ્રવૃત્તિઓ, ખરીદી-વેચાણ અને કિંમતો બજારના બળો જેમકે પુરવઠા અને માગણી દ્વારા નિર્ધારિત થાય છે.

મહાત્મા ગાંધીના મુક્ત આર્થિક વિચારોનો ભારતના વિકાસ પર મોટો પ્રભાવ પડ્યો છે. તેઓ માનતા હતા કે ભારતના વિકાસ માટે સ્થાનિક સ્વાવલંબન અને ગ્રામિણ અર્થતંત્રનો મજબૂત આધાર જરૂરી છે. ગાંધીજીએ સૂચવ્યુ હતુ કે નાના કારીગરો, ખેતમજૂરો અને હસ્તકલા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવુ જોઈએ. તેમના આ વિચારોએ ખાદી અને ગ્રામીણ ઔદ્યોગિકતાને મહત્ત્વ આપ્યુ. આ વિચારસરણીના આધારે ભારતે ગ્રામીણ વિકાસ યોજનાઓમા અને નાના ઉદ્યોગોને ટેકો આપવા માટે ઘણી નીતિઓ અપનાવવામા આવી છે.

આ રીતે ગાંધીજીના સ્વરાજ અને સ્વાવલંબનના વિચારોના આદર્શોને અનુસરતા ભારતે આર્થિક વિકાસની દિશામા અનેક પગલા ભરી અને વિકાસ કર્યોમા સફળતા મેળવી છે.

### ભારતના વિકાસમાં મુક્ત આર્થિક તંત્રની ભૂમિકા

1. નિયમો હળવા કરી પ્રોત્સાહન પૂરું પાડવું :

મુક્ત આર્થિકતંત્રમાં સરકારની ઘટમાળ નિયંત્રણો અને નિયમો છૂટછાટ મુકવામાં આવે

છે. પરિણામે વ્યવસાયો અને ઉદ્યોગોને વિકાસમાં પ્રોત્સાહન મળે છે અને નવા ધંધા રોજગાર તેમજ નવી ટેક્નોલોજી વિકસે છે.

2. વિદેશી રોકાણ :

મુક્ત આર્થિકતંત્ર વિદેશી રોકાણકારોને આકર્ષે છે કારણ કે તે સરકારી નિયંત્રણોથી મુક્ત હોય છે. આ વિદેશી મૂડી અને ટેક્નોલોજી ભારતના અર્થતંત્રને વધુ મજબૂત બનાવે છે.

3. સ્પર્ધાત્મકતા :

મુક્ત આર્થિકતંત્ર સ્પર્ધા વધારે છે જેનાથી ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય છે. ઓછી કિંમત અને ઊચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનોનુ ઉત્પાદન થાય છે.

4. માનવ સંસાધન વિકાસ :

વધુ કારોબારી અને ઉદ્યોગો વધવાથી રોજગારની વધુ તકો ઉભા થાય છે. લોકો નવા કૌશલ્યો અને ટેક્નોલોજી શીખી શકે છે જેનાથી સમગ્ર દેશમાં માનવ સંસાધનનો વિકાસ થાય છે.

5. નવા બજારો અને નિકાસ :

મુક્ત આર્થિકતંત્ર ભારતને વૈશ્વિક બજારો સાથે જોડે છે. ભારતની નિકાસ વધે છે અને વિશ્વબજારમાં ભારતીય ઉત્પાદનોની માંગ વધે છે.

મૂળમાં મુક્ત આર્થિકતંત્ર ભારતના વિકાસ માટે વ્યાપક તકો અને લાભો ઉભા કરે છે જે દેશને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવામા મદદ કરે છે.

**મુક્ત અર્થતંત્રના સિદ્ધાંતોમાં મુખ્યત્વે લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન અને ગ્લોબલાઈઝેશનનો સમાવેશ થાય છે. આ સિદ્ધાંતો નીચે મુજબ છે :**

1. લિબરલાઈઝેશન (Liberalization) :

આ સિદ્ધાંતના મતે સરકારી નિયંત્રણ અને મર્યાદાઓ ઓછા કરવાથી અને બજારના મુક્ત પ્રવાહને મંજૂરી આપવાથી અર્થતંત્ર વધુ કાર્યક્ષમ બની શકે છે. જેમાં વિદેશી રોકાણ, વેપાર અને ઊદ્યોગો પરના નિયંત્રણો ઘટાડવામાં આવે છે.

2. પ્રાઈવેટાઈઝેશન (Privatization) :

આ સિદ્ધાંત અનુસાર સરકારી સાહસોને ખાનગી ખંડમાં હસ્તાંતરિત કરવામા આવે છે. જેના કારણે સ્પર્ધા વધી શકે છે અને ઉત્પાદકતા અને કાર્યક્ષમતામા વધારો થાય છે.

3. ગ્લોબલાઈઝેશન (Globalization) :

આ સિદ્ધાંત વૈશ્વિક બજારોમાં સહભાગિતાને પ્રોત્સાહન આપે છે. આંતરરાષ્ટ્રીય વેપાર, રોકાણ અને ટેક્નોલોજીનુ વહેંચાણ આમા મહત્ત્વનુ છે.

4. સ્પર્ધાત્મકતા (Compaition) :

મુક્ત અર્થતંત્રમાં સ્પર્ધાનો મહત્તમ લાભ લેવા પર ભાર મુકવામા આવે છે. જેનાથી નવીનતા અને ગુણવત્તામા વધારો થાય છે.

5. બજારનો સુતંત્ર પ્રવાહ (Free Market) :

સરકારી નિયંત્રણ વગરના બજારમાં પુરવઠા અને માંગના આધારે ભાવ અને ઉત્પાદનનુ

નિર્ધારણ થાય છે.

આ સિદ્ધાંતોનું અનુસરણ કરીને ઘણી આર્થિક નીતિઓ અને સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. જેને કારણે વૈશ્વિક સ્તરે ભારત જેવા દેશોની આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં વધારો થયો છે.

**મહાત્મા ગાંધીજીના અર્થશાસ્ત્ર અંગેના વિચારો નીચે મુજબ છે :**

1. સ્વરાજ્ય અને સ્વદેશી :

   ગાંધીજીનો માને છે કે ભારતની આર્થિક સ્વતંત્રતા માટે સ્વરાજ્ય મહત્ત્વપૂર્ણ છે. આર્થિક રીતે સ્વતંત્ર થવા માટે સ્થાનિક ઉત્પાદનો અને સેવાઓનો ઉપયોગ કરવાની જરૂર છે એટલે કે સ્વદેશી વલણ અપનાવવુ જોઈએ.

2. ગ્રામ વિકાસ :

   ગાંધીજી માને છે કે ભારતનો સાચો વિકાસ તો ગ્રામ્ય વિસ્તારોના વિકાસમા જ છે. ગ્રામ વિકાસ માટે ગ્રામ ઉદ્યોગો, હાથ કામ અને સ્વરોજગારીને પ્રોત્સાહન આપવુ જોઈએ.

3. સર્વોદય :

   ગાંધીજી સર્વોદયના સિદ્ધાંતમાં વિશ્વાસ રાખે છે, જેનો અર્થ છે સમાજમાં વસતા સર્વ લોકોનુ કલ્યાણ. અર્થાત અર્થતંત્રનો વિકાસ તેવા માળખામાં થવો જોઈએ જે દરેક વ્યક્તિ માટે કલ્યાણ લાવે.

4. ધાર્મિક અર્થતંત્ર :

   ગાંધીજી માને છે કે અર્થતંત્ર ધર્મ પર આધારિત હોવુ જોઈએ અને નૈતિક મૂલ્યોનો સમાવેશ કરવો જોઈએ. ધંધાઓ અને કાર્યો હિંસા, લાલચ અને શોષણ વિના ચાલવા જોઈએ.

5. સ્વાવલંબન :

   વ્યક્તિગત અને સામુહિક સ્વાવલંબન જરુરી છે. દરેક વ્યક્તિએ પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાના હાથ અને મગજનો ઉપયોગ કરવો જોઈએ.

આમ ગાંધીજીના મુખ્ય આર્થિક વિચારો એ છે કે સમાજમા સન્માન, ન્યાય અને સમાનતા હોવી જોઈએ.

## 8.6 મહાત્મા ગાંધીની માનવતાવાદી વિચારધારા અને તેનુ મહત્ત્વ

માનવતાવાદી વિચારધારા એટલે માનવતા, માનવીય મૂલ્યો અને એકબીજા પ્રત્યેની સન્માન આધારિત વિચારસરણી. આ વિચારધારા તે માન્યતા પર આધારિત છે કે દરેક વ્યક્તિને સમાન અધિકારો, ગૌરવ અને મુક્તિનો હક છે. માનવતાવાદીઓ માને છે કે દરેક વ્યક્તિની જિંદગી મૂલ્યવાન છે અને સમાજનું એ ધ્યેય હોવું જોઈએ કે દરેક માનવીના હિત અને સુખાકારી માટે પ્રયત્નો કરવા.

માનવતાવાદી વિચારધારા ધર્મ, જાતિ, પ્રાંત અથવા કોઈપણ જાતિ ભેદભાવથી ઉપર છે. તે વૈચારિકતા, નૈતિકતા અને સાહિત્યના આધારે નીતિઓ અને નિયમો બનાવવાનો આધાર આપે છે અને લોકો વચ્ચે સહાનુભૂતિ, સહયોગ અને સમાનતાનો પ્રચાર કરે છે.

### માનવતાવાદી વિચારધારા (હ્યુમનિઝમ)ના લક્ષણો

માનવતાવાદી વિચારધારાના લક્ષણો મુખ્યત્વે માનવતાના સિદ્ધાંતો, વ્યાવહારિક નૈતિકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને આધારભૂત માને છે તેના મુખ્ય લક્ષણો નીચે મુજબ છેઃ

1. માનવ મૂલ્યો પર ભાર :

   માનવતાવાદી વિચારધારા માનવીય મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખે છે. તે માનવે રચેલા સમાજ અને સંસ્કૃતિને મહત્ત્વ આપે છે અને દરેક વ્યક્તિના ગૌરવ અને અધિકારનુ સન્માન કરે છે.

2. વિજ્ઞાન અને તર્ક :

   માનવતાવાદી વિચારધારા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને તર્કશક્તિ પર આધારિત છે. તે માનવ અનુભવો, તર્ક અને પ્રયોગોને આધારે જ્ઞાનને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે.

3. નૈતિકતાનો આધાર :

   નૈતિક નીતિઓ માનવ કલ્યાણ માટે હોવી જોઈએ તેવો માનવતાવાદી વિચાર છે. તે ધાર્મિક માન્યતાઓ કે પરંપરાગત સિદ્ધાંતોના બદલે વ્યક્તિગત અને સામૂહિક જવાબદારીઓના આધારે નૈતિકતા વિકસાવવા પર ધ્યાન આપે છે.

4. મુક્તિ અને સમાનતા :

   માનવતાવાદી વિચારધારા દરેક વ્યક્તિને મુક્તિ અને સમાનતાનો હક છે તે માન્યતા પર આધારિત છે. આ વિચારધારા ભેદભાવ, વર્ગભેદ અને શોષણની વિરુદ્ધ છે.

5. માનવ સેવા :

   માનવતાવાદી વિચાર ધારા સેવા અને સહકારની ભાવનાને પ્રોત્સાહિત કરે છે. તે લોકો વચ્ચે સહકાર અને સહાનુભૂતિનો વિકાસ કરવા અને સમાજના નબળા વર્ગોની મદદ કરવા પર ભાર મૂકે છે.

6. ધર્મનિરપેક્ષતા :

   માનવતાવાદી વિચારધારા ધાર્મિક અનુયાયિતાના બદલે ધર્મનિરપેક્ષ, નિષ્પક્ષ અને તર્કશક્તિપૂર્ણ દ્રષ્ટિકોણ અપનાવે છે.

7. સાંસ્કૃતિક વિકાસ :

   માનવતાવાદી વિચાર ધારા વ્યક્તિગત અને સામૂહિક વિકાસ માટે કલા, સાહિત્ય અને શિક્ષણના મહત્ત્વને સ્વીકારે છે.

આમ, આ લક્ષણો માનવતાવાદી વિચારધારાને ઉદાહરણરૂપ બનાવી એક નિષ્પક્ષ, નૈતિક અને બુદ્ધિશાળી સમાજની રચના તરફ પ્રયત્નો કરવા માટે પ્રેરણા આપે છે.

મહાત્મા ગાંધીની માનવતાવાદી વિચારધારા જીવનના તમામ ક્ષેત્રોમાં માનવતાનુ મહત્ત્વ દર્શાવે છે. ગાંધીજી વિશ્વાસ કરતા કે માનવ જીવનની પરિપૂર્ણતા માટે આધ્યાત્મિકતા અને નૈતિકતા અનિવાર્ય છે. તેમના કેટલાક મુખ્ય વિચારો આ પ્રમાણે છેઃ

1. અહિંસા : ગાંધીજી માટે અહિંસા માત્ર શારીરિક હિંસા ટાળવાની તેવુ નથી, પરંતુ વિચાર અને ભાવના ક્ષેત્રમાં પણ પ્રેમ અને કરુણાને જાળવી રાખવાની છે.

2. સત્ય : સત્ય એ ગાંધીજીના જીવન અને વિચારધારાનો આધારભૂત મંત્ર છે. તેઓ માનતા કે સત્યનો માર્ગ જ સ્વતંત્રતા અને સમાનતાની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે.

3. સ્વરાજ : ગાંધીજીના સ્વરાજના વિચારમાં માત્ર રાજકીય સ્વતંત્રતા જ નહીં, પણ વ્યક્તિગત અને સામાજિક સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે.

4. સમાનતા અને ન્યાય : ગાંધીજી જાતિવાદ અને આર્થિક અસમાનતાના કડક વિરોધી હતા. તેઓ માનતા કે દરેક મનુષ્ય સમાન છે અને તેમને સમાન અધિકારો મળવા જોઈએ.

5. શ્રમ અને સ્વાવલંબન : ગાંધીજી સ્વશ્રમ અને ખાદી જેવા સ્વાવલંબનના પ્રતીકો દ્વારા સામાજિક અને આર્થિક સ્વતંત્રતાને પ્રોત્સાહિત કરતા.

ગાંધીજીની માનવતાવાદી વિચારધારા આજે પણ વિશ્વમાં ઘણા લોકો માટે પ્રેરણારૂપ છે.

## 8.7 મહાત્મા ગાંધીના સમાજવાદી વિચારોની વિશિષ્ટતાઓ

1. સર્વ સ્વરાજ

ગાંધીજીએ સર્વસ્વરાજનો વિચાર મૂક્યો જેમાં દરેક વ્યક્તિને આર્થિક, સામાજિક અને રાજકીય સ્વતંત્રતા મળે. તેઓ માનતા કે સમાજના તમામ વર્ગોને સમાન હક મળવો જોઈએ.

2. શ્રમ અને સ્વાવલંબનને પ્રધાન્ય

ગાંધીજીએ શ્રમ અને સ્વાવલંબન પર ભાર મૂક્યો. તેઓ માનતા કે વ્યક્તિએ પોતાની જરૂરીયાતોને પૂરી કરવા માટે પોતાનો શ્રમ ઉપયોગમાં લેવો જોઈએ.

3. સ્વદેશી ચળવળ

ગાંધીજીએ સ્વદેશી વસ્ત્રો અને ઉત્પાદનોનો ઉપયોગ કરવાની સલાહ આપી. આથી તેઓએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કર્યો અને ભારતના સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યુ.

4. સર્વજ્ઞાતિ સમાનતા

ગાંધીજી દરેક જાતિ અને ધર્મના લોકોની સમાનતામાં માને. તેમણે અન્યાયી ભેદભાવ સામે આંદોલનો શરૂ કર્યા અને હરીજનો (અસ્પૃશ્યો) માટે પણ કામ કર્યું.

5. જમીન સુધારણા

ગાંધીજીએ જમીન સુધારણા અને ગામડાના વિકાસ પર ભાર મૂક્યો. તેઓ માનતા કે ગામડાઓ ભારતનો આત્મા છે અને ગ્રામ્ય સમાજના ઉદ્ધાર વિના રાષ્ટ્રની પ્રગતિ શક્ય નથી.

6. સામૂહિક નિવાસ

ગાંધીજીએ સમાજવાદના વિચાર સાથે આશ્રમ સ્થાપનાઓ કરી જ્યાં લોકો સાંપ્રદાયિક અને સમાન જીવન જીવે. સૌ સાથે રહે અને સમાન જીવનશૈલીની પ્રથા અપનાવે તે માનવીના ઉદ્ધાર માટે જરૂરી બાબત છે.

7. આરોગ્ય અને શિક્ષણ

તેમણે આરોગ્ય અને સ્વચ્છતાને મહત્ત્વ આપ્યુ. સરલ જીવન, યોગ અને આયુર્વેદિક ઉપચાર વિધિઓ દ્વારા સ્વસ્થ જીવન જીવવા પર ભાર મૂક્યો. તેમજ તેઓ માનતા કે શિક્ષણમાં નૈતિકતા અને શિસ્ત હોવી જોઈએ.

8. અસહકાર અને નાગરિક અવગણના

   ગાંધીજીએ અસહકાર આંદોલન અને નાગરિક અવગણનાનો ઉપયોગ બ્રિટિશ શાસન સામે કરેલા આંદોલનોમાં કર્યો; જેમાં લોકો સરકારના નિયમો અને નીતિઓનો વિરોધ કરે.

9. ટ્રસ્ટશિપ

   ગાંધીજીએ અર્થતંત્રમાં ટ્રસ્ટશિપની વિચારધારા રજૂ કરી; જેમાં ધનવાન લોકો પોતાની સંપત્તિને ટ્રસ્ટી તરીકે ઉપયોગ કરે અને તેને સમાજના હિત માટે ખર્ચ કરે.

આ બધા વિચારો મહાત્મા ગાંધીના સમાજવાદી વિચારસરણીના મુખ્ય સ્તંભો છે. જેની વિધેયતા અને વ્યાવહારિકતા આજે પણ માન્ય છે.

## 8.8 મહાત્મા ગાંધીજીના લોકતંત્રના અંગે વિચારો

1. સત્યાગ્રહ : ગાંધીજીના વિચારો મુજબ સત્યાગ્રહ એક શાંત અને અહિંસક પદ્ધતિ છે જે દ્વારા નિષ્પક્ષ રીતે અન્યાયની સામે લડવામા આવે છે. આ પદ્ધતિમા સત્ય અને અહિંસાનો આધાર રાખીને પીડિત વર્ગની ન્યાય માટેની લડાઈ છે.
2. સ્વરાજ : ગાંધીજી માટે સ્વરાજનો અર્થ માત્ર રાજકીય સ્વતંત્રતા નહિ પરંતુ સામાજિક અને આર્થિક સ્વતંત્રતા પણ છે. સ્વરાજનો અર્થ એ છે કે લોકો પોતાનુ ભલુ કરે અને પોતાને આર્થિક રીતે સશક્ત બનાવે.
3. ખાદી અને ગ્રામિણ આર્થશાસ્ત્ર : ગાંધીજીની વિચારધારા ખાદી અને ગ્રામ્ય આર્થશાસ્ત્રમાં માનનારી છે. તે કહેતા હતા કે આર્થિક સ્વતંત્રતા માટે ગામની આર્થિક પ્રવૃત્તિ અને ખાદીના ઉત્પાદનને વધુ મહત્ત્વ આપવું જોઈએ.
4. હિંદ સ્વરાજ : ગાંધીજીની "હિંદ સ્વરાજ" પુસ્તિકા દ્વારા તેમણે એક પરંપરાગત અને સ્વદેશી પદ્ધતિની જગ્યાએ આધુનિકતા અને ઔદ્યોગીકરણની વિરુદ્ધ પોતાની માન્યતા વ્યક્ત કરી છે. તેઓ માનતા હતા કે પરંપરાગત અને સહાયક સમાજિક વ્યવસ્થા વધુ અસરકારક છે.
5. સામાજિક સહયોગ : ગાંધીજીના વિચારોમાં સામાજિક સત્ય અને ધર્મલક્ષી એકતા મિશ્રીત મૂલ્યને ખૂબ જ મહત્ત્વ આપવામા આવ્યુ છે. તેમના મતે દરેક ધર્મ અને સમુદાય વચ્ચે ભાઈચારો અને સૌહાર્દ ખૂબ જ જરૂરી છે.
6. શિક્ષણ સુધારણા : ગાંધીજીનુ માનવુ હતુ કે શિક્ષણમા પ્રાકૃતિક અને વ્યવહારિક જ્ઞાનને મહત્ત્વ આપવુ જોઈએ જે વ્યક્તિને આર્થિક, સામાજિક અને માનસિક વિકાસમાં મદદ કરે.

ગાંધીજીના આ વિચારોનો ધ્યેય એક પ્રમાણભૂત અને હકારાત્મક લોકતંત્ર સ્થાપિત કરવાનો હતો જેમાં સામાજિક, આર્થિક અને રાજકીય સ્વતંત્રતાને મહત્ત્વ આપવામાં આવે છે.

**મહાત્મા ગાંધીજીના લોકતંત્રિક વિચારોની ભારતના વિકાસ પર વિશાળ અને મહત્ત્વપૂર્ણ અસરો**

1. સામાજિક સુધારણા :

   અહિંસા અને સત્યાગ્રહ : ગાંધીજીના અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંતો એ ભારતીય સમાજમા અહિંસક વિરોધ અને સંઘર્ષના નવા માપદંડ સ્થાપિત કર્યા. આ પદ્ધતિઓનો ઉપયોગ શાંતિપૂર્ણ રીતે સામાજિક પરિવર્તન લાવવા માટે થયો.

અસ્પૃશ્યતા અને ગંદકીનો વિરોધઃ તેમણે અસ્પૃશ્યતા, જાતિવાદ અને ગંદકી વિરુદ્ધ પ્રબળ લડાઈ લડી. જેનાથી સમાજમાં માનવતા અને સમાનતાના સિદ્ધાંતોને સ્થાપિત કરવામાં મદદ મળી.

2. આર્થિક વિકાસ :

ખાદી અને ગ્રામ પંચાયત : તેમણે ખાદી અને ગ્રામ્ય આર્થિક વૃદ્ધિ પર ભાર મૂકી. ખાદીના ઉત્પાદને સ્થાનિક આર્થિક સ્વાયત્તાને વધારવા માટે અને ગામના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ માનવામા આવતુ હતુ.

ગામોનુ આર્થિક સ્થાપન : ગ્રામ પંચાયતો અને સ્વરાજને સમર્થન આપતા લોકોના ગ્રામીણ વિકાસ માટેના પ્રયાસો એ ગ્રામ્ય વિકાસને પ્રોત્સાહિત કર્યા.

3. શિક્ષણ અને વ્યાવસાયિક વિકાસ :

કાર્યાત્મક શિક્ષણ : ગાંધીજીનુ માનવુ હતુ કે શિક્ષણે સંસ્કાર અને વ્યાવસાયિક કુશળતાને મિશ્રિત કરવા જોઈએ. આ વિચારોને અનુસરીને શાળાઓમા સામાજિક કાર્ય અને કર્મકાંડના પાઠસમૂહો વધારવામા આવ્યા.

4. સ્વતંત્રતા અને શાંતિ :

દેશભક્તિ અને લોકશાહી : ગાંધીજીના સ્વરાજ અને લોકશાહીના મૂલ્યો એ ભારતની સ્વતંત્રતાની લડાઈમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તેમના વિચારોથી દેશભક્તિ અને લોકશાહીની ભાવના વધારવામાં મદદ મળી.

5. શ્રમિક અને ખેડૂત સશક્તિકરણ :

શ્રમિક અને ખેડૂત હક : તેમણે શ્રમિકો અને ખેડૂતની હકની લડાઈ લડી જેનાથી આ વર્ગોને તેમના અધિકારો માટે લડવા માટે પ્રેરણા મળી.

6. આધુનિકતા અને પરંપરાગતતા :

સાંસ્કૃતિક સ્વતંત્રતા : ગાંધીજીએ ભારતીય પરંપરાઓને જાળવવાની સાથે આધુનિકતા તરફ આગળ વધવાની તરફેણ કરી. તેમણે એ છેવટ સુધી આગળ વધારવા માટે સ્વદેશી વસ્તુઓના પ્રયોગને પ્રોત્સાહિત કરવાનુ ચાલુ રાખ્યુ.

આ રીતે ગાંધીજીના લોકતંત્રિક વિચારો અને તેમના પ્રવૃતિઓનો વ્યાપક પ્રભાવ ભારતના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસ પર થયો છે.

## **8.9** ઉપસંહાર

ગાંધીજીની સમાજ કાર્ય સંબંધિત વિચારધારા મૂળભૂત રીતે સમાનતા, ન્યાય અને સ્વતંત્રાના સિદ્ધાંતો પર આધારિત છે. જયારે ગાંધીજીની સમાજ સેવા વિષેની વિચારધારા મુક્ત અર્થતંત્ર, માનવતાવાદ, સમાજવાદ, અને લોકશાહી જેવા વિવિધ તત્ત્વોને એક સંકલિત રૂપ આપે છે. તેઓ માનતા હતા કે કોઈપણ પ્રગતિશીલ સમાજ માટે આચારશીલતાનુ પ્રાથમિક મહત્ત્વ છે. મુક્ત અર્થતંત્રના ભોગે લોકોને નફા માટે પીડા આપવામા ન આવે અને સમાજમા માનવતાના મૂલ્યોને મજબૂત કરવામાં આવે. તેમનો સમાજવાદ લોકોની અછત દૂર કરતો સમાનતા અને સર્વોદયનો આધાર રાખતો હતો. સાથે જ લોકશાહી તેમની દૃષ્ટિમાં માત્ર રાજકીય વ્યવસ્થા ન હતી, પરંતુ તે દરેક વ્યક્તિને સશક્ત કરતી અને નૈતિક આધારે સત્તા વહેંચતી સંસ્થા હતી. આ

રીતે ગાંધીજીની આચારશીલ અને માનવતાવાદી વિચારધારા સમાજના સર્વાંગી વિકાસ માટે એક માર્ગદર્શક રહી છે.

## 8.10 તમારી પ્રગતિ ચકાસો

1. "સમાજકાર્ય એ એક વ્યાવસાયિક સેવા છે જે વ્યક્તિગત અને સામૂહિક રીતે સુખાકારી વધારવા માટે આયોજન અને વ્યવસ્થાપનના કાર્યરત માળખાની રચના કરે છે." સમાજ કાર્યની આ વ્યાખ્યા કોણે અને ક્યારે આપી છે ?

   (એ) મેરી રીચમંડ, 1917 (બી) ડબ્લ્યુ. એ. ફ્રિડલેન્ડર, 1958

   (સી) ઉપરોક્ત બંને એ (ડી) ઉપરોક્ત એક પણ નહિ

2. જોન રસ્કીનના ક્યાં પુસ્તકમાંથી ગાંધીજીના મનમાં સર્વોદય અંગેના ખ્યાલનો જન્મ થયો ?

   (એ) ધ પોલીટીકલ ઈકોનોમી ઓફ આર્ટ (બી) અન ટુ ધીસ લાસ્ટ

   (સી) ધ સ્ટોન્સ ઓફ વેનિસ (ડી) ઉપરોક્ત એક પણ નહિ

3. મુક્ત અર્થતંત્રના સિદ્ધાંતોમાં મુખ્યત્વે લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન અને .......................... નો સમાવેશ થાય છે.

   (એ) ગ્લોબલાઈઝેશન (બી) સેન્સેટાઈઝેસન

   (સી) વિઝ્યુઅલાઈઝેસન (ડી) ઉપરોક્ત એક પણ નહિ

4. માનવ મૂલ્યો પર ભાર એ ગાંધીજીની કઈ વિચારધારાનુ લક્ષણ છે ?

   (એ) સમાજવાદી (બી) મુક્ત અર્થતંત્રવાળી

   (સી) માનવતાવાદી (ડી) લોક તાંત્રિક

5. ગાંધીજીના મતે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત એટલે શું ?

   (એ) લોકો સંસ્થાઓ શરુ કરી ટ્રસ્ટી બને

   (બી) સંસ્થાઓમાં ટ્રસ્ટી બનવા માટે પ્રોત્સાહન પૂરુ પાડવુ

   (સી) સ્વૈચ્છિક સંસ્થાઓનો વિરોધ કરવો

   (ડી) ધનવાન લોકો પોતાની સંપત્તિનો ટ્રસ્ટી તરીકે ઉપયોગ કરે

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

  (1) બી (2) સી (3) એ (4) સી (5) ડી

## 8.11 ચાવીરૂપ શબ્દો

1. મુક્ત અર્થતંત્ર

   મુક્ત અર્થતંત્ર એ એવા આર્થિક સિદ્ધાંતનું નામ છે; જેમાં સરકાર દ્વારા અર્થતંત્રમાં હસ્તક્ષેપ ન કરવાની નીતિ અપનાવવામાં આવે છે. આ સિદ્ધાંત મુજબ બજારમાં કાયદો, માંગ અને પુરવઠાના નિયમો દ્વારા ઊભી થતી મુક્ત સ્પર્ધા વધુ પડતી સરકારી નિયંત્રણ વગર આપમેળે અર્થતંત્રને સંતુલિત રાખે છે.

   મુક્ત અર્થતંત્રમાં વ્યક્તિગત સ્વાતંત્ર્યને મહત્ત્વ આપવામાં આવે છે અને માનવામાં આવે

છે કે વ્યક્તિઓના નિર્ણયો અને ક્રિયાઓ સાથેની સ્વતંત્રતા અંતે સમગ્ર સમાજ માટે ફાયદાકારક સાબિત થાય છે. મુખ્ય સિદ્ધાંતોમાં મજૂર અને પેદાશના મુક્ત લેણદેણ ખરીદી-વેચાણની છૂટછાટ તેમજ નિયંત્રણમુક્ત વેપારનો સમાવેશ થાય છે.

2. લોકશાહી

લોકશાહી એટલે લોકો દ્વારા, લોકો વડે, લોકો માટે ચાલતી વ્યવસ્થા જે સર્વેની સુખાકારીમાં વિશ્વાસ ધરાવે છે.

3. માનવતાવાદ

માનવતાવાદ એ એવા વિચારો અને માન્યતાઓની પદ્ધતિ છે; જે માનવ જાતની મૂલ્યતા, ગૌરવ અને ક્ષમતામાં વિશ્વાસ રાખે છે અને માનવજાતના કલ્યાણને પ્રાથમિકતા આપે છે, ભગવાન અથવા અલૌકિક શક્તિઓ પર આધાર રાખવાને બદલે.

4. સમાજવાદ

સમાજવાદ એ એવી આર્થિક અને રાજકીય પ્રણાલી છે; જેમાં ઉત્પાદનના સાધનો, વહન અને વિનિમયનાં સાધનોનો માલિકો પ્રજાને અથવા રાજ્યને હોય છે અને સમાનતા, ન્યાય અને સમાજના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવામાં આવે છે.

- **સ્વાધ્યાય લેખન કરો :**

1. સમાજકાર્યના વિકાસ ક્ષેત્રે મહાત્મા ગાંધીજીનું યોગદાન વિગતવાર સમજાવો
2. સર્વોદય ચળવળ સંદર્ભે ગાંધીજીની વિચારધારા સ્પષ્ટ કરો
3. મુક્ત અર્થતંત્ર એટલે શું ? તેના સિદ્ધાંતો જણાવી ભારતના વિકાસમાં મુક્ત આર્થિકતંત્રની ભૂમિકા વિગતવાર સમજાવો
4. માનવતાવાદી વિચારધારા એટલે શું ? મહાત્મા ગાંધીની માનવતાવાદી વિચારધારા અને તેનુ મહત્ત્વ સમજાવો
5. મહાત્મા ગાંધીના સમાજવાદી વિચારોની વિશિષ્ટતાઓ વર્ણવો
6. મહાત્મા ગાંધીજીના લોકતંત્રિક વિચારોની ભારતના વિકાસ પર મહત્ત્વપૂર્ણ અસરો વર્ણવો

- **પ્રવૃત્તિ કરો :**

(1) વર્તમાન સમયે ભારતના અર્થતંત્ર પર ગાંધીજીના વિચારોની અસર ચકાસો.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) ગાંધીવિચાર આધારિત વિકાસ પામેલ કોઈ એક ગામની કેસ સ્ટડી તૈયાર કરો

## 8.12 સંદર્ભ સૂચિ

1. મહાત્મા ગાંધી (1909), "હિન્દ સ્વરાજ", નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ
2. ભીખુ પારેખ(1989) ગાંધીઝ પોલીટીકલ ફિલોસોફી : એ ક્રીટીકલ એક્ઝામીનેસન, યુનીવર્સીટી ઓફ નોત્રેડેમ પ્રેસ
3. જે.બી. ક્રિપલાની (1955), ગાંધી એન્ડ સોસ્યાલીઝમ, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી
4. લુઈસ ફીચર (1962), ધ એસેન્ટીઅલ ગાંધી, વિન્ટેજ બુક્સ- રેન્ડમ હાઉસ

5. જે. સી. કુમારપ્પા (1951), ગાંધિયન ઈકોનોમિક્સઃ એ હ્યુમન વે ઓફ લીવીંગ, વોરા એન્ડ કુ. પબ્લિસર

6. કે. એસ. ભારથી (1991), ધ સોશિયલ ફિલોસોફી ઓફ મહાત્મા ગાંધી, કન્સેપ્ટ પબ્લિશીંગ કંપની

# એકમ 9 ખ્રિસ્તી વિચારસરણી : તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ

-: રૂપરેખા :-

**9.0 એકમનાં હેતુઓ**

**9.1 પ્રસ્તાવના**

**9.2 ખ્રિસ્તી વિચારસરણી**

**9.3 તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ**

**9.4 ઉપસંહાર**

**9.5 તમારી પ્રગતિ ચકાસો**

**9.6 ચાવીરૂપ શબ્દો**

**9.7 સંદર્ભ સૂચિ**

## 9.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

- ખ્રિસ્તી વિચારસરણી વિશે સમજી શકશો.
- 'સ્વ' વિચારધારા વિશે જાણશો.
- સામાજિક જૂથકાર્ય અંગેની વિચારધારા વિશે સમજશો.
- તર્કવાદ (બુદ્ધિવાદ) વિશે સમજશો.
- સ્વૈચ્છિક સંસ્થાઓની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થશો.

## 9.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં મધ્યકાલીન યુગમાં ખ્રિસ્તી ધર્મની વિચારધારા અને વર્તમાન સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. મધ્યકાલીન સમયગાળામાં, ખ્રિસ્તીઓએ સમાજકાર્યને પ્રોત્સાહન આપ્યું હતું, તેઓએ ગરીબોને મદદ કરવા માટે ઘણી સમિતિઓ બનાવી અને સમાજના કલ્યાણ માટેના અનેકવિધ કાર્યો કર્યા હતા. ગરીબો અને પીડાગ્રસ્ત લોકોને મદદ કરવાનો ખ્રિસ્તીઓનો વિચાર 18મી સદીમાં ખૂબ જ વ્યાપક બન્યો હતો. સૌપ્રથમ ચર્ચના પાદરીઓ દ્વારા ગરીબોને મદદ કરવાની શરૂઆત કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં તેમાં ઘણા ફેરફારો થયા. કારણ કે મદદની જરૂર કોને છે ? ખરેખર રીતે જોઈએ તો ગરીબ કોને કહેવા હોય તે અંગે ઘણા મંતવ્યો ઉભા થયા હતા. જેના લીધે સમાજના કલ્યાણ માટે નવા કાયદા ઘડવામાં આવ્યા હતા. જેનો ઉદ્દેશ્ય ગરીબ લોકોની સ્થિતિ સુધારવાનો હતો અને જેઓ ખરેખર શારીરિક રીતે વિકલાંગ હતા. તેવી વ્યક્તિઓને મદદ કરવી અને તેમની મહત્ત્વપૂર્ણ જરૂરિયાતો પૂર્ણ થાય તે માટે સતત કાર્યશીલ રહેવું. પરંતુ તેમાં અનેક મતભેદો ઉદ્દભવ્યા. જેના લીધે ગરીબ અને વિકલાંગ વ્યક્તિઓને અલગ તારવવામાં આવ્યા. જેથી તેનો એક ફાયદો એ થયો કે ખ્રિસ્તી ધર્મની સાથે સાથે સરકાર પણ આવા લોકોની મદદ માટે આગળ

આવી. તેથી આ વિચારધારાને આગળ ધપાવી સમાજકાર્યનો ઉદ્દભવ થયો અને ઘણી વિચારધારાઓ અસ્તિત્વમાં આવી. આધુનિક સમયમાં બુદ્ધિવાદ અને કલ્યાણકારી પ્રવૃતિઓ વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. શોષણ, અન્યાય, અસમાનતા એ માનવ સ્વભાવ અને સામાજિક સ્વભાવ છે. ઈતિહાસના દરેક સમયગાળામાં આ તત્ત્વો તે સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં પ્રસ્તુત જોવા મળ્યા છે. માનવીનું મુખ્ય કાર્ય અન્યાયનો વિરોધ કરવાનું હોવું જોઈએ. વિરોધાભાસની પરિસ્થિતિમાંથી શોષણનો ઉદય થાય છે અને આ શોષણને દૂર કરવાના પ્રયાસમાંથી નવી વિચારસરણીનો જન્મ થાય છે. જે સામાજિક પરિવર્તનનું કારણ બને છે.

## 9.2 ખ્રિસ્તી વિચારસરણી

ખ્રિસ્તી ધર્મ અનુસાર, મનુષ્યમાં ડહાપણ, ન્યાય, બહાદુરી, સંયમ વગેરે જેવા ગુણો આપોઆપ વિકસિત થઈ શકે છે; પરંતુ વિશ્વાસ, આશા અને પ્રેમ ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે છે. 'જનસેવા એ જ પ્રભુસેવા' એ ખ્રિસ્તી ધર્મનું પાયાનું સૂત્ર છે. સેવા અને જ્ઞાન આપવાની બાબતમાં, ખ્રિસ્તી સંતોની મિશનરી પ્રવૃત્તિઓ જેમ કે દર્દીઓ અને કેદીઓની સારવાર વગેરે જાણીતી છે. આ સંદર્ભમાં ખ્રિસ્તીધર્મના સંસ્થાકરણના સ્વરૂપોનો ખ્યાલ કરવો જરૂરી છે. સંસ્થાકરણની પ્રથમ તરાહે ધારણા કરી કે ખ્રિસ્તી ધાર્મિક મંડળોનું તે સમાજના સ્થાયી સંબંધો વગર અલગ અસ્તિત્વ છે. ધર્મનિષ્ઠ સંપ્રદાયો તેનું દ્રષ્ટાંત છે. સંસ્થાકરણનો બીજા પ્રકાર રોમનકેથોલિક ચર્ચ છે. તેનું પ્રસ્થાપિત દેવળ તરીકે અર્થઘટન થયેલું છે. જે રાજકીય રીતે સંગઠિત સમાજનો રાજ્યધર્મ છે; ચર્ચ અને રાજ્ય બન્ને અલગ સંગઠનો છે. તેથી દેવળે તેની અનુભવાતિત, અભિમુખતા પ્રાપ્ત કરી અને વૈરાગ્યના ખાસ રસ્તા તરફ વળ્યા. દરેક ધર્મમાં મંદિરો હોય ચર્ચ હોય કે મસ્જીદ તેમનું કાર્ય હંમેશા સેવાનું હોય છે. ખ્રિસ્તી ધર્મમાં પણ જોઈએ તો ચર્ચનું મુખ્ય કાર્ય વંચિતો અને ગરીબોને મદદ કરવાનું હતું. પાદરીઓ દ્વારા પણ ગરીબોને મદદ કરવામાં આવતી હતી. જેમાં ભોજન, કપડાં, આરોગ્યલક્ષી સુવિધાઓ તેની સાથે રહેવા માટે મકાનની પણ વ્યવસ્થા કરવામાં આવતી. પરંતુ જેમ જેમ તેમની પાયાની જરૂરિયાતો પૂર્ણ થઈ તે છતાં પણ ભીખ માંગવાના પ્રમાણમાં ઘટાડાને બદલે વધારો થવા લાગ્યો. તેનું મુખ્ય કારણ એ હતું કે જે લોકો સક્ષમ હતા તે લોકો પણ ભીખ માંગવાની પ્રવૃતિમાં જોડાતા ગયા. તેથી ચર્ચનું જે મુખ્ય કાર્ય હતું તે પૂર્ણ થઇ શક્યું નહીં. તેમણે આપેલ દાનનો હેતુ સિદ્ધ ના થવાને કારણે તેમના આત્મ સન્માન ને ઠેશ પહોંચી. પરિણામે સંસ્થાએ દાન આપવાનું બંધ કરી દીધું. પરંતુ સંસ્થાના આગેવાનોએ ફરીથી સમાજમાં આ સેવાકીય પ્રવૃત્તિ શરુ કરવાનો નિર્ણય લીધો. જેમાં વૃદ્ધ, શારીરિક રીતે વિકલાંગ અને અનાથ બાળકો તેમજ બીમાર લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે લોકો શારીરિક રીતે સક્ષમ છે તેવા લોકોને બાકાત રાખવામાં આવ્યા. પરંતુ તેમને કામ કરવા અને પોતાના અને તેમના પરિવારના કલ્યાણમાં સુધારો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આમ, આ સંગઠન સમિતિને સમાજમાં બે જૂથો મળ્યા, સક્ષમ અને અપંગ.

### 'સ્વ' વિચારધારા

જ્યારે સ્વસ્થ વ્યક્તિને ચર્ચ દ્વારા શરૂ કરવામાં આવેલી ચેરિટી કમિટી દ્વારા પોતાને અને તેના પરિવારને મદદ આપવા માટે કામ કરવાની ફરજ પડી હતી; પછી તેણે સમાજમાં ભીખ માંગવાનું પણ શરૂ કર્યું. તેથી સૌ પ્રથમ ભિખારી માટે નોંધણી જરૂરી માનવામાં આવતી હતી. હેનરી 8 ના કાયદા દ્વારા આવા લોકોની ફરજીયાત નોંધણી કરવામાં આવી હતી અને જે લોકો આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે તેવા લોકોની યાદી બનાવીને તેમની ઓળખ છતી થાય તેથી

તેમને ભીખ માંગવાનું લાયસન્સ આપવામાં આવ્યું હતું અને જો કોઈ શારીરિક રીતે સશક્ત હોય અને તેવી વ્યક્તિ ભીખ માંગે તો તેને કાયદાકીય રીતે સજા આપવાની જોગવાઈ પણ કરવામાં આવી હતી. આવી જોગવાઈને કારણે જે સશક્ત વ્યક્તિ હતી તેણે પોતાનું અને પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવવા માટે ફરજીયાત કામ કરવું પડતું. આવી પરિસ્થિતિમાં તેમના માટે કાર્ય ગૃહ અને સુધાર ગૃહની શરૂઆત કરવામાં આવી હતી, જે અંતર્ગત ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિઓને તેમાંથી બહાર લાવીને રોજગારલક્ષી કાર્યમાં જોડાય તે માટે સતત પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. આ સમિતિ ગરીબ લોકોની રૂબરૂ મુલાકાત લેતી અને જે લોકોને ખરેખર મદદની જરૂર છે તે લોકોની યાદી તૈયાર કરીને તેમની જરૂરિયાતો પૂર્ણ કરવામાં આ સંસ્થા સતત કાર્યશીલ રહેતી.

### સમાજકલ્યાણ અંગેની વિચારધારા

વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને વાત કરીએ તો દરેક ધર્મમાં જે ધાર્મિક સંસ્થાઓ છે તે હવે સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી જોવા મળે છે. તેવી જ રીતે ખ્રિસ્તી ધર્મ પણ સેવાકીય કાર્ય સાથે સંકળાયેલ છે. આ ધર્મમાં જે ધર્માદા સંગઠન સમિતિ બનાવવામાં આવી હતી તેમણે સામાજિક સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, કારણ કે સમાજમાં ઘણી સમસ્યાઓ જોવા મળી હતી. જેમાં વૃદ્ધોને તેમની જીવન જરૂરિયાતો પૂર્ણ કરવામાં પડતી મુશ્કેલી, સારવાર દરમિયાન દર્દીઓ દ્વારા સામનો કરવામાં આવતી નાણાકીય સમસ્યાઓ, શારીરિક રીતે અશક્ત લોકોની સમસ્યાઓ વગેરે માટે આ સમિતિઓએ સેવા કચેરીઓ, હોસ્પિટલો, ધર્મશાળાઓ, મનોરંજન કેન્દ્રોની સ્થાપના કરી હતી. જેમાં વૃદ્ધોને રહેવા માટે ઘર તેમજ જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ આપવાનું કાર્ય કર્યું. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ દ્વારા દર્દીઓની સારવાર માટે નિઃશુલ્ક સેવા હોસ્પિટલો પણ શરૂ કરવામાં આવી હતી, આ સાથે શારીરિક રીતે અશક્ત, વિકલાંગ અને બહેરા લોકોના પુનર્વસન માટે તાલીમ કેન્દ્રો પણ શરૂ કરવામાં આવ્યા હતા. આથી ધીમે ધીમે ખ્રિસ્તીઓમાં પણ સમાજ કલ્યાણની લાગણીનો ઉદ્દભવ થયો.

### સામાજિક જૂથકાર્ય અંગેની વિચારધારા

"સામાજિક જૂથ કાર્ય એ સામાજિક કાર્યની એક પદ્ધતિ છે જેના દ્વારા વિવિધ સમુદાય એજન્સીઓના સેટિંગમાં ઘણા જૂથોમાં વ્યક્તિઓને એક કાર્યકર દ્વારા મદદ કરવામાં આવે છે. જે તેમની ક્રિયાપ્રતિક્રિયાને પ્રોગ્રામ પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન આપે છે. જેથી તેઓ પોતાને અન્ય લોકો સાથે સાંકળી શકે અને વિકાસની તકોનો અનુભવ કરી શકે" - ટ્રેકર.

ન્યૂયોર્કમાં ઈ.સ. 1887માં પ્રથમ 'સેટલમેન્ટ હાઉસ'ની સ્થાપના કરવામાં આવી હતી. 1891માં તેનું નામ બદલીને 'યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ' રાખવામાં આવ્યું. 'સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ'ના ઘણા ધ્યેયો હતા. જેનો પ્રથમ ધ્યેય ઔદ્યોગિકીકરણના કારણે જે સમસ્યાઓનું સર્જન થયું હતું તેનો ઉપાય શોધવાનો. ઉદ્યોગોની આસપાસ રહેતા લોકો જે જુદી જુદી સમસ્યાઓથી પીડાતા હતા તે લોકોને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી. તેના માટે તેઓ સંગઠિત થઈને આંદોલનો પણ ચલાવતા હતા. જેનો મુખ્ય હેતુ લોકો વચ્ચે એકતા પ્રસ્થાપિત કરવાનો હતો. આમ, સેટલમેન્ટ હાઉસમાં વ્યક્તિઓને બદલે જૂથોને સેવાઓ પૂરી પાડવામાં આવી અને આ રીતે સામાજિક જૂથ સેવા કાર્યનો જન્મ થયો. આમ, સેટલમેન્ટ હાઉસ જૂથ કાર્ય અભિગમના મૂળમાં છે; જેની શરૂઆત ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ દ્વારા કરવામાં આવી હતી.

## 9.3 તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ

સમાજ કલ્યાણની વિચારસરણી અનેક મહાપુરુષો, રાજયશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ

અને સમાજ વિજ્ઞાનીઓએ રજૂ કરી છે. આધુનિક ફિલસૂફીની શરૂઆત 17મી સદીમાં થઈ હતી. સામાજિક તત્ત્વજ્ઞાનને સુસંગત ભારતના ખ્રિસ્તીઓ ખાસ કરીને અધિકાર વંચિતોની સંભાળ જેવી સામાજિક કલ્યાણ પ્રવૃત્તિ કરે છે. આરોગ્ય અંગે શિક્ષણના ક્ષેત્રમાં તેમનાં કામની ગણના થાય છે. કેરાલા જેમાં સૌથી વધારે સાક્ષરતા છે તે દેશમાં સૌથી વધારે ઉત્તમ આરોગ્ય સેવાઓ છે તેનો યશ તે પ્રદેશના પ્રબુદ્ધ શાશકોના પ્રભાવ કરતાં વધારે ખ્રિસ્તીઓના પ્રયત્નોને ફાળે જાય છે. ખાસ કરીને સમુદાયમાં જોવા મળતી અનેકવિધ સમસ્યાઓ જેમાં બિમાર અને નિરાધાર વૃદ્ધો, રોગીઓ, અનાથ બાળકો, વિધવા સ્ત્રીઓ અને વિકલાંગ વ્યક્તિઓ વગેરેને મદદની જરૂર હતી જે પૂરી પાડવામાં આવતી. પરંતુ, સમય જતા નવી વિચારસરણીઓને પ્રોત્સાહન મળતા તર્કવાદનો ફેલાવો થયો.

'એલિઝાબેથન પુઅર લો' એ 16મી સદીમાં અંગ્રેજી કાયદાની એક મહત્ત્વપૂર્ણ સંસ્થા છે, જેણે ગરીબ લોકોની રાહત માટે નિયમો અને કાયદાઓ વિકસાવ્યા હતા. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં ગરીબી પર અંકુશ લાવવાનો અને ગરીબોને મદદ કરવાનો હતો.

ગેટ્સને નિર્ધન કાનૂનોની ક્રિયાવિધિ સબંધિત સૂચના એકત્રિકરણનું કાર્ય સોપવામાં આવ્યુ. આ કાયદાઓનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયો પર જવાબદારી મૂકીને ગરીબોની રાહત માટે નિયમો સ્થાપિત કરવાનો હતો. ગેટ્સે કહ્યું છે કે ઘણી રીતે આ કાયદાઓ સમાજમાં વિભાજન અને દુષ્ટતાને દૂર કરવા માટે બનાવવામાં આવ્યા હતા. આ કાયદાઓએ સામાજિક સહાયતાનો ખ્યાલ તૈયાર કરવામાં મદદ કરી, જે આજની કલ્યાણ નીતિઓનો પાયો છે. 1834માં Poor Law Amendment Act દ્વારા આ કાયદાઓમાં વધુ સુધારો કરવામાં આવ્યો હતો, જેમાં ગરીબોને ઓફિસમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી અને ગરીબો માટે વધુ કડક નિયમો દાખલ કરવામાં આવ્યા હતા. આ સિવાય તેમણે સેવા યોજના ગૃહની સ્થાપના કરી અને શિક્ષા તથા કૃષિ કાર્ય માટે જમીન આપી. સાથે સાથે રાજ્યમાં અનાથ આશ્રમોની પણ સ્થાપના કરવામાં આવી.

આમ, જોઈએ તો સંસ્થાઓની વિચારણી અનાથાશ્રમ અને કાર્યશાળાથી શરૂ થઈ. તેની સાથે જે લોકો માનસિક રીતે અસ્વસ્થ હતા તેઓ લોકો માટે પણ મેન્ટલ હોસ્પિટલની શરૂઆત કરવામાં આવી અને આવા બાળકો શિક્ષણ મેળવી શકે તે માટે શાળાની પણ સ્થાપના કરવામાં આવી. એ જ રીતે, જુદી જુદી દિવ્યાંગતા ધરાવતા લોકો માટે પણ મિશ્ર શાળાઓ શરુ કરવામાં આવી. બહેરા અને અંધ બાળકો માટે મિશ્ર શાળાની સ્થાપના કરવામાં આવી. આમ, જેને જરૂર છે એવા લોકોને જ રાજયો અને સંસ્થાઓ દ્વારા મદદ મળવા લાગી જેના કારણે ભીખ માંગવાના પ્રમાણમાં ધીમે ધીમે ઘટાડો થવા લાગ્યો. તે માટે નિરીક્ષણ અને દેખરેખનું સમગ્ર કામ 'ડિપાર્ટમેન્ટ ઓફ મેન સેન્ટર'ને સોંપવામાં આવ્યું હતું. આ સાથે 'રાજ્ય વિભાગ આરોગ્ય કેન્દ્ર'ની પણ સ્થાપના કરવામાં આવી હતી. તેની સાથે અસક્ષમ લોકોની મદદ માટે નાણા એકત્રિત કરવાની વિચારણા સામે આવી. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ લોકો પાસેથી નાણાં એકત્ર કરીને તેનું યોગ્ય વિતરણ કરીને મદદ કરવા માટે અસ્તિત્વમાં આવી. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ ઘણી કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરી; જેમાં નીચેની તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

1. બાળ કલ્યાણ :

    બાળ કલ્યાણ એ બાળકોના હિતો અને સુખાકારીનું રક્ષણ કરવા અને પ્રોત્સાહન આપવા માટેની પહેલ અને નીતિઓનો સમૂહ છે. તેનો ઉદ્દેશ્ય બાળકોનો યોગ્ય વિકાસ, આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. પહેલાના સમયમાં બાળકોને પૈસા કમાવવાનું સાધન માનવામાં આવતું હતું. બાળકોના વિકાસમાં અભ્યાસનું કેટલું મહત્ત્વ રેહેલું છે તે

એ સમયના લોકોને ખ્યાલ નહતો. કારણકે ગામડાઓમાં નાણા બાળકોને નાનપણથી જ મજૂરી કામ સાથે જોડી દેવામાં આવતા હતા. અને જેના લીધે બાળકોનું જીવન અંધકારમય બની જતું. પરંતુ સમય જતા આવા બાળકોના કલ્યાણ માટે કાર્યો હાથ ધરવામાં આવ્યા. જેમાં સૌથી પહેલા મહિલાઓને જાગૃત કરવાનું કામ કરવામાં આવ્યું. તેમને જુદા જુદા પ્રલોભનો આપવામાં આવ્યા. અને આ રીતે પછી બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું. વર્તમાન સમયમાં બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે તે માટે મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ ભારતીય બંધારણમાં કરવામાં આવી

2. યુવા કલ્યાણ :

યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ આપવી, જેથી તેઓ સારુ કૌશલ્ય વિકસાવી શકે. સમાજશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો ના માટે જો મહિલાઓ પર થતા અત્યાચારો અને દુષણો ને રોકવા હોય, નાબૂદ કરવા હોય તો તે માટે યુવા વર્ગને યોગ્ય શિક્ષણ આપીને તેને રોકી શકાય છે. સાથે સાથે તે દેશના વિકાસમાં પણ સહભાગી બની શકે. યુવાનોમાં નેતૃત્વ અને સામાજિક જવાબદારીના ગુણોનો વિકાસ કરાવો જોઈએ. તેના લીધેજ આ વિચારસરણીથી યુવાવર્ગના કલ્યાણ માટેનાં જુદા જુદા કાર્યો હાથ ધરવામાં આવ્યાં.

3. મહિલાઓનું કલ્યાણ :

પ્રાચીન સમયમાં મહિલાઓની સ્થિતિ ખૂબજ દયનીય હતી. સમાજમાં અનેકવિધ કુરિવાજો અને કુપ્રથાઓ ફેલાયેલી જોવા મળતી હતી. જેમકે બાળ લગ્ન, પડદા પ્રથા, દીકરીને દૂધ પીતી કરવાનો રિવાજ, સતીપ્રથા, દહેજપ્રથા વગેરે જેવી પરિસ્થિતિમાંથી મહિલાઓને બહાર લાવવા માટે ઘણા સમાજ સુધારકોએ કાર્યો કર્યા હતાં. ઉ.હ. સતીપ્રથા માટે રાજા રામમોહનરાય દ્વારા ચલાવવામાં આવેલ લડત. આમ છતા મહિલાઓની સ્થિતિમાં જેવો જોવે તેવો સુધારો થયો નહીં. ખ્રિસ્તી મિશનરીઓ અને તેમની શિક્ષણ પ્રણાલીએ મહિલાઓ અને માનવતા પ્રત્યે શિક્ષણ અને સામાજિક સુધારણામાં નોંધપાત્ર અને આશ્ચર્યજનક ફેરફારો લાવ્યાં, જેના પરિણામે આજે તેઓએ દરેક ક્ષેત્રમાં મહિલાઓના દરજ્જામાં સમાનતા અને સન્માનજનક અને ઉચ્ચ સ્થાન પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વિશ્વ આજે, મહિલા ખ્રિસ્તી ઉપદેશકો વિશ્વના ઘણા સ્થળોએ તેમની સેવાઓ પૂરી પાડી રહી છે. જ્યારથી ભારતીય બંધારણ અમલમાં આવ્યું ત્યારથી લઈને બંધારણ થકી મહિલાઓને અનેકવિધ લાભો પ્રાપ્ત થયા. સરકાર પણ મહિલાઓના વિકાસ માટે સતત કાર્યશીલ રહી છે. મહિલાઓ માટે સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. કેમકે; મહિલા કલ્યાણ એ મહિલાઓના સ્વાસ્થ્ય, શિક્ષણ, અર્થતંત્ર અને સામાજિક દરજ્જાને સુધારવા માટેની પહેલ અને કાર્યક્રમોનો સમૂહ છે. આ દિશાનું ધ્યાન મહિલાઓને સશક્તિકરણ, તેમના અધિકારોનું રક્ષણ અને સમાનતા વધારવાનું છે. દરેક સમાજ માટે મહિલા કલ્યાણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેઓ દેશના વિકાસ અને સ્વાસ્થ્યમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

4. વૃદ્ધ કલ્યાણ :

વૃદ્ધ કલ્યાણ કાર્ય સમગ્ર સમાજ માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે વૃદ્ધોની જરૂરિયાતો અને આત્મસન્માનને સમજવા અને ઓળખવા માટે જવાબદાર છે. આપણે અગાઉના એકમમાં અભ્યાસ કરી ગયા કે જે નિરાધાર અને વૃદ્ધ લોકો છે તેમણે દાન સંગઠન

સમિતિ દ્વારા દાન અને જીવન જરૂરિયાતી ચીજવસ્તુઓ આપીને મદદ કરવામાં આવતી હતી. વૃદ્ધ કલ્યાણ માટેની વિચારસરણી સૌથી જૂની છે. વર્તમાન સમયમાં વૃદ્ધો માટે અનેક વૃદ્ધાશ્રમો કાર્યરત છે. જ્યાં તેમને પ્રેમ, હુંફ, લાગણી મળી રહે છે. સરકાર દ્વારા પણ વૃદ્ધો માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં; ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, વૃદ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનો માટે રૂ.5000-ની સહાય માટેની અંત્યેષ્ઠી સહાય યોજના વગરે દ્વારા તેમને મદદ કરીને કલ્યાણ માટેના કામો કરે છે.

5. આરોગ્ય કલ્યાણ :

સમાજકાર્યની વિચારસરણીની શરૂઆત માટે જુદા જુદા વિદ્ધવાનોએ સમાજના કલ્યાણ માટે જે પોતાના મંતવ્યો રજૂ કર્યા તેમાં પ્રથમ મહત્ત્વ જે ક્ષેત્રને આપવામાં આવ્યું તે આરોગ્ય ક્ષેત્ર હતું. ખાસ કરીને કુટુંબમાં જે મુખ્ય કમાનાર વ્યક્તિ છે તેને જો કોઈ ભયંકર રોગ થયો હોય અને તેના લીધે તે કોઈ કામ કે ધંધો ના કરી શકે અને પરિવારના લોકોનું ભરણપોષણ કરવામાં અસક્ષમ હોય તેવા પરિવારોને મદદ કરવામાં આવતી. જેમ જેમ સમય પસાર થતો ગયો લોકોની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું તેમ તેમ આવી બીમાર વ્યક્તિઓ માટે મફત તબીબી સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. વર્તમાન સમયમાં આરોગ્ય ક્ષેત્રે ગણો વિકાસ થયો છે. સરકાર પણ વખતો વખત આરોગ્યક્ષેત્રે જરૂરી સુધારા વધારા અને યોજનાઓ બહાર પાડી રહી છે. તેમજ આરોગ્ય અને સુખાકારીની માહિતી શેર કરવી, જેમ કે સ્વસ્થ આહાર, કસરત અને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ વગેરે... માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મકતા માટે માનસિક પ્રસન્નતાના મહત્ત્વને સમજીને સમાજમાં સહકાર અને સહાયક પ્રણાલીઓનું નિર્માણ થાય છે. આરોગ્ય કલ્યાણ સમાનતાને પ્રોત્સાહન આપવું, જેમ કે ગરીબો અને ઓછા સંસાધનો ધરાવતા લોકો માટે આરોગ્ય સેવાઓની પહોંચ વધારવી.

6. અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ :

પ્રાચીન સમયમાં આ સમુદાયના લોકો પર ખૂબજ અત્યાચારો કરવામાં આવતા હતા. તેમની સ્થિતિ ખૂબ જ દયનીય હતી. ભારતીય વર્ણવ્યવસ્થા પ્રમાણે તેમનું સ્થાન નિમ્ન હતું. જેથી ઉપલા વર્ણના લોકો તેમનું વધુમાં વધુ શોષણ કરતા હતા. પરંતુ અનેક સમાજસુધારકો અને સમાજશાસ્ત્રીઓની વિચારસરણી દ્વારા આ સમુદાયના લોકોને સમાજમાં સ્થાન મળ્યુ. જયારે ભારતીય બંધારણ અમલમાં આવ્યું ત્યારે આ સમુદાયના ઉત્થાન અને વિકાસને ધ્યાનમાં રાખીને તેમને વિશેષ લાભો આપવામાં આવ્યા. તેમના માટે અનેકવિધ રોજગારલક્ષી યોજનાઓ પણ બહાર પાડવામાં આવી. દા.ત. અનામત. આમ, જોવા જઈએ તો જુદા જુદા લોકોની વિચારધારાને જોડીને એક નવો સેવાકીય વર્ગનો ઉદ્દભવ થયો જેના થકી સમાજમાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને વિકલાંગ લોકો માટેની કલ્યાણકારી પ્રવૃતિઓ થવા લાગી.વર્તમાન સમયમાં સરકાર અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓએ આવી કલ્યાણકારી બાબતોને ખૂબ જ મહત્ત્વ આપીને તેમના કલ્યાણ માટે સતત કાર્યશીલ રહી છે.

7. મજૂર કલ્યાણ :

જુદા જુદા ઉદ્યોગો, કારખાના અને કંપનીઓમાં કામ કરતા કામદારોને પુરતું વેતન અને લાભ મળતા નહોતા. તેમાં કામ કરતા લોકો પર અત્યાચારો કરવામાં આવતા. કામના બદલામાં ઓછુ વેતન આપવામાં આવતું. આવી પરિસ્થિતિને કારણે જ સમાજકાર્યનો

ઉદ્દભવ થયેલો જોવા મળે છે. સમાજકાર્યકરનું મુખ્ય કામ જ આવી સમસ્યાઓને દુર કરવાનું છે. શ્રમ કલ્યાણ એ કામદારોના કલ્યાણ, આરોગ્ય, સલામતી અને જીવનની ગુણવત્તા સુધારવા માટેની પહેલ અને કાર્યક્રમોનો સમૂહ છે. તેનો ઉદ્દેશ્ય કામદારોને શ્રેષ્ઠ કામ કરવાની પરિસ્થિતિઓ અને સંબંધિત લાભો પ્રદાન કરવાનો છે. વર્તમાન સમયમાં પણ મજુરોના કલ્યાણ માટે અનેકવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. તેમના માટે લઘુતમ વેતન ધારો, બોનસ ધારો, ગ્રેજ્યુટી, આરોગ્યલક્ષી સુવિધાઓ, શિક્ષણ વગેરેને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

## 9.4 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં મધ્યકાલીન સમયમાં ખ્રિસ્તીઓના ઉપરોક્ત વિચારો જોવા મળ્યા; જેનો મુખ્ય હેતુ આર્થિક અને અશક્ષમ લોકોને મદદ કરવાનો હતો જેને ધ્યાનમાં રાખીને સમાજકાર્યની સ્થાપના કરવામાં આવી. સમાજકાર્યના વિકાસમાં ખ્રિસ્તીઓની મુખ્ય ભૂમિકા રહેલી છે. તેના બીજ મધ્યયુગમાં ખ્રિસ્તીઓ દ્વારા રોપવામાં આવ્યા. જેની સાથે કલ્યાણકારી પ્રવૃત્તિઓનો ઉદ્દભવ થયો. જે લોકો કામ ધંધો કરી શકતા હતા તે લોકોને દાન મળવાને કારણે તેવો વધુ આળસુ બનવા લાગ્યા. સામાજિક વ્યવસ્થા ભાંગી પડી અને તેના લીધે જ કલ્યાણકારી અભિગમનો ખ્યાલ વિસ્તૃત બન્યો. જેના થકી અનેક સંસ્થાઓની રચના થઈ. ઘણા લોકોએ સ્વેચ્છાએ આવી કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને દાન આપીને લોક કલ્યાણનું કાર્ય કર્યુ. સરકાર દ્વારા પણ જુદા જુદા કલ્યાણકારી કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા. બાળકો, વૃદ્ધો, મહિલાઓ, આરોગ્ય કલ્યાણ, શ્રમ કલ્યાણ વગેરે જેવા ક્ષેત્રોનો વિકાસ થયો. સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને કામગીરી શરૂ કરી.

## 9.5 તમારી પ્રગતિ ચકાસો

1. ખ્રિસ્તી ધર્મનું પવિત્ર સ્થળ.

   (A) ચર્ચ (B) મંદિર (C) મસ્જીદ

2. ન્યૂયોર્કમાં કઈ સાલમાં પ્રથમ ‘સેટલમેન્ટ હાઉસ’ની સ્થાપના કરવામાં આવી હતી.

   (A) ઈ.સ. 1887 (B) 1891 (C) 1890

3. કઈ સાલમાં ‘સેટલમેન્ટ હાઉસ’નું નામ બદલીને ‘યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ’ રાખવામાં આવ્યું.

   (A) 1891 (B) 1895 (C) 1991

4. આધુનિક ફિલસૂફીની શરૂઆત કઈ સદીમાં થઈ હતી.

   (A) 17 (B) 18 (C) 19

5. 1834માં Poor Law Amendment Act કઈ સાલમાં અમલમાં આવ્યો.

   (A) 1834 (B) 1844 (C) 1830

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

  (1) A (2) A (3) A (4) A (5) A

- **સ્વાધ્યાય લેખન કરો :**

1. ખ્રિસ્તી વિચારસરણી વિશે સમજાવો.
2. 'સ્વ' વિચારધારા વિશે લખો.
3. સામાજિક જૂથકાર્ય અંગેની વિચારધારા વિશે જણાવો.
4. સ્વૈચ્છિક સંસ્થાઓની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપો.

## 9.6 ચાવીરૂપ શબ્દો

વિચારસરણી : 'આઇડિયોલૉજી',વિચાર કરવાની પદ્ધતિ.

સમાજકલ્યાણ : સમાજના કોઈ સમુદાયની વ્યાધિકીય સ્થિતિમાં સુધારો લાવવાની દિશામાં વ્યક્તિગત અથવા સાર્વજનિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા વ્યવસ્થિત પ્રયાસો.

સ્વ : વ્યક્તિનો પોતાના વિશેનો ખ્યાલ, અન્ય લોકો પોતાની સાથે જે આંતરક્રિયા કરે તેના અનુભવમાંથી વ્યક્તિનો 'સ્વ' વિશેનો ખ્યાલ વિકાસ પામે છે.

બુદ્ધિવાદ : બુદ્ધિવાદ એ એક દાર્શનિક અભિગમ છે જે જ્ઞાન મેળવવા અને વિશ્વને સમજવામાં તર્ક અને તાર્કિક વિચારસરણીની ભૂમિકા પર ભાર મૂકે છે.

## 1.11 સંદર્ભ સૂચિ

1. ડૉ. આનંદી પટેલ, (2009) વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો : વ્યાવસાયિક અભિવૃત્તિ, પ્રકાશન - અમદાવાદ
2. ગીતા ચાવડા, (2008) વ્યાવસાયિક સમાજકાર્ય :,લોક પ્રકાશન, લોકનિકેતન - રતનપુર
3. પાન્ડે તેજસ્કાર અને પાન્ડે ઓજસ્કર, (2011)સમાજકાર્ય દર્શન : ભારત પ્રકાશન
4. રાવત હરિકૃષ્ણ (2002) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી)
5. ડૉ. જોષી વિદ્યુત (પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
6. BSWR-401, (2021) સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
7. ESO-05, સમાજ અને ધર્મ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
8. Clemen, C. 1988. Religions of the World, Reprint (English Translation) Manas Publications: Delhi.
9. Barton, A.G. 1990. The Religion of the World, Olympia Publications: New Delhi.
10. Macquarrice, J. 1966. Principles of Christian Theology, S

LINK

- https://ijassonline.in/HTMLPaper.aspx?Journal=International%20Journal%20of%20Advances% 20in%20Social%20Sciences;PID=2013-1-2-
- https://dspmuranchi.ac.in/pdf/Blog/Christianity%20Religion.pdf

- https://gujarativishwakosh.org/%E0%AA%96%E0%AB%8D%E0%AA%B0%E0%AA%BF%E0%AA%B8%E0%AB%8D% E0%AA%A4%E0%AB%80%E0%AA%A7%E0%AA%B0%E0%AB%8D%E0%AA%AE/
- https://gujarativishwakosh.org/%E0%AA%B8%E0%AA%AE%E0%AA%BE%E0%AA%9C%E0%AA%95%E0%AA%B2%E0%AB%8D%E0%AA%AF%E0%AA%BE%E0%AA%A3/

એકમ 10

# યહૂદી વિચારસરણી : તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ એકમનું માળખું

-: રૂપરેખા :-

**10.0 એકમનાં હેતુઓ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 યહૂદી વિચારસરણીનો ખ્યાલ**

**10.3 તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ**

**10.4 ઉપસંહાર**

**10.5 તમારી પ્રગતિ ચકાસો**

**10.6 ચાવીરૂપ શબ્દો**

**10.7 સંદર્ભ સૂચિ**

## 10.0 એકમનાં હેતુઓ

(1) પ્રસ્તુત પ્રકરણ દ્વારા વિદ્યાર્થીઓને સમાજકાર્ય માટેની યહૂદી વિચારસરણીનો ખ્યાલ આવશે.

(2) વિદ્યાર્થીઓને તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણનો ખ્યાલ સ્પષ્ટ થશે.

(3) વિદ્યાર્થીઓને સમાજકાર્યની ઐતિહાસિક બાબતો જાણી શકશે.

## 10.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં યહૂદી વિચારસરણી તર્કવાદ અને કલ્યાણ વિશે ચર્ચા કરવામાં આવી છે. સમાજકાર્યની શરૂઆતમાં મધ્યયુગ અને આધુનિક યુગમાં થઈ હતી. તેનો વિસ્તૃત ખ્યાલ આ એકમમાં આપવામાં આવ્યો છે. ખ્રિસ્તી અને યહૂદીઓએ સમાજકાર્યને પ્રોત્સાહન આપ્યું. તેણે ગરીબોને મદદ કરવા માટે અનેક કાર્ય જુદી-જુદી સમિતિઓની રચના કરી છે. ખ્રિસ્તી અને યહૂદીઓની ગરીબોને મદદ કરવાની વિચારણા ઈ.સ. 18 મી સદીમાં થઈ હતી. શરૂઆતમાં ગરીબ લોકો અને જરૂરિયાત માટે લોકોને મદદ કરવાની કામગીરી ચર્ચ અને પાદરીઓ દ્વારા કરવામાં આવતી હતી પણ ધીરે ધીરે તેમાં પરિવર્તન થતા ગયા. ગરીબ કોને કહેવા, મદદ કોને, કઈ રીતે કરવી વગેરે અંગે જુદા-જુદા મતમતાનંતરો રજૂ થયા. આ મતો દ્વારા અને અનુભવોના આધારે ગરીબો માટેનાં અવનવા કાયદાઓ ઘડવામાં આવ્યા. જેમાં જુદી-જુદી કેટેગરીમાં ગરીબોને વિભાજીત કરવામાં આવ્યા. ખ્રિસ્તી અને યહૂદી વિચારસરણી સાથે રાજ્યએ પણ ગરીબોને મદદ કરવા આગળ આવી પ્રયત્નો કરાયા. આ વિચારસરણી આગળને આગળ જતા સમાજકાર્યનો ઉદ્‌ભવ થયો અને અનેક વિચારસરણી અસ્તિત્વમાં આવી. સાથે સાથે બુદ્ધિવાદ અને કલ્યાણવાદની વિચારસરણી પણ અસ્તિત્વમાં આવી છે. જેની વિગતે ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

## 10.2 યહૂદી વિચારસરણીનો ખ્યાલ

યહૂદી ધર્મના લોકોની વસ્તી આખા વિશ્વમાં સૌથી ઓછી છે. યહૂદી લોકો પણ ખ્રિસ્તી લોકોની જેમ સહાયતા કરવા લાગ્યા. તેઓ નિર્ધન અને ગરીબ લોકોને જીવન જરૂરિયાતની પૂર્તિ કરવા માટે સહાયતા કરવા લાગ્યા. તેઓ પણ નિર્ધન લોકોને કૌશલ્યની તાલીમ આપી, જુદા-જુદા કાર્યા સાથે જોડીને સ્વનિર્ભર બનાવવા પ્રયત્નશીલ રહ્યા છે. આ સમાજના અનુયાયીઓ પણ વૃદ્ધ અને રોગિષ્ટ વ્યક્તિઓને, શારીરિક અસ્વસ્થ લોકો, વગેરેના કલ્યાણ માટે અનેક કાર્યો કરવા લાગ્યા છે. આ સમાજના અનુયાયીઓ પણ રોગિષ્ટ વ્યક્તિઓ માટે મફત સારવાર આપવી, શારીરિક રીતે દુર્બળ લોકો માટે તેમની જીવન જરૂરિયાતની વસ્તુ પહોંચાડવી, શારીરિક રીતે સક્ષમ વ્યક્તિઓને જરૂરિયાત પૂર્ણ કરવા, પ્રશિક્ષણ મળી રહે તે માટે વ્યવસ્થા કરવી, જુદી જુદી કાર્યશાળો વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ યહૂદી ધર્મના લોકોમાં પણ જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાયતા કરવાની વિચારધારા વિકસેલી છે.

યહૂદી સમુદાયો અને મિશ્ર શહેરોના સમુદાય બોર્ડ ચેમ્બર ઓફ સોશ્યલ વર્કની સ્થાપના કરવામાં આવી હતી. જેના દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને નાણાકીય મદદ કરવી. બાળ સુરક્ષાના કાર્યો કરવા. કાઉન્સેલિંગ તેમજ કૌટુંબિક સેવાઓ જેવા વિવિધ કાર્યોનો સમાવેશ કરવામાં આવેલો છે. શાળા કક્ષાએ બાળકો અને અન્ય ગરીબ વસ્તીઓની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું. નાઝીઓ સરકાર આવ્યા પછી પ્રથમ વ્યવસાયિક સામાજિક કાર્યકરો અને સામાજિક વર્ગો જર્મનીમાંથી શરણાર્થીઓ હતા. સામાજિક કાર્યકરો માટેનો પહેલો અભ્યાસક્રમ 1934 માં જેરૂસલેમમાં ખોલવામાં આવ્યો હતો અને તેનું નિર્દેશન સિદિ વ્રોન્સકી દ્વારા કરવામાં આવ્યું હતું. ઈઝરાયેલમાં વ્યાવસયિક સમાજકાર્યની શરૂઆત 1931 માં થઈ હતી. જેણે રાષ્ટ્રીય પરિષદની સ્થાપના કરી હતી. જે બ્રિટિશ આદેશ હેઠળ યહૂદી સમુદાયની સ્વસરકારની સંસ્થા છે.

સૌપ્રથમ સામાજિક સેવાઓમાં કોઈ આંતરિક ભેદભાવ ન હતો અને સામાજિક કાર્યની કચેરી દ્વારા કરવામાં આવતું હતું. તેની કચેરીઓ દ્વારા જુદા-જુદા સમાજસેવાના કાર્યાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય વ્યવસ્થાઓ જેમકે હોસ્પિટલ અને શાળાઓ અને સંશોધન ક્ષેત્રો પણ સમાજકાર્યની કાર્ય થતું હતું. સમય સાથે સામાજિક કાર્યના નવા ક્ષેત્રો પણ શરૂ કરવામાં આવ્યા. જેમાં લશ્કરી માનસિક આરોગ્ય સેવાઓ રોજગાર અને અન્ય કલ્યાણ વ્યવસાયિક તાલીમ બાદ વ્યવસાયિક સંગઠનમાં પરિવર્તન કરવામાં આવ્યા હતા.

યહૂદી વિચારમાં પચાસના દાયકા સુધી અનુદાન વ્યવસ્થા અને મુખ્ય ઘટક માટેની યોગ્યતા એ સામાજિક કાર્યકરોનું કામ હતું. ત્રીસ વર્ષ સુધી ચાલતી સામાજિક સુરક્ષા અને ક્રમિક પ્રક્રિયાના અમલ બાદ ચેમ્બર્સ દ્વારા જરૂરિયાતમંદ માટે રાહત સહાયતા કાર્યક્રમો બહાર પાડ્યા. ત્યારબાદ મધ્યમ વર્ગને સહાયતા કરવાનું કાર્ય બંધ કરવામાં આવ્યું.

તાજેતરમાં નેસેટે સામાજિક કાર્યકરોને જોખમી પરિસ્થિતિઓમાં હસ્તક્ષેપ કરવા યુવા કાયદા-સંભાળ અને દેખરેખ, ઘરેલું હિંસા નિવારણ અને પીનલ કોડમાં સુધારો લાચાર અને નબળા લોકોનું રક્ષણ કરવામાં આવે છે. તે માટેના કાયદાઓ અને યોજનાઓનું ઘડતર કરીને સમાજકાર્ય કરવામાં આવે છે. સાથે સાથે લાંબાગાળાની સંભાળ વીમા કાયદાઓ પણ અસ્તિત્વમાં છે. જેમાં સામાજિક સેવા વિભાગના કર્મચારીઓ સમિતિઓના કાર્યનું સંકલન કરવાની જરૂર પડે ત્યારે સંકલન કરીને કાર્ય કરવામાં આવે છે. આ ઉપરાંત નર્સિંગ સેવાઓ માટેની યોગ્યતા અને સારવારની યોજના ઘડવાનું પણ કાર્ય કરે છે.

ત્યારબાદ 1958 માં સામાજિક કાર્ય અને સામાજિક કલ્યાણની શાળાની શરૂઆત કરવામાં આવી. જેની સાથે સામાજિક કાર્યની શૈક્ષણિક પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી. આ ઉપરાંત

સમાજકાર્યની મૂળભૂત તાલીમ અને પ્રેક્ટિસ એડરગ્રેજ્યુટે અભ્યાસ દ્વારા જ નક્કી કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. 90 ના દાયકામાંના પ્રારંભમાં સમાજકાર્યમાં ઓપન યુનિવર્સિટી ડિગ્રી શરૂ કરવામાં આવી. આજે તમામ યુનિવર્સિટીમાં ડોક્ટરેટ સુધીના અભ્યાસ ક્રમો ચાલી રહ્યા છે.

યહૂદી પરંપરા દ્વારા અન્ય લોકોના કલ્યાણ માટે સતત ચિંતા કરતો અને ઉચ્ચ મૂલ્યો ધરાવતો ધર્મ છે. જેમ કે "તમારો ભાઈ તમારી સાથે રહે અને તમે તમારા સાથી વ્યક્તિને તમારી જેમ પ્રેમ કરો" તેવી વિચારસરણી પર કાર્ય કરે છે. યહૂદીઓ માટે અન્ય યહૂદીઓના કલ્યાણ સાથે પોતાને કૃતગ્ન ભાવ જોવા મળે છે. યહૂદી બીજા પ્રત્યેની ચિંતાને ભાઈચારાની ભાવનાથી પ્રેરાઈને એકબીજાને મદદરૂપ થાય છે. સંબંધીઓ તરીકે યહૂદીઓ એકબીજાનાં કલ્યાણ માટે કૌટુંબિક જવાબદારી નિભાવે છે.

યહૂદી ધર્મમાં 12 મી સદીમાં બીજાને મદદરૂપ થવા માટે અને લોકોના કલ્યાણ માટે તર્ક અને રીતો વિકસાવવામાં આવી જેમાં ઉંમર આફ્રિકાના ધર્મગુરુ મેમોનાઈડ્સનો મોટો ફાળો રહેલો છે. જેમાં તેઓએ બીમાર વ્યક્તિની મુલાકાત લેવી, કોઈ વ્યક્તિ ચિંતામાં હોય તો તેને દિલાસો આપવો એ એક સકારાત્મક પાસા તરીકે માનવામાં આવતું હતું. જેને રબ્બીઓ દ્વારા પણ નિયુક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત મૃતકોને દફનાવવાની વ્યવસ્થા કરવી. કબર ખોદવી અને મૃતકોને દફનાવવા વગેરે ધાર્મિક કાર્યો તરીકે ગણવામાં આવતા હતા. કન્યા અને વરરાજાને ખુશ કરવા તેમની જરૂરિયાત પૂર્ણ કરવામાં કુટુંબ અને સમાજે મદદરૂપ થવા માટે પણ કહેવામાં આવેલું હતું. આ ધર્મ દ્વારા લોકોના ભૌતિક કલ્યાણની જ વાત નહીં પરંતુ તેમની લાગણી અને માટે પણ ઉચ્ચસ્તરની ચિંતા પણ કરવામાં આવેલી છે. યહૂદી દ્વારા જરૂરિયાતમંદ અને ઘરવિહોણા લોકોને મદદ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવતી હતી. આ ઉપરાંત બાઈબલની આજ્ઞામાં એ પણ ખાસ ધ્યાન સૂચવે તેવી બાબત છે. તમે તમારામાંથી વ્યક્તિને તમારી જેમ પ્રેમ કરો, તમે જે ઈચ્છો છો તે દરેક તમારા માટે અન્ય લોકો કરે છે. જે તમારા ભાઈ છે. તેના માટે કરો જેમાં તે સમાન રીતે જવાબદાર છે. જેવી વિચારધારા પર કાર્ય કરે છે. જેમાં લોકો સાથે સારો વ્યવહાર રાખવો, તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદ કરવી અને જો મદદ ન કરી શકાય તો તેમની સાથે સારો વ્યવહાર કરવા માટે જણાવવામાં આવ્યું છે. જે સુંદર સમાજ અને સમાજની વ્યવસ્થા સુમેળપૂર્ણ જળવાઈ રહે તે માટે અગત્યની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત વ્યક્તિના કલ્યાણ માટે નહીં પરંતુ તેમની લાગણી અને ગૌરવ માટે ઉચ્ચસ્તરની ચિંતા કરવા માટે પણ જણાવવામાં આવેલું છે. બીમાર વ્યક્તિની સેવા કરવી, મદદ કરવી આ ઉપરાંત ચિંતિત અને મુશ્કેલીમાં સપડાયેલા માણસોને દિલાસો આપવો; જેવા કાર્યોમાં વ્યક્તિ ભાવનાત્મક તકલીફમાં હોય તેવા વ્યક્તિને મદદરૂપ થવાની વાત કરવામાં આવી છે. આ ધર્મ સામાજિક કલ્યાણ કે સમાજ કાર્યના કાર્યામાં વ્યસ્તતા માટે અલગ તર્ક આપે છે. જે ભાઈચારાના બદલે સામાજિક કલ્યાણના કાર્યાની ઈશ્વરની આજ્ઞા માને છે.

## 10.3 તર્કવાદ (બુદ્ધિવાદ) અને કલ્યાણ

સમાજ કલ્યાણની વિચારસરણી જોઈએ તો સદીઓથી ચાલી આવે છે. જેનો અનેક મહાપુરુષો ધર્મ, સંપ્રદાય અને દેશો દ્વારા સમાજકલ્યાણ અને લોકોના હિત માટે કાર્યો કરવામાં આવતા હતા. સમાજકલ્યાણની વિચારસરણી અનેક મહાપુરુષોએ રજૂ કરી છે. જેના દ્વારા સમાજમાં અનેક સુધારાઓ લાવી શકાય છે. આ વિચારસરણીની શરૂઆત ઈ.સ. 17 મી સદીમાં થઈ હતી. જેમાં અનાથ બાળકો, વિધવા સ્ત્રીઓ, બીમાર, નિરાશ્રીત, વૃદ્ધો, રોગીઓ વગેરે જેમને સહાયતાની આવશ્યકતા હતી. તેને પરંપરાગત રીતે સહાયતા કરવામાં આવી. પરંતુ ત્યાર પછી નવી વિચારસરણીઓને પ્રોત્સાહન મળતા નવો તર્કવાદનો વિકાસ થયો.

જેમાં એલિઝાબેથ પૂવર લોની વિચારસરણીથી સૌપ્રથમ શરૂઆત થઈ હતી. જેના દ્વારા સમાજ કલ્યાણને નવી દિશા આપી. જેમાં નિર્ધન વ્યક્તિને જુદી જુદી કેટેગરીમાં વિભાજીત કરવામાં આવ્યા. કામ કરી શકે તેવા નિર્ધન વ્યક્તિઓને કામ ન કરી શકે તેવા નિર્ધન અને અનાથ બાળકો જેમના ભરણપોષણની જવાબદારી ગામને જ સોંપવામાં આવતી અને સ્વસ્થ શરીરવાળા નિર્ધન વ્યક્તિ માટે તાલીમ કાર્યક્રમોનું નિર્માણ કરવામાં આવતું. જેમાં તેઓને કામે લગાડવામાં આવતા હતા.

જે. બી. એન ગેટ્સને નિર્ધન કાનૂની ક્રિયા સંબંધિત સૂચનાઓને એકત્રિત કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેણે નિર્ધનના બે વર્ગનો ઉલ્લેખ કર્યા છે. (1) જેમને સ્થાયી સહાયતાની આવશ્યકતા છે. (2) અસ્થાયી નિર્ધનના આ તેમણે સેવા યોજના ગૃહની સ્થાપના કરી અને શિક્ષા તથા કૃષિ કાર્ય માટે જમીન આપી. સશક્ત, નિર્ધન અને રખડું લોકોને ફરજીયાત કામ સોંપવામાં આવતું હતું અને સશક્ત લોકોનો કાર્ય ન કરે તો દંડની પણ વ્યવસ્થા કરવામાં આવતી હતી. આ ઉપરાંત રાજ્યમાં અનાથ બાળકો માટે અનાથ ગૃહની પણ વ્યવસ્થા કરવામાં આવી.

સંસ્થાઓની વિચારધારા અનાથાલયો અને કાર્યશાળાઓ દ્વારા શરૂ થઈ. ત્યારબાદ માનસિક રોગીઓ માટે માનસિક ચિકિત્સાલયની સ્થાપના કરવામાં આવી. સાથે સાથે મંદબુદ્ધિના બાળકો માટે વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. તેમજ બહેરા, મુંગા અને અંધ બાળકોની મિશ્ર શાળાની સ્થાપના કરવામાં આવી. આમ આ રીતે રાજ્યમાં જ લોકો આવા જરૂરિયાત માટે વ્યક્તિઓને મદદ કરવા માટે આગળ આવવા લાગ્યા અને ભિક્ષાવૃત્તિનું પ્રમાણ ખૂબ જ ઓછું થઈ ગયું. નિરીક્ષણ અને વ્યવસ્થાનું સંપૂર્ણ કાર્ય "ડિપાર્ટમેન્ટ ઓફ મેન સેન્ટર"ને સોંપવામાં આવ્યું. સાથે સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ સેન્ટરની સ્થાપના પણ કરવામાં આવી. આ સાથે સામુદાયિક તિજોરીની વિચારધારા સામે આવી જેમાં લોકો પાસેથી ધન મેળવી તેનું યોગ્ય વિસ્તરણ કરી મદદ માટેની સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. જે સ્વૈચ્છિક સંસ્થાઓને કલ્યાણ માટે અનેક પ્રવૃત્તિ ધરી. જેમાં આરોગ્ય કલ્યાણ, સ્ત્રી કલ્યાણ, બાળ કલ્યાણ, મજૂર કલ્યાણ, યુવા કલ્યાણ, વૃદ્ધ કલ્યાણ અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ વગેરે જેવા કાર્યોનો સમાવેશ કરવામાં આવતો હતો. જેના વિશે વિગતવાર ચર્ચા કરીએ.

### આરોગ્ય કલ્યાણ

સમાજકાર્યની વિચારસરણીની શરૂઆત માટે જે લોકોએ શરૂઆતમાં પોતાના મંતવ્યો સમાજ કલ્યાણ માટે રજૂ કર્યા હતા; તેમાંથી જે ક્ષેત્રોનો સૌપ્રથમ ઉદ્ભવ થયો. લોકોનું આરોગ્યલક્ષી ક્ષેત્ર જેમાં જે વ્યક્તિ બીમાર છે, અસ્વસ્થ છે, તે પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા અસમર્થ હોય, સક્ષમ ન હોય તેવી વ્યક્તિ અને તેના કુટુંબની જરૂરિયાત માટે તેને મદદ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવતી હતી. તેમ જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ બીમાર વ્યક્તિની મફત તબીબી સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી. આમ આ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં વિકાસ થયો છે. સરકાર અને રાજ્ય દ્વારા આ ક્ષેત્રેના વિકાસ માટે સતત પ્રયત્ન થતા રહે છે. છેવાડાના ગરીબ અને જરૂરિયાત માટે, વ્યક્તિ અને છેવાડાના ગામ સુધી, સરકારે આરોગ્યલક્ષી વિકાસ માટે અનેક પ્રયત્નો હાથ ધર્યા છે.

### સ્ત્રી કલ્યાણ

સ્ત્રીઓની સ્થિતિ પૂર્વ કાળના ખૂબ જ દયનીય હતી. અનેક કુરિવાજો, શિક્ષણનો અભાવ, સ્ત્રીને સામાજિક નીચું સ્થાન આપવું, વગેરેના કારણે સ્ત્રીઓ અનેક યાતનાઓનો ભોગ બનતી હતી. સ્ત્રીઓની આ સ્થિતિના સુધારો લાવવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સમાજની અનેક કૃપ્રથા જેવી કે પડદા પ્રથા, બાળ લગ્ન, દૂધ પીતી કરવાનો રીવાજ, સતીપ્રથા દહેજ પ્રથા

વગેરે નાબૂદ કરવા માટે અનેક કાર્યો સમાજ સુધારક દ્વારા કરવામાં આવ્યા. તેમ છતાં સ્ત્રીઓની સ્થિતિમાં થોડા અંશે જ સુધારો થયો હતો. આજે પણ સરકાર સ્ત્રીઓના વિકાસ માટે સતત કાર્યશીલ રહી છે. સ્ત્રી કલ્યાણક્ષેત્રે વધુમાં વધુ સારું પરિણામ મેળવવા માટે સ્ત્રી શિક્ષણનું વિશેષ યોગદાન જણાય છે. શિક્ષણ અને સશક્તિકરણ પર વિશેષ કાર્ય કરવા સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે.

**બાળ કલ્યાણ**

પહેલા સમયમાં શિક્ષણના અભાવના કારણે બાળકોને આવકનું સાધન માનવામાં આવતા હતા. બાળકોના આરોગ્ય, પોષણ અને શિક્ષણ માટે એટલું વિચારવામાં આવતું નહોતું અનેક મહાપુરુષોની વિચારસરણી દ્વારા આવા બાળકોના કલ્યાણ માટેની ક્રિયા હાથ ધરવામાં આવી. સૌપ્રથમ તો પ્રલોભન આપીને પણ માતા-પિતા દ્વારા અભ્યાસમાં મોકલતા. બાળકો પાસે જે મજૂરી કરાવવામાં આવતી હતી તેના પર પ્રતિબંધ મુકવા સરકાર દ્વારા પગલાં લેવામાં આવ્યા. આમ આજ બાળકો સાથે થતા દુર્વ્યવહાર, શિક્ષણ આરોગ્ય, પોષણ વગેરે માટે અનેક પ્રયત્નો કરવામાં આવે છે.

**મજૂર કલ્યાણ**

સમાજકાર્ય માટે જૂથકાર્યની વિચારસરણીના ઉદ્ભવ જ મજૂર કલ્યાણના ક્ષેત્રે થયેલો હતો. કારખાનામાં કામ કરતાં મજૂરોનું શોષણ, અત્યાચાર, કામના બદલામાં પૂરતું વેતન ન આપવું જેવા કારણો જોતા આ ક્ષેત્રો પણ સમાજકાર્યકરોને વિકાસ કરવાની જરૂરિયાત જણાતા તેવા મંતવ્યો રજૂ થતા મજૂર કલ્યાણના ક્ષેત્રે કાર્ય કરવાનું શરૂ કરવામાં આવ્યું. જેમાં સરકાર દ્વારા પણ મજૂર કલ્યાણને લગતા અનેક કાયદાઓ સરકાર દ્વારા ઘડવામાં આવ્યા. લઘુત્તમ વેતન ધારો, ફેક્ટરી એક્ટ વગેરે કાયદાઓ દ્વારા મજૂર કલ્યાણના ક્ષેત્રે અને કલ્યાણકારી કાર્યો કરવામાં આવે છે.

**યુવા કલ્યાણ**

સમાજશાસ્ત્રીઓનો એવો ખ્યાલ હતો કે યુવાઓ ઉપર દેશનો વિકાસ અને ભવિષ્ય રહેલું છે. જો યુવા જાગૃત બને તો વિવિધ ક્ષેત્રમાં વિકાસ કરી શકાય છે. જેમ કે વ્યસન, સ્ત્રીઓ પર થતા અત્યાચાર, જાતિય ભેદભાવ, લાંચ-રુશ્વત વગેરે જેવી બાબતો પર યુવાનો દ્વારા કાર્ય કરી શકાય છે. આવી વિચારસરણીથી યુવાકલ્યાણ માટેના કાર્યો હાથ ધરવામાં આવ્યા.

**વૃદ્ધ કલ્યાણ**

સમાજકાર્યના ઈતિહાસમાં પણ આપણે જોયું કે વૃદ્ધ લોકોની સંભાળ અને જરૂરિયાતની પૂરી કરવા સંગઠનો દ્વારા કાર્યો કરવામાં આવતા હતા. વૃદ્ધ કલ્યાણની વિચારસરણી સૌથી જૂની છે. વૃદ્ધોની સંભાળ અને રક્ષણ માટે આજે સરકારથી દ્વારા અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા અનેક વૃદ્ધાશ્રમો પણ કાર્યરત છે. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં વૃદ્ધોની સ્થિતિને ધ્યાનમાં રાખી વૃદ્ધ પેન્શન યોજના, પ્રોવિડન્ડ ફંડ વગેરેની વ્યવસ્થા દ્વારા એમના કલ્યાણ માટેના કાર્યો કરવામાં આવે છે.

**અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ**

પ્રાચીન કાલમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સ્થિતિ ખૂબ દયનીય હતી. સમાજમાં તેઓને સ્થાન આપવામાં આવતું ન હતું તેમનું શોષણ પણ થતું હતું. અનેક સમાજશાસ્ત્રીઓના સૂચનો અને વિચારસરણીના આધાર પર આજે સમાજમાં આ લોકોને સ્થાન મળ્યું અને સરકાર દ્વારા પણ આ જાતિના લોકોના શૈક્ષણિક, આર્થિક, સામાજિક વિકાસ માટેની

વિવિધ યોજના ઘડી અને આ લોકોના વિકાસ માટેના પ્રયત્નો કરવામાં આવે છે. અનામત, શિક્ષણની યોજના, આર્થિક સહાય યોજના, આરોગ્યની યોજના અને રક્ષણ માટેના કાયદાઓ ઘડીને સમાજની મુખ્યધારામાં જોડવા પ્રયત્ન કરવામાં આવે છે.

## 10.4 ઉપસંહાર

આ એકમમાં યહૂદી વિચારસરણી અને સમાજકલ્યાણની પ્રવૃત્તિ વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી છે. જે દર્શાવે છે કે ધર્મનો પણ સમાજકલ્યાણ અને વિકાસમાં મોટો ફાળો રહેલો છે. સમાજની વ્યવસાયિક શરૂઆતના બીજ મધ્યકાલીન સમયમાં જ યહૂદી વિચારસરણી દ્વારા રોપવામાં આવ્યા હતા. ત્યારબાદ કલ્યાણકારી પ્રવૃત્તિઓનો ઉદય થયો. રાજ્યો દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી ડિપાર્ટમેન્ટ દ્વારા જુદી જુદી જરૂરિયાતવાળા લોકો સમાજની મુખ્ય ધારાથી વંચિત લોકોને વિકાસની મુખ્ય ધારા સાથે જોડવા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. જુદી જુદી યોજનાઓ, કાયદાઓ અને તેના સ્વૈચ્છિક વિભાગોની શરૂઆત કરવામાં આવી. જેની કલ્યાણકારી પ્રવૃત્તિ દ્વારા બાળ કલ્યાણ, મહિલા કલ્યાણ, યુવા કલ્યાણ, મજૂર કલ્યાણ, આરોગ્ય કલ્યાણ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કાર્યો દ્વારા અનેક વિકાસાત્મક કાર્યો કરવામાં આવ્યા. જેના દ્વારા સમાજમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે.

## 10.5 તમારી પ્રગતિ ચકાસો

1. ઈઝરાઈલમાં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત કઈ સાલમાં થઈ હતી.

   (A) 1931 (B) 1950 (C) 1945 (D) 1965

2. ''તમારો ભાઈ તમારી સાથે રહે'' આ કયા ધર્મની વિચારધારા છે.

   (A) ખ્રિસ્તી (B) શિખ (C) યહૂદી (D) અન્ય

3. યહૂદી ધર્મમાં નિર્ધન લોકોને સહાયતા કરી કેવા બનાવવા માટે પ્રયત્ન કરે છે.

   (A) અમીર (B) ગરીબ (C) સ્વનિર્ભર (D) ઉપરોક્ત ત્રણેય

4. યહૂદી ધર્મમાં કેવા કાર્યો કરવા પર ભાર મૂકેલો છે.

   (A) બીમાર વ્યક્તિને મદદ (B) શિક્ષણમાં સહાયતા (C) જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ (D) ઉપરોક્ત તમામ

5. સ્વૈચ્છિક સંસ્થા દ્વારા કેવી પ્રવૃત્તિઓ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

   (A) આરોગ્ય કલ્યાણ (B) મહિલા કલ્યાણ (C) બાળ કલ્યાણ (D) ઉપરોક્ત તમામ

   **જવાબોઃ**

   (1) A (2) C (3) C (4) D (5) D

## 10.6 ચાવીરૂપ શબ્દો

- સમાજ કલ્યાણ - અસક્ત, અનાજ, બીમાર વંચિત, ગરીબ વ્યક્તિને મદદ કરવી.
- સ્ત્રી કલ્યાણ - સ્ત્રીના શિક્ષણ, આરોગ્ય અને આર્થિક સામાજિક વિકાસ માટેની પ્રવૃત્તિ.
- બાળ કલ્યાણ - બાળકોના સર્વાંગી વિકાસ રક્ષણ અને સંભાળને લગતા કાર્યો.
- મજૂર કલ્યાણ - મજૂરોને વેતન, સુરક્ષા અને કલ્યાણના કાર્યો.

- યુવા કલ્યાણ - યુવાઓના વિકાસ અને શિક્ષણ માટેના કાર્યો.
- વૃદ્ધ કલ્યાણ - વૃદ્ધોની સંભાળ, સંરક્ષણ માટેના કાર્યો.
- અનુસૂચિત જાતિ અને જનજાતિ કલ્યાણ - સમાજના છેવાડા અને વિકાસથી વંચિત લોકોને સમાજ અને વિકાસની મુખ્ય ધારા સાથે જોડવા.

- **સ્વાધ્યાય લેખન :**

(1) સમાજકાર્યમાં યહૂદી વિચારસરણીની તેમને સ્પર્શતી બાબતો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) સમાજમાં બાળકોની સ્થિતિ અને બાળ કલ્યાણની પ્રવૃત્તિઓ વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(3) મહિલાઓના કલ્યાણની જરૂરિયાત અને મહિલા કલ્યાણની પ્રવૃત્તિઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(4) યુવાઓ અને કલ્યાણકારી યોજનાઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **પ્રવૃત્તિ કરો :**

(1) યહૂદીઓના સમાજકાર્યની શરૂઆત અને વિકાસ વર્ણવો.

(2) અનુસૂચિત જાતિ માટે પ્રવર્તમાન સમયની કલ્યાણકારી યોજનાનો ચાર્ટ બનાવો.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) બાળ મજૂરી કરતા બાળકની કેસ સ્ટડી લખી બાળ મજૂરીના કારણો જણાવો.

(2) યુવાનોના પ્રશ્નો જણાવો.

(3) છૂટક મજૂરી કરતા મજૂરની કેસ સ્ટડી જણાવી મજૂરો માટેની યોજના જણાવો.

## 10.7 સંદર્ભ સૂચિ

ક

# એકમ 11 વિચારસરણી : માનવ અધિકાર, લોકશાહી, ઉદારમતવાદ, સમાજવાદ

-: રૂપરેખા :-


**11.0 એકમનાં હેતુઓ**

**11.1 પ્રસ્તાવના**

**11.2 માનવ અધિકાર**

**11.3 લોકશાહી**

**11.4 ઉદારમતવાદ**

**11.5 સમાજવાદ**

**11.6 ઉપસંહાર**

**11.7 તમારી પ્રગતિ ચકાસો**

**11.8 ચાવીરૂપ શબ્દો**

**11.9 સંદર્ભ સૂચિ**


## 11.0 એકમનાં હેતુઓ

(1) પ્રસ્તુત એકમ દ્વારા વિદ્યાર્થીઓને માનવ અધિકાર અંગેનો પ્રાથમિક ખ્યાલ વિકસસે.

(2) લોકશાહી વિશે વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.

(3) વિદ્યાર્થીઓમાં ઉદારમતવાદ અને સમાજવાદનો ખ્યાલ આવ્યો.

## 11.1 પ્રસ્તાવના

સમાજકાર્યના ક્ષેત્રે કાર્ય કરતી વખતે સંપૂર્ણ માહિતી હોવી જોઈએ. જેને ધ્યાનમાં રાખી સમાજકાર્યમાં અગત્યની ભૂમિકા ભજવતા અને મદદરૂપ થતી વિચારસરણીની અહીં ચર્ચા કરવામાં આવી છે. જેવા કે સમાજવાદ, ઉદારમતવાદ, લોકશાહી અને માનવ અધિકારને જાણવા ખૂબ જરૂરી છે. સમાજના ઉત્થાન અને વિકાસ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાજવાદ એક આર્થિક અને રાજકીય વિચારસરણી છે કે જે માને છે કે ઉત્પાદનમાં તમામ સાધનોની, પેદાશ, સર્જન, વહેંચણી તથા વિનિમય પર સમગ્ર સમાજની સામુહિક માલિકી તથા પ્રભુત્વ હોવું જોઈએ. એ વિચારસરણી પર કાર્ય કરે છે. જ્યારે લોકશાહીએ સરકારનું ક્ષેત્ર છે. જ્યાં નાગરિકો પોતાના મતનો ઉપયોગ કરીને પોતાનો નેતા અને સરકાર નક્કી કરે છે. લોકશાહીમાં તમામ વ્યક્તિને પોતાના મતના અધિકારનો ઉપયોગ કરવાની સત્તા હોય છે અને તેના દ્વારા પોતાનો નેતા કે સરકાર નક્કી કરે છે. જે વિધાન સભાની રચના કરે છે. વ્યક્તિ અને સમાજ સાથે કાર્ય કરતી વખતે આ વિચારસરણી સમજવી ખૂબ જ જરૂરી છે. જ્યારે ઉદારમતવાદ એટલે જુની રૂઢિચુસ્તતાના બદલે નવા સુધારાને અપનાવવાને ઉદારમતવાદ તરીકે ઓળખવામાં આવે છે. વિકાસ માટેના નવા ફેરફારોને સ્વીકારવા જેવી વિચારસરણીનો ખ્યાલ હોવો ખૂબ જરૂરી છે.

## 11.2 માનવ અધિકાર

20 મી સદી બે વિશ્વ યુદ્ધના ત્રાસથી પૂર્ણ થઈ. જેમાં શોષણ, હિંસા, દમન, અત્યાચારની શૃંખલા લાંબા સમય સુધી ચાલી. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર સંઘની રચના થઈ. જેમાં માનવ અધિકારની ઘોષણા કરવામાં આવી. ત્યારે ભારત જેવા બીજા અનેક દેશો આઝાદ થયા હતા. જેના નવા બંધારણ બન્યા. જેમાં મૂળ અધિકારોની વાત કરવામાં આવી છે. પરંતુ પ્રવર્તમાન સમયમાં 21 મી સદીમાં માનવ અધિકારોનું હનન થઈ રહ્યું છે. જે ખૂબ દુ:ખ અને ચિંતાની બાબત છે.

માનવ અધિકારો એટલે વ્યક્તિના અસ્તિત્વ માટે અને તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવામાં મદદરૂપ બની શકે એવી આવશ્યક સામાજિક પરિસ્થિતિઓ; જે અધિકાર માનવીના વિકાસ માટે અનિવાર્ય છે. તેને માનવ અધિકાર કહેવામાં આવે છે.

માનવ અધિકારો વડે દરેક વ્યક્તિ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પાયાની ન્યૂનતમ જરૂરિયાતોને ગૌરવપૂર્વક અને સન્માનપૂર્વક મેળવીને પોતાનો સર્વતોમુખી વિકાસ સાધી શકે છે.

વ્યક્તિને જન્મજાત જ તેના રક્ષણ અને વિકાસ માટે અધિકારો આપવામાં આવ્યાં છે. જેના દ્વારા વ્યક્તિઓ પોતાની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક આધ્યાત્મિક, નૈતિક ઉન્નતિ સાધી શકે છે. વ્યક્તિના સાર્વત્રિક વિકાસમાં આ અધિકારોનો ફાળો મહત્ત્વનો છે. આવા મુખ્ય માનવ અધિકારો સાત છે. મુખ્ય અને ગૌણ સાથે અને પરચુરણ સાથે ગણાતા કુલ આઠ વિભાગોમાં વહેંચાયેલ છે. સંવિધાન દ્વારા સ્વીકારેલા અધિકારો નીચે મુજબ છે.

### મૂળભૂત અધિકારો

### સમાનતાઓ અધિકાર

સમાનતાનો અધિકાર જાતિ, જ્ઞાતિ, ધર્મ, ઉચ્ચ-નીચ કોઈપણ ભેદભાવ વગર તમામ અનુભવને સમાન ગણવામાં આવ્યા છે. જેમાં કેટલાક અધિકારો આપવામાં આવ્યા છે. સમાનતાના અધિકાર દ્વારા કોઈપણ વ્યક્તિ માટે વિશિષ્ટ પરિસ્થિતિનો ઈન્કાર કરવામાં આવ્યો છે. પ્રો. ડાઈસી કાનૂની સમાનતાનો આ સિદ્ધાંત સમજાવતા કહે છે કે ''ઈગ્લેન્ડમાં વડાપ્રધાનથી શરૂ થઈને અમલદારો અને સામાન્ય સિપાઈ સુધી સામાન્ય નાગરિકની જેમ કાનૂની હકૂમત વગરના બધા કાર્યો માટે સમાન રીતે જવાબદાર છે.'' કાનૂની સમાન રક્ષણ એ શબ્દ પ્રથમ શબ્દ કાયદા સમક્ષ સમાનતાનો અર્થ સમાન મનુષ્ય માટે કાનૂન પણ સમાન હોવો જોઈએ. તેનો વહીવટ પણ સમાન રીતે થવો જોઈએ.

ઉદાહરણ તરીકે ભારતમાં આવતી પાંચ વર્ષ સામાન્ય ચૂંટણીઓમાં દેશના દરેક નાગરિકોને પોતાના મત આપવાનો સમાન અધિકાર હોય છે.

### સ્વાતંત્ર્યનો અધિકાર

આ અધિકાર અંતર્ગત નાગરિકોને કુલ સાત પ્રકારની સ્વતંત્રતાઓ આપવામાં આવી છે. (1) વિચાર વાણી અને લેખનની સ્વતંત્રતા (2) શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠા મળવાની સ્વતંત્રતા (3) સંધો અને મંડળો રચવાની સ્વતંત્રતા (4) મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા (5) મુક્ત વસવાટની સ્વતંત્રતા (6) શોષણ વિરોધી સ્વતંત્રતા (7) વ્યક્તિ સ્વતંત્રતા.

બંધારણીય આર્ટિકલ 19 માં ભારતીય નાગરિકોને પાયાની ઉપરોક્ત સ્વતંત્રતા બક્ષે છે.

### શોષણ વિરોધી અધિકાર

આર્ટિકલ 23 અને 24 માં માણસોના ખરીદ વેચાણ, વેઠ, બંધુઓ, મજૂરી કારખાનામાં બાળકોની નોકરી વગેરે જેવા શોષણ સામે રક્ષણ આપવાની જોગવાઈ છે. સ્ત્રીઓ બાળકો વગેરે

જેવા માનવીઓના ખરીદ વેચાણ વેઠ વગેરે આમુખમાં જણાવેલ મૂળભૂત બંધારણીય મૂલ્ય એવા માનવ ગૌરવની વિરુદ્ધ જાય છે.

### ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

આ અધિકાર હેઠળ ભારતના નાગરિકોને જાહેર સલામતીની વિરુદ્ધ ન હોય તેવા કોઈપણ ધર્મ પાળવાનો અને તેના પ્રચાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

આ અધિકાર ભોગવતી વખતે અન્ય ધર્મની ટીકા કે નિંદા કરવામાં ન આવે તે ખાસ ધ્યાનમાં રાખવાનું રહે છે. ભારત દેશ એ બિનસાંપ્રદાયિક દેશ છે અને ધાર્મિક બાબતોમાં તટસ્થ છે. અન્ય ધર્મના લોકો ભારતમાં આવીને વસેલા છે અને દૂધમાં સાંકળની જેમ ભળી ગયેલા જોવા મળે છે.

### સાંસ્કૃતિક અને શિક્ષણ વિષયક અધિકારો

આ અધિકારો દ્વારા સાંસ્કૃતિક અને ભાષાકીય લઘુમતીઓને પોતાની વિશિષ્ટ ભાષા કે સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે. આ અધિકાર હેઠળ કોઈપણ ધાર્મિક લઘુમતી પોતાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી શકે છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા રાજ્ય દ્વારા ચાલતા હોય તેમાં કોઈપણ નાગરિક તે ભાષા, સંસ્કૃતિ કે ધર્મને કારણે ઈનકાર કરી શકે નહીં.

### મિલકતના અધિકારો

આ અધિકાર હેઠળ દરેક વ્યક્તિને ખાનગી મિલકત પ્રાપ્ત કરવાનો અધિકાર છે. પરંતુ જો તે જાહેર હીતને નુકસાન કરતા હોય તો સરકારથી દ્વારા પાછી મેળવી શકે છે.

### બંધારણીય ઈલાજોનો અધિકાર

આ અધિકારોને બંધારણનાં ઘડવૈયા ડૉ. બાબાસાહેબના મતે બંધારણીય ઈલાજનો હક બંધારણના આત્મા સમાન માને છે. ભારતનાં બંધારણને દરેક નાગરિકને મૂળભૂત હકોના અમલની ખાતરી આપતો બંધારણીય ઈલાજોનો હક આપ્યો છે. આ હક મુજબ કોઈપણ નાગરિક અદાલતો પાસેથી પોતાના મૂળભૂત હકોનું રક્ષણ મેળવી શકે છે. આથી બંધારણીય ઈલાજોના હકનું અનન્ય મહત્ત્વ છે. કોઈપણ મૂળભૂત હકનું પાલન ન થતું હોય કે તેનો ભંગ થતો હોય તો કોઈપણ નાગરિક એ હકનું રક્ષણ માટે વડી અદાલત કે સર્વોચ્ચ અદાલત પાસે દાદ માગી શકે છે. આ માટે અદાલતને હાજર હુકમ, કર્તવ્ય હુકમ, મનાઈ હુકમ વગેરે હુકમો આદેશ બહાર પાડવાની બંધારણીય સત્તા આપવામાં આવે છે.

અદાલતો પાસે આવેલ મૂળભૂત હકોના ભંગ બદલ અદાલતોમાં જવાબો અને એ હકોનું રક્ષણ મેળવવાનો અધિકાર આપે છે.

ડૉ. બાબાસાહેબ આંબડેકરના મત મુજબ બંધારણીય ઈલાજો સંબંધી જોગવાઈ સમગ્ર બંધારણમાં આત્મા સમાન છે.

### પરચુરણ આનુષંગિક હક્કો

આ કાયદા હેઠળ (1) અદાલતો દ્વારા મૂળભૂત અધિકારોનું રક્ષણ (2) સેનામાં જવાનો માટેનો કાયદો (3) સાંસદ દ્વારા અધિકારો આ બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે. જેથી નાગરિકોના મૂળભૂત અધિકારોને અદાલતો રક્ષણ આપી શકે અને અપવાદરૂપે સેનાના જવાનો તેમના શિસ્તના નિયમો મુજબ વર્તી શકે. સાંસદ ધારે જ્યારે પરિસ્થિતિ અનુસાર વધુ અધિકારો નાગરિકોને આપી શકે છે.

## 11.3 લોકશાહી

ભારતના બંધારણના આમુખમાં અમે ભારતના લોકો, ભારત સર્વભૌમ, સમાજવાદ, ધર્મનિરપેક્ષ, લોકશાહી, ગણરાજ્ય વગેરે ઉલ્લેખ કરેલ છે. ભારત એક લોકશાહી ગણરાજ્ય છે.

### લોકશાહીની શરૂઆત

લોકશાહીને અંગ્રેજીમાં ડેમોક્રસી કહેવામાં આવે છે. ડેમોક્રસી શબ્દ પ્રાચીન ગ્રીક શબ્દ ''ડેમોસ'' જેનો અરથ લોકો થાય છે અને ''કશિયા'' જેનો અર્થ સત્તા અથવા શક્તિ થાય છે. આમ ડેમોક્સી એટલે કે લોકશાહીનો અર્થ લોકોના હાથમાં સત્તા હોય એવી શાસન વ્યવસ્થા. લોકશાહીના ઈતિહાસ મુજબ ઈ.સ. પૂર્વ પાંચમી સદીમાં ગ્રીસના એથેન્સમાં લોકશાહીનો ઉદ્ભવ થયો હોવાનું માનવામાં આવે છે.

### લોકશાહીની વ્યાખ્યા

(1) ગ્રીંક ચિંતકો પ્લેટો અને એરિસ્ટોટલના મંતવ્યો પ્રમાણે જે તંત્રમાં લોકો ભાગ લે તે લોકશાહી.

(2) સીલીના મંતવ્ય પ્રમાણે - લોકશાહી એ એવી સરકાર છે જેમાં લોકોનો ફાળો હોય છે. જેમાં દરેક ભાગ લે છે.

(3) અબ્રાહ્મ લિકેન - લોકશાહી એટલે લોકોની સરકાર લોકો દ્વારા ચાલતી સરકાર અને લોકો માટેની સરકાર.

### લોકશાહીના પ્રકાર

ઈ.સ. પૂર્વ પાંચમી સદીથી લઈને આજ સુધી બદલતા સમય સંજોગો લોકોની જરૂરિયાતો અને સમાજવ્યવસ્થાને ધ્યાનમાં રાખતા લોકશાહી શાસનમાં પણ ઘણા ફેરફારો જોવા મળ્યા છે. ''એક વ્યક્તિ એક મત'' નો સિદ્ધાંત તમામ જગ્યાએ પ્રસ્થાપિત થઈ શક્યો નથી; માટે લોકશાહીમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યાં છે. હાલમાં ત્રણ પ્રકારની લોકશાહી છે.

### (અ) પ્રત્યક્ષ (સીધી) લોકશાહી

આ લોકશાહીનું શુદ્ધ અને મૂળ સ્વરૂપ છે. પાંચમી સદીમાં એથેન્સની લોકશાહી આ પ્રકારની હતી. જેમાં ખુદ લોકો પોતે જ દરેક રાજકીય નિર્ણયની પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. રાજ્યની એક એક જનતા પોતાના માટે કાયદાઓ બનાવવાની પ્રક્રિયામાં મતદાન કરી શકે એવી વ્યવસ્થા. ટૂંકમાં પ્રજા માટેના તમામ નિર્ણયો ખુદ પ્રજા મતદાન કરીને જ લે એવી લોકશાહી. દુનિયામાં સ્વિત્ઝરલેન્ડમાં સ્થાનિક, પ્રાદેશિક અને રાજ્ય કક્ષાની સરકારી વ્યવસ્થા ચલાવવા માટે સીધી લોકશાહી વ્યવસ્થા અમલમાં છે. ત્યાંના 18 વર્ષથી ઉપરના દરેક વ્યક્તિ નક્કી કરી શકે છે. કે સરકાર કઈ રીતે ચાલશે. આ સિવાય અમેરિકાની સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા પણ આ લોકશાહી પદ્ધતિથી ચાલે છે.

### (બ) પ્રતિનિધિત્વ (પરોક્ષ) લોકશાહી

આ લોકશાહીમાં જનતાની સામૂહિક શક્તિનું પ્રતિનિધિત્વ કરવા માટે કોઈ વ્યક્તિને ચૂંટવામાં આવે છે. પરોક્ષ લોકશાહી વ્યવસ્થા પ્રજાના વિવિધ જૂથ, પ્રદેશ, વિસ્તાર, નગર, શહેર કે વર્ગને નિશ્ચિત કરીને તેમના વતી એક વ્યક્તિને ચૂંટવામાં આવે છે. લોકોના નિશ્ચિત સમૂહ વતી એક વ્યક્તિને ચૂંટવા પાછળનું કારણ રાજકીય નિર્ણયો લેવામાં સરળતા અને ઝડપ આવે એવો છે. જ્યાં લોકોની સંખ્યા ખૂબ જ વિશાળ પ્રમાણમાં હોય ત્યારે આ પરોક્ષ લોકશાહી

વ્યવસ્થા ખૂબ જ અગત્યની બની રહે છે. જોકે પરોક્ષ લોકશાહીની નબળી બાજુઓ છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોની ઈચ્છાઓનું પ્રતિનિધિત્વ કરતા નથી. પરંતુ પોતાની મરજી મુજબ વર્તે છે. તેઓ પોતાના નિર્ણયોમાં સ્વતંત્ર હોય છે. આ નિર્ણયોમાં લોકોની કોઈ ભૂમિકા ન હોવાના કારણે ભ્રષ્ટાચાર વધે છે.

### (ક) બંધારણીય લોકશાહી

દુનિયામાં મોટા પાયે સ્વીકૃત એવી ત્રીજા પ્રકારની લોકશાહી છે. બંધારણીય લોકશાહીમાં એક સુઆયોજિત વ્યવસ્થાતંત્ર (સિસ્ટમ) દ્વારા બહુમતીની સત્તા શક્તિને મર્યાદિત કરવામાં આવે છે. આ વ્યવસ્થાના લોકતાંત્રિક સિદ્ધાંતો વડે કાયદાનું શાસન પ્રસ્થાપિત કરવાનું હોય છે. બંધારણીય લોકશાહીમાં રાજકીય નિર્ણયો લેવા માટે તેમજ સરકાર ચલાવવા માટે ચોક્કસ નિયમો અને સિદ્ધાંતોની બંધારણીય માર્ગદર્શિકા હોય છે. જોકે આ પ્રકારની લોકશાહીમાં લોકો નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ થઈ શકતા નથી.

## 11.4 ઉદારમતવાદ

રાજ્યશાસ્ત્રમાં સમાવિષ્ટ એક વિચાર શ્રેણી એરિસ્ટોટલે જણાવ્યા પ્રમાણે મનુષ્ય સ્વભાવથી જ સામાજિક તથા રાજકીય પ્રાણી છે. તેને સમાજ તથા રાજ્ય સિવાય ચાલતું નથી. પરિણામે પ્રાચીન ગ્રીસના સમયથી રાજ્યશાસ્ત્ર વિષયમાં બે પ્રશ્નો મોખરે રહ્યા છે. (1) રાજ્ય અને વ્યક્તિ વચ્ચેનો સંબંધ કેવો હોવો જોઈએ (2) રાજ્યનું કાર્યક્ષેત્ર કેવું તથા કેટલું હોવું જોઈએ. બન્નેનાં ફળસ્વરૂપ કેટલીય રાજકીય વિચારધારા રજૂ થઈ છે. આદર્શવાદી, ઉદારમતવાદી, વ્યક્તિવાદી, ઉપયોગિતાવાદી, સમાજવાદી, સામ્યવાદી, નાઝીવાદી, ફાસીવાદી તથા અરાજક્તાવાદી, ઉદારમતવાદ એ રાજકીય ચિંતનની એક શાખા કે વિચારસરણી છે. પશ્ચિમના દેશો પર છેલ્લા ચારસો વર્ષથી આ વિચારસરણીનો પ્રભાવ વર્તાય છે. જોકે આ વિચારસરણી કોઈ એક ચોક્કસ રાજકીય ચિંતક દ્વારા કે ચોક્કસ સમયે રજૂ કરવામાં આવી નથી. તેનો ક્રમિક વિકાસ થયો છે. તેના વિકાસમાં ઘણા રાજકીય ચિંતકોએ પ્રદાન કરેલું છે. આથી ઉદારમતવાદ એ સુસંગત સિદ્ધાંતોનો સમૂહ નથી. તેની ચોક્કસ બંધબેસતી વ્યાખ્યા આપવી મુશ્કેલ છે.

### ઉદારમતવાદની વ્યાખ્યા

(1) રેન્ડમ હાઉસ ડિક્શનરી ઓફ ધી ઈંગ્લિશ લેન્ગવેજ જણાવે છે "ઉદારમતવાદ એ રાજકીય અથવા તો સામાજિક ફિલસૂફી છે. જે વ્યક્તિની સ્વતંત્રતાની સંસદીય સ્વરૂપની સરકારની રાજકીય સામાજિક અથવા તો આર્થિક સંસ્થાઓમાં અહિંસક રીતે ફેરફાર કરવાની માનવ પ્રયત્નોના તમામ ક્ષેત્રોમાં અનિયંત્રિત વિકાસની ખાતરી આપવાની તથા વ્યક્તિના હકો અને નાગરિક સ્વતંત્રતાઓ અંગે સરકારી ખાતરીઓની હિમાયત કરે છે."

(2) પ્રા. સાર્તોરીના મત પ્રમાણે - "ઉદારમતવાદ એ વ્યક્તિ સ્વાતંત્ર્ય, ન્યાયિક રક્ષણ અને બંધારણીય રાજ્યનો સિદ્ધાંત અને વ્યવહાર છે."

### ઉદારમતવાદી વિચારસરણી

સામાજિક સંદર્ભમાં તે ધાર્મિક સ્વાતંત્ર્યની તથા લોકોને ધાર્મિક સનાતનવાદમાંથી મુક્ત કરવાની હિમાયત કરે છે. સાથે સાથે જ રિવાજો, રુચિઓ તથા સંસ્થાઓ સમય સાથે તાલ મિલાવતા ન હોય. અગર તો જ સાચા સ્વાતંત્ર્યના ઉપભોગમાં રુકાવટ ઉભી કરતા હોય તેમને દૂર કરવામાં માને છે. આર્થિક દષ્ટિએ તે મુક્ત વ્યાપાર અને મુક્ત ઉત્પાદનની હિમાયત કરે છે. વ્યક્તિ કુદરતી સંપત્તિનું શોષણ કરી શકે તથા આર્થિક નફાની પોતાને ગમે તે પ્રમાણે વહેંચણી કરી શકે તેમ માને છે. અલબત્ત સમાજવાદના આગમન પછી આ વિભાવના આધુનિક સમયમાં પરિવર્તન

પામી છે. જે માનવસમુદાયના વ્યાપક હિતમાં રાજ્યે આર્થિક પ્રવૃત્તિ પર વધુને વધુ અંકુશો મૂકવા પર ભાર મૂકે છે.

ઉદારમતવાદ રાજકીય સ્વાતંત્ર્યને પ્રાધાન્ય આપે છે અને અન્ય સ્વતંત્રતાઓના ભોગવટા માટે તેને અનિવાર્ય ગણે છે. વ્યક્તિના જીવનમાં રાજયની દરમિયાનગીરી મર્યાદિત હોવી જોઈએ તથા તેણે એવી નીતિઓ ઘડવી જોઈએ જે વ્યક્તિઓ તથા સમૂહની સ્વતંત્રતાઓના રક્ષણની ખાતરી આપતી હોય. આ હેતુથી જ તેના સમર્થક ચિંતકોએ સત્તા વિશ્લેષણની કારોબારી પરના ધારાસભાના અંકુશની અદાલતી સમીક્ષાની લઘુમતીઓના હિતોના રક્ષણની ટૂંકમાં સત્તાના કેન્દ્રીકરણને રોકવા માટે ઉપાયોની હિમાયત કરી છે. ઉદારમતવાદ માને છે કે છેવટની સત્તા પ્રજા પાસે છે અને નિયત સમયે યોજાતી સામાન્ય ચૂંટણીઓમાં ભાગીદાર બનીને પ્રજાએ સરકારને જવાબદાર બનાવવી જોઈએ.

આમ ઉદારમતવાદી સમાજ મૂળભૂત રીતે વ્યક્તિનિષ્ઠ રહ્યો છે. વ્યક્તિનું સ્વાતંત્ર્ય તેના મૂળભૂત હક્કો, મુક્ત અને ખાનગી સાહસ મિલકતની ખાનગી માલિકી, ખરીદ-વેચાણનું સ્વાતંત્ર્ય વગેરેની સાચવણી તેના આવશ્યક અંગ મનાય છે. વિજ્ઞાન અને તકનિકી સિદ્ધિઓની હરણફાળ પણ ઉત્ક્રાંતિમાં મોટો ફાળો આપ્યો છે. આથી જ ઉદારમતવાદને ઘણી વખત વ્યક્તિવાદ પણ કહેવામાં આવે છે.

## 11.5 સમાજવાદ

સમાજવાદની એક એવી સિસ્ટમ તરીકે સારાંશ આપી શકાય કે જેમાં સત્તા અને ઉત્પાદનના સાધનોનો ઉપયોગ લોકોના નિયંત્રણ હેઠળ થાય છે; તે મૂડીવાદને નકારે છે. વ્યવસ્થામાં વ્યક્તિવાદ નહીં પણ સમાજની સમજણ સામે આવે છે.

ઉત્પાદનના તમામ સાધનોની પેદાશ, સર્જન, વહેંચણી તથા વિનિમય પર સમગ્ર સમાજની સામૂહિક માલિકી તથા પ્રભુત્વની તરફેણ કરતી આર્થિક અને રાજકીય વિચારસરણી વિકલ્પે તેને 'સમૂહવાદ' (collectivism) પણ કહેવામાં આવે છે. તેનો ઉદ્‌ભવ કાર્લ માર્કસ (1818-83)ની રાજકીય વિચારસરણીમાંથી થયેલો હોવાથી તેને માર્ક્સવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. કાર્લ માર્ક્સની રજૂઆત મુજબ સમાજવાદ એ સામ્યવાદ પહેલાની સ્થિતિ છે. કારણ કે સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સમાજવતી રાજ્ય-દસ્તક હોય છે. પરંતુ સામ્યવાદ આવતા રાજયના અસ્તિત્વનો અસ્ત થશે એવી માર્ક્સની માન્યતા છે અને તેને લીધે સાધનોની માલિકી પર સામુદાયિક રીતે સમાજનો અંકુશ દાખલ થતો હોય છે. એટલા માટે જ વિશ્વમાં જે જે દેશોમાં રાજકીય સત્તા સામ્યવાદી પક્ષના તાબા હેઠળ આવી ગઈ છે; તે દેશો સમાજવાદી દેશો તરીકે અસ્તિત્વ ધરાવતા રહ્યા છે.

ઉદાહરણ 1917 ના ઓક્ટોબર માસમાં રશિયામાં જે ક્રાંતિ થઈ ત્યારબાદ તે દેશનું નામ યુનિયન ઓપ સોવિયેત સોશિયાલિસ્ટ રિપબ્લિક (USSR) પાડવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ 1939-45 પછી સામ્યવાદી પક્ષના નેજા હેઠળ પૂર્વ યુરોપના દેશોના નામમાં પણ સમાજવાદી રિપબ્લિક શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સમાજવાદ અને મૂડીવાદ વચ્ચેનો ફરક

સમાજવાદ એ મૂડીવાદની વિચારસરણી કરતા તદ્દન વિરોધી વિચારધારા છે. મૂડીવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી તથા તેના પરનું પ્રભુત્વ ખાનગી વ્યક્તિ કે સંસ્થા દસ્તક હોય છે અને તેથી તેના ઉપયોગ અને વિનિમય પર વ્યક્તિગત માલિકોનો અંકુશ હોય છે. જ્યારે સમાજવાદમાં તે રાજ્ય હસ્તક હોય છે. બીજું મૂડીવાદમાં આર્થિક પ્રવૃત્તિઓનો હેતુ નફો કમાવાનો

હોય છે. જેના માટે મૂડીપાતઓને સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત થતી હોય છે. જ્યારે સમાજવાદમાં સાધનોની માલિકી રાજ્ય હસ્તક હોવાથી અને રાજ્ય એ સમાજના કલ્યાણના ધ્યેયને વરેલી સંસ્થા હોવાથી આર્થિક પ્રવૃત્તિઓનો હેતુ સામુદાયિક કલ્યાણ સાધવાનો હોય છે. એટલા માટે જ મૂડીવાદમાં ખાનગી મિલકતના અધિકારો અબાધિત હોય છે. જ્યારે સમાજવાદમાં તેમના પર અંકુશો કેન્દ્રીકરણ પર કોઈ મર્યાદાઓ હોતી નથી. જ્યારે સમાજવાદમાં રાષ્ટ્રીય આવકની ન્યાયી વહેંચણી પર કોઈ મર્યાદાઓ હોતી નથી. જ્યારે સમાજવાદમાં રાષ્ટ્રીય આવકની ન્યાયી વહેંચણી પર ભાર મૂકવામાં આવતો હોય છે.

**સમાજવાદનો ખ્યાલ**

સમાજવાદની વિચારસરણી પછીના ગાળામાં જુદા જુદા વિદ્વાનોએ તેની જુદી જુદી વ્યાખ્યા આપી છે. દા.ત. કેટલાક સાધનોની માલિકીના સંદર્ભમાં તો કેટલાક સહકારના સંદર્ભમાં કેટલા આર્થિક વિકાસના સ્રોતના સંદર્ભમાં તો બીજા કેટલાક આવકની વહેંચણીના સંદર્ભમાં સમાજવાદની વ્યાખ્યા કરે છે.

એક પાશ્ચાત્ય વિચારક સી.ઈ. એમ જોડ તો એટલે સુધી કહે છે કે સમાજવાદ એ એક એવી પાઘડી છે; જે બધા જ પહેરતા હોવાથી તેનો કોઈ ચોક્કસ આકાર રહેતો નથી.

સમાજવાદનો ખ્યાલ સમજવામાં બીજી મુશ્કેલીએ છે કે સમાજવાદ આ શબ્દમાં સ્વરૂપગત રીતે એવો કોઈ નિર્દેશ કે સંકેત સ્પષ્ટ અને ચોક્કસ રીતે મળતો નથી કે જેનું તાદર્શ નિરીક્ષણ કરવાથી સમાજવાદ શું છે તે સમજી શકાય.

ઉપરોક્ત બાબતો પરથી ખ્યાલ આવશે કે સમાજવાદની વ્યાખ્યા કરવાનું કાર્ય જટિલ છે. તેના મુખ્ય લક્ષણોનો નિર્દેશ કરવો અઘરો છે. આ વિચારસરણી સમજવાનો પ્રયાસ કરી શકીશું.

**સમાજવાદના લક્ષણો**

**સમાજવાદના ત્રણ મુખ્ય લક્ષણો છે :**

(1) ઉત્પાદનના મુખ્ય સાધનો પર સમાજ વતી રાજ્યની માલિકી જે રાષ્ટ્રીયકરણ દ્વારા અમલમાં મુકવામાં આવે છે.

(2) આવક અને મિલકતની ન્યાયી વહેંચણી જે રાજકોષીય નીતિ (કરવેરા અને જાહેર ખર્ચની નીતિ) દ્વારા અમલમાં મૂકી શકાય છે.

(3) આર્થિક પ્રવૃત્તિઓના ધ્યેય રૂપે નફો નહિ પરંતુ બહોળા સમાજનું કલ્યાણ જે આર્થિક આયોજનની પ્રક્રિયા દાખલ કરી પ્રાપ્ત કરી શકાય છે. આર્થિક આયોજન દ્વારા મૂડી રોકાણ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન અને વિનિમય વપરાશ વગેરેનું નિયમન કરી શકાય છે.

## 11.6 ઉપસંહાર

આ એકમમાં માનવ અધિકારો અંગે પ્રાથમિક સમજ આપવામાં આવી છે. તેમજ લોકશાહીનો અર્થ અને ખ્યાલ વિશે વિસ્તૃત ખ્યાલ આપ્યો છે. જે વિદ્યાર્થીઓને સમાજકાર્યના કાર્યમાં વૈચારિક ખ્યાલ વિકસાવવામાં મદદરૂપ થશે. સાથે સાથે ઉદારમતવાદ અને સમાજવાદનો પણ પ્રાથમિક ખ્યાલ રજૂ કરવામાં આવેલો છે. સમાજસેવાના ક્ષેત્રે કાર્ય કરતી વખતે વિદ્યાર્થીઓમાં ઉપરોક્ત જાણકારી જરૂરી છે. જેથી સમાજનું ચિત્ર તેમની નજર સમક્ષ રહે અને ઉપચારાત્મક કાર્યો કરતી વખતે ધ્યાનમાં રાખી શકે.

## 11.7 તમારી પ્રગતિ ચકાસો

1. માનવ અધિકારો કેટલા છે ?

   (A) છ (B) સાત (C) આઠ (D) બાર

2. લોકશાહીના પ્રકાર જણાવો કેટલા છે.

   (A) બે (B) ચાર (C) ત્રણ (D) પાંચ

3. ઉદારમતવાદના પાયામાં માનવલક્ષી કયો અભિગમ રહેલો છે.

   (A) વ્યક્તિલક્ષી (B) સમાજલક્ષી (C) માનવલક્ષી (D) ઉપરોક્ત તમામ

4. માર્કસે સમાજવાદ માટેના વિચારો કઈ સાલમાં પ્રથમ રજૂ કર્યા.

   (A) 1848 (B) 1890 (C) 1880 (D) 1885

5. સમાજવાદના લક્ષણો કેટલા છે.

   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

   **જવાબોઃ**

   (1) B (2) C (3) C (4) A (5) C

## 11.8 ચાવીરૂપ શબ્દો

- માનવ અધિકાર - ભારતના દરેક નાગરિકને જન્મજાતની સાથે મળતો અધિકાર.
- સમાજવાદ - સમાજવાદી વિચારસરણીઓનો સમૂહ.
- ઉદારમતવાદ - વ્યક્તિને પાયાનું સ્વાયત એકમ ગણતી ઉદારમતવાદી.
- લોકશાહી - જે તંત્રના લોકો ભાગ લે તે લોકશાહી.

● **સ્વાધ્યાય લેખન કરો :**

(1) માનવ અધિકારોની જરૂરિયાત વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) પ્રવર્તમાન સમયમાં લોકશાહીની સ્થિતિ અને અસર વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

.................................................................................

(3) સમાજવાદનો ખ્યાલ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(4) ઉદારમતવાદનો ખ્યાલ સ્પષ્ટ કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

- **પ્રવૃત્તિ કરો :**

(1) ગ્રામીણ લોકોમાં માનવ અધિકારો અંગે જાગૃતિનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(2) લોકશાહીને અસર કરતા પરિબળો જણાવો તમારી દૃષ્ટિએ.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

(1) માનવ અધિકાર પર કાર્ય કરતી સંસ્થાની મુલાકાત લઈ તેના કાર્યોનો પરિચય મેળવવો.

(2) ક્ષેત્ર કાર્યના ગામમાં લોકશાહી અંગેની સ્થિતિ જાણવી.

## 11.9 સંદર્ભ સૂચિ

(1) પટેલ જયંતિ ડી., આધુનિક રાજકીય વિચારધારાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ-1974.

(2) પ્રા. પંડ્યા હસમુખ, રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-2, અનડા પ્રકાશન, દસમી આવૃત્તિ-2004.

(3) મિશ્રા મહેન્દ્રકુમાર, ભારત સંવિધાન એવમ માનવ અધિકાર, સાગર પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-2009.

(4) ડૉ. રાવલ કૌશિક સી., એસ.બી.ડી. પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-2008, બીજી અધતન આવૃત્તિ-2011-12.

એકમ 12

# સામાજિક પરિવર્તન સંદર્ભે પશ્ચિમી વિચારધારાઓ

-: રૂપરેખા :-


**12.0 એકમનાં હેતુઓ**

**12.1 પ્રસ્તાવના**

**12.2 સામાજિક પરિવર્તન અને પશ્ચિમી સમાજ**

**12.3 પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારાઓ**

**12.4 ઉપસંહાર**

**12.5 તમારી પ્રગતિ ચકાસો**

**12.6 ચાવીરૂપ શબ્દો**

**12.7 સંદર્ભ સૂચિ**


## 12.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થીમિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સામાજિક પરિવર્તન અને પશ્ચિમી સમાજ વિશે માહિતી મેળવી શકશો.
- પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારાઓની સમજૂતી મેળવશો.

## 12.1 પ્રસ્તાવના

સમાજ એક ગતિશીલ સંસ્થા છે. તે સતત બદલાતી રહે છે. આ બદલાવ ક્યારેક ધીમો અને ક્યારેક ઝડપી હોય છે. આ બદલાવને આપણે સામાજિક પરિવર્તન તરીકે ઓળખીએ છીએ. આ સામાજિક પરિવર્તનને પ્રભાવિત કરતા અનેક પરિબળો છે. તેમાંથી એક મહત્ત્વનું પરિબળ છે પશ્ચિમી વિચારધારાઓ.

પ્રાચીન ગ્રીસ અને રોમના તત્ત્વજ્ઞાનીઓએ ન્યાય, સમાનતા અને સુખાકારી જેવા મૂળભૂત માનવ મૂલ્યો પર ભાર મૂક્યો હતો. તેમના વિચારોએ પશ્ચિમી વિચારધારાના વિકાસને મોટા પ્રમાણમાં પ્રભાવિત કર્યા હતા. પુનરુત્થાન કાળમાં વિજ્ઞાન અને તર્કશક્તિના વિકાસ સાથે, સમાજ વિશેના નવા વિચારો ઉદભવ્યા. લોકોએ પરંપરાગત માન્યતાઓને પડકારવાનું શરૂ કર્યું અને વ્યક્તિગત સ્વતંત્રતા અને માનવ અધિકારો પર ભાર મૂક્યો. પ્રબુદ્ધતાના યુગમાં, તર્કશક્તિ અને વિજ્ઞાનનો ઉપયોગ સમાજમાં સુધારા લાવવા માટે કરવામાં આવ્યો. લોકોએ સમાજવાદ, ઉદારવાદ અને રાષ્ટ્રવાદ જેવા નવા વિચારોને અપનાવ્યા. ઔદ્યોગિક ક્રાંતિએ સમાજમાં મોટાપાયે પરિવર્તન લાવ્યા. શહેરીકરણ, વર્ગ સંઘર્ષ અને આર્થિક અસમાનતા જેવી સમસ્યાઓ ઉભી થઈ. આ સમસ્યાઓના નિરાકરણ માટે સમાજવાદ, કમ્યુનિઝમ અને ફેમિનિઝમ જેવા વિચારોનો વિકાસ થયો. 20મી સદીમાં, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અન્ય સામાજિક વિજ્ઞાનોના વિકાસ સાથે, સમાજને સમજવા માટે નવા સાધનો અને પદ્ધતિઓ ઉપલબ્ધ થઈ. આના પરિણામે, સમાજશાસ્ત્રીઓએ સામાજિક પરિવર્તનના વિવિધ પાસાઓનો અભ્યાસ કર્યો અને સમાજમાં સુધારા લાવવા માટે નવી વ્યૂહરચનાઓ વિકસાવી. સમાજ કાર્યના ક્ષેત્રમાં, પશ્ચિમી

વિચારધારાઓનો ઉપયોગ સમાજમાં સુધારો લાવવા અને વ્યક્તિઓ અને સમુદાયોને સશક્ત બનાવવા માટે કરવામાં આવે છે. સમાજ કાર્યકર્તાઓ સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અન્ય સામાજિક વિજ્ઞાનોના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને સમાજમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે.

પશ્ચિમી વિચારધારાઓએ વિશ્વભરમાં સામાજિક, રાજકીય અને આર્થિક પરિવર્તનોને પ્રેરણા આપી છે. આ વિચારધારાઓએ લોકોને સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા જેવા મૂલ્યો વિશે વિચારવા માટે પ્રેરિત કર્યા છે. પરંતુ આ વિચારધારાઓના સાર્વત્રિક સ્વીકાર અંગે અનેક પ્રશ્નો ઉઠ્યા છે. શું પશ્ચિમી વિચારધારાઓ દરેક સમાજ માટે યોગ્ય છે ? શું આપણે પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને ભૂલીને પશ્ચિમી વિચારધારાઓને અપનાવી શકીએ ? આ પ્રશ્નોના જવાબ શોધવા માટે આપણે પશ્ચિમી વિચારધારાઓના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવો જરૂરી છે.

## 12.2 સામાજિક પરિવર્તન અને પશ્ચિમી સમાજ

પશ્ચિમી સમાજ ઇતિહાસના પ્રવાહમાં સતત પરિવર્તન પામતો રહ્યો છે. આ પરિવર્તન માત્ર આર્થિક અને રાજકીય જ નહીં, પરંતુ સામાજિક રચનાઓ, સંસ્કૃતિ, મૂલ્યો અને જીવનશૈલીમાં પણ નોંધપાત્ર ફેરફારો લઈ આવ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ કરીને, વૈશ્વીકરણ, ટેકનોલોજીના વિકાસ અને સમાજીક ચળવળો સુધી, પશ્ચિમી સમાજમાં અસંખ્ય સામાજિક પરિવર્તનો જોવા મળ્યા છે. ઔદ્યોગિક ક્રાંતિએ પશ્ચિમી સમાજને ગ્રામીણ સમાજમાંથી શહેરી સમાજમાં રૂપાંતરિત કર્યું. ખેતીવાડી આધારિત અર્થતંત્રનું સ્થાન ઉદ્યોગોએ લીધું. આનાથી શહેરીકરણ વધ્યું, સામાજિક વર્ગોમાં ફેરફાર થયા અને નવી જીવનશૈલીનો ઉદય થયો. વૈશ્વીકરણે પશ્ચિમી સમાજને વિશ્વના અન્ય ભાગો સાથે જોડી દીધો. આનાથી વેપાર, સંસ્કૃતિ અને વિચારોનું આદાન-પ્રદાન વધ્યું. પરંતુ તે જ સમયે, વૈશ્વીકરણે સ્થાનિક સંસ્કૃતિઓ પર પણ પ્રભાવ પાડ્યો અને નવી સમસ્યાઓ ઉભી કરી. ટેકનોલોજીના વિકાસે પશ્ચિમી સમાજને ઝડપથી બદલી નાખ્યો છે. ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા અને મોબાઇલ ફોન જેવી તકનિકોએ સંચારના નવા માધ્યમો પૂરા પાડ્યા છે. આનાથી લોકો વધુ જોડાયેલા બન્યા છે, પરંતુ એકલતા અને સામાજિક અંતર પણ વધ્યું છે. ટેકનોલોજીએ કામ કરવાની રીતોમાં પણ પરિવર્તન લાવ્યું છે અને ઘણા નવા વ્યવસાયોની ઉત્પત્તિ કરી છે. સમાજીક ચળવળોએ પણ પશ્ચિમી સમાજને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નારીવાદી ચળવળ, લેસ્બિયન, ગે, બાયસેક્સ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર (LGBTQ) અધિકારો માટેની ચળવળ, આફ્રિકન અમેરિકન અધિકારો માટેની ચળવળ અને પર્યાવરણવાદી ચળવળ જેવી ચળવળોએ સમાજમાં સમાનતા, ન્યાય અને પરિવર્તન માટે લડત આપી છે.

પશ્ચિમી સમાજમાં આ બધા પરિવર્તનોએ નવી તકો અને પડકારો પણ ઉભા કર્યા છે. એક તરફ આ પરિવર્તનોએ લોકોને વધુ સ્વતંત્ર અને સશક્ત બનાવ્યા છે, પરંતુ બીજી તરફ તેમણે સામાજિક અસમાનતા, ભ્રષ્ટાચાર અને પર્યાવરણીય સમસ્યાઓ જેવી નવી સમસ્યાઓ પણ ઉભી કરી છે. આમ, પશ્ચિમી સમાજમાં સામાજિક પરિવર્તન એ એક જટિલ અને સતત ચાલતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને સમજવા માટે આપણે ઇતિહાસ, સંસ્કૃતિ, રાજકારણ અને અર્થશાસ્ત્ર જેવા વિવિધ પરિબળોને ધ્યાનમાં લેવાની જરૂર છે.

## 12.3 પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારાઓ

પશ્ચિમી વિચારધારાઓ એક જટિલ અને સમૃદ્ધ વિચારસરણી છે; જે સદીઓથી વિકસતી આવી છે. આ વિચારધારાઓએ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને ઘણી

રીતે પ્રભાવિત કર્યો છે. આ વિચારધારાઓનો મૂળ આધાર પ્રાચીન ગ્રીસ અને રોમની સંસ્કૃતિમાં મળી આવે છે. જ્યાં તર્કશાસ્ત્ર, ફિલસૂફી અને રાજકીય વિચારોનો વિકાસ થયો હતો. ગ્રીક ફિલસૂફો જેવા કે પ્લેટો, એરિસ્ટોટલ, સોક્રેટીસે રાજકીય ફિલસૂફી, નૈતિકતા અને તર્કશાસ્ત્રના પાયા નાખ્યા હતા. તેમના વિચારોએ પશ્ચિમી વિચારધારાના વિકાસને મોટા પ્રમાણમાં પ્રભાવિત કર્યા હતા. રોમનોએ કાયદા અને સરકારી વ્યવસ્થાપનના વિકાસમાં તેમજ કાયદાઓ અને સંસ્થાઓએ પશ્ચિમી કાનૂની અને રાજકીય પરંપરાઓને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પશ્ચિમી વિચારધારાઓનો આધુનિક સ્વરૂપ યુરોપના પુનરુત્થાન કાળથી વિકસ્યો છે. આ સમયગાળા દરમિયાન, માનવતાવાદ, વ્યક્તિવાદ અને વિજ્ઞાનના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ વિચારધારાઓએ પરંપરાગત ચર્ચની સત્તાને પડકાર આપ્યો અને નવા વિચારો અને સંસ્કૃતિના વિકાસને પ્રોત્સાહન આપ્યું.

"પશ્ચિમી" શબ્દ સામાજિક ધોરણો, નૈતિક મૂલ્યો, પરંપરાગત રિવાજો, માન્યતા પ્રણાલીઓ, રાજકીય પ્રણાલીઓ, કલાકૃતિઓ અને તકનિકોનો સમાવેશ કરે છે. જે મુખ્યત્વે યુરોપિયન અને ભૂમધ્ય ઈતિહાસમાં છે. એક વ્યાપક ખ્યાલ "પશ્ચિમી સંસ્કૃતિ" નિશ્ચિત સભ્યો અથવા ભૌગોલિક સીમાઓ ધરાવતા પ્રદેશ સાથે સંબંધિત નથી. તે સામાન્ય રીતે પ્રાચીન ગ્રીસ અને પ્રાચીન રોમની શાસ્ત્રીય યુગની સંસ્કૃતિઓનો ઉલ્લેખ કરે છે. જે ભૂમધ્ય તટપ્રદેશ અને યુરોપમાં વિસ્તરી હતી અને બાદમાં મુખ્યત્વે વસાહતીકરણ અને વૈશ્વિકીકરણ દ્વારા સમગ્ર વિશ્વમાં ફેલાયેલી હતી. પશ્ચિમી સંસ્કૃતિના વિકાસને પ્રભાવિત કરનાર પ્રારંભિક સંસ્કૃતિઓ મેસોપોટેમીયાની હતી. ક્લાસિકલ ગ્રીસની સંસ્કૃતિને પશ્ચિમી ઈતિહાસમાં મુખ્ય સમયગાળા તરીકે ગણવામાં આવે છે. મુખ્ય સાંસ્કૃતિક યોગદાન પણ ખ્રિસ્તીકૃત જર્મન લોકો, જેમ કે ફ્રાન્ક્સ, ગોથ્સ અને બર્ગન્ડિયનો (the Franks, the Goths, and the Burgundians) તરફથી આવ્યું છે. ચાર્લમેગ્ને (Charlemagne) કેરોલિંગિયન સામ્રાજ્ય (the Carolingian Empire)ની સ્થાપના કરી હતી અને તેને "યુરોપના પિતા" તરીકે ઓળખવામાં આવે છે.

સોળમી સદીના સુધારાના કારણે ખ્રિસ્તી ધર્મમાં એકતા ખંડિત થઈ ગઈ. શહેરોમાં વેપારી વર્ગનો ઉદય થયો અને ચૌદમીથી સત્તરમી સદી દરમિયાન પુનરુજ્જીવન કાળમાં વિજ્ઞાન અને કલા ક્ષેત્રે નવી ઉંચાઈઓ સર થઈ. અઢારમી સદીમાં ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ અને પ્રબુદ્ધતાના વિચારોએ પશ્ચિમી દેશોમાં રાજકીય પરિવર્તનોને જન્મ આપ્યો. અમેરિકા અને ફ્રાંસમાં ક્રાંતિઓ થઈ અને ઉત્તર અને દક્ષિણ અમેરિકા, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની ભૂમિઓ યુરોપિયન સામ્રાજ્યોનો પ્રથમ ભાગ બની. પશ્ચિમી સંસ્કૃતિએ લોકશાહી, ઔદ્યોગિકીકરણ, ગુલામી નિર્મૂલન, મહિલા અધિકાર અને નવી તકનિકો જેવી ઘણી બધી બાબતોમાં વિશ્વને યોગદાન આપ્યું છે. સિનેમા, ટેલિવિઝન, રેડિયો, ટેલિફોન, ઓટોમોબાઈલ, રોકેટરી, ફ્લાઇટ, ઇલેક્ટ્રિક લાઇટ, પર્સનલ કમ્પ્યુટર અને ઇન્ટરનેટની શોધ કરી હતી; મિકેલેન્ગીલો, શેક્સપિયર, લિયોનાર્ડો દા વિન્સી, બીથોવન, વિન્સેન્ટ વેન ગો, પિકાસો, બાચ અને મોઝાર્ટ જેવા કલાકારો વિશ્વને આપ્યા; સોકર, ક્રિકેટ, ગોલ્ફ, ટેનિસ, રગ્બી અને બાસ્કેટબોલ જેવી વિકસિત રમતો; અને 1969 એપોલો 11 મૂન લેન્ડિંગ પશ્ચિમી દેશોની દેન છે. કલા ઈતિહાસકાર કેનેથ ક્લાર્કના જણાવ્યા મુજબ, રોમના પતન પછી લગભગ પાંચ સદીઓ સુધી, લગભગ તમામ બુદ્ધિવાળા માણસો ચર્ચમાં જોડાયા હતા અને મઠની વસાહતોની બહાર પશ્ચિમ યુરોપમાં વ્યવહારીક રીતે કોઈને વાંચવાની કે લખવાની ક્ષમતા નહોતી. વર્ષ 1000 સુધીમાં સામંતશાહી પ્રબળ સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થા બની ગઈ હતી. સમાજની ટોચ પર રાજા હતો, જેણે વફાદારીના બદલામાં ઉમરાવોને જમીન આપી હતી. ઉમરાવોએ જાગીરદારોને જમીન આપી, જેઓ તેમના રાજા અથવા ઉમદાનો બચાવ કરવા નાઈટ્સ તરીકે

સેવા આપતા હતા. જાગીરદાર હેઠળ ખેડૂતો અથવા દાસ હતા. જ્યાં સુધી ખેડૂતોને યુરોપની અંદર અને બહાર ઉદ્ભવતા આક્રમણોથી ઉમરાવો દ્વારા રક્ષણની જરૂર હતી ત્યાં સુધી સામંતશાહી પ્રણાલીનો વિકાસ થયો. તેથી 11મી સદી જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ આક્રમણના ખતરા સાથે સામંતશાહી પ્રણાલીમાં ઘટાડો થયો. 12મી સદીથી સંશોધનાત્મકતાએ વાઈકિંગ ઉત્તર અને ઈસ્લામિક દક્ષિણ યુરોપની બહાર પોતાની જાતને પુનઃ સ્થાપિત કરી. વિશ્વવિદ્યાલયોનો વિકાસ થયો, કોલસાનું ખાણકામ શરૂ થયું, અને લોક જેવી નિર્ણાયક તકનિકી પ્રગતિ, જેણે નહેરો દ્વારા સમૃદ્ધ બેલ્જિયન શહેર બ્રુગ્સ સુધી પહોંચવા માટે નૌકા જહાજોને સક્ષમ બનાવ્યું, અને ચુંબકીય હોકાયંત્ર અને સુકાન દ્વારા સંચાલિત ઊંડા સમુદ્રના વહાણની શોધ થઈ.

પુનરુજ્જીવન ઇટાલીથી ઉદ્ભવતા, પ્રાચીન ગ્રીક અને રોમન સંસ્કૃતિઓની વૈજ્ઞાનિક અને બૌદ્ધિક તપાસ અને પ્રશંસાના નવા યુગની શરૂઆત કરી. ફ્લોરેન્સ, જેનોઆ, ઘેન્ટ, ન્યુરેમબર્ગ, જીનીવા, ઝ્યુરીચ,, લિસ્બન અને સેવિલેના (Florence, Genoa, Ghent, Nuremberg, Geneva, Zürich, Lisbon and Seville) વગેરે વેપારી શહેરો દ્વારા વિજ્ઞાન, કલા અને વેપાર ક્ષેત્રે નવી શરૂઆત થઈ. પુનરુજ્જીવન કાળમાં પ્રાચીન ગ્રીક અને રોમન સંસ્કૃતિઓનું પુનરુત્થાન થયું અને વિશ્વમાં નવી ચેતના જાગી.

- **પશ્ચિમી વિચારધારાઓના મૂળભૂત સિદ્ધાંતો**

1. વ્યક્તિવાદ : વ્યક્તિની સ્વતંત્રતા, અધિકારો અને ક્ષમતાઓ પર ભાર મૂકવામાં આવે છે. વ્યક્તિને સમાજ કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

2. સમાજવાદ (Socialism) : સમાજવાદ એ એક આર્થિક અને સામાજિક વિચારધારા છે જે સમાજના સંસાધનોના સામૂહિક માલિકી અને વહેંચણી પર ભાર મૂકે છે. સમાજવાદનો વિકાસ 19મી સદીના ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા દરમિયાન થયો હતો અને તે યુરોપિયન સમાજવાદીઓ, માર્ક્સવાદીઓ અને એનાર્કિસ્ટો દ્વારા વિકસાવવામાં આવ્યો હતો.

3. રૂઢિચુસ્તતા (Conservatism) : રૂઢિચુસ્તતા એ એક રાજકીય અને સામાજિક વિચારધારા છે; જે પરંપરા, સમુદાય અને વ્યવસ્થા પર ભાર મૂકે છે. રૂઢિચુસ્તતાનો વિકાસ ફ્રેન્ચ ક્રાંતિના સમયગાળા દરમિયાન થયો હતો અને તે એડમંડ બર્ક જેવા વિચારકો દ્વારા વિકસાવવામાં આવી હતી.

4. લોકશાહી : શાસનમાં લોકોની સીધી અથવા પરોક્ષ ભાગીદારી હોય છે. દરેક વ્યક્તિને મતદાનનો અધિકાર હોય છે અને સરકારની પસંદગી લોકો જ કરે છે.

5. ઉદારવાદ : વ્યક્તિની સ્વતંત્રતા અને અધિકારોને સુરક્ષિત કરવા માટે રાજ્યની ભૂમિકાને મર્યાદિત કરવા પર ભાર મૂકવામાં આવે છે. ઉદારવાદનો વિકાસ યુરોપના પ્રોટેસ્ટન્ટ સુધારણા કાળથી 18મી સદીના સમયગાળા દરમિયાન વધુ વિકસિત થયો હતો.

6. રાષ્ટ્રવાદ (Nationalism) : રાષ્ટ્રવાદ એ એક રાજકીય વિચારધારા છે જે રાષ્ટ્રીય સ્વ-નિર્ધારણ અને રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકે છે. રાષ્ટ્રવાદનો વિકાસ 19મી સદીના યુરોપમાં થયો હતો અને તે રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળો દ્વારા પ્રોત્સાહિત થયો હતો.

7. પૂંજીવાદ : ખાનગી માલિકી અને નફાકારક ઉત્પાદન પર આધારિત આર્થિક વ્યવસ્થા.

8. વિજ્ઞાનવાદ : વિજ્ઞાનને જ્ઞાનનું સર્વોચ્ચ સ્રોત માનવામાં આવે છે અને તર્ક અને પુરાવા પર ભાર મૂકવામાં આવે છે.

**નવા વેપાર તથા નગરોનો ઉદ્દભવ :**

પશ્ચિમી સમાજના વિકાસ સાથે નવા વેપાર અને નગરોનો ઉદ્ભવ જોવા મળ્યો, જેમાં યુરોપના દેશો વિશ્વભરમાં વેપાર માટે જાણીતા બન્યા. મધ્યયુગના અંત અને આધુનિક યુગના આરંભ સાથે વિજ્ઞાન અને તકનિકમાં થયેલા વિકાસ, નવી શોધો અને સંશોધનો, સમુદ્ર માર્ગોની શોધ, વસાહતીકરણ અને વૈશ્વિક વ્યાપારના વિસ્તરણ જેવા પરિબળોએ વેપારના નવા માર્ગો ખોલ્યા. પશ્ચિમી સમાજમાં નવા વેપારની શરૂઆત મુખ્યત્વે ભૌગોલિક શોધખોળો અને નવી દુનિયાઓની શોધ સાથે થઈ. નવી વિશ્વની શોધ સાથે અમેરિકામાંથી મળતા નવા પાક, ધાતુઓ અને અન્ય સંસાધનોનો વેપાર પણ શરૂ થયો. આ નવા વેપારમાં મુખ્યત્વે ખાદ્ય ચીજો, કાપડ, ધાતુઓ, મસાલા અને વિલાસી વસ્તુઓનો સમાવેશ થતો હતો. આર્થિક પ્રગતિ અને નવી ટેકનોલોજીની શોધને કારણે પશ્ચિમી સમાજે ઘણા પ્રકારના વ્યવસાયમાં પ્રગતિ કરી. શરૂઆતમાં, ખાંડ, મસાલા, રેશમ, સોનું, ચાંદી અને કપાસ જેવા કૃષિ ઉત્પાદનોની માંગ વધતી ગઈ. જેને પહોંચી વળવા યુરોપના દેશોએ આફ્રિકા, એશિયા, અને અમેરિકા તરફ વ્યાપક વેપાર શરૂ કર્યો. આ સાથે વસ્ત્રો, કાચો માલ, મીઠું, કોફી અને ઘડિયાળ જેવા ઉત્પાદનોની તીવ્ર માંગ હતી. જેને કારણે યુરોપના વેપારીઓએ આ ક્ષેત્રો માટે કયંક સ્થાયી થવા માટે નગરો અને શહેરોનું નિર્માણ કર્યું. વેપારીઓ, કારીગરો, શિલ્પકારો, સંગીતકારો અને વિદ્વાનો જેવા વિવિધ વ્યવસાયના લોકોએ આ નગરોમાં રહેવાનું શરૂ કર્યું. પોર્ટુગીઝો, ડચો, ફ્રેંચો અને અંગ્રેજો જેવા વેપારીઓએ વિવિધ પ્રદેશોમાં વસાહતો સ્થાપી, જે નાગરિક વિકાસનું પ્રતિક બન્યું. આ નવા નગરોએ સમાજમાં નવી વિચારધારાઓ અને સંસ્કૃતિઓનું સર્જન કર્યું. વિવિધ દેશો અને સંસ્કૃતિઓના લોકો એકબીજાના સંપર્કમાં આવ્યા અને નવી ભાષાઓ, રિવાજો અને વિચારોનો આદાન-પ્રદાન થયું. આનાથી સમાજમાં એક નવી જાગૃતિ આવી અને વિજ્ઞાન, કલા અને સાહિત્યના ક્ષેત્રમાં નવી નવી શોધો થઈ. વેપાર અને નગરોના વિકાસ સાથે સાથે મધ્યયુગીન સમાજમાં ફેરફારો આવવા લાગ્યા.

- **નવા વેપારોના પ્રકારઃ**

1. મસાલાનો વેપાર : ભારત અને અન્ય એશિયાઈ દેશોમાંથી યુરોપમાં મસાલાઓનો વેપાર એક મહત્ત્વનો વેપાર હતો. મરી, લવિંગ, તજ જેવા મસાલાઓની ખૂબ માંગ હતી.

2. રેશમનો વેપાર : ચીનમાંથી રેશમનો વેપાર પણ ખૂબ ફૂલ્યોફાળ્યો હતો. રેશમના કાપડ ખૂબ મોંઘા હતા અને તેને કિંમતી વસ્તુ ગણવામાં આવતી હતી.

3. દાસ વેપાર : આફ્રિકાથી અમેરિકામાં દાસોની નિકાસ એ ઇતિહાસના સૌથી કાળા અધ્યાયોમાંનો એક છે. દાસોનો ઉપયોગ ખેતી અને ઉદ્યોગોમાં થતો હતો.

4. ખનિજ પદાર્થોનો વેપાર : સોનું, ચાંદી, તાંબુ જેવા ખનિજ પદાર્થોનો વેપાર પણ એક મહત્ત્વનો વેપાર હતો.

5. ઔદ્યોગિક ક્રાંતિ પછી : ઔદ્યોગિક ક્રાંતિ પછી યંત્રો અને મશીનોનું ઉત્પાદન અને વેપાર વધ્યો. કપાસ, લોખંડ, કોલસા જેવા કાચા માલનો વેપાર પણ વધ્યો.

6. સેવા ક્ષેત્રનો વેપાર : 20મી સદીમાં સેવા ક્ષેત્રનો વિકાસ થતાં સેવાઓનો વેપાર પણ વધ્યો. આમાં પર્યટન, નાણાકીય સેવાઓ, માહિતી તકનિક વગેરેનો સમાવેશ થાય છે.

- **નવા નગરો અને શહેરો :**

નવા નગરો અને શહેરો વેપારના કેન્દ્ર બન્યા અને અહીં વેપારીઓ, કારીગરો અને અન્ય લોકો વસવાટ કરવા આવ્યા.

1. યુરોપ : બ્રિટિશ સામ્રાજ્યના વિકાસ સાથે લંડન, એમ્સ્ટર્ડમ, લિસબન, સેવિલ જેવા શહેરો વૈશ્વિક વેપારના મહત્ત્વના કેન્દ્રો બન્યા.
2. અમેરિકા : ન્યૂયોર્ક, બોસ્ટન, ન્યુ ઓર્લિયન્સ જેવા શહેરો વેપાર અને વસાહતીકરણના કેન્દ્ર બન્યા.
3. એશિયા : ગોઆ, કોલકાતા, મુંબઈ જેવા શહેરો પોર્ટુગીઝ અને બ્રિટિશ વસાહતો તરીકે વિકસ્યા અને વેપારના મહત્ત્વના કેન્દ્ર બન્યા.
4. વેનિસ : ભૂમધ્ય સમુદ્રમાં આવેલું વેનિસ શહેર મસાલા, રેશમ અને અન્ય મૂલ્યવાન વસ્તુઓના વેપાર માટે એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું હતું.
5. ઉદ્યોગોના કેન્દ્રો : મેનચેસ્ટર, બર્મિંગહામ જેવા શહેરો ઉદ્યોગોના કેન્દ્રો બન્યા.
6. સાંસ્કૃતિક કેન્દ્રો : પેરિસ, રોમ, ફ્લોરેન્સ, વેનિસ જેવા શહેરો સાંસ્કૃતિક કેન્દ્રો બન્યા.

આમ, પશ્ચિમી સમાજના ઇતિહાસમાં વેપાર અને નગરોનો ઉદ્‌ભવ અને વિકાસ પ્રક્રિયાએ સમાજ, અર્થતંત્ર અને સંસ્કૃતિ પર ઊંડી અસર કરી છે.

**યુરોપમાં ધાર્મિક સુધારણા :**

યુરોપમાં ધાર્મિક સુધારણા એક મહત્ત્વપૂર્ણ આંદોલન હતું, જેને ક્રિસ્ટિયન રિફોર્મેશન (The Christian Reformation) તરીકે પણ ઓળખવામાં આવે છે. ધાર્મિક સુધારણાની શરૂઆત 16મી સદીમાં જર્મનીના સંસ્થીન વિજ્ઞાની માર્ટિન લ્યુથરે કરી હતી. તે સમયે કેથોલિક ચર્ચમાં તત્કાલીન ધાર્મિક નેતાઓ અને પાદરીઓ દ્વારા ચાલી રહેલા ભ્રષ્ટાચાર અને અનૈતિક પ્રથાઓ સામે લડવા માટે લ્યુથરે પોતાના વિચાર રજૂ કર્યા. જેને પ્રોટેસ્ટન્ટ રિફોર્મેશન (Protestant Reformation) તરીકે ઓળખવામાં આવે છે. માર્ટિન લૂથર જેવા ધાર્મિક સુધારકોએ ચર્ચની કેટલીક પ્રથાઓ જેવી કે કૃપાના વેચાણ, પોપની અપાર સત્તા અને મધ્યસ્થી વગેરેની ટીકા કરી. તેમણે દાવો કર્યો કે મુક્તિ માટે માત્ર વિશ્વાસ જરૂરી છે અને ચર્ચના કાર્યો જરૂરી નથી. લૂથરના વિચારોએ યુરોપભરમાં ફેલાવો કર્યો અને ઘણા લોકોએ તેમને અપનાવ્યા. આના પરિણામે કેથોલિક ચર્ચ અને પ્રોટેસ્ટંટ ધર્મ વચ્ચે લાંબો સમય સુધી ધાર્મિક યુદ્ધો થયા.

ધાર્મિક સુધારણાના પરિણામે યુરોપના રાજકીય અને સામાજિક માળખામાં મોટા ફેરફારો થયા. રાજાઓ અને રાજકુમારોએ પોતાના રાજ્યોમાં પ્રોટેસ્ટંટ ધર્મ સ્વીકાર્યો અને કેથોલિક ચર્ચની સત્તાને મર્યાદિત કરી. આના પરિણામે યુરોપમાં ઘણા નવા રાષ્ટ્રોનો ઉદ્‌ભવ થયો. ધાર્મિક સુધારણાએ શિક્ષણ અને સાક્ષરતાના પ્રસારમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો. પ્રોટેસ્ટંટ ધર્મના લોકો ભાષાંતરિત બાઇબલ વાંચવા અને સમજવા માટે ઉત્સુક હતા, જેના પરિણામે શિક્ષણનું સ્તર વધ્યું. ધાર્મિક સુધારણાએ સમાજ કાર્યના ક્ષેત્રમાં પણ નવા માર્ગો ખોલ્યા. ધાર્મિક સુધારકોએ ગરીબો અને અનાથોની સેવા કરવા પર ભાર મૂક્યો. આના પરિણામે ઘણી ખાનગી સંસ્થાઓની સ્થાપના થઈ જે ગરીબોને ખોરાક, કપડા અને આશરો પૂરો પાડતી હતી. ધાર્મિક સુધારણાએ સમાજ સેવાના વિચારને પ્રોત્સાહન આપ્યું. ધાર્મિક સુધારણાએ યુરોપના સાંસ્કૃતિક જીવનને પણ ઘણો પ્રભાવિત કર્યો. નવી ધાર્મિક પંથોના ઉદ્‌ભવ સાથે નવી કલા, સંગીત અને સાહિત્યની રચના થઈ. ધાર્મિક સુધારણાએ વ્યક્તિગત સ્વતંત્રતા અને વિવેકબુદ્ધિના વિચારોને પ્રોત્સાહન

આપ્યું, જેણે યુરોપના ઇતિહાસમાં એક નવા યુગની શરૂઆત કરી.

**ધર્મયુદ્ધોનો પ્રભાવ :**

12મી અને 13મી સદી દરમિયાન યુરોપિયન સમાજનું સમગ્ર માળખું બદલાઈ ગયું હતું અને એક સમય એવો હતો જ્યારે આ પરિવર્તન મોટાભાગે ધર્મયુદ્ધોને આભારી હતું. ધર્મયુદ્ધો, ઇતિહાસના એક અંધકારમય અધ્યાય તરીકે ઓળખાય છે. ખ્રિસ્તી ધર્મના પ્રચાર અને પવિત્ર સ્થળોને મુસ્લિમો પાસેથી મુક્ત કરાવવાના બહાને શરૂ થયેલા આ યુદ્ધોએ યુરોપ અને મધ્ય પૂર્વના રાજકીય, સામાજિક અને આર્થિક માળખાને બદલી નાખ્યું હતું. ધર્મયુદ્ધોએ યુરોપમાં ધાર્મિક ઉત્સાહ વધાર્યો હતો, પરંતુ ધર્મયુદ્ધોના તાત્કાલિક પરિણામો વિનાશક હતા. લાખો લોકોએ પોતાના જીવ ગુમાવ્યા, શહેરો અને ગામડાઓ નષ્ટ થયા અને સંસ્કૃતિઓનો નાશ થયો. ધર્મના નામે હિંસા ફેલાઈ અને વિશ્વમાં ધાર્મિક અસહિષ્ણુતા વધી. ધર્મયુદ્ધોએ યુરોપમાં નવા વેપાર માર્ગો ખોલ્યા, પૂર્વના મસાલા અને માલસામાનની માંગ વધારી અને વહાણવ્યવસ્થાના વિકાસને પ્રોત્સાહન આપ્યું, જેનાથી રેનેસાંસ અને પ્રબુદ્ધ યુગનો માર્ગ મોકળો થયો. 1074 માં, ગ્રેગરી-VII એ પોપના સાર્વભૌમત્વના સિદ્ધાંતને મજબૂત કરવા લશ્કરી શક્તિના પ્રદર્શનની યોજના બનાવી. ધર્મયુદ્ધોએ યુરોપીયન શક્તિઓને એક કરી અને તેમની વિશ્વમાં પ્રભુત્વ સ્થાપવાની લાલસા વધારી. આનાથી યુરોપમાં વેપારી વર્ગનો ઉદય થયો અને નવી શહેરોની સ્થાપના થઈ. પરંતુ આનાથી સાથે સાથે યુરોપમાં યહૂદીઓ સામે અત્યાચારો વધ્યા. ધર્મયુદ્ધોએ યુરોપમાં રાષ્ટ્રવાદની ભાવનાને પ્રોત્સાહન આપ્યું અને ફ્રાંસ અને ઇંગ્લેન્ડ જેવા રાષ્ટ્રોના ઉદયમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. પરંતુ આનાથી સાથે સાથે પોપની શક્તિમાં ઘટાડો થયો અને ચર્ચની એકતા તૂટી. સામાજિક રીતે, ધર્મયુદ્ધોએ યુરોપના સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવ્યા. ધર્મયુદ્ધોમાં ભાગ લેનારાઓને જમીન અને સંપત્તિ આપવામાં આવતી હતી, જેનાથી નવા કુળોનો ઉદય થયો. આ ઉપરાંત, ધર્મયુદ્ધોમાં ભાગ લેનારાઓને ચર્ચ દ્વારા પાપોની માફી આપવામાં આવતી હતી, જેનાથી ચર્ચની શક્તિ વધી. રાજકીય રીતે ધર્મયુદ્ધોએ યુરોપના રાજકીય નકશાને બદલી નાખ્યો. ધર્મયુદ્ધોમાં સફળ થનારા રાજાઓ અને શાસકોની શક્તિ વધી અને તેમણે નવા સામ્રાજ્યો સ્થાપ્યા. સાહિત્ય અને કલામાં પણ ધર્મયુદ્ધોનો પ્રભાવ જોવા મળે છે. ધર્મયુદ્ધોને કેન્દ્રમાં રાખીને ઘણી કવિતાઓ, ગીતો અને કથાઓ લખવામાં આવી હતી. ધર્મયુદ્ધોની ઘટનાઓને ચિત્રો અને શિલ્પોમાં પણ ઉપસ્થિત કરવામાં આવી હતી.

આમ, ધર્મયુદ્ધોએ મધ્યયુગીન યુરોપ અને મધ્ય પૂર્વના ઇતિહાસ પર ઊંડા પ્રભાવ પાડ્યા હતા. આ યુદ્ધોએ ધાર્મિક અસહિષ્ણુતા, સામાજિક પરિવર્તન, આર્થિક વિકાસ અને રાજકીય ફેરફારોને જન્મ આપ્યો હતો.

**શૈક્ષિણક સંસ્થાઓનું યોગદાન :**

પ્રાચીન ગ્રીસ અને રોમ જેવા સમાજોમાં જ્ઞાનનું કેન્દ્ર તરીકે શાળાઓ અને અકાદમીઓની સ્થાપના થઈ હતી. પ્લેટોની એકેડમી (The Academy) અને એરિસ્ટોટલનો લીસિયમ (The Lyceum) જેવા સ્થળોએ વિદ્યાના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ આપવામાં આવતું હતું. મધ્યયુગમાં યુરોપમાં ખ્રિસ્તી ધર્મના પ્રસાર સાથે શિક્ષણનું કેન્દ્ર ચર્ચ બન્યું. મઠો અને કેથેડ્રલોમાં ધાર્મિક અને દાર્શનિક અભ્યાસ કરવામાં આવતો. ઇટાલી, ફ્રાંસ, જર્મની અને બ્રિટન જેવા દેશોમાં 13મી અને 14મી સદીમાં ઘણી યુનિવર્સિટીઓની સ્થાપના થઈ હતી. આ યુનિવર્સિટીઓએ વિવિધ વિષયો જેવા કે દર્શન, કાયદો, ધર્મશાસ્ત્ર અને દવાના અભ્યાસ માટે કેન્દ્ર તરીકે કામ કર્યું હતું. બોલોના યુનિવર્સિટી, પેરિસ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી જેવી સંસ્થાઓએ પશ્ચિમી વિશ્વના વિચારો અને સંસ્કૃતિને ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પુનરુત્થાનના કાળમાં

વિજ્ઞાન, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં નવીન વિચારોનો ઉદય થયો. આના પરિણામસ્વરૂપ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં પણ ફેરફારો થયા. વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. આ સમયગાળામાં ઘણી નવી યુનિવર્સિટીઓની સ્થાપના થઈ અને જૂની યુનિવર્સિટીઓને પણ નવેસરથી સજ્જ કરવામાં આવી.

**ભાષા સાહિત્યમાં વધારો :**

મધ્યયુગના 12મીથી 14મી સદીના ગાળામાં પશ્ચિમી સમાજમાં ભાષા અને સાહિત્યના ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન અને વિકાસ જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન, લેટિન ભાષા જે લાંબા સમય સુધી શિક્ષણ અને સાહિત્યની ભાષા રહી હતી, તેની સાથે સાથે સ્થાનિક ભાષાઓનું મહત્ત્વ વધવા લાગ્યું. ફ્રેન્ચ, અંગ્રેજી, જર્મન અને ઇટાલિયન જેવી સ્થાનિક ભાષાઓમાં સાહિત્ય સર્જન થવા લાગ્યું. આનું કારણ હતું વધતી જતી મધ્ય વર્ગની જાગૃતિ અને તેમની ભાષા પ્રત્યેની ઓળખ. લોકો પોતાની ભાષામાં લખવા અને વાંચવા માંગતા હતા, જેથી સમાજના વ્યાપક વર્ગ સુધી વિચારો અને માહિતીનું વિનિમય થઈ શકે. આ સમયગાળામાં સાહિત્યના વિવિધ પ્રકારો જેવા કે કાવ્ય, નાટક, ગદ્ય વગેરેનો વિકાસ થયો. 12મી સદીમાં ક્રેટિયન ડી ટ્રોયસ (Chrétien de Troyes) આર્થરિયન વિષયો જેમ કે ગેવેન, લેન્સલોટ, પરસેવલ અને હોલી ગ્રેઇલ (Gawain, Lancelot, Perceval and the Holy Grail) પરના તેમના લેખન માટે જાણીતા છે. તેમની પ્રખ્યાત કૃતિઓમાં વીરતા, પ્રેમ અને સાહસિકતાનું વર્ણન કરવામાં આવ્યું છે. 13મી સદીમાં ઇટાલીમાં દાંતે એલિગિયેરી (Dante Alighieri) જેવા મહાન કવિએ 'ધ ડિવાઈન કોમેડી' (The Divine Comedy) જેવી અમૂલ્ય કૃતિ રચી હતી. આ કૃતિમાં દાંતેએ સ્વર્ગ, નરક અને શુદ્ધિકરણની યાત્રાનું વર્ણન કર્યું છે. આ કૃતિમાં ઇટાલીની રાજનીતિ, ધર્મ અને સમાજ પર વ્યંગ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડમાં, જેફ્રી ચોસર (Geoffrey Chaucer) જેવા લેખકે 'ધ કેન્ટરબરી ટેલ્સ' (The Canterbury Tales) જેવી મહાકાવ્ય રચી હતી. આ કૃતિમાં ચોસરે મધ્યયુગીન ઈંગ્લેન્ડના જીવન અને સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે. 14મી સદીમાં ફ્રાન્સમાં ફ્રાંસિસ પેટ્રાર્ક (Francesco Pararch) જેવા કવિએ સોનેટ્સ લખ્યા હતા. તેમના સોનેટ્સમાં પ્રેમ, મૃત્યુ અને માનવીય અસ્તિત્વના પ્રશ્નોનું અન્વેષણ કરવામાં આવ્યું છે. જર્મનીમાં, જોહાન ગુટેનબર્ગ (Johann Gutenberg) જેવા આવિષ્કારકે પ્રિન્ટિંગ પ્રેસનું આવિષ્કાર કર્યું હતું. જેના કારણે પુસ્તકોનું વ્યાપક પ્રમાણમાં પ્રકાશન શક્ય બન્યું અને સાહિત્યનો વ્યાપક પ્રસાર થયો. આમ, કાવ્યમાં પ્રણય, ધર્મ, નાયકોની વાર્તાઓ જેવા વિષયોને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. નાટકોમાં સમાજના વિવિધ વર્ગોના જીવન અને સંઘર્ષોનું નિરૂપણ કરવામાં આવતું હતું. ગદ્યમાં ધાર્મિક ગ્રંથો, ઇતિહાસ અને વૈજ્ઞાનિક વિષયો પર લખવામાં આવતું હતું. સાહિત્યે લોકોને વિચારવા માટે પ્રેરિત કર્યા અને સમાજમાં સુધારા માટે પ્રેરણા આપી. સાહિત્યે લોકોને એકબીજાને સમજવામાં અને સહકાર આપવામાં મદદ કરી.

**નવજાગૃતિ/ પુનરુજ્જીવન (Renaissance) યુગનો પ્રારંભ :**

નવજાગૃતિ યુગનો પ્રારંભ 15મી સદીના મધ્યમાં એક ઐતિહાસિક ઘટના તરીકે ઉદ્‌ભવ્યો, જેણે યુરોપના માનવજાતના વિચારો, કલા, સાહિત્ય, વિજ્ઞાન અને સમાજમાં વ્યાપક પરિવર્તનો લાવ્યા. ચર્ચની સત્તા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા. ધાર્મિક વિચારોને બદલે તર્ક અને વિજ્ઞાનને પ્રાધાન્ય આપવાનું શરૂ થયું. માનવજાતની કુતૂહલતા વધી અને વિશ્વને સમજવાની નવી રીતો શોધવામાં આવી. કલા અને સાહિત્યમાં વ્યક્તિવાદ અને માનવીય મૂલ્યોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. નવજાગૃતિનો પ્રારંભ ઇટાલીમાં 14મી સદીમાં થયો હતો. ઇટાલીના શહેરો જેવા કે ફ્લોરેન્સ, વેનિસ અને રોમ તે સમયે વ્યાપાર અને સંસ્કૃતિના મહત્ત્વના કેન્દ્રો હતા. આ શહેરોમાં

ધનિક વર્ગ ઉભો થયો હતો, જે કલા અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપતો હતો. ગેલિલિયો ગેલિલી જેવા વૈજ્ઞાનિકોએ પૃથ્વી કેન્દ્રીય સિદ્ધાંતને નકારી કાઢીને સૂર્ય કેન્દ્રીય સિદ્ધાંતને સ્વીકાર્યો. નિકોલસ કોપરનિકસે સૂર્યકેન્દ્રીય સિદ્ધાંત રજૂ કર્યો, જેણે આકાશગંગા વિશેની માનવજાતની સમજને બદલી નાખી. લિયોનાર્ડો દા વિંચી, માઇકલએન્જેલો અને રાફેલ જેવા મહાન કલાકારો આ જ યુગમાં ઉદભવ્યા હતા. નવજાગૃતિએ માત્ર ઇટાલી પૂરતું મર્યાદિત રહી નહીં, પરંતુ ધીમે ધીમે સમગ્ર યુરોપમાં ફેલાઈ ગઈ. ફ્રાન્સ, જર્મની, ઇંગ્લેન્ડ અને અન્ય દેશોમાં પણ નવા વિચારો અને કલાનું સર્જન થયું. આ યુગમાં પ્રિન્ટિંગ પ્રેસનું આગમન થયું, જેના કારણે જ્ઞાનનું પ્રસારણ ઝડપથી થયું. નવજાગૃતિ એ માનવજાતના ઇતિહાસમાં એક મહત્ત્વનો સમયગાળો હતો. આમ, આ સમયગાળામાં વિકસિત થયેલા વિચારો અને શોધોએ આધુનિક વિશ્વના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નવજાગૃતિએ માનવજાતને તર્ક અને વિવેકનો ઉપયોગ કરવા અને વિશ્વને નવી દ્રષ્ટિથી જોવા માટે પ્રેરિત કરી હતી.

**ભૌગોલિક શોધો :**

યુરોપમાં 15મી અને 16મી સદીમાં ભૌગોલિક શોધોનો ક્રાંતિકારી યુગ શરૂ થયો હતો. વેપારી માર્ગો શોધવાની તીવ્ર ઇચ્છા, ધર્મ પ્રચાર કરવાની ઉત્કટતા અને નવા સંસાધનો, સોનું અને મસાલા મેળવવાની લાલચ આ શોધોના મુખ્ય પ્રેરણા સ્રોત હતા. યુરોપના દેશો, ખાસ કરીને સ્પેન, પોર્ટુગલ, ઇંગ્લેન્ડ, અને ફ્રાંસ,ને સહારે વહાણ ચલાવતી અને અજ્ઞાત સમુદ્રો અને ભૂમિ પર આગળ વધતી ભૌગોલિક શોધો શરૂ થઈ હતી. બાર્થોલોમ્યુ ડાયેઝે આફ્રિકાના દક્ષિણ ભાગમાં કેપ ઓફ ગુડ હોપ શોધી કાઢ્યું હતું, જ્યારે વાસ્કો દા ગામા ભારત પહોંચનાર પ્રથમ યુરોપિયન બન્યો હતો. ક્રિસ્ટોફર કોલંબસે હિંદ મહાસાગર શોધવાના પ્રયાસમાં અમેરિકાની શોધ કરીને વિશ્વના નકશાને સંપૂર્ણપણે બદલી નાખ્યો હતો. મેગેલન જેવા સાહસિકોએ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને ભૂગોળના ક્ષેત્રમાં નવા આયામો ઉમેર્યા હતા. વિશ્વના નકશામાં ક્રાંતિ આવી હતી અને પશ્ચિમી દેશોની સત્તા વિસ્તરવા લાગી હતી.

ભૌગોલિક શોધોના પરિણામે વિશ્વના વિવિધ ભાગો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન થયું હતું. નવી જાતિઓ, વનસ્પતિઓ અને પ્રાણીઓની શોધ થઈ હતી. વેપાર અને વાણિજયનું જાળું વિશ્વભરમાં ફેલાયું હતું. પરંતુ, આ શોધોના અંધકારમય પાસાઓ પણ હતા. સ્થાનિક સંસ્કૃતિઓનો વિનાશ, ગુલામ વેપાર અને યુદ્ધો જેવી ઘટનાઓ પણ આ સાથે જોડાયેલી હતી.

**આર્થિક પરિબળો :**

ઐતિહાસિક રીતે, 1453માં કોન્સ્ટેન્ટિનોપલનું પતન એ યુરોપમાં વેપાર અને ઉદ્યોગના વિકાસ માટેનું એક મહત્ત્વનું કેન્દ્રબિંદુ હતું. આ ઘટનાએ એશિયા સાથેના વેપાર માર્ગો ખુલ્લા કર્યા અને પૂર્વના મસાલા, રેશમ અને અન્ય વસ્તુઓની માંગ વધારી. આ માંગે યુરોપમાં નવા વેપારી વર્ગને જન્મ આપ્યો અને શહેરોના વિકાસને પ્રોત્સાહન આપ્યું. આ સમયગાળા દરમિયાન, વિજ્ઞાન, કલા અને વિચારોમાં નવીનતા આવતા ઉત્પાદન પદ્ધતિઓમાં સુધારો થયો અને નવા ઉદ્યોગોનો વિકાસ થયો. ધીમે ધીમે, યુરોપમાં મધ્યયુગીન સામંતશાહી વ્યવસ્થા તૂટી પડી અને નવી આર્થિક વ્યવસ્થા ઉભી થઈ. ઔદ્યોગિક ક્રાંતિએ પશ્ચિમી સમાજોમાં આર્થિક પરિવર્તનને વેગ આપ્યો. યાંત્રિક ઉત્પાદન, વરાળ એન્જિન અને નવી ઉર્જા સ્રોતોના આવિષ્કારથી ઉત્પાદનમાં વધારો થયો અને જીવનધોરણમાં સુધારો થયો. જોકે, આનાથી શ્રમજીવી વર્ગની સ્થિતિમાં સુધારાની માંગ પણ ઉભી થઈ અને સમાજવાદ અને સામ્યવાદ જેવા નવા વિચારોનો ઉદય થયો. 20મી સદીમાં, વિશ્વયુદ્ધો અને મહામારીઓએ પશ્ચિમી અર્થતંત્રને ઘણું નુકસાન પહોંચાડ્યું. જોકે બીજા વિશ્વયુદ્ધ પછી યુનાઇટેડ સ્ટેટ્સ અને પશ્ચિમ યુરોપના દેશોએ આર્થિક

પુનરુત્થાન કર્યું અને વિશ્વના આર્થિક નેતાઓ બન્યા. આ સમયગાળા દરમિયાન, સેવા ક્ષેત્રનો વિકાસ થયો અને જ્ઞાન આધારિત અર્થતંત્રનું નિર્માણ થયું.

**રાજકીય પરિબળો :**

પશ્ચિમી રાજકારણના મૂળ પ્રાચીન ગ્રીસ અને રોમમાં મળી આવે છે. જ્યાં લોકશાહી અને પ્રજાસત્તાક જેવા ખ્યાલોની શરૂઆત થઈ હતી. મધ્યયુગમાં ચર્ચ અને રાજાઓની શક્તિ વધુ હતી, પરંતુ પુનરુજ્જાગર અને પ્રોટેસ્ટંટ સુધારણાના કારણે વ્યક્તિવાદ અને લોકશાહી વિચારો ફરીથી ઉભરી આવ્યા. ફ્રેન્ચ ક્રાંતિએ રાજાશાહી સામે બળવો કરીને લોકશાહીના વિચારોને વધુ પ્રચલિત બનાવ્યા. સમુદ્રી માર્ગોની શોધથી વેપાર અને વસાહતીકરણને પ્રોત્સાહન મળ્યું અને રાષ્ટ્ર રાજ્યોનો ઉદય થયો. 15મી અને 16મી સદીમાં યુરોપિયન દેશોએ નવા જળમાર્ગ શોધવાની અને નવી ભૂમિઓ શોધવાની સ્પર્ધા શરૂ કરી. સ્પેનના રાજા અને રાણીએ કોલંબસને ભારત જવાનો સમુદ્રી માર્ગ શોધવા માટે ભંડોળ પૂરું પાડ્યું હતું. પોર્ટુગલના રાજાએ વાસ્કો દા ગામાને ભારત જવાનો સમુદ્રી માર્ગ શોધવા માટે ભંડોળ પૂરું પાડ્યું હતું. આના પરિણામે વસાહતીકરણની પ્રક્રિયા શરૂ થઈ, જેણે યુરોપિયન શક્તિઓને વિશાળ સામ્રાજ્યો સ્થાપવામાં મદદ કરી. વસાહતીકરણે યુરોપિયન અર્થતંત્રને મજબૂત બનાવ્યું પશ્ચિમી સત્તાધીશો સોનું, ચાંદી, કાપર જેવી કિંમતી ધાતુઓ, રત્નો અને અન્ય મૂલ્યવાન ચીજવસ્તુઓની શોધમાં હંમેશા રસ ધરાવતા હતા. મૂલ્યવાન ચીજવસ્તુઓની શોધખોળ સાથે જ નવા જળમાર્ગો શોધવાનો પણ સત્તાધીશોનો મુખ્ય ધ્યેય હતો. નવા જળમાર્ગો શોધવાથી વેપારને વેગ મળતો હતો અને રાજ્યની આર્થિક શક્તિમાં વધારો થતો હતો.

**પ્રિન્સ હેનરી ધ નેવિગેટર :**

હેનરીનો જન્મ 1394માં પોર્ટુગલના રાજપરિવારમાં થયો હતો પ્રિન્સ હેનરી, જેને નેવિગેટર તરીકે પણ ઓળખવામાં આવે છે, 15મી સદીમાં સમુદ્રયાત્રાના ક્ષેત્રમાં ક્રાંતિ લાવી હતી. તેણે પશ્ચિમ આફ્રિકાના દરિયાકાંઠાની શોધખોળમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું અને તેને આધુનિક સમુદ્રયાત્રાનો પિતા માનવામાં આવે છે. તેમણે તેમના પિતા, જહોને 1415 માં મોરોક્કન શહેર સ્યુટા કબજે કરવામાં મદદ કરી અને સેઉટાના અને પછી પોર્ટુગીઝ પ્રાંત અલ્ગાર્વેના ગવર્નર તરીકે સેવા આપી. તેણે સાગ્રેસ ખાતે પોતાની કોર્ટની સ્થાપના કરી અને મડેઇરા ટાપુઓ અને આફ્રિકાના પશ્ચિમ કિનારે શોધની સફરને પ્રાયોજિત કરી. ઓર્ડર ઓફ ક્રાઈસ્ટના ગ્રાન્ડ માસ્ટર તરીકે, તેમણે મૂર્તિપૂજકોના રૂપાંતરણને ધ્યાનમાં રાખીને સફરને સમર્થન આપવા માટે ભંડોળ મેળવ્યું. તેમના આશ્રયને લીધે પોર્ટુગીઝ કારાવેલનો વિકાસ થયો અને નેવિગેશનલ સાધનોમાં સુધારો થયો અને કાર્ટોગ્રાફીની પ્રગતિ થઈ. હેનરીએ સમુદ્રયાત્રા માટે એક વિશિષ્ટ કેન્દ્ર સ્થાપ્યું હતું, જ્યાં નવા જહાજો અને નૌકાચાલન સાધનોનું નિર્માણ કરવામાં આવતું હતું. તેણે સમુદ્ર યાત્રીઓને તાલીમ આપવા માટે એક શાળા પણ સ્થાપી હતી. તેની આ પ્રવૃત્તિઓના પરિણામે, પોર્ટુગલે આફ્રિકાના પશ્ચિમ કિનારા પર અનેક નવા વસાહતો સ્થાપી અને યુરોપ અને એશિયા વચ્ચેના વેપાર માર્ગો ખોલ્યા.

**બાર્ટોલોમેયુ ડાયસ પોર્ટુગીઝ નાવિક :**

બાર્ટોલોમેયુ ડાયસ, પોર્ટુગીઝ નૌકાદળનો એક સાહસિક જેણે 15મી સદીના અંતમાં એક અભૂતપૂર્વ સફર કરીને ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કર્યું હતું. તે આફ્રિકાના દક્ષિણ ભાગને પ્રદક્ષિણ કરનાર પ્રથમ યુરોપિયન હતો. ભારતમાં મસાલા અને અન્ય કિંમતી વસ્તુઓ મળતી હતી, જે યુરોપમાં ખૂબ જ લોકપ્રિય હતી. પોર્ટુગીઝ રાજાએ આ માર્ગ શોધવા માટે ડાયસને એક અભિયાન પર મોકલ્યો હતો. ડાયસે આફ્રિકાના પશ્ચિમ કિનારાને અનુસરીને દક્ષિણ તરફ પ્રવાસ

કર્યો. રસ્તામાં તેણે અગાઉ ક્યારેય જોયેલા ન હોય એવા દેશો અને સંસ્કૃતિઓ જોઈ. આફ્રિકાના દક્ષિણ ભાગમાં એક વિશાળ કેપને તેણે 'કેપ ઓફ સ્ટોર્મ્સ' નામ આપ્યું, કારણ કે ત્યાં ભારે તોફાન આવતા હતા. પરંતુ પોર્ટુગીઝ રાજાએ આ કેપનું નામ બદલીને 'કેપ ઓફ ગુડ હોપ' રાખ્યું.

**ક્રિસ્ટોફર કોલંબસ :**

15મી સદીમાં, જ્યારે યુરોપિયન દેશો સુવર્ણ અને મસાલાની શોધમાં દૂર-દૂર સુધી સફર કરતા હતા, ત્યારે કોલંબસે એક અનોખો વિચાર રજૂ કર્યો. મસાલાના આકર્ષક વેપારમાંથી નફો મેળવવાની આશાએ તેણે ઈસ્ટ ઈન્ડિઝમાં પશ્ચિમી દરિયાઈ માર્ગ મેળવવાની યોજના બનાવી. સ્પેનના રાણી ઈસાબેલા-I અને રાજા ફર્ડિનાન્ડ-II એ તેમની યોજના પર વિશ્વાસ મૂક્યો અને તેમને ત્રણ જહાજો આપ્યા. 1492માં કોલંબસ ત્રણ જહાજો સાથે એટલાન્ટિક મહાસાગરમાં સફર પર નીકળ્યા. ઘણા મહિનાઓ સુધી સફર કર્યા પછી તેઓ એક અજાણ્યા ટાપુ પર પહોંચ્યા. તેમને લાગ્યું કે તેઓ ભારત પહોંચી ગયા છે, પરંતુ વાસ્તવમાં તેઓ અમેરિકા ખંડમાં પહોંચ્યા હતા. ત્યારપછી તેણે હવે ક્યુબા અને હિસ્પેનિઓલા તરીકે ઓળખાતા ટાપુઓની મુલાકાત લીધી અને હવે હૈતીમાં વસાહત સ્થાપી. કોલંબસે 1493માં લેસર એન્ટિલ્સ, 1498માં ત્રિનિદાદ અને દક્ષિણ અમેરિકાના ઉત્તરીય કિનારે અને 1502માં મધ્ય અમેરિકાના પૂર્વ કિનારે શોધખોળ કરીને અમેરિકામાં વધુ ત્રણ સફર કરી. યુરોપિયન દેશોએ અમેરિકામાં વસાહતો સ્થાપવાનું શરૂ કર્યું અને નવી દુનિયામાંથી સોનું, ચાંદી અને અન્ય કિંમતી વસ્તુઓ લઈ જવા લાગ્યા. આ સાથે જ યુરોપિયન સંસ્કૃતિ અને રોગચાળા અમેરિકામાં ફેલાયા અને અમેરિકન મૂળ નિવાસીઓના જીવન પર ખૂબ જ ખરાબ અસર પડી.

**પોર્ટુગીઝ વાસ્કો દ ગામા :**

પોર્ટુગલનો વાસ્કો દ ગામા (D. Vasco da Gama) સાહસિક નૌકાયાત્રી સમુદ્રમાર્ગે ભારત પહોંચનાર પ્રથમ યુરોપિયન હતા. મસાલા, રેશમ અને અન્ય કિંમતી વસ્તુઓથી ભરપૂર ભારત સાથેનો વેપાર યુરોપના દેશો માટે ખૂબ આકર્ષક હતો. પરંતુ ભૂમિ માર્ગે ભારત પહોંચવું ખૂબ જ મુશ્કેલ અને ખતરનાક હતું. આવી સ્થિતિમાં સમુદ્રમાર્ગે ભારત પહોંચવાનો વિચાર પોર્ટુગલના રાજાના મનમાં આવ્યો અને આ જવાબદારી વાસ્કો દ ગામાને સોંપવામાં આવી. સન 1497માં વાસ્કો દ ગામા ચાર જહાજો સાથે લિસ્બનથી રવાના થયો. આ યાત્રા દરમિયાન તેણે અફ્રિકાના દક્ષિણી ભાગે આવેલા કેપ ઓફ ગુડ હોપને ફરીને હિંદ મહાસાગરમાં પ્રવેશ કર્યો. લાંબી અને કષ્ટદાયક યાત્રા પછી 1498માં તે કાલિકટ પહોંચ્યો. આ યાત્રાએ યુરોપ અને એશિયા વચ્ચે સીધો સમુદ્ર માર્ગ ખોલ્યો.

**બ્રિટીશ સંશોધક કેપ્ટન જેમ્સ કૂકે :**

કેપ્ટન જેમ્સ કૂક (Captain James Cooke) 18મી સદીના એક અતિ પ્રતિભાશાળી બ્રિટિશ સંશોધક, નકશાશાસ્ત્રી અને નૌકાદળના અધિકારી હતા. બ્રિટિશ નૌકાદળના અધિકારી તરીકે, કૂકે પેસિફિક મહાસાગરમાં અનેક અભિયાનોનું નેતૃત્વ કર્યું હતું. કૂકની સૌથી પ્રખ્યાત સમુદ્રયાત્રાઓમાંની એક 1768માં શરૂ થઈ હતી. આ સફરનો મુખ્ય હેતુ શુક્ર ગ્રહનું પરિભ્રમણ માપવાનો હતો. પરંતુ આ સાથે જ તેમણે દક્ષિણ પેસિફિક મહાસાગરમાં અજાણી ભૂમિઓની શોધ કરવાનું પણ નક્કી કર્યું. આ દરમિયાન તેમણે ન્યુઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિયાની શોધ કરી. કૂકની બીજી સમુદ્રયાત્રામાં તેમણે એન્ટાર્કટિકાની શોધ કરવાનો પ્રયાસ કર્યો. જોકે, તેઓ એન્ટાર્કટિકા સુધી પહોંચી શક્યા નહીં, પરંતુ તેમણે દક્ષિણ એટલાન્ટિક અને દક્ષિણ પેસિફિક મહાસાગરમાં ઘણી નવી ભૂમિઓ શોધી કાઢી.

**ફ્રેન્ચ સંશોધક સેમ્યુઅલ ડી ચેમ્પલેઇન :**

સેમ્યુઅલ ડી ચેમ્પલેઇન (Samuel de Champlain) એક મહાન અન્વેષક અને નકશાકાર હતા જેમણે ઉત્તર અમેરિકાના પૂર્વીય કિનારાનું અન્વેષણ કર્યું અને ફ્રાન્સ માટે નવા વસાહતો સ્થાપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમના અભિયાનોએ ફ્રાન્સ અને આદિવાસીઓ વચ્ચે સંબંધો સ્થાપવામાં મદદ કરી અને નવા વિશ્વ વિશેની યુરોપિયન સમજને વધારીએટલાન્ટિક મહાસાગરમાં 21 થી 29 પ્રવાસો કર્યા અને 3 જુલાઈ 1608ના રોજ ક્વિબેક સિટી અને ન્યૂ ફ્રાન્સની સ્થાપના કરી. કેનેડિયન ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ, ચેમ્પલેને તેની શોધખોળ દરમિયાન પ્રથમ સચોટ દરિયાકિનારાનો નકશો બનાવ્યો અને વિવિધ વસાહતી વસાહતોની સ્થાપના કરી.

**ઈટાલિયન ખલાસી જ્હોન કેબોટ :**

જ્હોન કેબોટે (John Cabot) હેનરી VII, ઈંગ્લેન્ડના રાજાના કમિશન હેઠળ ઉત્તર અમેરિકાના દરિયાકાંઠે તેમની 1497ની સફર એ અગિયારમી સદીમાં નોર્સે વિનલેન્ડની મુલાકાત લીધી ત્યારથી દરિયાકાંઠાના ઉત્તર અમેરિકાનું સૌથી પહેલું જાણીતું યુરોપિયન સંશોધન છે. આ ઉપરાંત તેમણે કેપ ડિસ્કવરી, સેન્ટ જોન, સેન્ટ જ્યોર્જ કેપ, ટ્રિનિટી ટાપુઓ અને ઈંગ્લેન્ડના કેપની વિવિધ વિશેષતાઓને નામ આપીને દરિયાકિનારે વહાણમાંથી સંશોધન હાથ ધર્યું. યુરોપના દેશો નવી જમીનો અને સંપત્તિની શોધમાં હતા. કેબોટ પણ આ જ ધ્યેય લઈને સમુદ્રમાં ઉતર્યા હતા. કેબોટ જ્યારે ઉત્તર અમેરિકાના કિનારે પહોંચ્યા ત્યારે તેમને એક અજ્ઞાત ભૂમિ દેખાઈ. તેમણે આ ભૂમિને ન્યૂફાઉન્ડલેન્ડ (Newfoundland) નામ આપ્યું. આજે આ ભૂમિ કેનેડાનો એક ભાગ છે. કેબોટની આ શોધે યુરોપિયનો માટે નવા દ્વાર ખોલી આપ્યા. તેમની શોધના પરિણામે યુરોપ અને અમેરિકા વચ્ચે વેપાર વધ્યો અને નવી સંસ્કૃતિઓનો વિકાસ થયો.

**ઈટાલિયન ખલાસી અમેરીગો વેસ્પુચી :**

અમેરીગો વેસ્પુચી (Amerigo Vespucci) એ 15મી અને 16મી સદીના એવા અગ્રણી નૌકાયાત્રીઓમાંના એક હતા તેમનો જન્મ 1454માં ફ્લોરેન્સમાં થયો હતો. તેણે ઘણા દેશોની મુલાકાત લીધી અને વિવિધ સંસ્કૃતિઓ વિશે જાણ્યું. 1499માં તે અમેરિકા આવ્યો અને આ નવા ખંડની સુંદરતા અને વિવિધતાથી મંત્રમુગ્ધ થઈ ગયો. વેસ્પુચીએ કોલંબસ પછી નવા વિશ્વની શોધમાં સૌથી વધુ સમુદ્રયાત્રાઓ કરી હતી. તેમના વર્ણનોને આધારે જાણવા મળ્યું કે કોલંબસે જે નવી જમીન શોધી હતી તે એશિયા નહીં, પરંતુ એક નવો મહાદ્વીપ છે. આથી જ આ નવા મહાદ્વીપને અમેરિકા નામ આપવામાં આવ્યું. વેસ્પુચીએ પોતાની યાત્રાઓ દરમિયાન જોયેલી નવી જમીન, લોકો અને પ્રાણીઓના વિગતવાર વર્ણનો કર્યા હતા. તેમણે સ્થાનિક લોકોની જીવનશૈલી, સંસ્કૃતિ અને રિવાજો વિશે પણ લખ્યું હતું. વેસ્પુચીના વર્ણનોના આધારે નવા વિશ્વના નકશા બનાવવામાં આવ્યા હતા. તેમના યોગદાનને કારણે નવા વિશ્વનું ભૌગોલિક જ્ઞાન વધ્યું હતું.

## 12.4 ઉપસંહાર

પશ્ચિમી વિચારધારાઓએ સામાજિક પરિવર્તનના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ વિચારધારાઓએ સમાજના વિવિધ પાસાઓ જેવા કે, રાજકારણ, અર્થતંત્ર, સંસ્કૃતિ અને સામાજિક વ્યવસ્થા પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. પશ્ચિમી વિચારધારાઓના મુખ્ય ધ્યેયોમાં સામાજિક ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને વ્યક્તિગત વિકાસનો સમાવેશ થાય છે. પશ્ચિમી વિચારધારાઓએ સમાજમાં પરિવર્તન લાવવા માટે વિવિધ માર્ગો અપનાવ્યા છે. જેમ કે

લોકશાહી, મૂડીવાદ, ઉદારવાદ, સમાજવાદ અને માર્ક્સવાદ. આ વિચારધારાઓએ સમાજમાં નવી સંસ્થાઓ અને પ્રણાલીઓની સ્થાપના કરી છે, જેમ કે સરકાર, કાયદા, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ. આ વિચારધારાઓએ સમાજમાં સુધારા અને પરિવર્તન લાવવા માટે સમાજસેવા, રાજકીય કાર્યક્રમો અને સમાજિક ચળવળો જેવા સાધનોનો ઉપયોગ કર્યો છે. પશ્ચિમી વિચારધારાઓએ સમાજ વિશેની આપણી સમજને બદલી નાખી છે. આ વિચારધારાઓએ સમાજને એક જટિલ અને ગતિશીલ સંસ્થા તરીકે જોવાનું શીખવ્યું છે, જે સતત બદલાતી રહે છે. આ વિચારધારાઓએ સમાજમાં અસમાનતા અને અન્યાયને દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આમ, પશ્ચિમી વિચારધારાઓએ સામાજિક પરિવર્તનના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ વિચારધારાઓએ સમાજ વિશેની આપણી સમજને બદલી નાખી છે અને સમાજમાં સુધારા અને પરિવર્તન લાવવા માટે નવી દિશાઓ ખોલી છે. જોકે, આ વિચારધારાઓની ટીકા પણ થાય છે. કેટલાક લોકો માને છે કે પશ્ચિમી વિચારધારાઓ માત્ર પશ્ચિમી સંસ્કૃતિને પ્રાધાન્ય આપે છે અને અન્ય સંસ્કૃતિઓને ગૌણ ગણે છે.

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. સામાજિક પરિવર્તન અને પશ્ચિમી સમાજ વિશે આપો.
2. પશ્ચિમી સંસ્કૃતિની વિચારધારાઓની સમજૂતી દર્શાવો.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. ''યુરોપના પિતા'' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

   (અ) બાર્ટોલોમેયુ ડાયસ (બ) ચાર્લમેગ્ને (Charlemagne) (ક) પ્રિન્સ હેનરી

2. કઈ સદીમાં ઇટાલીમાં દાંતે એલિગિયેરી (Dante Alighieri) જેવા મહાન કવિએ 'ધ ડિવાઈન કોમેડી' (The Divine Comedy) જેવી અમૂલ્ય કૃતિ રચી હતી ?

   (અ) 9 (બ) 11 (ક) 13મી

3. કયા વર્ષે કોલંબસ ત્રણ જહાજો સાથે એટલાન્ટિક મહાસાગરમાં સફર પર નીકળ્યા ?

   (અ) 1492 (બ) 1592 (ક) 1692

4. 3 જુલાઈ 1608ના રોજ ક્વિબેક સિટી અને ન્યૂ ફ્રાન્સની સ્થાપના કોને કરી ?

   (અ) જેમ્સ કૂકે (બ) ક્રિસ્ટોફર કોલંબસ (ક) સેમ્યુઅલ ડી ચેમ્પલેઇન

5. ઉત્તર અમેરિકાના કિનારે અજ્ઞાત ભૂમિને ન્યૂફાઉન્ડલેન્ડ (Newfoundland) નામકોને આપ્યું ?

   (અ) અમેરીગો વેસ્પુચી (બ) જહોન કેબોટ (ક) વાસ્કો દ ગામા

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

  1. (બ) 2. (ક) 3. (અ) 4. (ક) 5. (બ)

## 12.6 ચાવીરૂપ શબ્દો

1. પશ્ચિમી વિચારધારાઓ (Western Ideologies): પશ્ચિમી દેશોમાં ઉદ્ભવેલી અને વિકસિત થયેલી વિચારધારાઓ કે જે વ્યક્તિવાદ, લોકશાહી, મૂલ્યનિરપેક્ષતા અને પ્રગતિ

જેવા મૂલ્યો પર આધારિત છે.

2. સામાજિક પરિવર્તન (Social Change): સમાજમાં થતા સમય જતાં થતા ફેરફારો કે જે સમાજની રચના, સંસ્થાઓ, વર્તન અને વિચારોને પ્રભાવિત કરે છે. આ ફેરફારો ધીમે ધીમે અથવા અચાનક થઈ શકે છે.

3. ઉદારવાદ (Liberalism): એક રાજકીય અને દાર્શનિક વિચારધારા જે વ્યક્તિગત સ્વતંત્રતા, સમાનતા અને લોકશાહી પર ભાર મૂકે છે. ઉદારવાદીઓ સામાજિક પરિવર્તનને સમાજમાં પ્રગતિ લાવવાનું માધ્યમ માને છે.

4. સમાજવાદ (Socialism): એક આર્થિક અને રાજકીય વિચારધારા જે સમાજના તમામ સભ્યો માટે સમાનતા અને ન્યાય પર ભાર મૂકે છે. સમાજવાદીઓ માને છે કે ઉત્પાદનના સાધનો સમાજના સૌથી વધુ હિતમાં હોવા જોઈએ.

5. ક્રાંતિ (Revolution): સમાજમાં અચાનક અને નાટકીય ફેરફારો લાવવાની પ્રક્રિયા. ક્રાંતિઓ સામાન્ય રીતે વર્તમાન વ્યવસ્થા સામેના અસંતોષના પરિણામે થાય છે.

## 12.7 સંદર્ભ સૂચિ


1. Hanson, Victor Davis (18 December 2007). Carnage and Culture: Landmark Battles in the Rise to Western Power. Knopf Doubleday Publishing Group. ISBN 978-0-307-42518-8.
2. John Cabot - https://www.britannica.com/biography/John-Cabot
3. "Who Was Charlemagne and Why Is He Called the 'Father of Europe?'". History Hit.
4. Kenn^ah Clark; Civilisation, BBC, SBN 563 10279 9; first published 1969.Geoffrey Blainey; A Very Short History of the World; Penguin Books, 2004.
5. Asbridge, Thomas (2012). The Crusades: The War for the Holy Land. Simon & Schuster. ISBN 978-1-84983-688-3.
6. Lindberg, David C. (2007). The Beginnings of Western Science. University of Chicago Press. p. 70. ISBN 978-0226482057.
7. "Geoffrey Chaucer in Context". Cambridge University Press. 2019.
8. Ravenstein 1900, pp. 644–645
9. Henry the Navigator summary - https://www.britannica.com/summary/Henry-the-Navigator
10. Collingridge, Vanessa (2003). Captain Cook: The Life, Death and Legacy of History's Greatest Explorer. Ebury Press. ISBN 978-0-09-188898-5.

એકમ 13

# સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ

-: રૂપરેખા :-

13.0 એકમનાં હેતુઓ
13.1 પ્રસ્તાવના
13.2 ભારતમાં પોર્ટુગીઝ વસાહતોનો ઐતિહાસિક પરિચય
13.3 સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ
13.4 ઉપસંહાર
13.5 તમારી પ્રગતિ ચકાસો
13.6 ચાવીરૂપ શબ્દો
13.7 સંદર્ભ સૂચિ

## 13.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- ભારતમાં પોર્ટુગીઝ વસાહતોનો ઐતિહાસિક પરિચયની સમજૂતી મેળવશો.
- સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ વિશે ચર્ચા કરી શકશો.

## 13.1 પ્રસ્તાવના

પોર્ટુગીઝ વિચારધારાઓ ભારતના સામાજિક પરિવર્તનમાં મોટું પ્રભાવ પાડતી આવી છે, ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિ અને ભારતીય મૌલિકતાને મિલાવીને નવો સામાજિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે 16મી સદીમાં પોર્ટુગીઝ ભારતમાં આવ્યા, ત્યારે તેઓ માત્ર વેપાર માટે નહિ, પરંતુ મિશનરી કાર્યો અને આદેશોના ઉદ્દેશ્ય સાથે આવ્યા હતા. તેઓએ ભારતના વિવિધ વિસ્તારોમાં, ખાસ કરીને પશ્ચિમ કાંઠે, એમના જીવનમૂલ્યો, ધર્મ, અને સામાજિક બંધારણોનો પ્રચાર અને પ્રસાર કર્યો. પોર્ટુગીઝ વિચારધારાઓ ભારતના સામાજિક પરિવર્તનમાં મોટું પ્રભાવ પાડતી આવી છે, ખાસ કરીને પશ્ચિમી સંસ્કૃતિ અને ભારતીય મૌલિકતાને મિલાવીને નવો સામાજિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે 16મી સદીમાં પોર્ટુગીઝ ભારતમાં આવ્યા, ત્યારે તેઓ માત્ર વેપાર માટે નહિ, પરંતુ મિશનરી કાર્યો અને આદેશોના ઉદ્દેશ્ય સાથે આવ્યા હતા. તેઓએ ભારતના વિવિધ વિસ્તારોમાં, ખાસ કરીને પશ્ચિમ કાંઠે, એમના જીવનમૂલ્યો, ધર્મ, અને સામાજિક બંધારણોનો પ્રચાર અને પ્રસાર કર્યો. આ પ્રસ્થાપનને કારણે ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં સામાજિક ફેરફારો નિર્માણ પામ્યા. આ પોર્ટુગીઝ વિચારધારાઓએ આધુનિકતાના સિદ્ધાંતોને સમર્થન આપતાં લોકોમાં નવીનતા અને સંસ્કૃતિકરણનું ભારણ મૂક્યું. તેમણે સંસ્કૃતિની આપલી શૈલીનો પ્રસાર કરવાનું અને ભારતીય સમાજને એમના દ્રષ્ટિકોણથી અનુગામી બનાવવાનું કામ કર્યું. આજે પણ પોર્ટુગીઝ વિચારધારા અને એમના અભિગમો આપણા સમાજના વિકાસમાં વિલય પામેલા જોવા મળે છે. સામાજિક ફેરફારોના આ પાયાનું વિશ્લેષણ કરે તો સ્પષ્ટ થાય છે કે આ પોર્ટુગીઝ વિચારોએ માત્ર સમાજમાં પાશ્ચાત્ય વિચારધારાને જ ઓળખ આપવાનું નથી કર્યું, પરંતુ આપણને સ્વતંત્ર વિચારધારા તરફ આગળ ધપાવવાનો માર્ગ પણ દર્શાવ્યો છે.

## 13.2 ભારતમાં પોર્ટુગીઝ વસાહતોનો ઐતિહાસિક પરિચય

ભારતનો ઇતિહાસ વિશ્વના વિવિધ સંસ્કૃતિઓ અને સામ્રાજ્યો સાથેના સંબંધોથી ભરપૂર છે. 15મી સદીથી શરૂ થઈને યુરોપિયન દેશોએ ભારતમાં વેપાર અને વસાહતો સ્થાપવાની શરૂઆત કરી.. આમાં પોર્ટુગીઝ સૌથી પહેલા આવ્યા અને ભારતના પશ્ચિમ કિનારે પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. મસાલા અને સોનાની શોધમાં યુરોપિયનો ભારત તરફ આકર્ષાયા હતા. પોર્ટુગીઝ નૌકાદળના વડા વાસ્કો દ ગામાએ 1498માં ભારતના પશ્ચિમ કાંઠે આવેલા કાલિકટ (વર્તમાન કેરળ) ખાતે પહોંચીને ભારત અને યુરોપ વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કર્યો. પોર્ટુગીઝ ભારતની રાજધાની હિંદ મહાસાગરના કિનારે પથરાયેલા લશ્કરી કિલ્લાઓ અને દરિયાઈ બંદરોના તારનું સંચાલન કેન્દ્ર હતું. પોર્ટુગીઝોએ ભારતમાં આવીને વેપાર કરવાની સાથે સાથે પોતાના રાજ્યની સ્થાપના કરવાના પ્રયત્નો કર્યા. તેમણે ગોવા, દમણ, દીવ જેવા વિસ્તારો પર કબજો જમાવીને ત્યાં પોતાનું શાસન સ્થાપ્યું. પોર્ટુગીઝોએ ભારતીય સમાજ અને સંસ્કૃતિ પર ઊંડી અસર કરી. તેમણે ભારતીયોને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે પ્રેર્યા અને પોર્ટુગીઝ ભાષા અને સંસ્કૃતિનો પ્રચાર કર્યો. પ્રથમ વાઈસરોય ફ્રાન્સિસ્કો ડી અલમેડા (Francisco de Almeida) એ મલબાર પ્રદેશમાં ફોર્ટ મેન્યુઅલ ખાતે તેમની કામગીરીનો આધાર સ્થાપ્યો, 1505માં કોચીન રાજ્યએ પોર્ટુગલનું સંરક્ષક બનવા માટે વાટાઘાટો કરી. 1510માં બીજાપુર સલ્તનતમાંથી ગોવા પર પોર્ટુગીઝના વિજય સાથે, ગોવા રાજ્ય બન્યું. 18મી સદી સુધી, ગોવામાં વાઈસરોય દક્ષિણ આફ્રિકાથી દક્ષિણપૂર્વ એશિયા સુધી હિંદ મહાસાગરમાં અને તેની આસપાસની તમામ પોર્ટુગીઝ સંપત્તિઓ પર સત્તા ધરાવતા હતા. જો કે, પોર્ટુગીઝોએ ભારતીય સંસ્કૃતિ અને વાસ્તુશિલ્પ પર પણ નોંધપાત્ર અસર કરી. આજે પણ ગોવા, દમણ અને દીવમાં પોર્ટુગીઝ વાસ્તુશિલ્પના નમૂના જોવા મળે છે. પોર્ટુગલના સાલાઝાર શાસને 1954માં દાદરા અને નગર હવેલી પરનું વાસ્તવિક નિયંત્રણ ગુમાવ્યું હતું. પોર્ટુગીઝ શાસન લગભગ 450 વર્ષ સુધી ચાલ્યું. આ દરમિયાન ભારતીયોએ અનેક વખત બળવો કર્યો પરંતુ સફળ થઈ શક્યા નહીં. 19મી સદીના અંત સુધીમાં પોર્ટુગીઝ સામ્રાજ્યનો પતન થવા લાગ્યો અને 20મી સદીમાં ભારતની આઝાદીની લડત દરમિયાન ભારતીય લોકોએ પોર્ટુગીઝો સામે સંઘર્ષ કર્યો. છેવટે 1961માં ભારતીય સેનાએ ગોવા, દમણ અને દીવને મુક્ત કરાવ્યું અને પોર્ટુગીઝ શાસનનો અંત આવ્યો. અંતે પીએમ નેહરુના નેતૃત્વમાં ગોવાના ભારતીય જોડાણ સાથે ડિસેમ્બર 1961માં બાકીનો વિદેશી પ્રદેશ ગુમાવ્યો હતો. પોર્ટુગલે 31 ડિસેમ્બર 1974ના રોજ હસ્તાક્ષર કરાયેલ સંધિમાં કાર્નેશન ક્રાંતિ અને એસ્ટાડો નોવો (Estado Novo) શાસનના પતન પછી જ ભારતીય નિયંત્રણને માન્યતા આપી હતી.

- **પોર્ટુગીઝ શાસનની વિશેષતાઓ**

1. વેપાર પર એકાધિકારઃ પોર્ટુગીઝે ભારતમાં મસાલાના વેપાર પર એકાધિકાર સ્થાપ્યો અને અન્ય યુરોપિયન દેશોને ભારતમાં વેપાર કરવાની મંજૂરી આપી નહીં.
2. દરિયાઈ કિલ્લાઓઃ પોર્ટુગીઝે ભારતના દરિયાઈ કિનારે અનેક કિલ્લાઓ બનાવ્યા જેથી તેઓ પોતાની વસાહતોને દુશ્મનોથી બચાવી શકે.
3. ધર્મ પ્રચારઃ પોર્ટુગીઝ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા હતા અને તેમણે ભારતમાં ઘણી ચર્ચો બનાવી.
4. સાંસ્કૃતિક આદાન-પ્રદાનઃ પોર્ટુગીઝે ભારતીય સંસ્કૃતિ અને રીતિ-રિવાજોને પ્રભાવિત કર્યા અને ભારતીય સંસ્કૃતિ પણ પોર્ટુગીઝ સંસ્કૃતિથી પ્રભાવિત થઈ.

- પોર્ટુગીઝ શાસનના પરિણામોઃ પોર્ટુગીઝ શાસનના ભારત પર ઘણા સકારાત્મક અને નકારાત્મક પરિણામો થયા.

**1. સકારાત્મક પરિણામો :**

- ભારત અને યુરોપ વચ્ચે વેપાર વધ્યો.
- ભારતમાં નવી તકનિકો અને વિચારો આવ્યા.
- ભારતીય સંસ્કૃતિ અને યુરોપિયન સંસ્કૃતિ વચ્ચે સંપર્ક વધ્યો.

**2. નકારાત્મક પરિણામો :**

- પોર્ટુગીઝે ભારતીય લોકો પર અત્યાચાર કર્યા અને તેમની સંસ્કૃતિનો નાશ કરવાનો પ્રયાસ કર્યો.
- પોર્ટુગીઝે ભારતના આર્થિક સંસાધનોનો શોષણ કર્યો.
- પોર્ટુગીઝે ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતા ફેલાવી.

પોર્ટુગીઝ વસાહતોનો ભારતીય ઇતિહાસ પર ઊંડો પ્રભાવ પડ્યો. આજે પણ આપણે ગોવા, દીવ અને દમણમાં પોર્ટુગીઝ વારસો જોઈ શકીએ છીએ. તેમની ભાષા, ખાણીપીણી, વાસ્તુશિલ્પ અને સંસ્કૃતિનો પ્રભાવ આજે પણ સ્પષ્ટ જોવા મળે છે.

## 13.3 સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ

પોર્ટુગીઝ સામ્રાજ્ય એ ઇતિહાસમાં સૌથી મોટા અને સૌથી પ્રભાવશાળી સામ્રાજ્યો પૈકીનું એક હતું. તેની વસાહતી સત્તા અને વિશ્વભરમાં ફેલાયેલા વેપારી સંબંધોએ વિશ્વના ઘણા ભાગોમાં સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તન લાવ્યા. પોર્ટુગીઝ સમાજ અને વિચારધારાએ ઐતિહાસિક રીતે સામાજિક પરિવર્તનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. સમુદ્ર પારના સામ્રાજ્યના નિર્માણથી માંડીને વસાહતી શાસન પછીના સમયગાળા સુધી, પોર્ટુગીઝ વિચારકોએ સામાજિક વ્યવસ્થા, સમાનતા અને ન્યાય જેવા મુદ્દાઓ પર નવી દ્રષ્ટિઓ રજૂ કરી છે. પોર્ટુગીઝ સામ્રાજ્યના વિસ્તરણ સાથે, તેઓએ વિવિધ સંસ્કૃતિઓ અને સમાજો સાથે સંપર્કમાં આવ્યા. તેમની વિચારધારાઓ મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મ અને રાષ્ટ્રવાદ પર આધારિત હતી. પોર્ટુગીઝ વિસ્તારવાદની સામાજિક અસરો ખૂબ જ વ્યાપક હતી. તેણે સ્થાનિક અર્થતંત્રોને બદલી નાખ્યા, સામાજિક વ્યવસ્થાને વિક્ષિપ્ત કરી અને નવી સંસ્કૃતિઓ અને વિચારોનો પ્રચાર કર્યો. પોર્ટુગીઝોએ આફ્રિકા, એશિયા અને દક્ષિણ અમેરિકામાં દાસ પ્રથાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કર્યો, જેણે આ પ્રદેશોના સામાજિક માળખાને ઊંડાણપૂર્વક અસર કરી.

પોર્ટુગીઝોએ તેમના નવા પ્રદેશોમાં ખ્રિસ્તી ધર્મ ફેલાવવા અને પોર્ટુગીઝ સંસ્કૃતિને સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. પોર્ટુગીઝ જેસુઈટ અને ડોમિનિકન મિશનરીઓએ વિશ્વના વિવિધ ભાગોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. તેમણે સ્થાનિક ભાષાઓમાં ગ્રંથોનો અનુવાદ કર્યો, શાળાઓ અને હોસ્પિટલો સ્થાપી અને સ્થાનિક સંસ્કૃતિઓને ખ્રિસ્તી ધર્મ સાથે ભળવી માટે પ્રયાસ કર્યા. ધર્મ પ્રચારની સાથે સાથે, પોર્ટુગીઝોએ પોતાની સંસ્કૃતિ અને રીતરિવાજોનો પણ પ્રચાર કર્યો. તેમણે સ્થાનિક વાનગીઓ, પોશાક અને કલાને પ્રભાવિત કર્યા. આમ, પોર્ટુગીઝ વિસ્તારવાદે વિશ્વમાં સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપ્યું. આના પરિણામે, સ્થાનિક સમાજોમાં ઊંડાણપૂર્વકના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તનો આવ્યા. ધાર્મિક સુધારાના આંદોલનોએ સમાજમાં નવી ચેતના જગાવી અને સામાજિક અન્યાય સામે લડવાનું પ્રેરણાદાયી બન્યા. રાજકીય

વિચારકોએ સત્તાના વિકેન્દ્રીકરણ અને પ્રજાતંત્રના મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું. સંસ્કૃતિના ક્ષેત્રમાં, સાહિત્ય અને કલાએ સામાજિક ચેતનાને વ્યક્ત કરવા અને સમાજમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

- **ભારતમાં પોર્ટુગીઝ વસાહતીઓ :**

15મી સદીના અંતમાં ભારતના દરિયાકાંઠે પગ મૂકનારા પોર્ટુગીઝોએ સદીઓ સુધી શાસન કર્યું હતું. તેમના આગમનથી ભારતના ઇતિહાસ, સંસ્કૃતિ અને વેપાર પર ઊંડો પ્રભાવ પડ્યો હતો.

**1. વાસ્કો દ ગામા (Vasco da Gama) :**

ડી. વાસ્કો દ ગામા પોર્ટુગીઝ નૌકાયાત્રી હતા. તેમનો જન્મ 1460માં પોર્ટુગલમાં થયો હતો. દરિયાઈ માર્ગે ભારત પહોંચનાર પ્રથમ યુરોપીયન હતા. પોર્ટુગલના રાજાએ વાસ્કો દ ગામાને ભારતનો સમુદ્ર માર્ગ શોધવાની જવાબદારી સોંપી. 1497માં વાસ્કો દ ગામા ચાર જહાજો સાથે લિસ્બનથી રવાના થયો. તેણે આફ્રિકાના પશ્ચિમ કિનારાને કાપીને કેપ ઓફ ગુડ હોપ પહોંચ્યો. ત્યારબાદ તે ભારતીય મહાસાગરમાં પ્રવેશ્યો અને આખરે 1498માં તેઓ ભારતના કાલિકટ (આજનું કોઝિકોડ) પહોંચ્યા. ભારતમાં પહોંચ્યા બાદ વાસ્કો દ ગામાને સ્થાનિક રાજા સાથે વ્યાપાર કરવાની મંજૂરી મળી. તેમણે મસાલા, કિંમતી પથ્થરો અને અન્ય વસ્તુઓ પોર્ટુગલ લઈ ગયા. આ યાત્રાએ પોર્ટુગલને ભારત સાથે સીધો વ્યાપાર કરવાની તક આપી અને પોર્ટુગલની સત્તામાં વધારો કર્યો.

**2. પેડ્રો અલ્વારેસ કેબ્રાલ (Pedro Álvares Cabral) :**

પેડ્રો અલ્વારેસ કેબ્રાલને 13 જહાજોના સર્વોચ્ચ કમાન્ડમાં એડમિરલ તરીકે નામ આપવામાં આવ્યું હતું, જે 9 માર્ચ, 1500 ના રોજ લિસ્બનથી નીકળ્યું હતું. ભારતનો દરિયાઈ માર્ગ શોધવાના પ્રયાસમાં, તે અનૈચ્છિક રીતે દક્ષિણ અમેરિકાના કિનારા પર પહોંચી ગયો હતો. આ નવી જમીન જોઈ ત્યારે તેણે તેનું નામ ‘આઈલેન્ડ ઓફ ધ ટ્રૂ ક્રોસ’ રાખ્યું. પરંતુ બાદમાં પોર્ટુગલના રાજા મેન્યુઅલ પ્રથમ દ્વારા આ જમીનનું નામ બદલીને ‘હોલી ક્રોસ’ કરવામાં આવ્યું. થોડા સમય પછી આ જમીનને તેનું આધુનિક નામ, ‘બ્રાઝિલ’ મળ્યું. કેબ્રાલને સામાન્ય રીતે 22 એપ્રિલ, 1500 રોજ બ્રાઝિલ પહોંચનાર પ્રથમ યુરોપીયન તરીકે ઓળખવામાં આવે છે. ‘બ્રાઝિલ’ નામ આ જમીન પર મળી આવતા એક પ્રકારના ડાઈવુડ, ‘પાઉ-બ્રાઝિલ’ પરથી ઉદ્ભવ્યું હતું. આ ડાઈવુડ યુરોપમાં ખૂબ જ લોકપ્રિય હતું અને તેનો વ્યાપાર ખૂબ નફાકારક હતો. બ્રાઝિલમાંથી મળતા સોના અને અન્ય ખનીજોએ પોર્ટુગલની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી. આ ઉપરાંત, બ્રાઝિલમાંથી મળતા ખાંડ અને તમાકુએ પણ યુરોપમાં પોર્ટુગીઝ વેપારને વેગ આપ્યો.

**3. જોઆઓ દા નોવા (João da Nova) :**

જોઆઓ દા નોવા (જન્મ-1460માં ગેલિસિયા, સ્પેન - મૃત્યુ 1509, કોચીન, ભારત) એક સ્પેનિશ નેવિગેટર હતા જેમણે ચાર જહાજોના કાફલાને કમાન્ડ કરીને, નોવા પોર્ટુગલથી 1501માં ભારતની સફર પર નીકળ્યું. રસ્તામાં તેણે એસેન્શન આઇલેન્ડની શોધ કરી. ભારતમાં તેમણે કેનાનોર ખાતે વેપારી ચોકી સ્થાપી. પોર્ટુગલ પરત ફરતી સફર દરમિયાન, નોવાએ સેન્ટ હેલેનાની શોધ કરી. આ ટાપુઓએ પછીથી પોર્ટુગલ અને અન્ય યુરોપિયન દેશો માટે મહત્ત્વના વેપાર કેન્દ્રો તરીકે વિકાસ કર્યો હતો. મોઝામ્બિક ચેનલમાં આવેલ જુઆન દા નોવા ટાપુ પણ તેમના નામ પરથી જ નામ આપવામાં આવ્યું છે.

**4. અફોન્સો ડી આલ્બુકર્ક (Afonso de Albuquerque) :**

અફોન્સો ડી આલ્બુકર્ક (જન્મ 1453, અલહાન્દ્રા, લિસ્બન નજીક, પોર્ટુગલ - મૃત્યુ 15 ડિસેમ્બર, 1515, ભારત) પ્રતિભાશાળી સૈનિક, નૌસેના અધિકારી અને રાજકારણી હતા. 1510માં આલ્બુકર્કે ભારતના પશ્ચિમ કાંઠે આવેલ ગોવા પર કબજો કર્યો. ગોવા પોર્ટુગીઝનું મુખ્ય મથક બન્યું અને ભારતમાં તેમના સામ્રાજ્યનું કેન્દ્ર બિંદુ બન્યું. 1511માં આલ્બુકર્કે મલાક્કા પર કબજો કર્યો, જે મલેશિયામાં એક મહત્ત્વનું વેપાર કેન્દ્ર હતું. આનાથી પોર્ટુગીઝને મસાલા વેપાર પર નિયંત્રણ મેળવવામાં મદદ મળી. 1515માં આલ્બુકર્કે પર્શિયન ગલ્ફમાં આવેલ હોર્મુઝ ટાપુ પર કબજો કર્યો. આનાથી પોર્ટુગીઝને પશ્ચિમ એશિયા સાથેના વેપાર પર નિયંત્રણ મેળવવામાં મદદ મળી. અફોન્સો ડી આલ્બુકર્કનું 1515માં ગોવામાં નિધન થયું. તેમના મૃત્યુ પછી પણ પોર્ટુગીઝ સામ્રાજ્ય ભારતમાં અનેક સદીઓ સુધી ચાલુ રહ્યું. આલ્બુકર્કને ભારતમાં પોર્ટુગીઝ સામ્રાજ્યના સ્થાપક તરીકે યાદ કરવામાં આવે છે

**5. લોપો સોરેસ ડી આલ્બર્ગરીયા (Lopo Soares de Albergaria):**

લોપો સોરેસ ડી અલબર્ગરિયા (જન્મઃ 1460 - મૃત્યુઃ 1520) પોર્ટુગીઝ ગોલ્ડ કોસ્ટના પાંચમા કેપ્ટન-મેજર અને પોર્ટુગીઝ ભારતના ત્રીજા ગવર્નર હતા, જેઓ 1515માં ગવર્નર તરીકે અફોન્સો ડી આલ્બુકર્કેના સ્થાને ભારત પહોંચ્યા હતા. 1504માં, લોપો સોરેસે છઠ્ઠી પોર્ટુગીઝ ભારત આર્માડાનું કમાન્ડ સંભાળ્યું હતું. લોપો સોરેસ ડી આલ્બર્ગરીયાએ પોર્ટુગીઝ સામ્રાજ્યના વિસ્તરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે પોર્ટુગીઝ ગોલ્ડ કોસ્ટ અને પોર્ટુગીઝ ભારતમાં સફળતાપૂર્વક શાસન કર્યું હતું. તેમણે વહીવટી તંત્રને મજબૂત બનાવ્યું, વેપારને પ્રોત્સાહન આપ્યું અને સ્થાનિક લોકો સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો. ભારતના ગવર્નર અલબર્ગરિયાએ 1517માં લાલ સમુદ્રમાં નૌકા અભિયાન ચલાવ્યું હતું,. 1518માં લોપો સોરેસ ડી આલ્બર્ગરિયાએ તેના રાજા માટે સિલોન કબજે કર્યું, મોટા કાફલા સાથે કોલંબો ખાતે ઉતર્યા. અહીં તેણે "નોસા સેનહોરા દાસ વર્ચ્યુડિસ" અથવા "સાંતા બાર્બરા" ("Nossa Senhora das Virtudes" or "Santa Bárbara") નામના નાના કિલ્લાના નિર્માણનો આદેશ આપ્યો. તેમનું નેતૃત્વ અને કુશળતા પોર્ટુગીઝ સામ્રાજ્યની સફળતા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતા.

આમ, પોર્ટુગીઝોએ ભારતના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે બનાવેલા કિલ્લાઓ, ચર્ચ અને અન્ય ઇમારતો આજે પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ભારતીય વાનગીઓમાં પોર્ટુગીઝ વાનગીઓનો પ્રભાવ જોવા મળે છે. ભારતીય પહેરવેશમાં પણ પોર્ટુગીઝ શૈલીનો પ્રભાવ જોવા મળે છે.

- **ભારતમાં વિદેશીઓનું આગમન તથા મુખ્ય ઘટનાઓ :**

ભારત, એક સમૃદ્ધ ઇતિહાસ ધરાવતો દેશ, હજારો વર્ષોથી વિશ્વના વિવિધ ખૂણેથી આવતા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. વેપાર, સંસ્કૃતિ અને સત્તાના વિસ્તાર માટે વિદેશીઓ ભારત આવતા રહ્યા છે.

**1. ડચ (વલંદા) લોકોનું આગમન :**

ડચોએ 1602માં ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરી. આ કંપનીનો મુખ્ય હેતુ એશિયા, ખાસ કરીને ભારત અને ઇન્ડોનેશિયામાં મસાલા અને અન્ય મૂલ્યવાન વસ્તુઓનો વેપાર કરવાનો હતો. ડચ લોકોએ 1605માં ભારતમાં સુરતમાં પોતાની પહેલી

વેપાર કોઠી સ્થાપી હતી. આ પછી, તેમણે મલબાર કિનારા, કોરમંડલ કિનારા અને બંગાળમાં પણ વેપાર કોઠીઓ સ્થાપી હતી. આંધ્રપ્રદેશમાં આવેલું ઇન્દ્રપુરી, કેરળના મલબાર કિનારા, ગુજરાતમાં આવેલું સુરત ડચો માટે એક અગત્યનું વેપાર કેન્દ્ર હતું. ડચ સુરત અને ડચ બંગાળની સ્થાપના અનુક્રમે 1616 અને 1627માં થઈ હતી. ડચ લોકો મુખ્યત્વે મસાલા, જેમ કે કાળી મરી, લવિંગ અને જાયફળનો વેપાર કરતા હતા. આ મસાલા યુરોપમાં ખૂબ જ લોકપ્રિય હતા અને ઊંચા ભાવે વેચાતા હતા. ચામડા, રંગો અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ, ભારતીય સુતરાઉ કાપડનો પણ વેપાર કરતા હતા. જો કે, 18મી સદીમાં અંગ્રેજોનું પ્રભુત્વ વધતું ગયું અને ડચોનું પ્રભુત્વ ઘટતું ગયું. અંગ્રેજોએ પ્લાસી અને બક્સરના યુદ્ધો જીતીને ભારતમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.

**2. ડેન્માર્કના ડેનિશ લોકોનું આગમન :**

ડેનમાર્ક અને ભારત વચ્ચેના સંબંધો મુખ્યત્વે વેપાર પર આધારિત રહ્યા છે. ડેનમાર્ક-નોર્વે ભારતમાં 200 થી વધુ વર્ષોથી વસાહતી સંપત્તિ ધરાવે છે, જેમાં હાલના તમિલનાડુ રાજયમાં થરંગમ્બાડી શહેર, હાલના પશ્ચિમ બંગાળમાં સેરામ્પોર અને નિકોબાર ટાપુઓ છે, જે હાલમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓનો ભાગ છે. ડેનિશ લોકોએ સ્થાનિક લોકો સાથે લગ્ન કર્યા અને તેમની સંસ્કૃતિને અપનાવી. આના કારણે ભારતમાં ડેનિશ મિશ્રિત વંશના લોકો જોવા મળે છે. ડેનિશ લોકોએ ભારતીય કલા, વાસ્તુકલા અને ખાણીપીણીને પણ પ્રભાવિત કરી. ત્રાંકેબારમાં ડેનિશ લોકોએ એક નાનું કિલ્લો અને વેપારી સ્થાપના બનાવી હતી. આ સ્થાન ડેનિશ સંસ્કૃતિ અને વાસ્તુકલાનું એક ઉત્તમ ઉદાહરણ છે. ડેનિશ લોકોએ ત્રાંકેબારમાં ચર્ચ, શાળાઓ અને હોસ્પિટલો પણ બનાવી હતી. બ્રિટીશરોના આગમન અને ઘર્ષણથી ડેનિશ વસાહતોમાં ઘટાડો થયો. 1839માં સેરામ્પોર અંગ્રેજોને વેચવામાં આવ્યું હતું અને ટ્રાંક્વેબાર અને 1845માં મોટાભાગની નાની વસાહતો જેમ કે 11 ઓક્ટોબર 1845 ફ્રેડરિક્સનાગોર વેચાઈ હતી; 7 નવેમ્બર 1845 અન્ય ખંડીય ડેનિશ ભારત વસાહતો વેચાઈ. 16 ઓક્ટોબર 1868ના રોજ નિકોબાર ટાપુઓ પરના તમામ ડેનિશ અધિકારો, જે 1848 થી ધીમે ધીમે છોડી દેવામાં આવ્યા હતા, બ્રિટનને વેચવામાં આવ્યા હતા. 1869માં બ્રિટન દ્વારા આ ટાપુઓને ઔપચારિક રીતે જોડવામાં આવ્યા હતા.

**3. અંગ્રેજોનું આગમન :**

અંગ્રેજો પહેલા પણ પોર્ટુગીઝ અને ડચ જેવા યુરોપિયન વેપારીઓ ભારત આવી ચૂક્યા હતા. તેમણે ભારતના મહત્ત્વના બંદરો પર કબજો જમાવીને વેપાર પર એકાધિકાર સ્થાપ્યો હતો. અંગ્રેજોએ ભારતમાં પોતાનું સ્થાન મેળવવા માટે પોર્ટુગીઝ અને ડચ સાથે સ્પર્ધા કરવી પડી હતી. ભારતમાં અંગ્રેજોનું શાસન આશરે 1858 થી 1947 સુધી ચાલ્યું હતું. 1600માં ઈંગ્લેન્ડની રાણી એલિઝાબેથ પ્રથમ દ્વારા ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કરવામાં આવી. આ કંપનીને ભારત સાથે વેપાર કરવાનો ખાસ અધિકાર આપવામાં આવ્યો. કંપનીએ ભારતમાં વસાહતો સ્થાપવા અને સ્થાનિક શાસકો સાથે સંબંધો સ્થાપવાનું શરૂ કર્યું.. કંપનીએ ભારતીય ઉપખંડ અને હોંગકોંગના મોટા ભાગ પર નિયંત્રણ મેળવ્યું હતું. મૂળ રૂપે "ગવર્નર અને કંપની ઓફ મર્ચન્ટ્સ ઓફ લંડન ટ્રેડિંગ ઈન ધ ઈસ્ટ-ઈન્ડીઝ" તરીકે સનદ આપવામાં આવી હતી. 1700 ના દાયકાના મધ્ય અને 1800 ના દાયકાના પ્રારંભમાં કંપની વિશ્વના અડધા વેપારમાં ખાસ કરીને કોટન, સિલ્ક, ઈન્ડિગો ડાઈ, ખાંડ, મીઠું, મસાલા, સોલ્ટપેટર, ચા અને બાદમાં અફીણ સહિતની મૂળભૂત ચીજવસ્તુઓમાં હિસ્સો ધરાવે છે. 1577 માં ફ્રાન્સિસ ડ્રેક સોના અને ચાંદીની શોધમાં

દક્ષિણ અમેરિકામાં સ્પેનિશ વસાહતોને લૂંટવા માટે ઇંગ્લેન્ડથી એક અભિયાન પર નીકળ્યો. સુવર્ણ હિંદમાં સફર કરીને તેણે આ સિદ્ધિ મેળવી. લિનન (કાપડ), સોનું અને ચાંદીના બદલામાં, અંગ્રેજોએ લવિંગ અને જાયફળ સહિત વિદેશી મસાલાનો મોટો જથ્થો મેળવ્યો. ડ્રેક 1580માં ઈંગ્લેન્ડ પાછો ફર્યો; તેમના પરિભ્રમણથી ઈંગ્લેન્ડની તિજોરી માટે મોટી રકમ એકઠી થઈ અને રોકાણકારોને લગભગ 5,000 ટકા વળતર મળ્યું. 1588માં સ્પેનિશ આર્માડાની હાર પછી તરત જ કબજે કરાયેલા સ્પેનિશ અને પોર્ટુગીઝ જહાજો અને કાર્ગોએ અંગ્રેજી પ્રવાસીઓને ધનની શોધમાં વિશ્વની મુસાફરી કરવા સક્ષમ બનાવ્યા. લંડનના વેપારીઓએ એલિઝાબેથને હિંદ મહાસાગરમાં સફર કરવાની પરવાનગી માટે અરજી રજૂ કરી. એલિઝાબેથે તેણીની પરવાનગી આપી અને 1591 માં, બોનાવેન્ચરમાં જેમ્સ લેક્રેસ્ટર બે અન્ય જહાજો સાથે, લેવન્ટ કંપની દ્વારા ફાઇનાન્સ કરવામાં આવ્યું, કેપ ઓફ ગુડ હોપની આસપાસ ઇંગ્લેન્ડથી અરબી સમુદ્ર તરફ પ્રયાણ કર્યું, આ રીતે ભારત પહોંચનાર પ્રથમ અંગ્રેજ અભિયાન બન્યું.

સુરતમાં સુવાલી ખાતે 1612માં સ્વાલીના યુદ્ધમાં કંપનીએ પોર્ટુગીઝ સામે મોટી જીત હાંસલ કરી હતી. ઈ.સ. 1615માં જાકબ પ્રથમ (James I) એ સર ટોમસ રોને મુઘલ સમ્રાટ નુરુદ્દીન સલીમ જહાંગીરને મળવા મોકલ્યા હતા. તેમનો હેતુ એક વેપારી કરાર કરવાનો હતો જેના દ્વારા કંપનીને સુરત અને અન્ય વિસ્તારોમાં રહેવા અને વેપારી કેન્દ્રો સ્થાપવાનો વિશેષાધિકાર મળે. સર ટોમસ રોની મુલાકાત પછી, અંગ્રેજોને સુરતમાં વેપારી કેન્દ્ર સ્થાપવાની મંજૂરી મળી. ત્યારબાદ તેઓએ બંગાળમાં પણ વેપાર કરવાની છૂટ મેળવી. કંપનીએ સુરત (1619) અને મદ્રાસ (1639)માં ટ્રેડિંગ પોસ્ટની સ્થાપના કરી હતી. 1647 સુધીમાં કંપની પાસે ભારતમાં 23 ફેક્ટરીઓ અને વસાહતો હતી.. લંડનમાં કંપનીનું મુખ્યમથક, જયાંથી મોટા ભાગનું ભારતનું સંચાલન થતું હતું, તે લીડેનહોલ સ્ટ્રીટમાં ઇસ્ટ ઇન્ડિયા હાઉસ હતું. ફિલપોટ લેનમાં 1600 થી 1621 સુધી જગ્યા પર કબજો કર્યા પછી; ક્રોસબી હાઉસ, બિશપ્સગેટમાં 1621 થી 1638 સુધી; અને લીડેનહોલ સ્ટ્રીટમાં 1638 થી 1648 દરમિયાન, કંપની ક્રેવેન હાઉસમાં ગઈ, જે લીડેનહોલ સ્ટ્રીટમાં એલિઝાબેથન હવેલી હતી. 1661 સુધીમાં આ ઈમારત ઈસ્ટ ઈન્ડિયા હાઉસ તરીકે જાણીતી બની ગઈ હતી. 1608 થી 1661નો સમયગાળો ભારતમાં અંગ્રેજોના આગમન અને તેમની પ્રારંભિક વસાહતી પ્રવૃત્તિઓનો સમય હતો.

**4. ફ્રેંચોનું આગમન :**

ભારતમાં પ્રથમ ફ્રેન્ચ વ્યાપારી સાહસ 16મી સદીના પૂર્વાર્ધમાં, રાજા ફ્રાન્સિસ-I ના શાસનકાળમાં થયું હોવાનું માનવામાં આવે છે. 1604માં ફ્રાન્સના રાજા હેનરી IV એ કોમ્પેગ્ની ડેસ ઈન્ડેસ ઓરિએન્ટેલ્સ (ઈસ્ટ ઈન્ડિયા કંપની)ની સ્થાપનાને અધિકૃત કરી, નવી પેઢીને ઈસ્ટ ઈન્ડિઝ સાથેના ફ્રેન્ચ વેપાર પર 15 વર્ષનો ઈજારો આપ્યો. 1630 અને 1660 ના દાયકાના પ્રારંભમાં, ફ્રેન્ચ પ્રયત્નો પાયે નાના હતા, પરંતુ તેમને થોડી સફળતા મળી. ફ્રેન્ચ વેપારી જહાજો પર્શિયન ગલ્ફ, લાલ સમુદ્ર અને ભારતીય ઉપખંડના ઉત્તરપશ્ચિમ કિનારેથી પસાર થતા હતા. ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપની (ફ્રેન્ચ: Compagnie française pour le commerce des Indes orientales)ની સ્થાપના 1642માં કાર્ડિનલ રિચેલિયુ (Cardinal Richelieu)ના સમયમાં થઈ હતી. જીન-બેપ્ટિસ્ટે કોલ્બર્ટ (Jean-Baptiste Colbert) દ્વારા 1664માં પુનર્ગઠન કરવામાં આવી હતી. તેણે મેડાગાસ્કર મોકલવાનું નક્કી કર્યું હતું. 1667માં ફ્રેન્ચ ઈન્ડિયા કંપનીએ ફ્રાક્રોઈસ કેરોનની આગેવાની

હેઠળ બીજું અભિયાન મોકલ્યું જે 1668માં સુરત પહોંચ્યું અને ભારતમાં પ્રથમ ફ્રેંચ ફેક્ટરી સ્થાપી. આ કંપનીનું મુખ્ય લક્ષ્ય ભારત અને એશિયાના અન્ય દેશો સાથે વેપાર કરવાનું હતું. ફ્રેંચોએ ભારતમાં સુરત અને પુડુચેરી (પોંડિચેરી) જેવા મહત્ત્વના બંદરો પર કબજો જમાવ્યો હતો. 1669માં, માર્કારા સુરતમાં બીજી ફેક્ટરી સ્થાપવામાં સફળ રહ્યા. 16672માં, ફ્રેન્ચોએ ફોર્ટ સેન્ટ થોમસ કબજે કર્યું,. બંગાળના મુઘલ ગવર્નર નવાબ શૈસ્તા ખાનની પરવાનગીથી 1692માં ચંદરનગર (હાલનું ચંદન્નગર) સ્થાપિત કરવામાં આવ્યું હતું. 1673માં, ફ્રેન્ચોએ બીજાપુરના સુલતાન હેઠળના વલિકોન્ડપુરમના કિલાદાર પાસેથી પોંડિચેરી વિસ્તાર હસ્તગત કર્યો અને આમ પોંડિચેરીની સ્થાપના થઈ. 1720 સુધીમાં, ફ્રેન્ચોએ સુરત, મસુલીપટ્ટમ અને બંટામ ખાતેની પોતાની ફેક્ટરીઓ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસે ગુમાવી દીધી હતી. ભારતમાં ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચે વેપાર માટે સતત સ્પર્ધા ચાલતી રહેતી હતી. ફ્રેંચ અને અંગ્રેજો વચ્ચે કર્ણાટક યુદ્ધો થયા હતા. ફ્રેંચો પાસે પુડુચેરી, કારાઇકલ, માહે અને યનમ જેવા થોડા પ્રદેશો જ બચી ગયા હતા. અંગ્રેજો ફ્રેંચોને હરાવીને ભારતમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવામાં સફળ રહ્યા હતા. ફ્રેંચોએ ભારતમાં વેપાર- વાણિજ્ય, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં યોગદાન આપ્યું હતું.

**5. કર્નાટક વિગ્રહો :**

18મી સદી દરમિયાન ભારતના પૂર્વીય દરિયાકિનારે, નેલ્લોરથી દક્ષિણ તરફના તમિળ પ્રદેશ પર નિયંત્રણ મેળવવા માટે બ્રિટિશ, ફ્રેન્ચ, મરાઠા અને મૈસુર વચ્ચે થયેલા સંઘર્ષોને કર્ણાટિક યુદ્ધો કહેવાય છે. કર્નાટક શબ્દનો સાચો અર્થ કન્નડ ભાષી લોકોના વસવાટવાળા પ્રદેશને થાય છે, જે આજના કર્ણાટક રાજ્યને અનુરૂપ છે. 18મી સદીમાં દરિયાકિનારાના કર્ણાટિક પ્રદેશ મુઘલ સામ્રાજ્ય હેઠળ હૈદરાબાદની અધિનતા હતો. કર્ણાટિક અને હૈદરાબાદ બંનેમાં સત્તા સંઘર્ષોને કારણે વિવિધ ભારતીય દાવેદારોને સમર્થન આપવા માટે યુરોપિયનો દખલ કરવા લાગ્યા. બ્રિટિશરો અને ફ્રેન્ચો વચ્ચે ત્રણ કર્નાટક વિગ્રહો થયા. 1715માં ફ્રેન્ચમેન જોસેફ ફ્રાક્રોઇસ ડુપ્લીક્સ ભારતમાં આવ્યા હતા અને 1742માં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર બન્યા હતા. ડુપ્લેક્સે ભારતમાં ફ્રેન્ચ પ્રભાવને વિસ્તારવાનો પ્રયાસ કર્યો હતો, જે અમુક વેપારી ચોકીઓ સુધી મર્યાદિત હતો.

- પ્રથમ કર્નાટક યુદ્ધ (1746-1748): 1740માં યુરોપમાં ઓસ્ટ્રિયન વારસાગત યુદ્ધ ફાટી નીકળ્યું, જેમાં ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ એકબીજાના વિરોધી હતા. 21 સપ્ટેમ્બર 1746 ના રોજ, ફ્રેન્ચોએ મદ્રાસ ખાતે બ્રિટિશ ચોકી પર કબજો કર્યો. પરંતુ તેને બ્રિટિશને પરત કરવાનું વચન આપ્યું હતું. જોસેફ ફ્રાક્રોઈસ ડુપ્લેક્સે આ વચન પાળ્યું ન હતું અને મદ્રાસ નવાબ અનવર-ઉદ-દીનને સોંપવા માંગ્યું હતું. બ્રિટિશ સેનાપતિ રોબર્ટ ક્લાઈવે કુડલોરની રક્ષા કરી અને પોંડિચેરીની ઘેરાબંધીમાં ભાગ લીધો. 1748ની એક્સ-લા-શેપેલ સંધિથી મદ્રાસ બ્રિટિશને પરત મળ્યું.
- બીજું કર્નાટક યુદ્ધ (1749-1754): નિઝામ નસીર જંગ અને તેમના પુત્ર મોહમ્મદ અલી બ્રિટિશ સમર્થિત હતા, જ્યારે ચંદા સાહિબ અને મુઝફ્ફર જંગ ફ્રેન્ચ સમર્થિત હતા. રોબર્ટ ક્લાઈવે આર્કોટ કબજે કર્યું અને સફળતાપૂર્વક તેની રક્ષા કરી. 1754ની પોંડિચેરી સંધિથી મોહમ્મદ અલી ખાન વાલાજાહ કર્ણાટિકના નવાબ બન્યા.
- ત્રીજું કર્નાટક યુદ્ધ (1757-1763): 1740માં ઉત્તરાધિકારનું ઑસ્ટ્રિયન યુદ્ધ અને સાત વર્ષના યુદ્ધ (1756-63) દરમિયાન, ફ્રેન્ચ અને બ્રિટિશ બંને દળોએ દક્ષિણ ભારતમાં

સૈન્ય મોકલ્યું. 1760માં સર એયર કૂટેએ વાંડીવાશની લડાઈમાં ફ્રેન્ચ સેનાને હરાવી. અને 1761માં બ્રિટિશોએ પોંડિચેરી કબજે કર્યું. ત્યારથી, બ્રિટિશોએ કર્ણાટિક પર તેના નવાબ દ્વારા નિયંત્રણ મેળવ્યું. 1763ની પેરિસ સંધિથી ચંદર્નગોર અને પોંડિચેરી ફ્રાન્સને પરત મળ્યા, પરંતુ તેમને ભારતમાં વેપાર કરવાની છૂટ મળી, પરંતુ તેનું સંચાલન કરવાની મંજૂરી નહોતી.

ફ્રાન્સે બ્રિટિશ ક્લાયન્ટ સરકારોને સમર્થન આપવા સંમત થયું, જેનાથી ભારતમાં ફ્રેન્ચ સામ્રાજ્યના સપનાનો અંત આવ્યો અને બ્રિટિશ ભારતમાં પ્રબળ વિદેશી શક્તિ બન્યા. કર્ણાટિક યુદ્ધોએ ભારતના રાજકીય અને આર્થિક દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા.

**6. બ્રિટિશ સત્તાનો ઉદ્‌ભવ :**

બંગાળ મુઘલ સામ્રાજ્યનું એક સમૃદ્ધ પ્રાંત હતું. 1756માં બંગાળનો નવાબ અને વાસ્તવિક શાસક અલ્લી વર્દી ખાનના મૃત્યુ બાદ, સિરાજ-ઉદ-દૌલા બંગાળનો નવાબ બન્યો. તેમના શાસનકાળમાં બંગાળમાં રાજકીય અસ્થિરતા અને અસંતોષનું વાતાવરણ હતું. આ અસ્થિરતા બંગાળ ભારતમાં બ્રિટિશ સત્તાના વિસ્તાર માટેનું એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું. 1756માં, સિરાજ-ઉદ-દૌલાએ કલકત્તા પર હુમલો કર્યો અને તેને કબજે કર્યો. આ હુમલા દરમિયાન બ્રિટિશ સૈનિકોને કલકત્તાના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા હતા, જેને ઈતિહાસમાં 'કલકત્તાનો કાળો કોઠો' તરીકે ઓળખવામાં આવે છે. આ ઘટનાએ બ્રિટિશ સરકારને ગુસ્સે કરી દીધી અને તેમણે બદલો લેવાની તૈયારી કરી. 1757માં પ્લાસીના યુદ્ધમાં રોબર્ટ ક્લાઈવના નેતૃત્વ હેઠળ બ્રિટિશ સેનાએ બંગાળના નવાબ સિરાજુદૌલાને હરાવ્યો. આ યુદ્ધ બ્રિટિશ સત્તાના ઉદય માટે એક વળાંક બિંદુ સાબિત થયું. પ્લાસીના યુદ્ધ પછી, બંગાળના નવાબ મીર જાફરને બ્રિટિશ સરકારે સત્તા પર સ્થાપિત કર્યા. જો કે, મીર જાફર બ્રિટિશ સરકારના કઠપૂતળી શાસક હતા અને વાસ્તવિક સત્તા બ્રિટિશ હાથમાં જ હતી. પશ્ચિમી શિક્ષણનો પ્રસાર થયો, સમાજ સુધારણાના આંદોલનો શરૂ થયા. બ્રિટિશ સરકારે બંગાળમાં ધીમે ધીમે પોતાની સત્તા મજબૂત કરી. તેમણે સ્થાનિક રાજકારણમાં હસ્તક્ષેપ કર્યો, સૈન્ય સત્તા મજબૂત કરી અને આર્થિક સંસાધનો પર નિયંત્રણ મેળવ્યું. બ્રિટિશ શાસનના શોષણ અને અન્યાયના કારણે ભારતીયોમાં રાષ્ટ્રવાદની ભાવના જાગૃત થઈ. ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ બ્રિટિશ શાસન સામે લડત આપી. બંગાળે ભારતની સ્વતંત્રતા ચળવળમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. બંગાળી બુદ્ધિજીવીઓએ રાષ્ટ્રવાદી વિચારોનો પ્રચાર કર્યો અને સ્વદેશી આંદોલન જેવા મહત્ત્વના આંદોલનોનું નેતૃત્વ કર્યું. 1947માં ભારત સ્વતંત્ર થયું અને બંગાળ બે ભાગમાં વહેંચાયું. પૂર્વ બંગાળ પાકિસ્તાનનો ભાગ બન્યું અને પશ્ચિમ બંગાળ ભારતમાં રહ્યું.

**7. પ્લાસીનું યુદ્ધ (1757) :**

બંગાળમાં નવાબ સિરાજુદ્દૌલા અને રોબર્ટ ક્લાઈવની આગેવાની હેઠળ હેઠળની બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સૈનિકો વચ્ચેના તણાવને પગલે 23 જૂન, 1757ના રોજ પ્લાસીનું યુદ્ધ લડાયું. આ યુદ્ધ હુગલી નદીના કિનારે પલાશી (અંગ્રેજીકૃત સંસ્કરણઃ પ્લાસી) ખાતે કલકત્તા (હવે કોલકાતા)ની ઉત્તરે અને પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદની દક્ષિણે લગભગ 150 કિલોમીટર (93 માઈલ) દૂર બંગાળ સુબાની રાજધાની ખાતે થયું હતું. 1746 થી હરીફ કંપનીઓએ દક્ષિણપૂર્વ ભારતમાં ફાયદા માટે કર્ણાટક યુદ્ધો લડ્યા અને સમગ્ર ઉપખંડમાં સ્થાનિક શાસકો પર પ્રભાવ મેળવવાનો પ્રયાસ કર્યો. પ્લાસીની લડાઈ, જેને વૈશ્વિક સાત વર્ષના યુદ્ધ (1756-63)નો એક ભાગ માનવામાં આવે છે, તે ફ્રાંસ-બ્રિટિશ

સામ્રાજ્ય સ્પર્ધાની ચાલુ હતી, અને તેણે નિર્ણાયક બ્રિટિશ વિજય ચિહ્નિત કર્યો હતો, જે ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પતનમાં ફાળો આપ્યો હતો. 1756 માં સિરાજ-ઉદ-દૌલા બંગાળના નવાબ બન્યા અને પ્રો-ફ્રેન્ચ નીતિ અપનાવી. તે ફોર્ટ વિલિયમ ખાતેના કિલ્લેબંધી અને સ્થાનિક રાજકીય બાબતોમાં બ્રિટિશ દખલગીરીથી નાખુશ હતા. નવાબે તે વર્ષે કોલકાતા અને ફોર્ટ વિલિયમ કબજે કર્યું અને કુખ્યાત રીતે 146 બ્રિટિશ કેદીઓને એક નાના, સાંકડા કોઠારમાં કેદ કર્યા, જ્યાં એક કેદી અનુસાર, તેમાંથી 123 ગૂંગળામણ અને નિર્જલીકરણથી મૃત્યુ પામ્યા. આ ઘટના, જેને કલકત્તાનો કાળો કોઠાર તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ બ્રિટિશ દ્વારા બદલો લેવા માટે કરવામાં આવ્યો હતો. રોબર્ટ ક્લાઇવને કલકત્તા પર કબજો કરવા માટે મદ્રાસ (આધુનિક ચેન્નાઈ)થી મોકલવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી 1757 સુધીમાં બ્રિટિશે કલકત્તા લઈ લીધું હતું અને માર્ચમાં, ક્લાઇવે ફ્રેન્ચ કિલ્લા ચંદર્નગોરને જીતી લીધું હતું. નવાબની સેના અને બ્રિટિશ પછી નાની લડાઈઓની શ્રેણીમાં સામસામે આવી ગયા. પ્લાસીનું યુદ્ધ બ્રિટિશ સેનાની જીત સાથે પૂર્ણ થયું. આ યુદ્ધ પછી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાનું વર્ચસ્વ સ્થાપવાનું શરૂ કર્યું. ધીમે ધીમે કંપનીએ ભારતના મોટાભાગના ભાગો પર કબજો કરી લીધો અને ભારતને એક કોલોનીમાં બદલી નાખ્યું.

## 8. રોબર્ટ ક્લાઈવ (1725 - 1774) :

અંગ્રેજ સૈનિક અને રાજકારણી એવા, રોબર્ટ ક્લાઈવ (જન્મ સપ્ટેમ્બર 29, 1725, સ્ટાઈચે, શ્રોપશાયર, ઈંગ્લેન્ડ - મૃત્યુ 22 નવેમ્બર, 1774, લંડન)એ પ્લાસીના યુદ્ધમાં મુઘલ સામ્રાજ્યને હરાવીને, ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપનામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. તેમની પ્રથમ ગવર્નરશીપમાં (1755-60) તેમણે પ્લાસીનું યુદ્ધ જીત્યું અને બંગાળના માસ્ટર બન્યા. તેમની બીજી ગવર્નરશીપમાં (1764-67) તેમણે બ્રિટિશ વસાહતનું પુનર્ગઠન કર્યું. 1751માં, ફ્રેન્ચ સમર્થિત ચંદા સાહિબ, બ્રિટિશ સમર્થિત મુહમ્મદ અલી ખાનને ત્રિચિનોપોલીના કિલ્લામાં ઘેરી લીધો હતો. આ સમયે ક્લાઈવે એક નિર્ણાયક પગલું ભર્યું. તેમણે માત્ર 200 યુરોપિયન અને 300 ભારતીય સૈનિકો સાથે ચંદા સાહિબના મુખ્ય કેન્દ્ર અર્કોટ પર હુમલો કર્યો અને તેને કબજે કર્યું. ત્યારબાદ તેમણે 53 દિવસ સુધી ચંદા સાહિબના પુત્રના ઘેરાને સફળતાપૂર્વક સામનો કર્યો. 1756માં મદ્રાસ પહોંચ્યા પછી, ક્લાઈવ બંગાળના રાજકારણમાં સક્રિય થયા. નવાબ સિરાજુદ્દૌલા સાથેના વિવાદને કારણે બંગાળના કિલ્લા પર હુમલો કરી તેને કબજે કરી લીધો. જોકે, ક્લાઈવે ઝડપથી પ્રતિકાર કર્યો અને 1757માં કલકત્તાને પાછું મેળવ્યું. ક્લાઈવે સિરાજુદ્દૌલા સાથે સંઘર્ષ કર્યો અને 1757માં પ્લાસીના યુદ્ધમાં તેમને હરાવ્યા. આ વિજયથી ક્લાઈવ બંગાળના વાસ્તવિક શાસક બન્યા. 1758માં, કર્નલ ફ્રાન્સિસ ફોર્ડેના નેતૃત્વમાં સૈન્ય દળ મોકલીને, ક્લાઈવે ઉત્તરીય સરકારોને ફ્રેન્ચ સૈન્યથી મુક્ત કરાવી. 1760માં ઈંગ્લેન્ડ પરત ફર્યા પછી, તેમને 1762માં પ્લાસીના બેરોન ક્લાઈવનો ખિતાબ મળ્યો અને 1764માં નાઈટનો ખિતાબ મળ્યો. વિલિયમ પિટ દ્વારા તેમને "સ્વર્ગદૂત સેનાપતિ" ("a heaven-born general") કહેવામાં આવ્યા હતા. 1764માં, ભારતથી આવેલા સમાચારને કારણે કંપનીની રુચિ ક્લાઈવ તરફ વળી. મીર જાફરને હટાવીને મીર કાસિમને ગાદી પર બેસાડવામાં આવ્યા હતા, પરંતુ તેમને પણ 1763માં હટાવી દેવામાં આવ્યા હતા. મુઘલ સમ્રાટ શાહ આલમ-IIએ ફરીથી હુમલો કર્યો અને કંપની વિપત્તિની કગાર પર હતી. ક્લાઈવને બંગાળના ગવર્નર અને કમાન્ડર-ઈન-ચીફ નિયુક્ત કરવામાં આવ્યા. 1765માં કલકત્તા પહોંચ્યા પછી, તેમને ખબર પડી કે નિર્ણાયક બક્સરનું યુદ્ધ પહેલેથી જ જીતી

લેવામાં આવ્યું છે. ક્લાઈવની નીતિઓએ કારણે ભારતમાં ઘણો વિરોધ થયો હતો. ક્લાઈવે બંગાળના લોકો પર ભારે કર લાદ્યા હતા, જેના કારણે બંગાળમાં ભયંકર દુકાળ પડ્યો હતો. ભારતના અર્થતંત્રને ધ્વસ્ત કરી દીધું હતું અને ભારતીય લોકોને ગુલામ બનાવી દીધા હતા.

**9. મીર સૈયદ જાફર અલી ખાન બહાદુર (1691 - 5 ફેબ્રુઆરી 1765) :**

મીર સૈયદ જાફર અલી ખાન બહાદુર (1691-1765) એ બંગાળના નવાબ તરીકે શાસન કર્યું હતું અને તેમના શાસનકાળ દરમિયાન બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાની સત્તા સ્થાપિત કરી હતી. મીર જાફરનો જન્મ 1691માં થયો હતો અને તેમનું મૂળ અરબ હતું. તેમણે 1740માં તેમના જમાઈ અલીવર્દી ખાનને બંગાળના નવાબ બનવામાં મદદ કરી હતી. જોકે, પછીથી તેઓ અસંતુષ્ટ થઈ ગયા અને 1756માં સિરાજુદ્દૌલાને હટાવવાની યોજના ઘડી. જેમાં તેમણે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર રોબર્ટ ક્લાઈવ સાથે સંપર્ક સાધ્યો અને તેમની મદદથી સિરાજુદ્દૌલાને હરાવ્યો. પ્લાસીની લડાઈ (1757)માં મીર જાફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. તેમણે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને મોટી રકમ ચૂકવી હતી અને તેમને વેપાર માટે વિશેષ સુવિધાઓ આપી હતી. આનાથી બંગાળની આર્થિક સ્થિતિ નબળી પડી અને બ્રિટિશ કંપનીની સત્તા વધી ગઈ. મીર જાફર 1760માં હટાવવામાં આવ્યા અને તેમના જમાઈ મીર કાસિમને નવાબ બનાવવામાં આવ્યા. જોકે, 1763માં મીર કાસિમ અને બ્રિટિશ વચ્ચે યુદ્ધ થયું અને મીર જાફરને ફરીથી નવાબ બનાવવામાં આવ્યા. પરંતુ તેમનું શાસન ટૂંકા ગાળાનું રહ્યું અને તેઓ 1765માં મૃત્યુ પામ્યા.

**10. મીર કાસિમ :**

મીર કાસિમ 1760 થી 1763 સુધી બંગાળના નવાબ હતા. તેમને તેમના સસરા મીર જાફરની જગ્યાએ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમર્થનથી નવાબ બનાવવામાં આવ્યા હતા. જો કે, મીર જાફર છેવટે ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે વિવાદમાં પડ્યા અને તેના બદલે ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે ગઠબંધન કરવાનો પ્રયાસ કર્યો. બ્રિટિશોએ છેવટે ચિન્સુરામાં ડચને હરાવ્યા અને મીર જાફરને ઉથલાવી દીધા, તેમની જગ્યાએ મીર કાસિમને બેસાડ્યા. મીર કાસિમે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બર્દવાન, મિદનાપુર અને ચિત્તગોંગ જિલ્લાઓનું રાજસ્વ વસૂલવાનો અધિકાર આપ્યો. મીર કાસિમે 1763માં પટનામાં કંપનીના કચેરીઓ પર હુમલો કર્યો, જેમાં રહેવાસી સહિત અનેક યુરોપિયનો માર્યા ગયા. મીર કાસિમે બ્રિટિશ સામે અવધના શુજા-ઉદ-દૌલા અને તત્કાલિન મુઘલ સમ્રાટ શાહ આલમ II સાથે ગઠબંધન કર્યું. જો કે, તેમની સંયુક્ત દળોને 1764માં બક્સરની લડાઈમાં હારનો સામનો કરવો પડ્યો. કાસિમે 1763માં મહારાજાધિરાજ પૃથ્વી નારાયણ શાહના શાસનકાળ દરમિયાન નેપાળ પર આક્રમણ કર્યું હતું. મકવાનપુરના મુખ્યપ્રધાન કનક સિંહ બાનિયાએ શાહ દ્વારા મકવાનપુરના રાજા વિક્રમ સેનને બંધક બનાવ્યા પછી કાસિમ પાસે દખલગીરીની વિનંતી કરી હતી. કાસિમએ નેપાળ પર આક્રમણ કરવા માટે તેના સેનાપતિ ગુર્ગિન ખાનની આગેવાની હેઠળ સૈન્ય દળ મોકલ્યું. ગુર્ગિનને શાહની સેના દ્વારા ઝડપથી હરાવવામાં આવ્યો અને તેઓ પાછા ફર્યા. બક્સરમાં પરાજય પછી તેના બધા માણસો અને પ્રભાવ ગુમાવ્યા પછી, કાસિમને 23 ઓક્ટોબર 1764ના રોજ શુજા-ઉદ-દૌલા દ્વારા તેમના શિબિરમાંથી હાંકી કઢાવામાં આવ્યા હતા; તેઓ રોહિલખંડ, અલ્હાબાદ, ગોહાડ અને જોધપુર ભાગી ગયા અને છેવટે દિલ્હી નજીક કોટવાલમાં

સ્થાયી થયા. મીર કાસિમ 8 મે 1777ના રોજ દિલ્હી નજીકના કોટવાલ ખાતે અસ્પષ્ટ અને અત્યંત ગરીબીમાં મૃત્યુ પામ્યા હતા.

**11. બક્સરનું યુદ્ધ (1764) :**

બક્સરના યુદ્ધમાં અંગ્રેજોએ બંગાળના નવાબ મીર કાસિમ, અવધના નવાબ સુજાઉદ્દૌલા અને મુઘલ બાદશાહ શાહ આલમ બીજાના સંયુક્ત સૈન્યને હરાવ્યું હતું. પ્લાસીના યુદ્ધ પછી, અંગ્રેજોએ બંગાળ પર પોતાનો કબજો જમાવી લીધો હતો. પરંતુ, મીર કાસિમ જેવા કેટલાક નવાબોએ અંગ્રેજોના શોષણ સામે બળવો કર્યો. મીર કાસિમ અંગ્રેજોના વેપારી હિતોને નુકસાન પહોંચાડવા માંગતો હતો અને તેણે અંગ્રેજ વેપારીઓ પર વધુ કર લાદ્યો હતો. આનાથી અંગ્રેજો ગુસ્સે થયા અને તેમણે મીર કાસિમને સત્તા પરથી હટાવીને મીર જાફરને નવાબ બનાવ્યો. મીર જાફર અંગ્રેજોની ઈચ્છા મુજબ કામ કરવા લાગ્યો. આથી, મીર કાસિમ અવધના નવાબ અને મુઘલ બાદશાહ સાથે મળીને અંગ્રેજો સામે લડવાનું નક્કી કર્યું. જે યુદ્ધનું મુખ્ય કારણ ગણાવી શકાય. 22 ઓક્ટોબર, 1764ના રોજ થયેલ બક્સરના યુદ્ધમાં અંગ્રેજો પાસે આધુનિક શસ્ત્રો હતા અને તેમની સેના વધુ સુસંગઠિત હતી. આ કારણોસર અંગ્રેજોએ સરળતાથી વિજય મેળવ્યો. આ યુદ્ધના પરિણામે અંગ્રેજોએ બંગાળ, બિહાર અને ઓરિસ્સા પર પોતાનો કબજો જમાવી લીધો. આ સાથે જ ભારતીય રાજ્યોની સ્વતંત્રતાનો અંત આવ્યો અને ભારત અંગ્રેજોનું ગુલામ બન્યું.

**12. અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ :**

અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ, જેને અમેરિકન ક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે 18મી સદીના મધ્ય ભાગમાં બ્રિટિશ શાસન સામે થયેલો એક મહત્ત્વપૂર્ણ સંઘર્ષ હતો. આ સંગ્રામના પરિણામે 13 બ્રિટિશ વસાહતોએ એક નવું રાષ્ટ્ર, સંયુક્ત રાજ્ય અમેરિકાની સ્થાપના કરી હતી. આ ક્રાંતિએ વિશ્વભરમાં લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોને પ્રેરણા આપી હતી.

- **અમેરિકન ક્રાંતિના મુખ્ય કારણો નીચે મુજબ હતા :**

1. કરવેરા : બ્રિટિશ સરકારે અમેરિકન વસાહતો પર વધુ કરો ભરવાનું દબાણ કર્યું હતું, જેમ કે ચા પર કર અને સ્ટેમ્પ એક્ટ. આ કરોને વસાહતીઓએ અન્યાયી માન્યો હતો કારણ કે તેમની પાસે બ્રિટિશ સંસદમાં કોઈ પ્રતિનિધિ ન હતા.

2. વ્યાપારી નિયંત્રણો : બ્રિટિશ સરકારે અમેરિકન વસાહતોના વ્યાપાર પર કડક નિયંત્રણો લાદ્યા હતા. આ નિયંત્રણોથી વસાહતીઓની આર્થિક વૃદ્ધિ અટકી પડી હતી.

3. સૈન્ય હાજરી : બ્રિટિશ સૈનિકોની હાજરી વસાહતીઓ માટે એક અપમાનજનક બાબત હતી. તેઓ માનતા હતા કે બ્રિટિશ સૈનિકો તેમની સ્વતંત્રતા પર પ્રતિબંધ લગાવવા માટે ત્યાં તૈનાત છે.

4. એનલાઈટેનમેન્ટના વિચારો : 18મી સદીમાં યુરોપમાં ફેલાયેલા એનલાઈટેનમેન્ટના વિચારોએ વસાહતીઓમાં સ્વતંત્રતા અને લોકશાહીના વિચારોને પ્રેરણા આપી હતી. ફ્રાન્સના ફિલોસોફર જોન લોકના વિચારોએ ખાસ કરીને વસાહતીઓને પ્રભાવિત કર્યા હતા.

- **મહત્ત્વની ઘટનાઓ**

1. બોસ્ટન ટી પાર્ટી : 1773માં બોસ્ટનના વસાહતીઓએ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ચાના જહાજોમાંથી ચાના પેટા સમુદ્રમાં ફેંકી દીધી હતી. આ ઘટનાને બોસ્ટન ટી પાર્ટી તરીકે ઓળખવામાં આવે છે.
2. ફર્સ્ટ કોન્ટિનેન્ટલ કોંગ્રેસ : 1774માં વસાહતીઓના પ્રતિનિધિઓએ ફિલાડેલ્ફિયામાં મળીને ફર્સ્ટ કોન્ટિનેન્ટલ કોંગ્રેસની સ્થાપના કરી હતી. આ કોંગ્રેસે બ્રિટિશ સરકાર સામેના વિરોધમાં એકતા દર્શાવી હતી.
3. લેક્સિંગ્ટન અને કોક્રોર્ડની લડાઈ : 1775માં લેક્સિંગ્ટન અને કોક્રોર્ડમાં બ્રિટિશ સૈનિકો અને વસાહતીઓ વચ્ચે પ્રથમ સશસ્ત્ર સંઘર્ષ થયો હતો. આ લડાઈને અમેરિકન ક્રાંતિની શરૂઆત માનવામાં આવે છે.
4. સ્વતંત્રતાની ઘોષણા : 1776માં ફિલાડેલ્ફિયામાં બીજી કોન્ટિનેન્ટલ કોંગ્રેસે અમેરિકાની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી. આ ઘોષણામાં જણાવવામાં આવ્યું હતું કે તમામ માણસો સમાન હોય છે અને તેમને જીવન, સ્વતંત્રતા અને સુખની અનિવાર્ય હક છે.
5. યોર્કટાઉનની લડાઈ : 1781માં યોર્કટાઉનની લડાઈમાં બ્રિટિશ સૈન્યને હારનો સામનો કરવો પડ્યો હતો. આ લડાઈ અમેરિકન ક્રાંતિનો અંત આણવામાં નિર્ણાયક સાબિત થઈ હતી.

- **અમેરિકન ક્રાંતિના પરિણામો**

1. એક નવા રાષ્ટ્રની સ્થાપના : અમેરિકન ક્રાંતિના પરિણામે 13 બ્રિટિશ વસાહતોએ એક નવું રાષ્ટ્ર, સંયુક્ત રાજ્ય અમેરિકા,ની સ્થાપના કરી હતી.
2. લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોનો પ્રસાર : અમેરિકન ક્રાંતિએ વિશ્વભરમાં લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોને પ્રેરણા આપી હતી.
3. બ્રિટિશ સામ્રાજ્યનો ઘટાડો : અમેરિકન ક્રાંતિથી બ્રિટિશ સામ્રાજ્યને નબળું પાડવામાં મદદ મળી હતી.

અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ એ માત્ર એક ઐતિહાસિક ઘટના ન હતી, પરંતુ એક એવી ક્રાંતિ હતી જેણે વિશ્વના રાજકીય અને સામાજિક દૃષ્ટિકોણને બદલી નાખ્યો.

## 13. ફ્રાંસની રાજ્યક્રાંતિ (1789) :

સત્તરમી સદીના અંતમાં ફ્રાંસમાં થયેલી રાજ્યક્રાંતિ એ યુરોપના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. આ ક્રાંતિએ ફ્રાન્સના જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના રાજકીય, સામાજિક અને આર્થિક વ્યવસ્થા પર ઊંડી અસર કરી હતી. ક્રાંતિના મુખ્ય કારણોમાં અસમાન કરવેરા વ્યવસ્થા, સામંતી વ્યવસ્થા, રાજાશાહીનો અત્યાચાર, અને આર્થિક સંકટનો સમાવેશ થાય છે. ફ્રાન્સમાં ત્રણ વર્ગો હતા - પાદરી વર્ગ, કુલીનો અને તૃતીય વર્ગ. તૃતીય વર્ગમાં બુર્જિયો, શ્રમજીવી વર્ગ અને ખેડૂતોનો સમાવેશ થતો હતો. આ વર્ગ સૌથી મોટો હતો અને તેમની પાસે સૌથી ઓછા અધિકારો હતા. તેઓ ભારે કર ભારણ અને અન્યાય સહન કરતા હતા. ફ્રાન્સની રાજાશાહી ખર્ચાળ હતી અને રાજ્ય દેવાળું થઈ રહ્યું હતું. આ સંકટને દૂર કરવા માટે રાજાએ કર વધારવાનો પ્રયાસ કર્યો, જેનાથી લોકોમાં રોષ ફેલાયો. ફ્રાન્સમાં પ્રબુદ્ધ ચિંતકો જેવા કે વોલ્ટેર, રૂસો અને મોન્ટેસ્ક્યુના

વિચારોનો પ્રભાવ વધતો જતો હતો. તેમના વિચારોએ લોકોને સમાનતા, સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યો પ્રત્યે જાગૃત કર્યા. ક્રાંતિની શરૂઆત 1789 માં થઈ જ્યારે રાજા લુઈસ-સોળમા એ એસ્ટેટ્સ-જનરલનું સત્ર બોલાવ્યું. આ સત્રમાં ત્રણ વર્ગોના પ્રતિનિધિઓ હાજર હતા. ત્રીજા વર્ગના પ્રતિનિધિઓએ સરકારમાં સુધારાની માંગ કરી અને વોટિંગમાં સરખા અધિકારની માગણી કરી. જોકે, રાજા અને કુલીનો વર્ગ આ માગણીઓને નકારી દીધી.

1789 માં પેરિસમાં ભૂખમરો અને બેરોજગારી વધી ગઈ. 14 જુલાઈ, 1789ના રોજ પેરિસના લોકોએ બસ્તીલ કિલ્લો કબજે કરી લીધો. આ ઘટનાને ફ્રાન્સની ક્રાંતિનો પ્રારંભ માનવામાં આવે છે. ફ્રાન્સની ક્રાંતિએ સમગ્ર વિશ્વને પ્રેરણા આપી. લોકશાહી, સ્વતંત્રતા અને સમાનતાના વિચારો વિશ્વભરમાં ફેલાયા. આ ક્રાંતિએ એક નવા યુગનો પ્રારંભ કર્યો, જેમાં રાજાશાહીનો અંત આવ્યો અને લોકશાહીનો ઉદય થયો.

### 14. નેપોલિયન ડિ બોનાપાર્ટ (1769 - 1821) :

15 ઓગસ્ટ, 1769માં કોર્સિકામાં જન્મેલા નેપોલિયને ફ્રેન્ચ ક્રાંતિના સમયમાં એક સામાન્ય સૈનિક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને થોડા જ વર્ષોમાં ફ્રાંસના સમ્રાટ બની ગયા હતા. 1785માં ફ્રેન્ચ રોયલ આર્મીમાં કમિશન મેળવ્યું હતું. 1789ની ફ્રેન્ચ ક્રાંતિને તેમણે સમર્થન આપ્યું હતું. 1793માં ટૂલોનના ઘેરાબંધીમાં વિજય મેળવીને અને 1795માં પેરિસમાં શાહીવાદી બળવાખોરોને હરાવીને તેઓ ઝડપથી સૈન્ય રેન્કમાં આગળ વધ્યા હતા. 1796માં, નેપોલિયને પ્રથમ સંઘના યુદ્ધમાં ઑસ્ટ્રિયનો અને તેમના ઇટાલિયન સાથીદારો સામે સૈન્ય અભિયાનનું નેતૃત્વ કર્યું હતું. તેમણે નિર્ણાયક વિજય મેળવ્યો અને રાષ્ટ્રીય હીરો બન્યા. 1798માં તેમણે ઇજિપ્ત અને સીરિયા પર આક્રમણ કર્યું હતું. 1800 માં મેરેન્ગોનું યુદ્ધ જીત્યું ફ્રાન્સમાં ક્રાંતિ પછીની અસ્થિર સ્થિતિનો લાભ ઉઠાવીને પોતાની સત્તા સ્થાપિત કરી હતી. 1799માં તેમણે ફ્રાન્સના પ્રથમ કોન્સ્યુલ બનીને સત્તા સંભાળી અને 1804માં પોતાને સમ્રાટ જાહેર કર્યો. તેમના શાસનકાળ દરમિયાન ફ્રાન્સે યુરોપના મોટાભાગના દેશો પર વિજય મેળવ્યો અને તેમની સામ્રાજ્ય વિસ્તર્યું. તેમણે ફ્રાન્સમાં અને યુરોપના અન્ય દેશોમાં અનેક સુધારા કર્યા હતા, જેમ કે કાયદાકીય સુધારા, શિક્ષણ સુધારા અને આર્થિક સુધારા. 1815માં વોટરલૂનું યુદ્ધ હાર્યા બાદ તેમને સેન્ટ હેલેના ટાપુ પર દેશનિકાલ કરવામાં આવ્યા હતા. જ્યાં 1821માં તેમનું અવસાન થયું હતું.

### 15. ઔદ્યોગિક ક્રાંતિ (1760 થી લગભગ 1820-1840) :

18મી સદીના મધ્ય ભાગમાં ઇંગ્લેન્ડમાં ઉદ્ભવેલી ઔદ્યોગિક ક્રાંતિએ માનવ સમાજને સંપૂર્ણપણે બદલી નાખ્યો. હસ્તકલા અને ખેતી પર આધારિત અર્થતંત્રનું યંત્રો અને યાંત્રિક શક્તિ દ્વારા ચાલતા ઔદ્યોગિક અર્થતંત્રમાં રૂપાંતર થયું. આ ક્રાંતિએ માત્ર ઇંગ્લેન્ડને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું અને આધુનિક સમાજનાં પાયા નાખ્યા. આ સમયગાળા દરમિયાન, નવી રાસાયણિક અને આયર્ન ઉત્પાદન પ્રક્રિયાઓ, પાણીની શક્તિ અને વરાળ શક્તિનો વધતો ઉપયોગ, મશીન ટૂલ્સનો વિકાસ અને મિકેનાઇઝ્ડ ફેક્ટરી સિસ્ટમનો ઉદય થયો. આ તકનિકી અને આર્કિટેક્ચરલ નવીનતાઓમાંથી ઘણી બ્રિટિશ મૂળની હતી. ટેક્સટાઇલ ઉદ્યોગ આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ અપનાવનાર પ્રથમ ઉદ્યોગ હતો અને રોજગાર, ઉત્પાદન મૂલ્ય અને રોકાણ કરાયેલી મૂડીની દ્રષ્ટિએ ટેક્સટાઇલ પ્રબળ ઉદ્યોગ બન્યો. ઘણી તકનિકી અને આર્કિટેક્ચરલ નવીનતાઓ બ્રિટિશ મૂળની હતી. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે, શહેરોનો વિકાસ થયો, વસ્તી વધી અને

નવા વર્ગો ઉભા થયા. શ્રમજીવી વર્ગ, મધ્ય વર્ગ અને ઉદ્યોગપતિ વર્ગ જેવા નવા સામાજિક વર્ગોએ સમાજમાં નવી ગતિશીલતા લાવી. 18મી સદીના મધ્ય સુધીમાં, બ્રિટન વિશ્વનું અગ્રણી વ્યાપારી રાષ્ટ્ર બની ગયું હતું, જે ઉત્તર અમેરિકા અને કેરેબિયનમાં વસાહતો સાથે વૈશ્વિક વેપાર સામ્રાજયનું નિયંત્રણ કરતું હતું. બ્રિટનનો ભારતીય ઉપખંડ પર મહત્ત્વપૂર્ણ સૈન્ય અને રાજકીય હેજેમોની હતું, ખાસ કરીને પ્રોટો-ઔદ્યોગિક મુઘલ બંગાળ પર, ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રવૃત્તિઓ દ્વારા. વેપારનો વિકાસ અને વ્યવસાયનો ઉદય ઔદ્યોગિક ક્રાંતિના મુખ્ય કારણોમાંનું એક હતું. કાયદામાં વિકાસે પણ ક્રાંતિને સરળ બનાવી, જેમ કે સંપત્તિ અધિકારોના પક્ષમાં અદાલતોના ચુકાદા. ઉદ્યોગસાહસિક ભાવના અને ગ્રાહક ક્રાંતિએ બ્રિટનમાં ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપ્યું, જે 1800 પછી બેલ્જિયમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ફ્રાન્સમાં અનુકરણ કરવામાં આવ્યું. ઔદ્યોગિક ક્રાંતિએ સામાજિક કાર્ય ક્ષેત્રમાં નવી પડકારો અને તકો ઉભી કરી. શહેરીકરણ, ગરીબી, બાળ શ્રમ, સ્ત્રીઓની સ્થિતિ જેવી સમસ્યાઓ ઉદ્ભવી.

આમ, વિદેશીઓએ ભારતની સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા અને રાજકારણ પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. ભારતની વિવિધતા અને સમૃદ્ધિ એ જ વિદેશીઓને આકર્ષતી રહી છે.

## 1.8 ઉપસંહાર

પોર્ટુગીઝ વિચારધારાઓએ વિશ્વભરમાં વસાહતી શાસન અને વેપાર દ્વારા વિવિધ સમાજો પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. સામાજિક પરિવર્તનના સંદર્ભમાં, પોર્ટુગીઝ વિચારધારાઓએ સમાજના ઘણા પાસાઓને પ્રભાવિત કર્યા છે. આમાં સમાજીક રચના, આર્થિક વ્યવસ્થા, સંસ્કૃતિ અને રાજકીય વ્યવસ્થાનો સમાવેશ થાય છે. પોર્ટુગીઝોએ ભારત, આફ્રિકા અને દક્ષિણ અમેરિકા જેવા વિસ્તારોમાં લાંબા સમય સુધી શાસન કર્યું હતું. તેમના શાસન દરમિયાન, તેમણે સ્થાનિક સંસ્કૃતિઓ અને પરંપરાઓને નોંધપાત્ર રીતે બદલી નાખી. પોર્ટુગીઝોએ સ્થાનિક લોકોને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે દબાણ કર્યું અને પોર્ટુગીઝ ભાષા અને સંસ્કૃતિને ફેલાવી. આના પરિણામે, સ્થાનિક સમાજોમાં સાંસ્કૃતિક વિભાજન અને સંઘર્ષ થયો. પોર્ટુગીઝ વિચારધારાઓએ વિશ્વના વિવિધ ભાગોમાં સામાજિક પરિવર્તનને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યા છે. જો કે આ પરિવર્તનો હંમેશા હકારાત્મક રહ્યા નથી. પોર્ટુગીઝ શાસનના પરિણામે, ઘણા દેશોમાં સાંસ્કૃતિક વિભાજન, આર્થિક અસમાનતા અને રાજકીય અસ્થિરતા જેવી સમસ્યાઓ ઉભી થઈ હતી.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

- **વિસ્તારપૂર્વક ઉત્તર લખો.**

1. ભારતમાં પોર્ટુગીઝ વસાહતોનો ઐતિહાસિક પરિચયની સમજૂતી આપો.
2. સામાજિક પરિવર્તન સંદર્ભે પોર્ટુગીઝ વિચારધારાઓ વિશે ચર્ચા કરો.
3. ભારતમાં પોર્ટુગીઝ વસાહતીઓ ટૂંકનોંધ લખો.
4. ભારતમાં વિદેશીઓનું આગમન તથા મુખ્ય ઘટનાઓનું વર્ણન કરો.

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો.**

1. 22 એપ્રિલ, 1500 રોજ બ્રાઝિલ પહોંચનાર પ્રથમ યુરોપીયન તરીકે કોને ઓળખવામાં આવે છે ?

   (અ) વાસ્કો દ ગામા (બ) પેડ્રો અલ્વારેસ કેબ્રાલ (ક) જોઆઓ દા નોવા

2. 1515માં ગવર્નર તરીકે અફોન્સો ડી આલ્બુકર્કેના સ્થાને ભારત કોણ પહોંચ્યા હતા ?

   (અ) લોપો સોરેસ ડી આલ્બર્ગરીયા (બ) રાણી એલિઝાબેથ પ્રથમ (ક) નવાબ શૈસ્તા ખાન

3. 1742માં ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગવર્નર કોણ બન્યા હતા ?

   (અ) રાજા ફ્રાન્સિસ-I (બ) રોબર્ટ ક્લાઈવ (ક) જોસેફ ફ્રાક્રોઈસ ડુપ્લીક્સ

4. 1756 માં સિરાજ-ઉદ-દૌલા ક્યાંના નવાબ બન્યા ?

   (અ) બંગાળ (બ) કલકત્તા (ક) દિલ્હી

5. કયા વર્ષમાં ફિલાડેલ્ફિયામાં બીજી કોન્ટિનેન્ટલ કોંગ્રેસે અમેરિકાની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી.

   (અ) 1771 (બ) 1776 (ક) 1780

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

  1. (બ) 2. (અ) 3. (ક) 4. (અ) 5. (બ)

## 13.6 ચાવીરૂપ શબ્દો

1. સામાજિક પરિવર્તન : સમાજની રચના, સંસ્કૃતિ, વ્યવસ્થા અને વ્યક્તિઓના વર્તનમાં થતો ક્રમિક અને ઊંડાણપૂર્વકનો ફેરફાર.
2. પોર્ટુગીઝ વિચારધારાઓ : પોર્ટુગલ દેશના વિચારકો અને ફિલસૂફો દ્વારા વિકસાવવામાં આવેલા વિચારો અને દ્રષ્ટિકોણો. આ વિચારધારાઓએ વિશ્વના વિવિધ ભાગો પર, ખાસ કરીને પોર્ટુગીઝ સામ્રાજ્યના વિસ્તારો પર, ઊંડો પ્રભાવ પાડ્યો હતો.
3. સામ્રાજ્યવાદ : એક શક્તિશાળી રાષ્ટ્ર દ્વારા અન્ય દેશો પર રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક દબદબો સ્થાપવાની પ્રક્રિયા.
4. સંસ્કૃતિક સંઘર્ષ : વિવિધ સંસ્કૃતિઓના સંપર્કમાં આવવાથી થતા ટકરાવ અને પરિવર્તન.
5. સામાજિક ન્યાય : સમાજના તમામ વર્ગો માટે સમાનતા, ન્યાય અને અધિકારોની ખાતરી કરવાનો સિદ્ધાંત.
6. પોર્ટુગીઝ સામાજિક પ્રભાવ : પોર્ટુગીઝ શાસન દરમિયાન સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં થયેલા ફેરફારો, જેમ કે પ્રજાની આદતો, માન્યતાઓ અને જીવનશૈલીમાં આવેલ પરિવર્તનો.
7. ધાર્મિક એકીકરણ : પોર્ટુગીઝ રાજધર્મની પ્રભાવશાળી તાકાતે પ્રચલિત થયેલ ધર્મપ્રવર્તન જેનાથી સ્થાનિક લોકોમાં નવા ધાર્મિક મૂલ્યો ઊભા થયા.
8. સંસ્કૃતિક આદાન-પ્રદાન - સ્થાનિક અને પોર્ટુગીઝ સંસ્કૃતિઓ વચ્ચે થયેલા વિવિધ કલા, ખોરાક અને ભાષાના સંસ્કૃતિક મિશ્રણને બલવાન બનાવવું.

## 13.7 સંદર્ભ સૂચિ

1. "De VOCsite : handelsposten; Coromandel". De VOCsite. Jaap van Overbeek te Wageningen.

2. "Early European Sªtlements". Imperial Gazªteer of India. Vol. II. 1908. p. 454.
3. "Treaty Bªween the Government of India and the Government of the Republic of Portugal on Recognition of India's Sovereignty over Goa, Daman, Diu, Dadra and Nagar Haveli and Related Matters". www.commonlii.org. 1974.
4. "Vasco da Gama > Biography, Achievements, Route, Map, Significance, & Facts". Encyclopedia Britannica.
5. Afonso de Albuquerque -https://www.britannica.com/biography/Afonso-de-Albuquerque
6. Battle of Plassey - Indian history [1757] - https://www.britannica.com/event/Battle-of-Plassey
7. Britannica, T. Editors of Encyclopaedia (2024, March 29). João da Nova. Encyclopedia Britannica. https://www.britannica.com/biography/Joao-da-Nova
8. Carey, W. H. (1907). "Chapter 14: The Danes in India". The Good Old Days of Honorable John Company: Being Curious Reminiscences Illustrating Manners and Customs of the British in India During the Rule of East India company from 1600 to 1858 Vol. II. Calcutta: R. Cambray and Co. p. 279.
9. Carnatic Wars - Euro-Indian wars - https://www.britannica.com/topic/East-India-Company
10. Foster, Sir William (1924). The East India House: its History and Associations
11. French Revolution - 1787-1799 - https://www.britannica.com/event/French-Revolution/Events-of-1789
12. Holmes, Sir George Charles Vincent (1900). Ancient and Modern Ships Part I. London: Chapman & Hall. pp. 93, 95.
13. Khan, Sirdar Mahomed Ismail (1869). "Annexation of the Nicobar Islands". India Office Records: Abstract of Lªters from India 1869.
14. Mole, Gregory (2016). Privileging Commerce: The Compagnie des Indes and the politics of trade in old Regime France. Carolina Digital Repository.
15. Pedro Álvares Cabral https://www.britannica.com/biography/Pedro-Alvares-Cabral
16. R.S. Whiteway, (1899) Rise of Portuguese Power in India, p.224
17. Ross, E. Denison (1922). "Early Travellers in Abyssinia: Part I". Journal of the Royal African Sociªy. 21 (84): 276. JSTOR 715368.
18. Shah, Mohammad (2012). "Mir Qasim". In Islam, Sirajul; Jamal, Ahmed A. (eds.). Banglapedia: National Encyclopedia of Bangladesh (Second ed.). Asiatic Sociªy of Bangladesh.

એકમ 14

# આરોગ્યસમાજ કાર્ય મૂલ્યો, ધ્યેયો, ભૂમિકા અને પ્રક્રિયા

-: રૂપરેખા :-


**14.0 એકમનાં હેતુઓ**

**14.1 પ્રસ્તાવના**

**14.2 આરોગ્યનો ખ્યાલ**

**14.3 રોગોના પ્રકાર**

**14.4 સમાજ કાર્યના મૂલ્ય**

**14.5 હોસ્પિટલનો અર્થ**

**14.6 તબીબી સમાજ કાર્યકરની ભૂમિકા**

**14.7 રોગ અટકાયત પ્રક્રિયા અટકાયત અને સામાજિક સારવાર**

**14.8 તમારી પ્રગતિ ચકાસો**

**14.9 ઉપસંહાર**

**14.10 તમારી પ્રગતિ ચકાસો**

**14.11 ચાવીરૂપ શબ્દો**

**14.12 સંદર્ભ સૂચિ**


## 14.0 એકમનાં હેતુઓ

વિદ્યાર્થી મિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

1. વિદ્યાર્થીઓને વ્યક્તિ કુટુંબ અને સમાજના સભ્ય તરીકે વૈજ્ઞાનિક માહિતીના આધારે સ્વાસ્થ્યનું રક્ષણ કરવા જાળવવા અને વૃદ્ધિ કરવા યોગ્ય નિર્ણય લઈ પગલાં લેવા સમર્થ બનાવવા.
2. સમાજની અન્ય વ્યક્તિઓ જૂથ સમુદાયો સંસ્થાઓ સાથે યોગ્ય તાલમેલ સાધવો.

## 14.1 પ્રસ્તાવના

ભારતમાં લોકોનું આરોગ્ય સ્તર 1947 સુધી ઘણી નીચું રહ્યું. વ્યાપક ગરીબી બેકારી નિરક્ષરતા તબીબી સારવારની બહુ જ ઓછી સુવિધાઓ ગામડાઓમાં તબીબી સુવિધાઓના અભાવની સ્થિતિમાં જન આરોગ્ય નું સ્થાન ઘણું નીચું રહેવા પામ્યું હતું. માતૃમરણ અને બાળ મરણનું પ્રમાણ ઘણું ઊચું હતું. બ્રિટિશ સરકાર ભારતની પ્રજાના આરોગ્યના પ્રશ્નો પ્રત્યે ઉદાસીન હતી. લોકો અનેક પ્રકારના રોગોનો ભોગ બની મૃત્યુ પામતા. શીતળા પ્લેગ, કોલેરા જેવા રોગોમાં અસંખ્ય માણસોનો મરણ થતાં. આરોગ્ય સુધારણા પ્રત્યે બ્રિટિશ સરકારે ખાસ લક્ષ્ય આપ્યું નહોતું.

સ્વાતંત્ર પ્રાપ્તિ બાદ દેશ આરોગ્ય ક્ષેત્રે તુલનાત્મક રીતે નોંધપાત્ર પ્રગતિ કરે છે. બંધારણમાં આરોગ્યને રાજ્યના વિષય તરીકે મૂકવામાં આવ્યો છે. આમ છતાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને મુખ્ય ચેપી અને બિનચેપી રોગોના નિવારણમાં વિવિધ સ્વરૂપે મદદ કરે છે. રાષ્ટ્રીય આરોગ્ય

નીતિનો મુખ્ય હેતુ દેશની વસ્તીના આરોગ્યનું સ્વીકૃત સ્તર હાંસલ કરવાનું છે. સૌને સમાનતાના ધોરણે આરોગ્ય સેવાઓ સુલભ બનાવી તે આરોગ્ય નું લક્ષ્ય છે.

રોગ એ તબીબી ખ્યાલ છે. આરોગ્ય એટલે રોગ અને માદગીનો અભાવ. તાર્કિક રીતે જોતાં માદગી એટલે આરોગ્યનો અભાવ.

સામાજિક આરોગ્યની સંકલ્પના પ્રદેશ દરેક ધર્મ તથા અનેક અન્ય પરિબળોને કારણે અલગ અલગ હોય છે. છતાં વ્યક્તિનું તેના સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ સાથે અનુકૂલન એક મહત્ત્વનું પાસું ગણી શકાય.

**સ્વાતંત્ર પ્રાપ્તિ પછી પરિવર્તન પરિસ્થિતિ**

સ્વાતંત્ર પ્રાપ્તિ બાદ દેશે આરોગ્ય વિષયક સેવાઓને લઈને કાર્યક્રમ હાથ ધર્યા હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા દેશની જનસંખ્યા ને આરોગ્ય વિષયક સેવાઓ આપવાનો પ્રયાસ કર્યો. ઈ.સ. 1973માં વધુ આરોગ્ય વિષયક સેવાઓ આપવાના હેતુથી બહુ પરિમાણીય તબીબી કાર્યકર્તાઓની નિમણૂક કરવામાં આવી. સેવાઓના વિસ્તાર માટે આરોગ્ય વિષયક શૈક્ષણિક કાર્યક્રમોની આવશયકતા હતી. જે તબીબના રૂપમાં કાર્ય કરી શકે. પરિણામે તબીબી શિક્ષણ તથા પ્રશિક્ષણ માટે તબીબી શૈક્ષણિક કાર્યક્રમોની સ્થાપના કરવામાં આવી.

## 14.2 આરોગ્યનો ખ્યાલ

અંગ્રેજી શબ્દ 'helth' માટે ગુજરાતીમાં 'આરોગ્ય' અને 'સ્વાસ્થ્ય' એમ બંને શબ્દો પ્રચલિત છે. અહીં આરોગ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે અને કવચિત સ્વાસ્થ્ય શબ્દ પણ ઉપયોગમાં લીધો છે.

એસ. આર. મેહતાના મતે આરોગ્યનો ખ્યાલ એક પરિસ્થિતિજન્ય અવસ્થારૂપ ખ્યાલ છે. વ્યક્તિ અત્યારે તંદુરસ્ત હોય અને બીજી ક્ષણે એ જ વ્યક્તિ નાદુરસ્ત માંદી અને બીમાર હોય એવું બની શકે છે. માદગી અને બીમારી કે રોગ આરોગ્યની વિરુદ્ધ સ્થિતિ છે.

તણાવ - તાણ જેવી ચિંતા જેવા વ્યક્તિગત કારણો તે જવાબદાર હોય છે. આ કારણને સમજવામાં બીમાર વ્યક્તિઓ નિષ્ફળ જતી હોય છે. વળી રોજબરોજની સામાન્ય બીમારી માંદગીની પરિસ્થિતિમાં વ્યક્તિઓ તેમના જૂથમાં આરોગ્ય અને માનવીય અંગેના પ્રચલિત જ્ઞાન અને માન્યતા અનુસાર પ્રતિભાવ દાખવતી હોય છે.

વિશ્વ આરોગ્ય કે સંગઠન (who)ના બંધારણના આમુખમાં સુધારેલી વ્યાખ્યા નીચે મુજબ છે.

આરોગ્ય સામાજિક રીતે અને આર્થિક રીતે ઉત્પાદક જીવન તરફ દોરી જતી સંપૂર્ણ શારીરિક માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે અને તે માત્ર રોગ કે અશક્તિના અભાવની સ્થિતિ નથી.

રોગ અટકાયતી ઔષધના વિશેષજ્ઞ એ આરોગ્યની વ્યાખ્યા નીચે મુજબ આપી છે. આરોગ્ય એવી સ્થિતિ છે; જે આરોગ્યના લક્ષણો દર્શાવે છે અને તે નીચેના ઘટકો ધરાવે છે.

1. આરોગ્યે એવી સ્થિતિ છે જે આરોગ્યના લક્ષણોને દર્શાવે છે અને તેની જેના ઘટકો ધરાવે છે.

1. આરોગ્ય એ કે શરીર રચના સંબંધીત દૈહિક અને માનસિક અખંડિતતાની સ્થિતિ છે.

2. આરોગ્યએ વ્યક્તિગત રીતે કુટુંબ આજીવિકામાટે કરાતું કામ અને સમુદાયની ભૂમિકાઓ ભજવવાની ક્ષમતાની સ્થિતિ છે.

3. આરોગ્ય શારીરિક જૈવિક અને માનસિક તથા સામાજિક તાણ તણાવને પહોંચી વળવાની સ્થિતિ છે.
4. આરોગ્ય એ સુખાકારીની લાગણીની સ્થિતિ છે.
5. આરોગ્ય એ રોગ અને અકાળે મૃત્યના જોખમમાંથી મુક્તિની અવસ્થા છે.

**રોગનો અર્થ અને વ્યાખ્યા**

રોગ એ વિજ્ઞાનીય વિકૃતિનો તબીબી ખ્યાલ છે. વ્યક્તિ તેની જે સ્થિતિમાં વિચલિત થાય છે; તે સ્થિતિને રોગ તરીકે ઓળખવામાં આવે છે. બીજી રીતે કહીએ તો શરીરના અવયવો અને દૈહિક તંત્રો તેમની સ્વાભાવિક કામગીરીથી વિચલિત થાય છે. ત્યારે પેદા થતી સ્થિતિને રોગ કહેવામાં આવે છે.

વેબસ્ટર રોગની વ્યાખ્યા આપતા કહે છે કે રોગ એક પરિસ્થિતિ જેમાં શરીરનું આરોગ્ય નબળું પડ્યું હોય છે. આરોગ્યની સ્થિતિએ વિદાય લીધી હોય છે.

શરીરમાં જીવન માટે આવશ્યક કાર્યો બજાવવામાં અવરોધરૂપ ફેરફારો થયા હોય છે.

ઓક્ષફર્ડ ઈંગ્લીશ ડીક્ષનરી અનુસાર રોગ એ શરીરની અથવા શરીરના અવયવ કે શરીરના અમુક ભાગની સ્થિતિ છે. જેમાં શરીરના કાર્યો અવરોધાયા હોય અથવા તેમાં અંતરાય ઉભો થયો હોય છે.

પરિસ્થિતિ શાસ્ત્રની દ્રષ્ટિએ રોગને પર્યાવરણ સાથે માનવ દેહની વિસંવાદિતા કે કુમેળ તરીકે પરિભાષિત કરવામાં આવે છે.

રોગની સરળમાં સરળ વ્યાખ્યા એ છે કે રોગ આરોગ્યથી તદ્દન વિરુદ્ધની સ્થિતિ છે. એટલે કે રોગ એ શરીરની સ્વભાવિક કામગીરી તે સંપૂર્ણ શારીરિક કે માનસિક સુખાકારીથી વિચલન છે.

ઉર્ર દ્વારા આરોગ્યની વ્યાખ્યા આપવામાં આવી છે. પરંતુ રોગની વ્યાખ્યા આપવામાં આવી નથી. આનું કારણ એ છે કે રોગ ઘણી આભા ધરાવે છે. રોગ ઢંકાયેલો છુપા સ્વરૂપથી માંડીને તીવ્ર માંદગી સ્વરૂપ સુધીના હોય છે. કેટલાક રોગ તીવ્ર સ્વરૂપે શરૂ થાય છે. દાખલા તરીકે ફૂડ પોઈઝનીગ. કેટલાક રોગો ધીમે ધીમે શરૂ થાય છે દા. ત. સંધિવા મનોરોગ. કેટલાક રોગ એવા હોય છે. જેમાં વ્યક્તિ રોગના વાહકની સ્થિતિમાં હોય છે અને બહારથી તે તંદુરસ્ત હોય છે. પરંતુ બીજાને ચેપ લગાડી શકે તેમ હોય છે. દા.ત. ટાઈફોઈડ.

કેટલા રોગ ટૂંકા સમય ગાળાના હોય છે અને કેટલાક રોગ લાંબો સમય ચાલતા હોય છે.

માંદગીના ચિન્હો વ્યક્ત થતા હોવાથી માંદગી નક્કી કરવાનું સરળ છે. પરંતુ ઘણા રોગો સ્વભાવિક અને વિકૃત સ્થિતિથી વચ્ચે બોર્ડર લાઈન પર હોય છે (દા.ત. ડાયાબિટીસ હાયપરટેન્શન, મનોરોગ) ત્યારે તેની નિદાન કરવાનું સરળ હોતું નથી. શક્ય છે કે માંદા હોવાની લાગણી વિના વ્યક્તિ રોગને ભોગ બનેલ હોય અને શારીરિક નબળાઈના ચિન્હ વિના વ્યક્તિ માંદી હોઈ શકે કે માંદા હોવાની લાગણી વિના વ્યક્તિ માંદી હોઈ શકે છે.

**આરોગ્ય**

આરોગ્ય એટલે શારીરિક માનસિક અને સામાજિક રીતે સ્વસ્થ હોવું. આરોગ્ય એટલે માત્ર રોગ કે બીમારીની ગેરહાજરી નહીં (ઉર્ર 1948).

### આરોગ્યસંભાળ

આરોગ્ય સંભાળ એટલે માનવીના રોગ બીમારી ઈજા કે અન્ય શારીરિક માનસિક ક્ષતિઓની અટકાયત નિદાન અને સારવાર દ્વારા આરોગ્ય જાળવણી અને સુધારણા છે અને ચિકિત્સકો અને ચિકિત્સા સહાયકો આરોગ્ય વ્યવસાયનો ભાગ છે.

જાહેર આરોગ્ય રોગની અટકાયત લાંબુ જીવન જીવવાની અને માનવ આરોગ્યને પ્રોત્સાહન આપવાની કળા અને વિજ્ઞાન છે. જે જાહેર અને ખાનગી સંસ્થા સમાજ સમુદાય અને વ્યક્તિઓના સંગઠિત પ્રયાસો દ્વારા શક્ય બને છે.

## 14.3 રોગોના પ્રકાર

રોગોના પ્રકાર વિભિન્ન આધારોના પાયા ઉપર પાડવામાં આવે છે.

કેટલાક રોગો એવા હોય છે જે ટૂંકા સમયગાળામાં મટાડી શકાય છે અને કેટલાક રોગો એવા હોય છે જેને મટાડવાનો બહુ મુશ્કેલ હોય છે. એટલે કે કેટલાક રોગો મટાડી શકાય તેવા હોય છે અને કેટલાક રોગો મટાડી ના શકાય તેવા હોય છે.

કેટલાક રોગો હઠીલા હોય છે. જેની સારવાર દીર્ઘકાળ સુધી ચાલે છે અને કેટલાક રોગો જીવલેણ હોય છે. જેનો ઉપચાર કરવા છતાં મટતા નથી અને એ રોગને લીધે મૃત્યુ થાય છે.

આમ છતાં એક સમયે મટાડી ન શકાય તેવા ગણાતા વિભિન્ન પ્રકારના રોગોના ઉપચાર માટેના પગલાં શોધી કાઢવામાં આવ્યા છે. આવી શોધોને લીધે મૃત્યુદર નીચો આવ્યો છે.

તજજ્ઞોએ રોગગ્રસ્ત વ્યક્તિ તેની આસપાસના લોકોના આરોગ્યના અસર કરે છે કે કેમ તેના આધારે જે ચેપી રોગો અને બિનચેપી રોગો એમ રોગોના બે પ્રકાર છે.

### ચેપી રોગો

જે રોગો માણસમાંથી માણસમાં, પ્રાણીમાંથી પ્રાણીમાં, પર્યાવરણમાંથી માણસમાં કે પ્રાણીમાં સંક્રાંત થતા હોય તેવા રોગોને ચેપી રોગો કહેવામાં આવે છે. આથી આવા રોગથી પીડાતી વ્યક્તિને અન્ય વ્યક્તિઓથી દૂર રાખવાની કે રોગનો ચેપ ન લાગે તેવી સુરક્ષિત સ્થિતિમાં રહેવાની ભલામણ કરવામાં આવે છે. ક્ષય, મલેરીયા, વાયરલ કે ડેન્ગ્યુ, સ્વાઈન, ફ્લૂ, ટાઈફોઈડ વગેરે રોગોને ચેપી રોગો ગણવામાં આવે છે HIV / AIDS ચેપી રોગ છે; પરંતુ તે સંસર્ગ જન્ય નથી. હવા પાણી કે ખોરાક દ્વારા HIV / વિષાણુ એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રવેશતા નથી. એઇડ્સના વિષાણુ મુખ્યત્વે અસલામત જાતીય સંબંધો દ્વારા લોહી દ્વારા જંતુમુક્ત ન કર્યા હોય તેવા ઈન્જેક્શનની સોય કે સિરિંજ જેવા સાધનો અને એઇડ્સગ્રસ્ત સગર્ભા સ્ત્રી દ્વારા ગર્ભસ્થ શિશુને તેનો ચેપ લાગી શકે છે.

### બિનચેપી રોગો

જે રોગો રોગગ્રસ્ત વ્યક્તિમાંથી અન્ય વ્યક્તિઓમાં ફેલાતા નથી; તેવા રોગોને બિનચેપી રોગો કહેવામાં આવે છે. કેન્સર હૃદય રોગ ડાયાબિટીસ અંધત્વ વગેરે ઘણા રોગો બિનચેપી છે.

જૈવિક, શારીરિક, સામાજિક વર્તન અને માનસિક વગેરે વિવિધ કારણોસર સમાજમાં અમુક વ્યક્તિઓને જૂથો અન્ય વ્યક્તિઓઅને જૂથોની તુલનામાં રોગોનો ભોગ બને તેવા હોય છે.

## 14.4 સમાજ કાર્યના મૂલ્ય

સમાજ કાર્ય લોકો માટે શું ઈચ્છે છે ? તેના જવાબને સમાજકાર્યના મૂલ્ય કહી શકાય.

ફ્રિડ લેન્ડર કહે છે કે સમાજ કાર્યના મૂલ્યો સભ્યતાને પોષનારી અને ઊંડા મૂળ ધરાવતી માન્યતાઓમાંથી ઉતરી આવ્યા છે.

એક પણ વ્યવસાય એવો નથી જેના મૂલ્ય ન હોય; મૂલ્યો વ્યક્તિના વ્યવહારને દોરે છે. કોંસના જણાવ્યાપ્રમાણે મૂલ્ય એ કોઈ વસ્તુ વિભાવના, સિદ્ધાંત, ક્રિયા અથવા પરિસ્થિતિના સંદર્ભમાં કોઈ વ્યક્તિ સમુહ કે સમુદાયનો બૌદ્ધિક કે સંવેદાત્મક નિર્ણય છે. વ્યક્તિ પોતાના મૂલ્યોના આધારે કયા રસ્તે જવું તે નક્કી કરે છે. મૂલ્યો એક રસ્તાથી બીજો રસ્તો કેમ સારો કે ખરાબ છે, ઉચિત કે અનુચિત છે, તે નક્કી કરે છે.

મૂલ્ય દ્વારા વ્યક્તિ સમૂહ કે સમુદાયનો વ્યવહાર નિશ્ચિત થતું હોવાથી સામાજિક નિયંત્રણ અસરકારક સાધન બની રહે છે. સમાજ કાર્યનું મુખ્ય કાર્ય વ્યક્તિગત અને સામાજિક પરિવર્તન સાથે સંકળાયેલ હોવાથી મૂલ્ય વિષયક જાણકારી સમાજ કાર્યકર માટે અનિવાર્ય બને છે.

વિવિધ સ્થળો અને વિવિધ સમયે લોકોના મૂલ્યોમાં ભેદ જોવા મળે છે.

કોંસ સમાજ કાર્યના નીચે મુજબના જણાવે છે :

1. વ્યકિત મુલ્યવાન છે; તેની ગરિમા જળવાવી જોઈએ.
2. પ્રત્યેક માનવમાં પૂર્ણ માનવીય સામર્થ્ય પ્રાપ્ત કરવાની ક્ષમતા છે.
3. મતભેદો માટે સહનશક્તિ જરૂરી છે.
4. માનવીની પાયાની મૂળભૂત જરૂરિયાત સંતોષાવી જોઈએ.
5. સ્વતંત્રતા.
6. સ્વ દોરાવણી આત્માને નિદર્શન.
7. કોઈના ન્યાયાધીશ ન થવાનું વલણ.
8. રચનાત્મક સામાજિક સહકાર.
9. કાર્યનું મહત્ત્વ અને તેનો રચનાત્મક ઉપયોગ.
10. વ્યક્તિ અને પ્રકૃતિ દ્વારા ઉભા થનારા અસ્તિત્વ સામેના જોખમ સામે સુરક્ષા.

બેન્ડા ડુબોઇસના મત પ્રમાણે સમાજકાર્યના મૂલ્યો મુખ્ય ત્રણ ભાગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. લોકો વિશેના મૂલ્યો, સમાજ વિશેના મૂલ્યો અને વ્યાવસાયિક વ્યવહાર વિશેના મૂલ્યો.

### લોકો વિશેના મૂલ્યો

વ્યક્તિના સાંસ્કૃતિક લક્ષણો તેની જીવનશૈલી અથવા તેની માન્યતાઓને ધ્યાનમાં લીધા વગર તેના મોભાને મૂલ્યવાન ગણવું તે વ્યવસાયિક કાર્યની પ્રવૃત્તિ માટે ખૂબ જરૂરી બની જાય છે. આ ઉપરાંત સમાજ કાર્યકરો સેવાર્થીને પોતાને સાનુકૂળ સેવા લેવાનો હક માટે હિમાયત કરે છે.

### સમાજ વિશેના મૂલ્યો

સમાજ કાર્યકરો અસમાનતા દૂર કરી સામાજિક ન્યાય સ્થાપવાની જવાબદારી સ્વીકારે છે. તે માટે વ્યવસાયિક રીતે સામાજિક સંસ્થાઓ વધારે માનવીય બને સામાજિક સંસ્થાઓ કાર્યક્રમોમાં તેને અનુરૂપ સુધારો લાવવામાં આવે અને સામાજિક નીતિઓને વિશુદ્ધ કરવામાં આવે. તે સમાજ કાર્યકરોની વચન બદ્ધતા છે. સમાજની પરિસ્થિતિને સુધારવાના પ્રયત્નો કરે છે. જેથી તે સામાજિક ન્યાય માત્ર આદર્શ ન રહેતા વાસ્તવિકતા થઈ શકે.

**વ્યાવસાયિક વ્યવહાર વિશેના મૂલ્યો**

સમાજ કાર્યકરો સેવાર્થીની શક્તિઓ અને લાયકાતોને મૂલ્યવાન ગણે છે. તેથી તેમની સાથે ભાગીદારીમાં ઉપાયો વિકસાવે છે સમાજ કાર્ય કરો પ્રવૃત્તિની ગુણવત્તાને મૂલ્યવાન ગણે છે. તેથી સતત પોતાની પ્રવૃતિની અસરકારકતા તપાસતા રહે છે.

સામાજિક સંસ્થાને લગતા નીચેના મૂલ્યોમાં સમાજ કાર્ય માને છે.

સામાજિક સંસ્થા એક સાધન છે. સેવાર્થી સૌ પ્રથમ સંસ્થામાં મદદ માટે આવે છે. સંસ્થા જેવી વિવિધ પ્રકારની સેવા આપે છે. તે સમાજ કાર્યકર દ્વારા આપવામાં આવે છે. સેવાથી ને મદદ કરતા પહેલા સંસ્થા વિચારે છે કે તે જે વ્યક્તિને મદદ કરે છે; તેના માટે કેવી રીતે કેવી પરિસ્થિતિમાં કેવા સંસાધનો અને કયા પ્રકારની મદદ જરૂરી છે અને કેવા કાર્યકરની મદદ જરૂરી છે. સમાજ કાર્યના નીચેના મૂલ્યો સંસ્થાને લગતા છે.

1. સામાજિક સંસ્થાનો પ્રકાર હંમેશા માનવ માટે કલ્યાણકારી થતા હિતકારી હોવો જોઈએ.
2. સંસ્થાના સંસાધનોના યોગ્ય ઉપયોગ દ્વારા સમસ્યાનો હલ લાવી શકાય.
3. સામાજિક સંસ્થાની કુશળતા ક્ષતિ પૂર્ણ વ્યવસ્થાને સુધારવામાં હોય છે.
4. સંસ્થાના સંસાધનો સેવા તથા તકોના ઉપયોગથી સમસ્યા ઉકેલી શકાય.
5. સંસ્થાની અસરકારકતા કાર્યકરના માનવીય વર્તણૂક વિશેના જ્ઞાન અને સેવાર્થીને પ્રભાવિત કરવાની શક્તિ પર આધારિત છે.
6. જે સંસ્થા લોકશાહી મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે; તે માને છે કે વ્યક્તિ પોતાની મદદ કરી પોતાની સમસ્યાને ઉકેલવા માંગે છે તથા સ્વનિર્ભર બનવા ધારે છે.

## 14.4 હોસ્પિટલનો અર્થ

બીમાર કે શારીરિક રીતે જખમી વ્યક્તિઓને તબીબી કે સર્જીકલ સારવાર પૂરી પાડતી સંસ્થા વ્યવસ્થા કે સંગઠનને હોસ્પિટલ કહેવામાં આવે છે.

**હોસ્પિટલના કાર્યો**

1. બીમાર વ્યક્તિને સેવા પૂરી પાડવી.
2. શિક્ષણ અને સંશોધન.
3. આરોગ્યતંત્રને મદદરૂપ બનવું.
4. સામાજિક જવાબદારી નિભાવવી.
5. તબીબી ક્ષમતા મુજબ સેવા પૂરી પાડવી.
6. રોજગાર પૂરી પાડવી.

**હોસ્પિટલમાં સમાજ કાર્ય વિભાગ વ્યવસ્થાપન અને સંકલન**

તબીબી સેન્ટર કે હોસ્પિટલ ખાતે સમાજ કાર્યકરને સૌથી પહેલા સેવા કે પ્રશ્ન ઉકેલવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. વ્યવસાયિક સમાજ કાર્ય કરની નોંધણીમાં તબીબી સમાજ કાર્યકર સૌથી ઉપયોગમાં આવતી મહત્ત્વપૂર્ણ સમાજ કાર્યલક્ષી શાખા છે. હોસ્પિટલ ખાતે માનવ સંસાધન વિભાગ બાળ-રોગ વિભાગ મહિલા વિભાગ અન્ય વિભાગની જેમ જ સમાજ કાર્ય વિભાગ પાયાની જવાબદારી સાથે દર્દીઓ સાથે સીધા સંપર્કમાં રહી દર્દી અને તેમજ સગા વ્હાલા અને હોસ્પિટલ વચ્ચે મહત્ત્વપૂર્ણ કડી રૂપ સેવા પૂરી પાડે છે.

### વિભાગની કામગીરી

હોસ્પિટલ સમાજ કાર્યકર કે તબીબી સમાજ કાર્યકર એ દર્દી અને દર્દીના કુટુંબને જરૂરી રોગ બિમારી સંબંધિત સમજણ વિકસાવવામાં મદદરૂપ બને છે. લાગણીસભર વાતચીત, સલાહ, માર્ગદર્શન, નિર્ણય લેવાની પ્રક્રિયામાં જરૂરી સલાહ-મસલતમાં, ડોક્ટર નર્સ થેરાપીસ્ટ આરોગ્ય કાર્યકર કે વ્યાવસાયિક અને કુટબીજનોના પક્ષ રહી દર્દીના કલ્યાણ માટે જરૂરી કાર્યો કરે છે. સમાજ કાર્યકર હોસ્પિટલમાં જરૂરી નેતાગીરીની ભૂમિકા પૂરી પાડે છે અને સાથે સાથે વહીવટી કાર્યોમાં પણ પોતાની કામગીરી કરતા હોય છે. તેમ છતાં વિભાગ નીચેના કાર્ય વિશેષ રૂપથી નિભાવતા હોય છે.

1. દર્દીની શરૂઆતની પરિસ્થિતિ ચકાસણી.
2. દર્દીનું સર્વાંગી મનોસામાજિક મૂલ્યાંકન.
3. દર્દી અને દર્દીના સગાને બીમારી સારવાર અને સંભવિત જોખમ વિશે માહિતગાર અને જરૂરી ભૂમિકા વિશે સમજણ પૂરી પાડે છે.
4. દર્દી અને દર્દીના કુટુંબ વતી નિર્ણય લેવામાં મદદરૂપ બને છે.
5. દર્દીને આરોગ્ય સંભાળ માટે દેખરેખ રાખનાર વ્યવસાયિકોથી માહિતગાર કરવાનું કાર્ય કરે છે.
6. આકસ્મિક આફતમાં મદદરૂપ બનવું.
7. જરૂરી મનોસામાજિક પ્રશ્નોમાં મદદરૂપ બનવું. સલાહ ને માર્ગદર્શન આપવું, જરૂરી રેફરલ કાર્ય બજાવવા.
8. આરોગ્ય સંભાળ માટેની વ્યવસાયિકો વચ્ચેના સંવાદને પ્રોત્સાહિત કરવા અને તેમાં વધારો કરવો.
9. દર્દીની રજા બાદ સતત સંભાળ અને સારવાર માટે કાર્યો કરવા.

વિશ્વ આરોગ્ય મંડળ બીમારીના ત્રણ પ્રકાર પાડે છે :

શારીરિક બીમારી, માનસિક બીમારી અને સામાજિક બીમારી

ત્રણે બીમારીઓ માટે જવાબદાર પરિબળોમાં પણ વિભિન્નતા છે. સામાન્ય રીતે બીમારીની પરિસ્થિતિ માટે પ્રાકૃતિક પરિબળો જૈવકીય પરિબળો માનવસર્જિત વાતાવરણ સંબંધિત પરિબળો ઉપરાંત વ્યક્તિગત ખોરાકની આદતો જવાબદાર બને છે. માનસિક બીમારીઓ માટે આનુવંશિક પરિબળો સામાજિક અને વ્યક્તિગત આદતો જવાબદાર ગણાય છે.

સામાજિક બીમારી માટે સમાજ નિર્મિત પરિસ્થિતિનો જવાબદાર બને છે. શારીરિક તથા માનસિક બીમારીના ઈલાજ કરવામાં આવે છે; જ્યારે સામાજિક બીમારીના નિવારણ માટે સામૂહિક પ્રયત્નો કરવામાં શારીરિક તથા માનસિક બીમારીના ખ્યાલથી આવતી સમગ્ર સમાજ પરિચિત છે તથા તેના નિવારના ઉપાયો પણ હાથ ધરવામાં આવે છે. પરંતુ સામાજિક બીમારીનો ખ્યાલ નવીન છે. ઘણા બધા સમાજો આ ખ્યાલથી પરિચિત છે. તેથી તેના નિવારણના ઉપાયો પણ ઘણા મર્યાદિત છે.

### સામાજિક કાર્યકરોની ભૂમિકા

આરોગ્ય ક્ષેત્રમાં વ્યવસાય પ્રસ્થાપિત થવા પામ્યા છે. હોસ્પિટલો, બ્લડ બેન્ક, એઈડ્સગ્રસ્ત લોકો માટેના પુનઃ વર્સન કેન્દ્ર, કેન્સરના દર્દીઓ માટેના ઉપશામક સંભાળ કેન્દ્ર વગેરેમાં ધંધાદારી

સમાજ કાર્યકરની જરૂરિયાત રહેલી છે. ભારતમાં સમાજ કાર્યની ઘણી શિક્ષણ સંસ્થાઓમાં એક વિશેષીકરણ તરીકે મેડિકલ સોશિયલ વર્કનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેમાં આ વિષયનું સિદ્ધાંતિક જ્ઞાન કૌશલ્ય અને તાલીમ આપવામાં આવે છે.

ભારત સરકારે અને ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલર મેડિકલ સોશિયલ વર્કનો સ્વીકાર કર્યો છે. હોસ્પિટલો તથા આરોગ્ય સંભાળે સેવા સંગઠનોમાં મેડિકલ સોશિયલ વર્કર્ની ભૂમિકા અને કાર્યો નીચે મુજબ છે.

**સમાજ કાર્યનો અર્થ :**

સમાજ કાર્ય વ્યક્તિ જુથ અને સમુદાયને મદદ પૂરી પાડીને તેમનો ઉત્કર્ષ કરવાના હેતુ સાથે સંકળાયેલી વ્યાવસાયિક પ્રવૃત્તિ છે. નેશનલ એસોસિએશન ઓફ સોશિયલ વર્કસ અનુસાર સમાજ કાર્ય વ્યક્તિઓ જૂથો કે સમુદાયની તેમની સામાજિક તેમની સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટેની ક્ષમતા સુધારવા માટે કે તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરવા માટે અને તેમની પરિસ્થિતિઓને સહાય બનાવવા માટે મદદ કરવાની વ્યાવસાયિક પ્રવૃત્તિ છે.

સમાજ કાર્ય જરૂરિયાતમંદોને મદદ પૂરી પાડતો વ્યવસાય. તે લોકોની સુખાકારી માટે જરૂરિયાતમંદ સમસ્યાગ્રસ્ત આફતગ્રસ્ત કે નિ : સહાય વ્યક્તિઓ જૂથો અને સમુદાયને મદદ પૂરી પાડવા સાથે સંકળાયેલ વ્યવસાયિક પ્રવૃત્તિ છે. સમાજ કાર્ય એક સર્વગ્રાહી વ્યવસાય છે. આ વ્યવસાયમાં સમાજના પ્રત્યેક ક્ષેત્ર જેવા કે કોટુંબિક, શૈક્ષણિક, ગ્રામીણ વિકાસ, નગર વિકાસ, ઉદ્યોગ, સમાજ સુરક્ષા, કુટુંબ નિયોજન, પર્યાવરણ, આરોગ્ય ક્ષેત્રમાં બાળકો, યુવાનો, વૃદ્ધ, સ્ત્રીઓ, અપરાધીઓ, એચ આઈવી / એઈડ્સગ્રસ્ત, વિકલાંગો કે દર્દીઓ વગેરેને તેમની સ્વાભાવિક સામાજિક પ્રવૃત્તિઓ કરવા. શક્તિમાન બનાવવા માટે આવશ્યક મદદ પૂરી પાડતો વ્યવસાય છે. જેમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓ જૂથને સમુદાય માટે સેવાર્થી જૂથ શબ્દ પ્રયોજાય છે. સેવાર્થી જૂથને મદદ પૂરી પાડવા માટે સમાજકાર્યમાં સોશિયલ કેસ વર્ક, સોશિયલ ગ્રુપ વર્ક અને કોમ્યુનિટી ઓર્ગેનાઈઝેશન પદ્ધતિ અપનાવવામાં આવે છે.

**આરોગ્ય સમાજકાર્યના ક્ષેત્ર તરીકે**

આરોગ્ય અને રોગો તથા માંદગી સાથે સામાજિક સાંસ્કૃતિક પરિબળો સંકળાયેલા છે. આરોગ્ય ક્ષેત્રમાં સામાજિક કાર્યકરે મહત્ત્વની ભૂમિકા ભજવવાની હોય છે. દર્દી હોસ્પિટલમાં દાખલ થાય ત્યારથી માંડીને તેના સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી દરેક તબક્કે સામાજિક કાર્યકરે સહાયક તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. આ ઉપરાંત દર્દીના કુટુંબ રોજગાર સ્થળ અને સમુદાયમાં તેના અનુકૂલનના પ્રશ્નો હલ કરવા સામાજિક કાર્યકરે મદદરૂપ બનવાનું હોય છે. સમુદાયની અન્ય સંસ્થાઓની કે સમાજ કલ્યાણની બીજી સંસ્થાઓની સહાયથી દર્દીને મદદ પૂરી પાડવાની હોય છે. સામાજિક કાર્યકર દર્દી અને તેની નબળાઈની સમીક્ષા કરીને તેની નબળાઈઓ દૂર કરવા તથા તેની ક્ષમતા વધારવા પ્રયત્ન કરી, તેની કાર્યક્ષમતા ઊંચી લઈ જવા પ્રયત્ન કરે છે તથા તેની સ્વાભાવિક પ્રવૃત્તિઓ તરફ દોરી જાય છે.

**સામાજિક કાર્યકર એટલે શું ?**

જે વ્યક્તિઓ તેમના સમાજ કાર્યના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ વ્યક્તિએ કુટુંબ જૂથો સમુદાય સંગઠન કે સમાજને સેવાઓ કે સહાય પૂરી પાડવામાં કરે છે; તેને સામાજિક કાર્યકરો કહેવાય.

બેરી કોર્નયર નોંધે છે તેમ સામાજિક કાર્યકરોના શબ્દો અને પ્રવૃત્તિઓ તેમના ક્ષેત્રના જ્ઞાન ઉપર આધારિત હોવા જોઈએ. તે સમાજકાર્યના ઉદ્દેશો હેતુઓ ધ્યેયોથી માહિતગાર હોવા જોઈએ.

સામાજિક કાર્યકરો સમાજ કાર્યના મૂલ્યો-આચાર સંહિતા અને ફરજોથી માર્ગદર્શિત થવા હોવા જોઈએ. દરેક સામાજિક કાર્યકરમાં પોતાની જાત વિશેની સમજદારી હોવી આવશ્યક છે. તે શિસ્તબદ્ધ અને સ્વ નિયંત્રિત હોવો જોઈએ. તેનામાં દયા કરુણાની લાગણી હોવી જોઈએ. તેનામાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓ વંચિતો જરૂરિયાતમંદ લોકો અને સીમાંત સમૂહો પ્રત્યે ખાસ સંવેદના શીલતા હોવી જોઈએ. તેનામાં વ્યક્તિગત અને વ્યવસાયિક પ્રમાણિકતા હોવી જોઈએ.

**તબીબી સામાજિક કાર્યકર એટલે શું**

19 મી સદીના ઉત્તરાર્ધમાં ડૉ રિચાર્ડ કેબોટે હોસ્પિટલમાં એક સ્ટાફ મેમ્બર તરીકે મેડિકલ સોશિયલ વર્કરની ભરતી કરવા અંગેનો વિચાર શરૂઆત થઈ.

સામાજિક કાર્યકરના અર્થ અને અનુલક્ષીને જોતા, જે વ્યક્તિ સમાજ કાર્ય તથા આરોગ્ય, રોગ, માદગી અને મનોરોગની ચિકિત્સા અંગેના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ તબીબી આરોગ્ય ક્ષેત્રમાં દર્દીઓને આવશ્યક સેવાઓ અને સહાય પૂરી પાડવાની વ્યાવસાયિક પ્રવૃત્તિ કરતી હોય તેને તબીબી સામાજિક કાર્યકર કહેવાય. તેનામાં સામાજિક કાર્યકર તરીકેના આવશ્યક જ્ઞાન કૌશલ્ય અને ગુણો હોવા આવશ્યક છે. તેમજ તેનામાં દર્દી પ્રત્યે આવશ્યક સંવેદનશીલતા દયા કરુણા હોવા જરૂરી છે. દર્દી હોસ્પિટલમાં દાખલ થાય ત્યારથી માંડીને તેના સ્વાસ્થ્યની પ્રાપ્તિના દરેક તબક્કે તબીબી સામાજિક કાર્યકરે દર્દીના સહાયક તરીકે તેને આવશ્યક મદદ અને ભાવાત્મક ટેકો પૂરો પાડવા, ઉપરાંત તેના અનુકૂલન પ્રશ્નો હલ કરવામાં સહાય પૂરી પાડવા, ઉપરાંત તેણે કેશવર્ક ગ્રૂપવર્ક અને સમુદાય કાર્ય કરી દર્દી અને સમુદાય વચ્ચેની કડી બનવાનું હોય છે.

તબીબી સામાજિક કાર્યકર એક પેરામેડિકલ કાર્ય કર છે. તેણે સોશિયલ કેશવર્ક અને લોકોની મુલાકાત લેવાની કળામાં તાલીમ મેળવી હોય છે. તબીબી સામાજિક કાર્યકરનું મુખ્ય કાર્ય કુટુંબની મુલાકાત લઈને માદગીના અંગત સામાજિક અને આર્થિક કારણ અંગેની માહિતી એકત્ર કરવાની હોય છે.

તબીબી સામાજિક કાર્યકર વ્યક્તિઓને તેમની માંદગી અને અસમર્થતામાંથી ઉદ્‌ભવતા મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને પહોંચી વળવામાં તેમજ તેમની સર્વોત્તમ ક્ષમતા અનુસાર ઉત્પાદક અને સંતોષકારક જીવન તરફ દોરી જવા શક્તિમાન બનવામાં સહાય કરે છે.

સામાજિક કાર્યકર માનવ વર્તન અંગેના તેના જ્ઞાન અને કૌશલ્ય વડે દર્દી સાથે હેતુ પૂર્વકના સંબંધ સ્થાપિત છે. જેના હેતુઓ નીચે મુજબ છે.

**હેતુઓ**

1. દર્દીને એક વ્યક્તિ તરીકે તેના સમગ્ર સ્વરૂપમાં ઓળખવાના હેતુથી તબીબી સામાજિક કાર્યકર દર્દી સાથે સંબંધો સ્થાપે છે. કાર્યકર દર્દીની માનવ સ્વભાવની ખાસિયતોની નોંધ લે છે. કારણ કે આ ખાસિયતોનો સેતુ તેની માદગી સાથે સંબંધ ધરાવે છે.
2. તબીબી સામાજિક કાર્યકર દર્દીની સામાજિક આર્થિક પરિસ્થિતિ જાણવાના હેતુથી દર્દી સાથે સામાજિક સંબંધો સ્થાપે છે.
3. તબીબી સામાજિક કાર્યકર આરોગ્ય અને માનવી અંગેના દર્દીના વલણો જાણવાનો પ્રયાસ કરે છે.
4. તબીબી સામાજિક કાર્યકર સમુદાય સંસાધનો અંગેની માહિતી મેળવે છે અને તે દર્દી અને સમુદાય વચ્ચેની કડી તરીકે કાર્ય કરે છે.
5. તબીબી સામાજિક કાર્યકર દર્દીને એક બીમાર વ્યક્તિ તરીકે જુએ છે અને સમજવા પ્રયત્ન કરે છે. બીમારી વ્યક્તિ તેના જીવનની બીજી મુશ્કેલી પ્રત્યે પ્રતિક્રિયાઓ કરે છે.

તેવી જ પ્રતિક્રિયાઓ તેની માદગી પ્રત્યે કરતી હોય છે. તેને દર્દીના રોગના નામ સાથે સંબંધ નથી પરંતુ રોગ દર્દી ઉપર શું અસર કરે છે. તે સમજવા પ્રયાસ કરે છે. દર્દી તેની માંદગી વિશે શું વિચારે છે, અનુભવે છે અને તેની સાથે જ અનુકૂલન સાધવાની તેની ક્ષમતા શું છે; તે સમજવા પ્રયાસ કરે છે.

6. તબીબી સામાજિક કાર્યકર દર્દીને સારવાર માટેના આયોજનમાં નિર્ણય પ્રક્રિયામાં દર્દીના કુટુંબની સહભાગી બનાવે છે.

## 14.5 તબીબી સામાજિક કાર્યકરની ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર ડોક્ટરના સંપર્કમાં રહીને તેઓ અને દર્દીઓ વચ્ચેનું અંતર ઘટાડવાનું અને તેઓનું જોડવાનું કાર્ય કરે છે. એટલે કે તબીબી સામાજિક કાર્યકર ડોક્ટરોને દર્દીઓ વચ્ચેની કડી તરીકેની ભૂમિકા ભજવે છે. આ માટે તે દર્દીની માનસિક અને સામાજિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને ડોક્ટર્સની દર્દી વિશે આવશ્યક માહિતી પૂરી પાડે છે. હવે માહિતી ડોક્ટરોને નિદાન અને ઈલાજ સારવાર કરવામાં સહાયક બને છે. આ દ્રષ્ટિએ જોતા તબીબી સમાજ કાર્યકરની ભૂમિકા ઘણી અગત્યની બની રહે છે.

તબીબી સમાજ કાર્યકરની મુખ્ય ભૂમિકાઓ નીચે મુજબ છે.

1. દર્દીને પ્રત્યેક સેવા પૂરી પાડવાની ભૂમિકા.
2. સંપર્ક કડી તરીકેની ભૂમિકા.
3. વહીવટી ભૂમિકા.
4. શિક્ષણ સુપરવિઝન અને સ્ટાફ વિકાસમાં ભૂમિકા.
5. આરોગ્ય ક્ષેત્રમાં સંશોધન અભ્યાસનું સંચાલન અને માર્ગદર્શન.
6. સમુદાય પરિવેશમાં ભૂમિકા.

(1) દર્દીને પ્રત્યેક સેવા પૂરી પાડવાની ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર વ્યક્તિગત કેસ વર્ક અને જૂથ વર્ક દ્વારા દર્દી અને તેના કુટુંબ વિશેની આવશ્યક માહિતી મેળવે છે. તે રોગના સ્વરૂપનું અર્થઘટન કરે છે તથા દર્દીઓ અને તેમના કુટુંબ માટે તેના સુચિત અર્થોનું અર્થઘટન કરે છે અને સામાજિક પર્યાવરણમાં આવશ્યક સુધારા કરવા પ્રયાસ કરે છે.

તબીબી સામાજિક કાર્યકર દર્દીની દવા, ખોરાક, પોષાક, નાણા વગેરે જરૂરિયાતો પૂરી પાડવાની કામગીરી કરે છે. તેમજ ડોક્ટરે સૂચવેલી દવાઓ લેવા શક્તિમાન બનાવવા માટે સમુદાયના સંસાધનોનો ઉપયોગ કરે છે.

તે દર્દીના કુટુંબને અન્ય સભ્યોને દર્દીની માનસિક સમસ્યાઓ સમજાવે છે અને દર્દી જેવો છે. તેઓ તેનો સ્વીકાર કરે છે. સારવારથી થતા સુધારામાં વૃદ્ધિ થતી રહે તે માટે દર્દી તેના કુટુંબ પાસે સારવાનું અનુસરણ કાર્ય કરે છે.

તે દવા ઓપરેશન વગેરે માટે દર્દીને નાણાકીય સહાય ઉપલબ્ધ બનાવવામાં ચેરીટેબલ ટ્રસ્ટ અને સંગઠનોની સંપર્ક કરે છે અને દર્દીની ક્ષમતા વધારવા પ્રયાસ કરે છે. તેમજ તેના પુનઃસ્થાપનનું આયોજન કરે છે.

તબીબી સામાજિક કાર્યકર જૂથ વર્ક દ્વારા આવશ્યક માહિતી મેળવે છે. આ માહિતીના ઉપયોગ દ્વારા તે દર્દીને તેની સમસ્યાઓનું સામનો કરવા શક્તિમાન બનાવવા પ્રયાસ કરે છે. તેમાં ખાસ કરીને દર્દીનું એકલાપણું અને અલગતા દૂર કરવા પ્રયાસ કરે છે. તે

દર્દીને એવું આશ્વાસન આપે છે કે તેની સમસ્યા તેની એકલાની સમસ્યા નથી. પરંતુ સૌની સમસ્યા છે દર્દી આવી લાગણી અનુભવે અને હૂંફ પામે તેવા પ્રયાસો કરે છે.

તે દર્દીમાં સાથીપણાની ભાવના પેદા કરવા દર્દીને સમુદાયનો ભાગ બનાવવા પ્રયાસ કરે છે. આવા પ્રયાસો થી દર્દીથીના વ્યાપક સમુદાયમાં અનુકૂળ સાધવા શક્તિમાન બને છે અને તેનામાં હિંમત અને વિશ્વાસ કેળવાય છે.

તે જૂથનો ઉપયોગ ઉપચારાત્મક સાધન તરીકે કરે છે. જેમાંથી પારસ્પરિક સહભાગીતા દ્વારા દર્દીનું ભાવાત્મક સંકટ દૂર કરવા અને વલણ પરિવર્તન કરવા પ્રયાસ કરે છે. તેમજ મનોરંજન કૌશલ્ય તાલીમ અને આરોગ્ય શિક્ષણને લગતી દર્દી અને દર્દીઓની જૂથ પ્રવૃત્તિઓ હાથ ધરે છે.

(2) સંપર્ક કડી તરીકેની ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર હોસ્પિટલની ટીમ સમુદાય અને સમાજ કાર્યની શિક્ષણ સંસ્થા સાથે સંપર્કો જાળવી રાખે છે અને તે કેવી રીતે તેઓ સાથેના સંપર્કની કડી તરીકે ભૂમિકા ભજવે છે.

તબીબી સામાજિક કાર્યકર નીચેની કામગીરી દ્વારા હોસ્પિટલ અને દર્દી વચ્ચેની સંપર્ક કડી તરીકે ભૂમિકા ભજવે છે.

તબીબી સામાજિક કાર્યકર યોગ્ય નિદાન આવશ્યક સારવાર અને બંધ બેસતી પુનઃવસન યોજનામાં ઉપયોગી બને તે માટે હોસ્પિટલની ટીમને દર્દીઓની જરૂરિયાત વિશે માહિતી પૂરી પાડે છે. આ રીતે તે દરદી અને હોસ્પિટલ ટીમ વચ્ચેની કડીરૂપ ભૂમિકા ભજવે છે.

**સામાજિક કાર્યકર નીચેની કામગીરી દ્વારા દર્દી અને સમુદાય વચ્ચેની સંપર્ક કડી તરીકે ભૂમિકા ભજવે છે.**

તબીબી સામાજિક કાર્યકર દરદીઓ તેમના કુટુંબો તથા સમુદાયો માટે હોસ્પિટલની આવશ્યકતાની અને તેમા સમુદાયની ફરજ વિશેની સમજ પૂરી પાડે છે. તે દર્દીઓ માટે જરૂરી સંસાધનોની ગોઠવણ કરે છે અને દર્દીઓ માટે લાઈબેરી, બેન્ક, મનોરંજન વગેરે જેવી પ્રવૃત્તિ હાથ ધરવા માટે સ્વયંસેવકો સ્વરૂપના સાધનો તૈયાર કરે છે. આ રીતે સામાજિક કાર્યકર સમુદાય અને દર્દી વચ્ચે ભૂમિકા ભજવે છે.

**તબીબી સામાજિક કાર્યકર નીચેની કામગીરી દ્વારા સમાજ કાર્યની સંસ્થાઓ અને દર્દી વચ્ચેની કડી તરીકેની ભૂમિકા ભજવે છે.**

સમાજ કાર્યની શિક્ષણ સંસ્થાઓ તેમના શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો તબીબી વ્યવસાયની જરૂરિયાતો સાથે નિસબત ધરાવતા હોય તેવા બનાવે, તે માટે સમાજ કાર્ય કરે, સમાજ કાર્યની સંસ્થાઓને મદદરૂપ બને છે. તે લોકોને આરોગ્યમાં સમાજ કાર્યની શિક્ષણ અને તાલીમ સંસ્થાઓની ભૂમિકાનું મહત્ત્વ આકવામાં હોસ્પિટલોને મદદરૂપ બને છે. આમ તબીબી સામાજિક કાર્યકર સમાજકાર્યની સામાજિક સંસ્થાઓ અને હોસ્પિટલ વચ્ચેની સપર્ક કડી બની રહે છે.

(3) વહીવટી ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકરની વહીવટી ભૂમિકામાં રેકોર્ડ રજીસ્ટર વિગેરેની જાળવણી કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેની વહીવટી ભૂમિકામાં નીચેની ફરજનો સમાવેશ થાય છે.

- વિભાગોની રોજબરોજની કામગીરી ગોઠવણ કરવી અને આયોજન કરવું.
- સ્ટાફનો સુપરવિઝન કરવું તેમજ સ્ટાફ તથા સ્વયંસેવકો સાથે સલાહ મસલત કરવી.
- હોસ્પિટલના અધિકારીઓ સાથે સંપર્ક જાળવવા; જેથી તેઓને જેથી માહિતી પૂરી પાડી શકાય.
- દર્દીઓ માટેના વિભાગોના તેમજ સ્ટાફ વિકાસ માટેના કાર્યક્રમોના આયોજનમાં અને તેના અમલમાં સહભાગી બનવું.

(4) શિક્ષણ સુપરવાઇઝર અને સ્ટાફ વિકાસમા સહભાગી ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર શિક્ષણ કાર્યક્રમ તેમજ તાલીમ કાર્યક્રમ તેમજ સ્ટાફ વિકાસ માટેના કાર્યક્રમોમાં સહભાગી તરીકે ભૂમિકા ભજવવાની હોય છે; જે નીચે મુજબ છે.

તબીબી સામાજિક કાર્ય કરે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તબીબી વિદ્યાર્થીઓ માટેના સમાજકાર્યના વિદ્યાર્થીઓ માટેના ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓ માટેના તેમજ નર્સિંગ વિદ્યાર્થીઓ માટે નામ શિક્ષણ કાર્યક્રમમાં ભાગ લેવાનો હોય છે.

તબિયત સામાજિક કાર્યકરે હોસ્પિટલમાં રહીને સહાયક ડોક્ટરના તાલીમ કાર્યક્રમમાં, સમાજકાર્યના વિદ્યાર્થીઓના તાલીમ કાર્યક્રમમાં, તેમજ રાષ્ટ્રીય સમાજ સેવા સ્વયંસેવકો અને અન્ય સમાજ કાર્યક્રમમાં ભાગ લેવાનો હોય છે.

તબીબી સામાજિક કાર્યકરે તો સ્ટાફ વિકાસ માટે હોસ્પિટલમાં અને હોસ્પિટલ બહાર યોજાતા સેમિનાર કોન્ફરન્સમાં ભાગ લેવાનો હોય છે.

(5) આરોગ્ય ક્ષેત્રમાં સંશોધન અભ્યાસોનું સંચાલન અને માર્ગદર્શન તરીકેની ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર ક્ષેત્રમાં સ્વતંત્ર રીતે કે સંબંધિત વિદ્યા શાખાઓ સાથે મળીને સંયુક્ત રીતે સંશોધન અભ્યાસોમાં સંચાલન કરવાની અને સંશોધન વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે અગત્યની ભૂમિકા ભજવે છે.

માંદગીના મનોવૈજ્ઞાનિક પાસામાં વધતા જતા રસથી તેમજ આરોગ્ય ક્ષેત્રમાં બહુવિદ્યાકીય સંશોધન અભ્યાસ માટે ઉપલબ્ધ વધતી જતી હોવાથી સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. આવા સંશોધન કાર્યક્રમમાં તબીબી સામાજિક કાર્યકરોને સહભાગી બનાવવાની જોગવાઈ થઈ છે. તેમજ તેઓને સંશોધન અભ્યાસોના આયોજનમાં સહભાગી બનવાની તક પૂરી પાડવામાં આવે છે. કેન્સર એચઆઈવી/એઇડ્સ કુટુંબ આરોગ્ય દર્દીઓને ભાવાત્મક અનુકૂલન અને સામાજિક અનુકૂલનને લગતા સંશોધનોમાં, તેમજ હોસ્પિટલમાં સમાજ કાર્યકર સર્વેક્ષણોમાં તબીબી સામાજિક કાર્યકર અગત્યની ભૂમિકા ભજવે છે.

(6) સમુદાય પરિવેશમાં ભૂમિકા

તબીબી સામાજિક કાર્યકર હોસ્પિટલમાં વ્યક્તિગત દરદીઓની સંભાળમાં ભૂમિકા ભજવવા ઉપરાંત હોસ્પિટલની બહારના સમુદાય પરિવેશમાં આરોગ્યને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. જે નીચે મુજબ છે.

- દત્તક સમુદાયનો સંપર્ક કરવો, સમુદાયનું સર્વેક્ષણ કરવું અને સમુદાય માટે હોસ્પિટલનું મહત્ત્વ સમજાવવું.
- સમુદાયમાં વ્યક્તિગત કક્ષાએ કુટુબ કક્ષાએ અને સમુદાય કક્ષાએ સારવાર પૂરી પાડવી.

- સમુદાયની સંસ્કૃતિ લોકોની આરોગ્યની ટેવો અને આચરણોની સમજ મેળવવી અને એ અંગેની માહિતી હેલ્થ ટીમને પૂરીપાડવી તથા તેના હકારાત્મક પાસાને આરોગ્ય સેવામાં આવરી લેવા.
- સમગ્ર આરોગ્યની સમજ મેળવવા તથા કઈ રીતે વૃદ્ધિ કરવી તે અંગેની સમજ મેળવવા લોકોને શક્તિમાન બનાવવા.
- લોકોને ઘેર જઈને તેઓને લોકોને અટકાયતી પગલાનું મહત્ત્વ સમજાવવું. તેમજ રોગની વિકૃત અસરો ઘટાડવા માટે માંદગી અને સારવાની સમજ આપવી.
- લોકોને તેમના ઘરમાં આરોગ્ય અંગે જાગૃતિ કેળવવા; તેમજ આરોગ્ય સંભાળના કાર્યક્રમોમાં ભાગ લેવા ખાસ ભૂમિકા ભજવવા પ્રોત્સાહિત કરવા.
- લોકોને આરોગ્ય અને માંદગીના વિવિધ પાસા અંગે શિક્ષિત કરી શકાય તે માટે જરૂરીયાત આધારીત મનોરંજન કાર્યક્રમો ગોઠવવા તથા આરોગ્ય અંગેના કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કરવું.
- જરૂર જણાય તો સ્થાનિક નેતાઓની મદદથી નવી સેવાઓ વિકસાવવી.

સમુદાયમાંથી આરોગ્ય કાર્યકરો માટે તાલીમી કાર્યક્રમો યોજવા

- સમુદાયની બહારના સમુદાય સંસાધનોની સમજ મેળવી તથા સરકારી અર્થ સરકારી નાગરિક સંસ્થાઓ તેમજ કૃષિ પાણી પુરવઠો વગેરે વિભાગો સાથે કામ કરવું.

સમુદાયમાં આરોગ્યના શિક્ષણને લગતા તથા નિદાન ઉપચારલક્ષી કાર્યક્રમો ગોઠવવા તેમજ આવા કાર્યક્રમો દ્વારા લોકોમાં તેમના આરોગ્યની સંભાળ લેવા અંગે જાગૃતિ વિકસાવવી. જરૂરિયાતમંદ વ્યક્તિગત કિસ્સા સાથે કામ કરવું. સમુદાયને નિસ્બત રૂપ જણાતા આરોગ્યના પ્રશ્ન હાથ ધરવા અને તે અંગે સમુદાયના કાર્યકરો સાથે કામ કરવું.

સમુદાય પરીવેશમાં કામ કરવામાં તબીબી સામાજિક કાર્યકરે કેસવર્ક અને જૂથ વર્કની સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. તેમજ સામાજિક સંશોધનના પદ્ધતિ શાસ્ત્રનો ઉપયોગ કરે છે આવા સમુદાય અભિગમ દ્વારા હોસ્પિટલ લોકો સુધી પહોંચે છે. લોકોના સહકાર વિના આરોગ્ય સેવાઓનો અમલ અસરકારક રીતે થઈ શકે નહીં. તબીબી સામાજિક કાર્યકરો માનવ વર્તનઅંગેના તેમના જ્ઞાન અને માનવ સબંધો અગેના કૌશલ્યોથી અસરકારક ભૂમિકા ભજવી શકે છે.

## 14.6 રોગ અટકાયત પ્રક્રિયા

ઉપચાર પદ્ધતિના મુખ્યત્વે નીચે મુજબ છે.

આરોગ્યની વૃદ્ધિ કરવી.

આરોગ્ય જાળવણી કરવી.

આરોગ્ય નબળું પડે ત્યારે આરોગ્યની પુનઃ સ્થાપના કરવી.

રોગ માંદગીની વેદના અને જીવનનો ભય તથા જોખમને બને તેટલા ઘટાડવા.

રોગ અટકાયત ઉપચાર પદ્ધતિનો મુખ્ય હેતુ રોગોની અટકાયત કરવાના અને આરોગ્ય વૃદ્ધિ કરવાનું છે. આધુનિક રોગ અટકાયત પદ્ધતિને આરોગ્ય વૃદ્ધિ રોગની અટકાયત અને આરોગ્યના પુનઃસ્થાપનની કળા અને વિજ્ઞાન પરિભાષિત કરવામાં આવે છે.

**રોગની અટકાયત નીચેની બાબતો ઉપર આધારિત છે.**

રોગના કારણો અંગેનું જ્ઞાન.

જોખમ પરિબળોની અને જોખમી જૂથોની ઓળખ.

સમયસર રોગ નિદાન.

સારવારના પગલાં.

સંબંધિત વ્યક્તિઓ કે જૂથોને આ પગલાં લાગુ પાડનાર સંગઠન.

સતત મૂલ્યાંકન.

રોગ અટકાયતની કક્ષાએ.

શરૂઆતની અટકાયત.

રોગોની અટકાયત માટે શરૂઆતની અટકાયત ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

આરોગ્ય વર્તનને કેટલીક વાર રોગ થતો અટકાવવા માટેના વર્તનો કહેવામાં આવે છે. પોતે તંદુરસ્ત છે એમ માનતી વ્યક્તિઓ દ્વારા આરોગ્ય સમસ્યા અટકાવવાના હેતુ માટે હાથ ધરાતી કોઈપણ પ્રવૃત્તિને આરોગ્ય વર્તન કહેવાય અને આરોગ્ય સુરક્ષા વર્તનો એવા વર્તનો છે જેમાં આરોગ્યની સુરક્ષા વૃદ્ધિ અને જાળવણી માટે વ્યક્તિગત પગલાં લેવામાં આવતા હોય છે. આરોગ્યની સુરક્ષા માટે લેવાતા પગલાં જેવા કે નિયમિત કસરત કરવી, સીટબેલ્ટ બાંધવો વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો, ધૂમ્રપાન અને તમાકુના સેવનથી દૂર રહેવું વગેરેનો સમાવેશ થાય છે.

શરૂઆતની અટકાયત વ્યક્તિગત શિક્ષણ અને જન સામુદાયિક શિક્ષણ દ્વારા કરવામાં આવે છે. આ પ્રકારની અટકાયતની પૂર્વ પ્રાથમિક અટકાયત કહી શકાય. જેમા રોગનો ઉદ્ભવની સંભાવનાને અટકાવવામાં આવે છે.

**પ્રાથમિક અટકાયત**

રોગનો હુમલો થાય તે પહેલા રોગની અટકાયતના હેતુથી લેવામાં આવતા પગલાને રોગની પ્રાથમિક અટકાયત કહેવાય. આવા પગલાથી રોગનો હુમલો થવાની સંભાવનાને દૂર કરી શકાય છે.

બેક્ટેરિયાની રસીના રસીકરણના પગલાથી ડિફ્થેરીયા, ધનુર વિગેરે કેટલાક રોગોને અટકાવી શકાયા છે. આ રસીકરણમાં પગલાંથી આવા રોગોથી થતા મૃત્યુના કિસ્સામાં ઘટાડો થયો છે.

રોગ નિદાનની પ્રયુક્તિ તરીકે સ્કીનિંગ એક્સરે, બ્લડ ટેસ્ટ, નિયમિત હેલ્થ ચેકઅપનો ખ્યાલ રોગની અટકાયત માટે અગત્યના બન્યા છે.

**દ્વિતીય કક્ષાની અટકાયત**

વહેલાસર નિદાન અને યોગ્ય સારવાર દ્વારા પ્રક્રિયાને આગળ વધતી અટકાવી શકાય છે.

**તૃતીય કક્ષાની અટકાયત**

રોગ જયારે આગળ વધી ગયો હોય ત્યારે રોગની અટકાયત કરવા માટે લેવાતા પગલાંની તૃતીય કક્ષાની અટકાયત કહેવામાં આવે છે.

રોગ ખૂબ જ આગળ વધી ગયા પછી પણ મોડે મોડે સારવાર આપવાથી રોગને ફરી આગળ વધતો અટકાવી શકાય છે અને નબળાઈને મર્યાદિત કરી શકાય છે. આરોગ્યનો પુનઃસ્થાપન રોગને આગળ વધતો અટકાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**આરોગ્યનું પુનઃસ્થાપન કરતી ઉપચાર પદ્ધતિ**

આરોગ્યના પુનઃસ્થાપનમાં વિભિન્ન વ્યવસ્થાઓની બનેલી આરોગ્ય ટીમ ઉપર આધારિત માનસિક વ્યવસાયિક અને તબીબી ઘટકોનો સમાવેશ થાય છે. ગુમાવેલું આરોગ્ય પાછું મેળવવાનો તબિયતમાં સુધારોકરવાનો અને બીમાર પડ્યા પહેલાની આરોગ્યની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે.

## 14.7 ઉપસંહાર

સ્વીકૃતિના આધારે ઘણા બધા ક્ષેત્રોમાં અમૃત બનતો વ્યવસાય છે. સમાજ કાર્યકરોને હોસ્પિટલ, વિવિધ સંસ્થાઓ, કંપની, જેલ પુનઃસ્થાપન કેન્દ્રો, મહિલા પુનઃસ્થાપન અને સંસ્થાઓ વગેરે જગ્યાએ સફળતાથી કાર્યકર્તા જોવા મળી રહ્યા છે

## 14.8 તમારી પ્રગતિ ચકાસો

1. રોગોના પ્રકાર કેટલા છે ?

   (a) 1 (b) 2 (c) 3 (d) 4

2. ચેપી રોગો ક્યા કયા છે ?

   (a) ક્ષય (b) કેન્સર (c) ડાયાબિટીસ (d) મેલેરિયા

3. બિનચેપી રોગો કયા કયા છે ?

   (a) કેન્સર (b) ડાયાબિટીસ (c) હૃદયરોગ (d) ઉપરોક્ત તમામ

4. મેડિકલ સોશિયલવર્કમાં કઈકઈ ભૂમિકાનો સમાવેશ થાય છે.

   (a) સપર્ક કડી તરીકેની ભૂમિકા (b) દર્દીને પ્રત્યક્ષ સેવા પૂરી પાડવાની ભૂમિકા

   (c) વહીવટી તરીકેની ભૂમિકા (d) ઉપરોક્ત તમામ

5. કોસે સમાજકાર્યના કેટલા મૂલ્ય આપ્યા છે ?

   (a) 5 (b) 7 (c) 8 (d) 10

- **તમારી પ્રગતિ ચકાસોના ઉતારો**

  1 (b) 2 (a) 3 (d) 4 (d) 5 (d)

## 14.9 ચાવીરૂપ શબ્દો

- ક્ષેત્રકાર્ય : વ્યકિત જે વિસ્તારના પાસાઓને સમજવા પ્રયાસ કરી રહેલ; તે વિષયમાં કાર્ય કરવાના પ્રયત્નોને ક્ષેત્રકાર્ય કહેવાય.
- પુનઃસ્થાપન : ખાસ કરીને રોગને કારણે આવતી ખોટ કે નુકશાનીને ઓછી કરવા કે ભરપાઈ કરવા તે પછી સ્થિતિને પૂર્વવત પાછી લાવવા માટેનો માર્ગ છે ?

- **સ્વાધ્યાય લેખન કરો :**

1. તબીબી સમાજ કાર્યકરની ભૂમિકા વિશે નોંધ લખો.
2. રોગ અટકાયતી પ્રકિયા ટૂકમાં સમજાવો.

- **પ્રવૃત્તિ કરો :**

- વ્યવસાયિક સમાજ કાર્યકર્તા તરીકે વિવિધ હોસ્પિટલ ખાતે કરવાના કાર્યની સૂચિ બનાવી તે માટે કાર્ય થાય છે કે કેમ તે સમજવા હોસ્પિટલ સોશિયલ વર્કરની મુલાકાત લો.

- **કેસ સ્ટડી તૈયાર કરો :**

- ઉર્રની વેબસાઈટની મુલાકાત લે રોગ માટેના સામાજિક કારણો અને સૂચિ તૈયાર કરી, રોગ માટે સામાજિક પ્રયાસોની નોંધ તૈયાર કરી, સમાજ કાર્યકર્તા તરીકે સમજણ મેળવવા પ્રયાસ કરવો.

## 14.10 સંદર્ભ સૂચિ


- Medical social work in india - પ્રો. એચ.એસ પાઠક
- ચિકિત્સિકીય સમાજ કાર્ય : પ્રો રાજારામ શાસ્ત્ર
- આરોગ્યનું સમાજશાસ્ત્ર : ભરતભાઈ, પાંદડા બુક ડેપો
- આરોગ્યનું સમાજશાસ્ત્ર : બ્રીક પબ્લિકેશન

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**